सत्यमेव जयते

# 31 માર્ચ 2022 ના રોજ પુરા થતા વર્ષ માટેનો ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઑડિટ અહેવાલ

SUPREME AUDIT INSTITUTION OF INDIA

लोकहितार्थ सत्यनिष्ठा

Dedicated to Truth in Public Interest

## ગુજરાત સરકાર

વર્ષ 2023નો અહેવાલ નં. 1

# 31 માર્ચ 2022 ના રોજ પુરા થતા વર્ષ માટેનો ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઑડિટ અહેવાલ

## ગુજરાત સરકાર

વર્ષ 2023 નો અહેવાલ નં. 1

# વિષયસૂચિ



| | | પૃષ્ઠ |
|---|---|---|
| પ્રસ્તાવના | | v |
| કાર્યલક્ષી સમીક્ષા | | vii |
| **પ્રકરણ I**<br>**વિહંગાવલોકન** | | |
| 1.1 | રાજ્યની રૂપરેખા | 1 |
| 1.2 | રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના ઑડિટ અહેવાલનો આધાર અને અભિગમ | 3 |
| 1.3 | અહેવાલની સંરચના | 4 |
| 1.4 | સરકારના હિસાબોના માળખાનું અને અંદાજપત્રીય પ્રક્રિયાઓનું વિહંગાવલોકન | 5 |
| 1.5 | રાજકોષીય સિલક: ખાધ અને કુલ ઋણના લક્ષ્યાંકોની સિધ્ધિઓ | 11 |
| 1.6 | ઑડિટમાં તપાસ બાદ ખાધ અને કુલ ઋણ | 16 |
| **પ્રકરણ II**<br>**રાજ્યની નાણાકીય પરિસ્થિતિ** | | |
| 2.1 | 2020-21ની તુલનાએ 2021-22 દરમિયાન મુખ્ય રાજકોષીય પરિબળોમાં મોટા ફેરફારો | 19 |
| 2.2 | ભંડોળોના સ્રોતો અને ઉપયોગ | 20 |
| 2.3 | રાજ્યના સંસાધનો | 21 |
| 2.4 | સંસાધનોનો ઉપયોગ | 42 |
| 2.5 | આકસ્મિક નિધિ | 64 |
| 2.6 | જાહેર હિસાબ | 64 |
| 2.7 | ઋણનું વ્યવસ્થાપન | 71 |
| 2.8 | ઋણના ટકાઉપણાનું વિશ્લેષણ | 78 |
| 2.9 | ઉપસંહાર | 84 |
| 2.10 | ભલામણો | 85 |
| **પ્રકરણ III**<br>**અંદાજપત્રીય વ્યવસ્થાપન** | | |
| 3.1 | અંદાજપત્રની પ્રક્રિયા | 87 |
| 3.2 | વિનિયોગ હિસાબો | 92 |
| 3.3 | અંદાજપત્રીય અને હિસાબી પ્રક્રિયાની સંપૂર્ણતા પર ટિપ્પણી | 92 |
| 3.4 | અંદાજપત્રીય અને હિસાબી પ્રક્રિયાની પારદર્શિતા પર ટિપ્પણી | 99 |
| 3.5 | અંદાજપત્રીય અને હિસાબી પ્રણાલીની અસરકારકતા પર ટિપ્પણીઓ | 100 |
| 3.6 | પસંદગીના અનુદાનોની સમીક્ષા | 107 |

# વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| 3.7 | ભલામણો | 122 |
| પ્રકરણ IV<br>હિસાબોની ગુણવત્તા અને નાણાકીય અહેવાલની પધ્ધતિઓ | | |
| 4.1 | જાહેર હિસાબમાં ભંડોળ ન રાખવુ | 123 |
| 4.2 | વ્યાજપાત્ર થાપણો પ્રત્યે વ્યાજની જવાબદારી | 124 |
| 4.3 | રાજ્યની અમલકર્તા સંસ્થાઓને ભંડોળની સીધી તબદીલી | 124 |
| 4.4 | સ્થાનિક ભંડોળોની થાપણો | 126 |
| 4.5 | વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં વિલંબ | 126 |
| 4.6 | ઉચ્ચક આકસ્મિક બિલો | 130 |
| 4.7 | વ્યક્તિગત થાપણ ખાતાઓ | 131 |
| 4.8 | ગૌણ સદર 800 નો વિવેકહીન ઉપયોગ | 132 |
| 4.9 | ઉપલક અને ઋણ, થાપણ અને ભરણાના મુખ્ય સદરો હેઠળ બાકી સિલકો | 137 |
| 4.10 | વિભાગીય આંકડાઓનું મેળવણું ન કરવુ | 139 |
| 4.11 | રોકડ સિલકોનું મેળવણું | 140 |
| 4.12 | ભારત સરકારના હિસાબી ધોરણોનું અનુપાલન | 140 |
| 4.13 | સ્વાયત્ત સંસ્થાઓના હિસાબો /અલગ ઑડિટ અહેવાલોની રજૂઆત | 141 |
| 4.14 | સંસ્થાઓ અને સત્તાધિકારીઓને આપવામાં આવેલી લોન અને અનુદાનની વિગતો રજૂ ન કરવી | 142 |
| 4.15 | હિસાબોની સમયસરતા અને ગુણવત્તા | 143 |
| 4.16 | દુર્વિનિયોગ, નુકસાન અને ઉચાપત | 143 |
| 4.17 | રાજ્યના નાણાકીય ઑડિટ અહેવાલ પર અનુવર્તી કાર્યવાહી | 145 |
| 4.18 | ઉપસંહાર | 145 |
| 4.19 | ભલામણો | 146 |
| પ્રકરણ V<br>રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની નાણાકીય કામગીરી | | |
| 5.1 | પ્રસ્તાવના | 147 |
| 5.2 | રાજ્યની અર્થવ્યવસ્થામાં જાહેર ઉપક્રમોનું યોગદાન | 150 |
| 5.3 | જાહેર ઉપક્રમો પાસેથી વળતર | 160 |
| 5.4 | ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના દેખરેખની ભૂમિકા | 167 |
| 5.5 | ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના દેખરેખની ભૂમિકાના પરિણામો | 172 |
| 5.6 | ઉપસંહાર | 178 |
| 5.7 | ભલામણો | 179 |
| પરિશિષ્ટો | | |
| પરિશિષ્ટ 1.1 | રાજ્યની રૂપરેખા | 181 |
| | | |

# વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| પરિશિષ્ટ 2.1 | રાજ્ય સરકારની નાણાકીય પરિસ્થિતિ પર સમયશ્રેણી-વાર વિગતો | 182 |
| પરિશિષ્ટ 2.2 | અયોગ્ય રીતે મહેસૂલી આવક તરીકે જમા લેવામાં આવેલી પાછલા વર્ષની વણવપરાયેલી સિલકો | 186 |
| | | |
| પરિશિષ્ટ 3.1 | અંદાજપત્ર સંબંધિત મહત્વના પદોની શબ્દસૂચી | 191 |
| પરિશિષ્ટ 3.2 | બિનજરૂરી પુનર્વિનિયોગ | 194 |
| પરિશિષ્ટ 3.3 | ₹ 50 કરોડ અને વધુની બચતો સાથેના અનુદાનો/વિનિયોગો દર્શાવતુ પત્રક | 195 |
| પરિશિષ્ટ 3.4 | નિયમિત કરવો જરૂરી પાછલા વર્ષનો અધિક ખર્ચ | 197 |
| પરિશિષ્ટ 3.5 | જાહેર હિસાબ સમિતિ દ્વારા ઓક્ટોબર 1994માં નક્કી કરવામાં આવેલી મર્યાદાઓ | 199 |
| પરિશિષ્ટ 3.6 | જાહેર હિસાબ સમિતિએ નિયત કરેલી મર્યદાઓની બહાર વધ-ઘટ અને સ્પષ્ટીકરણની સ્થિતિ સાથે પેટા-સદરો | 200 |
| પરિશિષ્ટ 3.7 | અંદાજપત્ર અને વૈકલ્પિક ખર્ચ | 204 |
| પરિશિષ્ટ 3.8 | માર્ચ 2022માં 100 ટકા ખર્ચ (₹ 10 કરોડ અને વધુ) કરવામાં આવ્યો હતો એવા પેટા-સદરો | 206 |
| પરિશિષ્ટ 3.9 | માર્ચ 2022 માં 25 ટકા કરતાં વધારે ખર્ચ નોંધાવનાર વિભાગોની વિગતો દર્શાવતુ પત્રક | 208 |
| પરિશિષ્ટ 3.10 | 2019-22 દરમિયાન મંજૂર થયેલી નવી બાબતો જેનો અમલ થયો નથી | 210 |
| | | |
| પરિશિષ્ટ 4.1 | 2020-21 સુધી ચૂકવવામાં આવેલા સહાયક અનુદાન માટે બાકી વપરાશી પ્રમાણપત્રોનું (UC) વિભાગ-વાર વિભાજન | 213 |
| પરિશિષ્ટ 4.2 | 31 માર્ચ 2022ના રોજ બાકી વિગતવાર આકસ્મિક બિલોની (DC Bill) વિભાગવાર વિગતો | 214 |
| પરિશિષ્ટ 4.3 | 31 માર્ચ 2022ના રોજ બાકી વિગતવાર આકસ્મિક બિલોની (DC Bill) વર્ષ-વાર વિગતો | 215 |
| પરિશિષ્ટ 4.4 | 31 જૂલાઇ 2022ની સ્થિતિએ બાકી હિસાબો અને અલગ ઑડિટ અહેવાલો (SARs) રાજ્ય વિધાનસભામાં મુકવામાં વિલંબ દર્શાવતુ પત્રક | 216 |
| પરિશિષ્ટ 4.5 | વિવિધ સંસ્થાઓ અને સત્તામંડળો દ્વારા હિસાબોને આખરીરૂપ આપવાનુ બાકી હોય તેની વિગતો દર્શાવતુ પત્રક | 223 |

# વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| પરિશિષ્ટ 4.6 | 30 જૂન 2022ની સ્થિતિએ ચોરી, દુર્વિનીયોગ/સરકારી માલસામાનનુ નુકશાન અને આગ/અકસ્માતોના કારણે નુકશાનની વિભાગ-વાર/વર્ગ-વાર વિગતો | 235 |
| | | |
| પરિશિષ્ટ 5.1 | ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના ઑડિટ અધિકારક્ષેત્ર હેઠળના ગુજરાત સરકારના જાહેર ઉપક્રમોની (SPSUs) યાદી અને તેમના વાર્ષિક નાણાકીય હિસાબોની 30 સપ્ટેમ્બર 2022 સુધીની સ્થિતિ દર્શાવતું પત્રક | 236 |
| પરિશિષ્ટ 5.2 | સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમોના તેમના છેલ્લા આખરીરૂપ અપાયેલા નાણાકીય હિસાબો મુજબ 30 સપ્ટેમ્બર 2022ના રોજ નાણાકીય સ્થિતિનો સારાંશ અને કામગીરીના પરિણામો | 242 |
| પરિશિષ્ટ 5.3 | ગુજરાત સરકારના નાણા ખાતા અને જાહેર ઉપક્રમોના નાણાકીય હિસાબો વચ્ચે 31 માર્ચ 2022ના રોજ તફાવત દર્શાવતું પત્રક | 254 |
| પરિશિષ્ટ 5.4 | રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો, જેમની ચોખ્ખી કિંમત (નેટવર્થ) તેમના છેલ્લા અંતિમરૂપ અપાયેલા નાણાકીય હિસાબો મુજબ ઘટી ગઈ તેની વિગતો | 255 |
| પરિશિષ્ટ 5.5 | 31 માર્ચે 2022 અંતે પૂરા થયેલા ત્રણ વર્ષ માટે જાહેર ઉપક્રમોની નિયોજિત મૂડી પર વળતરની (ROCE) વિગતો | 257 |
| પરિશિષ્ટ 5.6 | સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમની શેર મૂડી પરનું વળતર દર્શાવતું પત્રક જેમાં રાજ્ય સરકાર 31 માર્ચ 2022ના રોજ પૂરા થયેલા ત્રણ વર્ષ માટે સીધા શેર મૂડી રોકાણ ધરાવે છે | 264 |
| પરિશિષ્ટ 5.7 | 2004-05થી 2021-22ના સમયગાળા દરમિયાન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા રોકાણ અને તેની તુલનામાં રોકાણના વર્તમાન મૂલ્યની વર્ષવાર વિગતો દર્શાવતું પત્રક | 269 |
| પરિશિષ્ટ 5.8 | રાજ્ય સરકારના જાહેર ઉપક્રમોની યાદી દર્શાવતું પત્રક જેમાં સંચાલન પત્ર જારી કરવામાં આવ્યા હતાં | 271 |

# પ્રસ્તાવના

1. આ અહેવાલ બંધારણની કલમ 151 હેઠળ ગુજરાતના રાજ્યપાલશ્રી સમક્ષ રજૂ કરવા માટે તૈયાર કરવામા આવ્યો છે.

2. આ અહેવાલના પ્રકરણ Iમાં રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના અહેવાલનો આધાર અને અભિગમ, અહેવાલનું બંધારણ, સરકારના હિસાબોની રચના, અંદાજપત્રીય પ્રક્રિયાઓ, મહેસૂલી પુરાંત/ખાધ, રાજકોષીય પુરાંત/ખાધ, વગેરે જેવા ચાવીરૂપ નાણાકીય માપદંડોના વલણો સામેલ છે.

3. આ અહેવાલના પ્રકરણ II અને IIIમાં, 31 માર્ચ 2022 અંતિત વર્ષ માટે રાજ્ય સરકારના અનુક્રમે નાણાકીય હિસાબો અને વિનિયોગ હિસાબોની ચકાસણીમાંથી ઉદ્ભવતી બાબતો પરત્વેના ઑડીટ અવલોકનો સામેલ છે. આવશ્યકતા અનુસાર ગુજરાત સરકાર પાસેથી માહિતી મેળવવામાં આવી છે.

4. પ્રકરણ IV, 'હિસાબોની ગુણવત્તા અને નાણાકીય અહેવાલોની પદ્ધતિઓ', 2021-22 દરમિયાન વિવિધ નાણાકીય નિયમો, પધ્ધતિઓ અને નિર્દેશોનું વિહંગાવલોકન અને રાજ્ય સરકાર દ્વારા અનુપાલનની સ્થિતિ દર્શાવે છે.

5 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની (SPSUs) નાણાકીય કામગીરી પરનું પ્રકરણ V, સરકારી કંપનીઓ, વૈધાનિક નિગમો અને સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓના તેમના છેલ્લા નાણાકીય હિસાબો અને તેમણે પૂરી પાડેલી માહિતી પરથી ઉદ્ભવતી નાણાકીય કામગીરીની સ્થિતિ રજૂ કરે છે, અને ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકની દેખરેખની ભૂમિકાના પરિણામો રજૂ કરે છે.

6. વિવિધ વિભાગોના કામગીરી ઑડીટ અને વ્યવહારોના ઑડીટ તથા વૈધાનિક નિગમો, બોર્ડ અને સરકારી કંપનીઓના ઑડીટમાંથી ઉદ્ભવતા અવલોકનો તથા મહેસૂલી આવક પરના અવલોકનો અહેવાલમાં અલગથી રજૂ કરવામાં આવ્યા છે.

**નોંધ: મૂળ અંગ્રેજી અહેવાલ પરથી અનુવાદ કરેલ હોઈ, આ અહેવાલમાં રહેલ હકીકત દોષ માટે મૂળ અંગ્રેજી અહેવાલમાં આપેલી વિગત સાચી ગણવી.**

# કાર્યલક્ષી સમીક્ષા

## પૂર્વભૂમિકા

ગુજરાત સરકારનો રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો આ ઑડીટ અહેવાલ 2021-22 દરમિયાનની રાજ્યની નાણાકીય કામગીરીની નિરપેક્ષપણે આકારણી કરવાના અને નાણાકીય માહિતીના વિશ્લેષણના આધારે રાજ્ય સરકાર અને વિધાનસભાને માહિતી પૂરી પાડવાના ઉદ્દેશથી બહાર પાડવામાં આવે છે. આ વિશ્લેષણના યથાર્થદર્શન માટે, ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005, નાણાપંચની ભલામણો અને 2021-22ના અંદાજપત્રીય અંદાજોમાં નિયત કરવામાં આવેલા લક્ષ્યાંકોની સામે સિધ્ધિઓ અને જુદા જુદા સરકારી વિભાગો પાસેથી મેળવેલી નાણાકીય માહિતી સાથે સરખામણી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## અહેવાલ

ગુજરાત સરકારના માર્ચ 2022 અંતિત વર્ષના ઑડિટ થયેલા હિસાબો આધારિત, આ અહેવાલ રાજ્ય સરકારના વાર્ષિક હિસાબોની પૃથક્કરણાત્મક સમીક્ષા રજૂ કરે છે. અહેવાલ પાંચ પ્રકરણમાં વહેંચાયેલો છે.

**પ્રકરણ I** અહેવાલના આધાર અને અભિગમને વ્યાખ્યાયિત કરે છે અને તેની અંદરની માહિતી સરકારના હિસાબોના માળખાનું બૃહદ દ્રશ્ય, અંદાજપત્રીય પ્રક્રિયાઓ, ચાવીરૂપ માપદંડોનું અને ખાધ/વધારા સાથેની રાજ્યની નાણાકીય પરિસ્થિતિનું બૃહદ-રાજકોષીય વિશ્લેષણ રજૂ કરે છે.

**પ્રકરણ II** મુખ્યત્વે વિનિયોગ હિસાબો પર આધારિત; રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનું વ્યાપક પરિપ્રેક્ષ્ય, પાછલા વર્ષોની તુલનામાં મુખ્ય રાજકોષીય એકંદરોમાં થયેલા મહત્વના ફેરફારોનું વિશ્લેષણ, છેલ્લા પાંચ વર્ષો દરમિયાનના એકંદરે વલણો, રાજ્યની ઋણની રૂપરેખા અને જાહેર હિસાબના મુખ્ય વ્યવહારો દર્શાવે છે.

**પ્રકરણ III** વિનિયોગ હિસાબો આધારિત છે અને અનુદાન-વાર વિનિયોગની વિગતો અને સેવા પૂરી પાડનાર વિભાગો દ્વારા પૂરા પડાયેલ સ્ત્રોતોનું કઈ રીતે સંચાલન કરવામાં આવ્યું તે બતાવે છે.

**પ્રકરણ IV** વિવિધ અહેવાલો રજૂ કરવાની જરૂરિયાતો અને નાણાકીય નિયમોના સરકાર દ્વારા કરવાના પાલનની યાદી છે,

**પ્રકરણ V** સરકારી કંપનીઓ, વૈધાનિક નિગમો અને સરકાર દ્વારા નિયંત્રિત અન્ય કંપનીઓના તેમના નાણાકીય હિસાબોમાંથી ઉદ્ભવતી નાણાકીય કામગીરીની ચર્ચા કરે છે.

આ અહેવાલમાં આવલોકનોના સમર્થનમાં અનેક અન્ય સોતોમાંથી એકત્રિત વધારાની માહિતી પણ સામેલ છે.

## રાજ્ય સરકારની સિધ્ધિઓ: સંક્ષિપ્ત સારાંશ

2021-22 દરમિયાન ગુજરાતની ₹ 2,76,588 જેટલી માથાદીઠ આવક ₹ 1,72,913ની અખિલ-ભારતીય સરેરાશ કરતાં ઉંચી હતી.

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ નિયત કરવામાં આવેલા બધાજ મુખ્ય નાણાકીય ચલાંકો, રાજ્યે વર્ષ દરમિયાન હાંસલ કર્યા હતાં. રાજકોષીય ખાધની રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે 1.17 ટકા જેટલી અને જાહેર ઋણની સામે 15.86 જેટલી ટકાવારી ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ નિયત કરવામાં આવેલા લક્ષ્યાંકોની અંદર હતી.

2021-22 દરમિયાન રાજ્યની ₹ 3,044 કરોડ જેટલી બાકી બાયંધરીઓ ગુજરાત રાજ્ય બાયંધરી અધિનિયમ, 1963 અંતર્ગત નિયત કરવામાં આવેલી ₹ 20,000 કરોડની ટોચ મર્યાદા કરતાં ઘણી નીચી હતી.

બજારની લોનોની પરત ચૂકવણી માટે લવચીકતા પૂરી પાડવા માટે એકત્રિત ડૂબત ભંડોળ અને આકસ્મિક જવાબદારીઓ પૂરી કરવા માટે લવચીકતા પૂરી પાડવા માટે બાયંધરી વિમોચન ભંડોળની સ્થાપના કરીને વધુ સારા નાણાકીય વ્યવસ્થાપન માટે રાજ્યે પહેલ કરી છે.

રાજ્ય સરકારે તેના મહેસૂલી આવક-રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો ગુણોત્તર (8.58 ટકા) જે પાછલા વર્ષ દરમિયાન હાંસલ કરેલા 7.74 ટકા કરતાં ઉંચો હતો.

## અહેવાલમાંની સામગ્રી

### પ્રકરણ I

**વિહંગાવલોકન**

***રાજકોષીય સ્થિતિ***

રાજ્યે મહેસૂલી ખાધ નાબૂદ કરવાનો લક્ષ્યાંક 2011-12થી 2019-20માં હાંસલ કર્યો હતો. 2020-21 દરમિયાન ₹ 22,548 કરોડ જેટલી મહેસૂલી ખાધ 2021-22માં ₹ 6,409 કરોડ જેટલી મહેસૂલી પુરાંતમાં ફેરવાઈ ગઈ હતી.

2021-22ના અંતે, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારી રૂપે રાજકોષીય ખાધ 1.17 ટકા જેટલી રહી હતી, જે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમમાં નિયત કરવામાં આવેલા ત્રણ ટકાની મર્યાદાની અંદર હતી.

રાજકોષીય એકત્રીકરણના રોડમેપમાં, મધ્યમ ગાળાના નીતિવિષયક નિવેદનમાં નિયત કરવામાં આવેલા રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે જાહેર ઋણના 17.40 ટકાના લક્ષ્યાંક સામે રાજ્ય સરકાર 2021-22 દરમિયાન 15.86 ટકા જેટલી ટકાવારી જાળવી શકી હતી.

*(ફકરો 1.5.1 અને 1.5.2)*

*ખાધના વલણો*

2021-22 દરમિયાન, રાજકોષીય ખાધ 2020-21માં ₹ 40,438 કરોડ હતી તે ₹ 17,746 કરોડ (43.88 ટકા) જેટલી ઘટીને 2021-22માં ₹ 22,692 કરોડ થઇ હતી.

2021-22 દરમિયાન, પ્રાથમિક ખાધ 2020-21માં ₹ 16,235 કરોડ હતી તે ₹ 18,730 કરોડ જેટલી વધીને 2021-22માં ₹ 2,495 કરોડની પ્રાથમિક પુરાંત થઇ હતી.

*(ફકરો 1.5.2)*

રાજ્ય સરકારે, અંશદાયી પેન્શન યોજના સિવાયની અને વળતર વનીકરણની થાપણો પર વ્યાજની ₹ 45 કરોડની જવાબદારીઓ પૂર્ણ કરી ન હતી, અને એકત્રિત ડૂબત નિધિમાં ₹ 10,531 કરોડનો રાજ્ય સરકારનો ફાળો અને ₹ 363 કરોડની શ્રમ સેસની બિન-તબદીલી ઓછી નોંધાવી હતી અને રાષ્ટ્રીય પેન્શન યોજનામાં સરકારના ફાળામાં ₹ 7 કરોડની ઘટ હતી. આના પરિણામે મહેસૂલી પુરાંત ₹ 10,921 કરોડ જેટલી વધારે દર્શાવાઇ હતી અને રાજકોષીય ખાધ ₹ 10,947 કરોડ જેટલી ઓછી દર્શાવાઇ હતી.

*(ફકરો 1.6.1)*

## પ્રકરણ II

**રાજ્ય સરકારની નાણાકીય પરિસ્થિતિ**

*રાજ્યના પોતાના સંસાધનો*

2021-22 દરમિયાન, મહેસૂલી આવકના 67 ટકા રાજ્યના પોતાના સંસાધનોમાંથી મળ્યા હતા. 2021-22માં રાજ્યની પોતાની કર આવક પાછલા વર્ષ કરતાં ₹ 27,412 કરોડ (39.01 ટકા) જેટલી વધી હતી, અને બિન-કર આવકમાં પાછલા વર્ષ કરતાં ₹ 3,526 કરોડ (33.60 ટકા) જેટલો વધારો થયો હતો. 2021-22માં પોતાની કર આવક અને બિન-કર આવક બન્ને અંદાજપત્રીય અંદાજો કરતાં નીચી હતી. માલ અને સેવા કર અધિનિયમ, 2017ના અમલીકરણથી થનાર આવકના નુકસાન પેટે રાજ્ય સરકાર 2021-22 દરમિયાન ₹ 20,033 કરોડનુ માલ અને સેવા કરનુ વળતર મેળવવા માટે હકદાર હતી.

*(ફકરા 2.3.2.1 અને 2.3.2.2)*

*કેન્દ્રીય કરવેરા અને જકાતમાં હિસ્સો અને સહાયક અનુદાનો*

પાછલા વર્ષ કરતાં 53.85 ટકાનો વધારો નોંધાવીને 2021-22માં રાજ્યનો કેન્દ્રીય કરવેરામાં હિસ્સો ₹ 31,106 કરોડ જેટલો રહ્યો હતો. 2021-22માં ભારત સરકાર તરફથી સહાયક અનુદાનોમાં પાછલા વર્ષની સામે ₹ 3,150 કરોડ (11.59 ટકા) જેટલો ઘટાડો થયો હતો. 2021-22 દરમિયાન, રાજ્યની મહેસૂલી આવકના 33 ટકા ભારત સરકાર તરફથી કેન્દ્રીય કરવેરામાં રાજ્યનો હિસ્સો અને સહાયક અનુદાન રૂપે મળ્યા હતાં.

*(ફકરા 2.3.2.1 અને 2.3.2.3)*

### *મહેસૂલી ખર્ચ*

મહેસૂલી ખર્ચ 2017-18માં ₹ 1,18,060 કરોડ હતો તે સતત વધીને પાછળના વર્ષ કરતાં ₹ 9,717 કરોડના (6.45 ટકા) વધારા સાથે 2021-22માં ₹ 1,60,421 કરોડ થયો હતો. 2021-22 દરમિયાન, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારી રૂપે મહેસૂલી ખર્ચ 2017-22ના સમયગાળા દરમિયાન સૌથી નીચો 8.25 ટકા જેટલો રહ્યો હતો.

કુલ ખર્ચમાં મહેસૂલી ખર્ચનો હિસ્સો 2017-18માં 81.42 ટકા હતો તે વધીને 2021-22માં 84.58 ટકા થયો હતો.

*(ફકરો 2.4.2)*

### *મૂડી ખર્ચ*

મૂડી ખર્ચ 2017-18માં ₹ 26,313 કરોડ હતો તે વધીને 2021-22માં ₹ 28,185 કરોડ થયો હતો.

કુલ ખર્ચમાં મૂડી ખર્ચનો હિસ્સો 2017-18માં 18.15 ટકા હતો તે ઘટીને 2021-22માં 14.86 ટકા થયો હતો.

*(ફકરો 2.4.3)*

### *મૂડીરોકાણ અને વળતર*

31 માર્ચ 2022ની સ્થિતિએ, રાજ્ય સરકારે વૈધાનિક નિગમો, સરકારી કંપનીઓ, ગ્રામીણ બેંકો, જોઇન્ટ સ્ટોક કંપનીઓ, સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓમાં ₹ 1,16,485 કરોડનું રોકાણ કર્યું હતું. આ કંપનીઓ/નિગમો/સંસ્થાઓમાં કરવામાં આવેલા રોકાણો પરનું 2021-22 દરમિયાન મળેલુ વળતર 0.12 ટકા હતું જ્યારે સરકારે એજ સમયગાળા દરમિયાન તેના ઋણ પર 7.12 ટકા જેટલુ સરેરાશ વ્યાજ ચૂકવ્યુ હતું.

*(ફકરો 2.4.3.2)*

### *ઋણની રૂપરેખા:ઘટકો*

રાજ્યની કુલ બાકી જવાબદારીઓ 2017-18માં ₹ 2,56,366 કરોડ હતી તે વધીને 2021-22માં ₹ 3,80,802 કરોડ થઇ હતી. 2021-22માં, બાકી જવાબદારીઓમાં પાછલા વર્ષ કરતાં 6.40 ટકા જેટલી વૃધ્ધિ થઇ હતી. તેમાં આંતરિક ઋણ ₹ 2,99,806 કરોડ (78.73 ટકા), જાહેર હિસાબની જવાબદારીઓ ₹ 50,240 કરોડ (13.19 ટકા) અને ભારત સરકાર તરફથી ₹ 30,756 કરોડની (8.08 ટકા) લોન અને પેશગીઓ સામેલ હતી.

રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે કુલ બાકી જવાબદારીઓની ટકાવારી 19.29 ટકાથી (2017-18) ઘટીને 18.44 ટકા (2021-22) થઇ હતી. ઋણના વિમોચન (મુદ્દલ અને વ્યાજની ચૂકવણી) બાદ 2021-22 દરમિયાન ચાલુ કામગીરીઓ માટે ઉછીના લીધેલા ભંડોળની ચોખ્ખી ઉપલબ્ધતા ₹ 22,910 કરોડ હતી.

*(ફકરો 2.7.1)*

*ઋણનું ટકાઉપણું*

જાહેર ઋણની આવકો 2017-18માં ₹ 26,953 કરોડ હતી તે વધીને 2021-22માં ₹ 46,968 કરોડ થઇ હતી અને જાહેર ઋણની પરત ચૂકવણીઓ 2017-18માં ₹ 13,700 કરોડ હતી તે વધીને 2021-22માં ₹ 24,436 કરોડ થઇ હતી. 2017-22 દરમિયાન રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદન અને જાહેર ઋણનો ગુણોત્તર 15.86 ટકા અને 18.04 ટકા વચ્ચે રહ્યો હતો. જો કે, આ સમયગાળા દરમિયાન, જાહેર ઋણ પર વ્યાજની ચૂકવણીનું ભારણ મહેસૂલી આવકના 13.39 ટકા અને 17.22 ટકા વચ્ચે રહ્યું હતું. જાહેર ઋણની આવકની સામે જાહેર ઋણની પરત ચૂકવણીની ટકાવારી પાછલા વર્ષ કરતાં વધી હતી. ઉપરોક્ત દર્શકો બતાવે છે કે રાજ્યના ઋણના ટકાઉપણાની સમીક્ષા કરવાની જરૂર છે.

***(ફકરો 2.8.1.1)***

## પ્રકરણ III

**અંદાજપત્રીય વ્યવસ્થાપન**

₹ 2,39,389 કરોડની 2021-22 દરમિયાન કરવામાં આવેલી અંદાજપત્રીય જોગવાઇની સામે, ₹ 2,17,355 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આના પરિણામે ₹ 22,034 કરોડની (₹ 25,545 કરોડની બચતમાંથી ₹ 3,511 કરોડની અધિક સરભર થવાથી) ચોખ્ખી બચત થઇ હતી.

***(ફકરો 3.1)***

2007-08થી 2011-12 અને 2013-14થી 2021-22ના સમયગાળાને લગતો ₹ 14,367 કરોડનો અધિક ખર્ચ વિધાનસભાની દેખરેખની બહાર રહ્યો હતો કારણ કે તે ભારતના બંધારણની કલમ 205 હેઠળ નિયમિત કરવાનો બાકી હતો.

***(ફકરા 3.3.5.1 અને 3.3.5.3)***

વર્ષ 2021-22 દરમિયાનની 191 અનુદાનો/વિનિયોગોમાંથી 159માં થયેલી ₹ 25,545 કરોડની એકંદર બચતો માંથી ₹ 24,552 કરોડની રકમની 96.11 ટકા જેટલી બચત 43 અનુદાનો/વિનિયોગોમાં (દરેક કિસ્સામાં ₹ 50 કરોડ અને વધુ) થઇ હતી. 2021-22 દરમિયાન, પાંચ અનુદાનો/વિનિયોગોમાં કુલ ₹ 366 કરોડની પૂરક જોગવાઇ (દરેક કિસ્સામાં ₹ 5 કરોડ અથવા અધિક) કરવામાં આવી હતી જે નિરર્થક પુરવાર થઇ હતી.

***(ફકરા 3.3.4.1 અને 3.3.2)***

191 પૈકી 45 અનુદાનો/વિનિયોગોમાં નોંધપાત્ર (₹ 50 કરોડથી અધિક) પરત સોંપણી કરવામાં આવી હતી. આ 45 અનુદાનો/વિનિયોગો હેઠળ કરવામાં આવેલી ₹ 1,67,861 કરોડની કુલ જોગવાઇની સામે, ₹ 33,081 કરોડની પરત સોંપણી કરવામાં આવી હતી.

***(ફકરો 3.3.4.2)***

## પ્રકરણ IV

**હિસાબોની ગુણવત્તા અને નાણાકીય અહેવાલની પદ્ધતિઓ**

માર્ચ 2022ની સ્થિતિએ, 31 માર્ચ 2021 સુધી વિતરણ કરવામાં આવેલા અનુદાનોની બાબતમાં એકંદરે ₹ 10,309 કરોડના 4,563 વપરાશી પ્રમાણપત્રો બાકી હતાં. જે ચોક્કસ હેતુઓ માટે આપવામાં આવેલા અનુદાનોના ઉપયોગ પર વિભાગો દ્વારા યોગ્ય દેખરેખનો અભાવ દર્શાવે છે.

માર્ચ 2022ની સ્થિતિએ, જુદા જુદા વિભાગો દ્વારા ઉચ્ચક આકસ્મિક બિલો પર ઉપાડવામાં આવેલી ₹ 273 કરોડની રકમના 3,167 વિગતવાર આકસ્મિક બિલો રજૂ કરવાના બાકી હતાં.

વપરાશી પ્રમાણપત્રો અને વિગતવાર આકસ્મિક બિલો લાંબા સમય માટે બાકી રહે તેમાં છેતરપીંડી અને ઉચાપતનું જોખમ રહેલું છે.

***(ફકરા 4.5 અને 4.6)***

31 માર્ચ 2022ની સ્થિતિએ જીલ્લા તિજોરીઓમાં ₹ 990 કરોડની બંધ સિલક સાથેના 471 વ્યક્તિગત થાપણ ખાતા ચાલુ હતાં.

***(ફકરો 4.7)***

2021-22 દરમિયાન, રાજ્યના કુલ ખર્ચના 6.02 ટકા જેટલો એકંદરે ₹ 12,882 કરોડનો ખર્ચ ગૌણ સદર '800-અન્ય ખર્ચ' હેઠળ વર્ગીકૃત કરવામાં આવ્યો હતો. એજ રીતે, કુલ આવકના 1.99 ટકા જેટલી એકંદરે ₹ 4,261 કરોડની રાજ્યની મહેસૂલી આવકનું વર્ગીકરણ સર્વગ્રાહી ગૌણ સદર '800- અન્ય આવક' હેઠળ કરવામાં આવ્યુ હતું.

ખર્ચ અને આવકની મોટી રકમો સર્વગ્રાહી ગૌણ સદર–800 હેઠળ નોંધવાથી નાણાકીય અહેવાલની પારદર્શિતાને અસર થાય છે અને વિતરણની પ્રાથમિક્તાઓના વિશ્લેષણને અને ખર્ચની ગુણવત્તાને અસ્પષ્ટ બનાવે છે.

***(ફકરો 4.8)***

## પ્રકરણ V

**રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની (જાહેર ઉપક્રમો) નાણાકીય કામગીરી**

31 માર્ચ 2022ના રોજ, 100 જાહેર ઉપક્રમો જેમાં 64 સરકારી કંપનીઓ (12 નિષ્ક્રિય કંપનીઓ સહિત), ચાર વૈધાનિક નિગમો અને 32 સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ હતી.

***(ફકરો 5.1.2)***

2021-22 દરમિયાન, સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમોએ ₹ 1,62,392.00 કરોડનું વાર્ષિક ટર્નઓવર નોંધાવ્યુ હતું જે ગુજરાતના રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના 8.35 ટકા જેટલું હતું.

***(ફકરો 5.2)***

31 માર્ચ 2022ના અંતે ₹ 1,39,756.58 કરોડના કુલ મૂડીરોકાણની સામે આ જાહેર ઉપક્રમોમાં શેરમૂડી અને લાંબી મુદતની લોનમાં રાજ્ય સરકારનું મૂડીરોકાણ ₹ 1,04,709.07 કરોડ હતું.

***(ફકરો 5.2.1)***

67 સરકારી કંપનીઓ પૈકી, 43 જાહેર ઉપક્રમોએ કરવેરા બાદનો નફો (₹ 4,211.26 કરોડ) રળ્યો હતો, જ્યારે 16 જાહેર ઉપક્રમોએ નુકસાન (₹ 1,487.59 કરોડ) કર્યું હતું અને આઠ જાહેર ઉપક્રમોએ નફો કે નુકસાન કર્યું ન હતું. 31 માર્ચ 2022ના રોજ, 22 જાહેર ઉપક્રમોનુ સંચિત નુકસાન ₹ 29,312.55 કરોડ હતું. 32 સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ પૈકી 18 જાહેર ઉપક્રમોએ ₹ 2,845.33 કરોડનો નફો કર્યો હતો અને 14 જાહેર ઉપક્રમોએ ₹ 264.04 કરોડનું નુકસાન કર્યું હતું.

***(ફકરા 5.3.1 થી 5.3.3)***

વધુમાં, ત્રણ વૈધાનિક નિગમો સહિત 55 જાહેર ઉપક્રમોના 157 પાછલા નાણાકીય પત્રકો બાકી હતા.

***(ફકરો 5.4.2.2)***

# પ્રકરણ ૧

## વિહંગાવલોકન

# પ્રકરણ I
# વિહંગાવલોકન

## 1.1 રાજ્યની રૂપરેખા

ગુજરાત ભારતના પશ્ચિમ કિનારે સ્થિત છે, જેની પશ્ચિમે અરબ સાગર, ઉત્તરે રાજસ્થાન, પૂર્વમાં મધ્યપ્રદેશ અને દક્ષિણમાં મહારાષ્ટ્ર રાજ્યો આવેલા છે. રાજ્ય તેની ઉત્તર-પશ્ચિમ દિશાએ પાકિસ્તાન સાથે આંતરરાષ્ટ્રીય સરહદ પણ ધરાવે છે. તે લગભગ 1,600 કિલોમીટરનો દરિયાકાંઠો ધરાવે છે, જે ભારતની મુખ્ય ભૂમિના દરિયાકાંઠાનો એક તૃતિયાંશ ભાગ છે. ભૌગોલિક વિસ્તારની દ્રષ્ટિએ ગુજરાત સાતમું સૌથી મોટું (1,96,244 ચો. કિ.મી.) રાજ્ય છે અને વસ્તીના હિસાબે નવમું છે. રાજ્યની વસ્તી 2012માં 6.14 કરોડ હતી તે વધીને 2022માં 7.06 કરોડ થઇ હતી, જે એક દશકમાં 15.09 ટકાની વૃધ્ધિ દર્શાવે છે. 21.9 ટકાની અખિલ ભારતીય સરેરાશની સરખામણીએ 2011-12માં ગરીબી રેખા હેઠળની વસ્તીની ટકાવારી 16.6 ટકા હતી. રાજ્યમાં 33 જીલ્લાઓ અને 251 તાલુકાઓ આવેલાં છે.

પ્રવર્તમાન ભાવો મુજબ 2021-22માં રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (GSDP) ₹ 19,44,107 કરોડ હતું. 2021-22 દરમિયાન ₹ 2,76,588નું રાજ્યનું માથાદીઠ એકંદર ઘરેલુ ઉત્પાદન એજ સમયગાળા દરમિયાન ₹ 1,72,913ની અખિલ ભારતીય સરેરાશ કરતાં ઊંચું હતું. રાજ્યનો સાક્ષરતા દર 78 ટકા (2011ની વસ્તી ગણતરી મુજબ) હતો. રાજ્યની રૂપરેખા **પરિશિષ્ટ 1.1માં** દર્શાવવામાં આવી છે.

### 1.1.1 ગુજરાત રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન

રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન એ ચોક્કસ સમયગાળામાં રાજ્યની હદની અંદર ઉત્પાદિત તમામ માલસામાન અને સેવાઓનું મૂલ્ય છે. રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની વૃધ્ધિ એ રાજ્યના અર્થતંત્રનો એક મહત્વપૂર્ણ દર્શક છે, કારણ કે તે કોઇ એક સમયગાળામાં રાજ્યના આર્થિક વિકાસના સ્તરમાં થતા ફેરફારોનું પ્રમાણ દર્શાવે છે.

ગુજરાત રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની (અંકિત મૂલ્ય) સામે રાષ્ટ્રની વાર્ષિક વૃધ્ધિના વલણો **કોઠા 1.1**માં આપ્યા છે.

**કોઠો 1.1: એકંદર ઘરેલુ ઉત્પાદન અને ગુજરાત રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનમાં વૃધ્ધિના વલણો**

(₹ કરોડમાં)

| વર્ષ | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| એકંદર ઘરેલુ ઉત્પાદન (પાયાનું વર્ષ 2011-12) | 1,70,90,042 | 1,88,99,668 | 2,00,74,856 (2જો RE) | 1,98,00,914 (1લો RE) | 2,36,64,637 (P) |
| વર્તમાન ભાવોએ અગાઉના વર્ષની તુલનાએ એકંદર ઘરેલુ ઉત્પાદનનો વૃધ્ધિ દર (ટકા) | 11.03 | 10.59 | 6.22 | (-) 1.36 | 19.51 |
| રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (પાયાનું વર્ષ 2011-12) | 13,29,095 | 14,92,156 | 16,29,638 (P) | 16,55,917 (Q) | 19,44,107 (A) |
| વર્તમાન ભાવોએ અગાઉના વર્ષની તુલનાએ રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો વૃધ્ધિ દર (ટકા) | 13.87 | 12.27 | 9.21 | 1.61 | 17.40 |

સ્રોત: કેન્દ્રીય આંકડાશાસ્ત્ર કચેરી (CSO), આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય ગુજરાત (અંદાજપત્રીય પ્રકાશન નં. 30, 2022-23)

RE: સુધારેલા અંદાજો; (P) કામચલાઉ અંદાજો; (Q): ત્વરિત અંદાજો; (A): અગ્રિમ અંદાજો

ઉપરોક્ત કોઠામાં દર્શાવેલી વિગતોમાંથી જોઇ શકાય છે એ મુજબ, ગુજરાત રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની 2017-18થી 2020-21ના સમયગાળા દરમિયાનની વૃદ્ધિ રાષ્ટ્રીય વૃદ્ધિ દરની સરખામણીએ ઉંચા દરે થઇ હતી પરંતુ 2021-22 દરમિયાન રાષ્ટ્રીય વૃધ્ધિ દર કરતાં નીચા દરે વૃધ્ધિ થઇ હતી. 2021-22 દરમિયાન, ભારત અને ગુજરાતે પાંચ વર્ષમાં સૌથી ઉંચો વૃધ્ધિ દર નોંધાવ્યો હતો.

## *વર્તમાન ભાવે રાજ્યની મૂલ્ય વર્ધિત સેવાઓમાં ક્ષેત્રીય યોગદાનમાં ફેરફાર*

**આલેખ 1.1** છેલ્લા પાંચ વર્ષ[1] (2016-21) દરમિયાન રાજ્યની મૂલ્ય વર્ધિત સેવાઓમાં (GSVA) ક્ષેત્રવાર ફાળો દર્શાવે છે. એ જોઈ શકાય છે કે, રાજ્યની મૂલ્ય વર્ધિત સેવાઓમાં (GSVA) કૃષિનો સાપેક્ષ હિસ્સો 2016-17માં 21.1 ટકા હતો તેમાં ઘટાડો થઈને 2020-21માં 19.8 ટકા થયો હતો. એ જ રીતે, ઉદ્યોગ ક્ષેત્રે પણ ઘટાડો જોવાયો હતો. આમ છતાં, રાજ્યની મૂલ્ય વર્ધિત સેવાઓમાં (GSVA) સેવાઓના ક્ષેત્રમાં સાપેક્ષ હિસ્સો એજ સમયગાળામાં વધ્યો હતો.

[1] અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક, ગુજરાતે જણાવ્યા મુજબ 2021-22ની ક્ષેત્રવાર વિગતો માર્ચ 2023માં ઉપલબ્ધ થશે.

**આલેખ 1.1: રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનમાં ક્ષેત્રવાર હિસ્સામાં ફેરફાર (2016-17થી 2020-21)**




માહિતીનો સ્રોત: અંદાજપત્રીય પ્રકાશન સં. 34 (સામાજિક-આર્થિક સમીક્ષા,ગુજરાત રાજ્ય, 2021-22)

## 1.2 રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના ઑડિટ અહેવાલનો આધાર અને અભિગમ

ભારતના બંધારણની કલમ 151 (2) મુજબ, ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના રાજ્યના હિસાબો સંબંધિત અહેવાલો રાજ્યના રાજ્યપાલ સમક્ષ રજૂ કરવાના હોય છે જે તેને રાજ્યની વિધાનસભા સમક્ષ મૂકવા સબબ કાર્યવાહી કરે છે. ભારતના બંધારણની કલમ 151 (2) હેઠળ ગુજરાતના રાજ્યપાલ સમક્ષ રજૂ કરવા માટે 31 માર્ચ 2022ના રોજ પૂરા થતા વર્ષ માટેનો ગુજરાતની નાણાકીય પરિસ્થિતિ પરનો અહેવાલ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.

પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) દર વર્ષે રાજ્યના નાણાકીય હિસાબો અને વિનિયોગ હિસાબો તૈયાર કરે છે. આ હિસાબો વાઉચરો, ચલણો અને તિજોરીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રારંભિક અને પેટા હિસાબો, આવા હિસાબો રાખવા માટે જવાબદાર રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળની કાર્યરત કચેરીઓ અને વિભાગો તથા ભારતીય રિઝર્વ બેંક તરફથી મળેલા પત્રકો પરથી તૈયાર કરવામાં આવે છે. પ્રધાન મહાલેખાકાર (ઑડિટ-II), ગુજરાત દ્વારા આ હિસાબોનું સ્વતંત્ર રીતે ઑડિટ કરવામાં આવે છે અને ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા તેને પ્રમાણિત કરવામાં આવે છે.

રાજ્યના નાણાકીય હિસાબો અને વિનિયોગ હિસાબો પ્રસ્તુત અહેવાલ માટેની પાયાની માહિતી બને છે. અન્ય સ્રોતોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

- રાજ્યનું અંદાજપત્ર, એ નાણાકીય પરિમાણોની આકારણી અને ફાળવણીની પ્રાથમિકતાઓ અને તેની સામે અનુમાનો તથા સંબંધિત નિયમો અને નિયત કાર્યપધ્ધતિના અમલીકરણ અને અનુપાલનની અસરકારકતાની આકારણી; આ બંને માટે માહિતીનો મહત્વનો સ્રોત બને છે;

- પ્રધાન મહાલેખાકાર (ઑડિટ-I) અને પ્રધાન મહાલેખાકાર (ઑડિટ-II), ગુજરાતની કચેરીઓ દ્વારા વર્ષ દરમિયાન રાજ્યના સચિવાલય તેમજ ક્ષેત્રીય સ્તરે હાથ ધરવામાં આવેલા ઑડિટના પરિણામો;
- વિભાગીય અને તિજોરી સત્તાધિકારીઓ પાસે રહેલી અન્ય માહિતી (હિસાબી અને સાથે વ્યવસ્થાપન માહિતી પ્રણાલી (MIS));
- અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક, ગુજરાત પાસેથી રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની માહિતી અને રાજ્ય સંબંધિત અન્ય આંકડાશાસ્ત્રીય માહિતી; અને
- ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના વિવિધ ઑડિટ અહેવાલો.

ચૌદમા નાણા પંચ, પંદરમા નાણા પંચની ભલામણો, ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005, ભારત સરકારની શ્રેષ્ઠ પ્રથાઓ અને માર્ગદર્શિકાના સંદર્ભમાં આ અહેવાલમાં વિશ્લેષણ હાથ ધરવામાં આવ્યું છે. સરકારના જવાબો, પ્રાપ્ત થયેલ હોય ત્યાં, આ અહેવાલમાં યોગ્ય સ્થાનોએ સમાવવામાં આવ્યાં છે.

## 1.3 અહેવાલની સંરચના

રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના ઑડિટ અહેવાલનું માળખું નીચે મુજબના ચાર પ્રકરણોમાં સંરચિત છે:

| | |
|---|---|
| *પ્રકરણ – I* | ***વિહંગાવલોકન***<br>*આ પ્રકરણ અહેવાલ અને અંતર્ગત માહિતીનો આધાર અને અભિગમ વર્ણવે છે અને સરકારના હિસાબોનું માળખુ, અંદાજપત્રીય પ્રક્રિયાઓ, મુખ્ય સૂચકાંકોનું બૃહદ-નાણાકીય વિશ્લેષણ અને ખાધ/પુરાંત સહિત રાજ્યની નાણાકીય પરિસ્થિતિનું વિહંગાવલોકન રજૂ કરે છે.* |
| *પ્રકરણ –II* | ***રાજ્યની નાણાકીય પરિસ્થિતિ***<br>*આ પ્રકરણ રાજ્યની નાણાકીય પરિસ્થિતિનું વ્યાપક પરિપ્રેક્ષ્ય રજૂ કરે છે, મુખ્ય નાણાકીય ઘટકોમાં અગાઉના વર્ષની તુલનાએ અતિ મહત્વના ફેરફારોનું વિશ્લેષણ કરે છે, 2017-18થી 2021-22ના સમયગાળા દરમિયાનના એકંદર વલણો, રાજ્યની ઋણની રૂપરેખા અને જાહેર હિસાબના મુખ્ય વ્યવહારો, રાજ્યના નાણાકીય હિસાબોના આધારે રજૂ કરે છે.* |
| *પ્રકરણ – III* | ***અંદાજપત્રીય વ્યવસ્થાપન***<br>*આ પ્રકરણ રાજ્યના વિનિયોગ હિસાબો પર આધારિત છે અને રાજ્યની વિનિયોગ અને ફાળવણીની પ્રાથમિકતાઓની સમીક્ષા કરે છે અને અંદાજપત્રીય વ્યવસ્થાપન સંબંધિત બંધારણીય જોગવાઇઓથી વિચલન પર અહેવાલ આપે છે.* |
| *પ્રકરણ – IV* | ***હિસાબોની ગુણવત્તા અને નાણાકીય અહેવાલની પ્રથાઓ***<br>*આ પ્રકરણ રાજ્ય સરકારના જુદા જુદા સત્તામંડળોએ રજૂ કરેલા હિસાબોની ગુણવત્તાની અને નિયત કરવામાં આવેલા નાણાકીય નિયમો અને નિયમનોના રાજ્ય સરકારના જુદા જુદા વિભાગીય અધિકારીઓ દ્વારા બિન-અનુપાલનની બાબતોની ચર્ચા કરે છે.* |

| પ્રકરણ - V | રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની નાણાકીય કામગીરી<br>આ પ્રકરણ સરકારી કંપનીઓ, વૈધાનિક નિગમો અને સરકાર દ્વારા નિયંત્રિત અન્ય કંપનીઓની તેમના હિસાબો દ્વારા રજૂ થયા મુજબની નાણાકીય કામગીરીની ચર્ચા કરે છે. |
|---|---|

## 1.4 સરકારના હિસાબોના માળખાનું અને અંદાજપત્રીય પ્રક્રિયાઓનું વિહંગાવલોકન

રાજ્ય સરકારના હિસાબો ત્રણ ભાગમાં રાખવામાં આવે છે.

### 1. રાજ્યની સંચિત નિધિ (ભારતના બંધારણની કલમ 266(1))

આ નિધિમાં રાજ્ય સરકારને પ્રાપ્ત થયેલું તમામ મહેસૂલ, રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલી તમામ લોન (બજાર લોન, બોન્ડ, કેન્દ્ર સરકાર તરફથી મળેલ લોન, નાણાકીય સંસ્થાઓ પાસેથી મળેલ લોન, રાષ્ટ્રીય નાની બચત ભંડોળને આપેલી વિશેષ બાયંધરીઓ, વગેરે), ભારતીય રિઝર્વ બેંક દ્વારા આપવામાં આવેલી સાધનોપાય પેશગીઓ અને લોનની પરત ચૂકવણીઓમાં રાજ્ય સરકારને પ્રાપ્ત થયેલા તમામ નાણાનો સમાવેશ થાય છે. કાયદા અનુસાર અને ભારતના બંધારણની જોગવાઇ મુજબના હેતુઓ અને રીત સિવાય આ ભંડોળમાંથી કોઇ પણ નાણાનો વિનિયોગ કરી શકાય નહીં. ખર્ચના કેટલાક વર્ગો (એટલે કે બંધારણીય સત્તાધિકારીઓનો પગાર, લોનની પરત ચૂકવણી, વગેરે) રાજ્યના સંચિત નિધિ પર અભિયોગ બને છે (બિન-મતપાત્ર ખર્ચ) અને વિધાનસભા દ્વારા મતપાત્ર હોતા નથી. અન્ય તમામ ખર્ચ (મતપાત્ર ખર્ચ) વિધાનસભા દ્વારા મતપાત્ર હોય છે.

### 2. રાજ્યની આકસ્મિક નિધિ (ભારતના બંધારણની કલમ 267(2))

આ નિધિ એક અગ્રદાયના રૂપમાં હોય છે જેની સ્થાપના રાજ્યની વિધાનસભા કાયદા દ્વારા કરે છે અને રાજ્યપાલના હવાલે મૂકે છે. રાજ્યની વિધાનસભા દ્વારા આવા ખર્ચને અધિકૃતિ મળે ત્યાં સુધી અણધાર્યા ખર્ચને પહોંચી વળવા માટે આ નિધિમાંથી પેશગીઓ આપી શકાય છે. નિધિની ભરપાઇ ખર્ચને રાજ્યની સંચિત નિધિના સંબંધિત કાર્યલક્ષી મુખ્ય સદર ખાતે ઉધારીને કરવામાં આવે છે.

### 3. રાજ્યનો જાહેર હિસાબ (ભારતના બંધારણની કલમ 266(2))

ઉપરોક્ત ઉપરાંત, સરકાર દ્વારા અથવા તેના વતી પ્રાપ્ત થયેલા તમામ અન્ય જાહેર નાણા જેમાં સરકાર બેંકરની અથવા ટ્રસ્ટીની ભૂમિકા નિભાવે છે, તે જાહેર હિસાબમાં જમા કરવામાં આવે છે. જાહેર હિસાબમાં પરત ચૂકવણીપાત્ર જેવી કે નાની બચત અને ભવિષ્ય નિધિ, થાપણો (વ્યાજ સાથેની અને વ્યાજ વગરની), પેશગીઓ, અનામત ભંડોળ (વ્યાજ સાથે અને વ્યાજ વગર) ભરણાં અને ઉચ્ચક સદરો (જે બન્ને છેવટની નોંધ થાય ત્યાં સુધીના કામચલાઉ સદરો છે) તે સામેલ હોય છે. સરકાર પાસે ઉપલબ્ધ ચોખ્ખી રોકડ સિલકનો પણ જાહેર હિસાબમાં સમાવેશ કરવામાં આવે છે. જાહેર હિસાબ વિધાનસભાના મતને આધીન નથી.

ભારતમાં પ્રત્યેક નાણાકીય વર્ષની બાબતમાં સરકારની અંદાજીત આવક અને ખર્ચનું પત્રક રાજ્યની વિધાનસભાના ગૃહ અથવા ગૃહો સમક્ષ રજૂ કરવાની બંધારણીય જરૂરિયાત છે (કલમ 202). આ 'વાર્ષિક નાણાકીય પત્રક' મુખ્ય અંદાજપત્રીય દસ્તાવેજ બને છે. વધુમાં, અંદાજપત્રમાં મહેસૂલી ખર્ચ અને અન્ય ખર્ચનો તફાવત સ્પષ્ટ કરવો જ જોઇએ.

**મહેસૂલી આવક**માં કર આવક (પોતાના કરની આવક અને કેન્દ્રીય કરવેરા/જકાતમાં હિસ્સો), બિન-કર આવક અને ભારત સરકાર તરફથી મળતાં અનુદાનનો સમાવેશ થાય છે.

**મહેસૂલી ખર્ચમાં** સરકારના તમામ એવા ખર્ચ જે ભૌતિક અથવા નાણાકીય અસ્ક્યામતોના સર્જનમાં પરિણમતા નથી તે સામેલ હોય છે. તે એવા ખર્ચના સંબંધમાં હોય છે જે સરકારના વિભાગોની સામાન્ય કામગીરી અને વિવિધ સેવાઓ, સરકાર દ્વારા લેવામાં આવેલા ઋણ પર વ્યાજની ચૂકવણીઓ અને જુદી જુદી સંસ્થાઓને આપવામાં આવેલા અનુદાનો (અનુદાનોમાંના કેટલાક અસ્ક્યામતો ઉભી કરવા માટે હોય તો પણ) માટે કરવામાં આવ્યાં હોય.

**મૂડી ખર્ચમાં** સામેલ છે:

- **ઋણ આવક**: બજાર લોન, બોન્ડ, નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન, સાધનોપાય પેશગીઓ અંતર્ગત ચોખ્ખા વ્યવહારો, કેન્દ્ર સરકાર તરફથી લોન અને પેશગીઓ, વગેરે; અને
- **બિન-ઋણ આવક**: વિનિવેશમાંથી ઉપજેલા નાણા, લોન અને પેશગીઓની વસૂલાત.

**મૂડી ખર્ચ**માં જમીનનું સંપાદન, મકાન, મશીનરી, સાધનસામગ્રી, શેરોમાં રોકાણ અને સરકાર દ્વારા જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને અન્ય જૂથોને લોન અને પેશગીઓ પર થયેલા ખર્ચનો સમાવેશ થાય છે.

હાલમાં, સરકારમાં એક હિસાબી વર્ગીકરણની પધ્ધતિ છે જે કાર્યલક્ષી અને આર્થિક બન્ને છે.

| | વ્યવહારોના લક્ષણ | વર્ગીકરણ |
|---|---|---|
| **હિસાબ મહાનિયંત્રક (CGA) દ્વારા LMMH[2] માં પ્રમાણિત** | કામગીરી –શિક્ષણ, આરોગ્ય વગેરે / વિભાગ | અનુદાન હેઠળ મુખ્ય સદર (4-આંકડા) |
| | પેટા-કામગીરી | પેટા મુખ્ય સદર (2-આંકડા) |
| | કાર્યક્રમ | ગૌણ સદર (3-આંકડા) |
| **રાજ્યો પાસે રહેલી સુગમતા** | યોજના | પેટા સદર (2-આંકડા) |
| | પેટા-યોજના | વિગતવાર સદર (2-આંકડા) |
| | આર્થિક પ્રકાર/પ્રવૃત્તિ | હેતુ સદર- પગાર, ગૌણ કામો, વગેરે (2-આંકડા) |

કાર્યલક્ષી વર્ગીકરણ આપણને વિભાગ, કામગીરી, પરિયોજના અથવા કાર્યક્રમ અને ખર્ચનો ઉદ્દેશ જણાવે છે. આર્થિક વર્ગીકરણ આ ચૂકવણીઓને મહેસૂલ, મૂડી, ઋણ, વગેરે તરીકે સંગઠિત કરવામાં

[2] કેન્દ્ર અને રાજ્યોના હિસાબોના મુખ્ય અને ગૌણ સદરોની યાદી.

સહાયરૂપ થાય છે. આર્થિક વર્ગીકરણ ચાર આંકડાના મુખ્ય સદરોના પ્રથમ આંકડામાં સમાવિષ્ટ તાર્કિક ક્રમાંકન દ્વારા મેળવવામાં આવે છે. દાખલા તરીકે, 0 અને 1 મહેસૂલી આવક માટે છે, 2 અને 3 મહેસૂલી ખર્ચ માટે, વગેરે. આર્થિક વર્ગીકરણ કેટલાક હેતુ સદરોની અંતર્ગત વ્યાખ્યા અને વહેંચણી દ્વારા પણ મેળવી શકાય છે. દાખલા તરીકે જ્યારે "પગાર" હેતુ સદર એ મહેસૂલી ખર્ચ છે, "બાંધકામ" હેતું સદર મૂડી ખર્ચ છે. અંદાજપત્રીય દસ્તાવેજોમાં વિનિયોગનો પ્રાથમિક એકમ હેતુ સદર છે.

**આલેખ 1.2: સરકારના હિસાબોનું માળખુ**




કાર્યલક્ષી વર્ગીકરણમાં; આવક અને ખર્ચને આર્થિક વર્ગોમાં ગોઠવવા, સરકારના વ્યવહારોને મહેસૂલ અને મૂડી (જાહેર ઋણ, લોન અને પેશગીઓ સહિત) વર્ગોમાં વિભાજીત કરવા, કર આવક બીજી અન્ય આવક અને સહાયક અનુદાનમાંથી આવક જેવા ક્ષેત્રોમાં વર્ગીકરણ તથા પેટા-ક્ષેત્રો જેવા કે આવક અને ખર્ચ પરનો વેરો, નાણાકીય સેવાઓ, વગેરેમાં વર્ગીકૃત કરવાનો સમાવેશ થાય છે. ખર્ચની બાજુએ પણ, વ્યવહારોને સામાન્ય સેવાઓ, આર્થિક સેવાઓ, સામાજીક સેવાઓ અને સહાયક અનુદાન અને ફાળો જેવા ક્ષેત્રોમાં વર્ગીકૃત કરવામાં આવે છે અને આ ક્ષેત્રો હેઠળના હિસાબોના મુખ્ય સદરોમાં પેટા-વિભાજીત કરવામાં આવે છે.

સંચિત નિધિ અંતર્ગત હિસાબોના મુખ્ય સદરો સામાન્ય રીતે સરકારની 'કામગીરી' જેવી કે ‘આરોગ્ય’ ને દર્શાવે છે, જ્યારે તેમના તાબાના ગૌણ સદરો મુખ્ય સદર દ્વારા રજૂ થતી કામગીરીના ઉદ્દેશો પરિપૂર્ણ કરવા માટે હાથ ધરવામાં આવતા 'કાર્યક્રમ' ની ઓળખ છે. કોઇ એક કાર્યક્રમમાં સંખ્યાબંધ પરિયોજનાઓ અને પ્રવૃત્તિઓ સમાવિષ્ટ હોય છે અને સામાન્ય રીતે આ ગૌણ-સદર નીચેના 'પેટા-સદર' ને દર્શાવે છે. પેટા-સદરની નીચેનું ‘વિગતવાર સદર’ પ્રાથમિક રીતે ખર્ચની બાબત મુજબ નિયંત્રણ અર્થે હોય છે અને 'પગાર', 'કચેરી ખર્ચ', 'સહાયક અનુદાન', વગેરે બાબતો પર પરિયોજના અથવા પ્રવૃત્તિ પર કરવામાં આવેલા ખર્ચનો ઉદ્દેશ અથવા પ્રકાર દર્શાવે છે.

ભંડોળ-આધારિત સરકારી હિસાબીકરણ વ્યવહારોના કાર્યલક્ષી અને આર્થિક વર્ગીકરણની સાથે મળીને, સરકારની પ્રવૃત્તિઓ/વ્યવહારોનું ઉંડાણથી વિશ્લેષણ કરવાનું સરળ કરે છે અને જાહેર નાણાકીય પરિસ્થિતિ પર વિધાનસભાની દેખરેખને શક્ય બનાવે છે.

### *અંદાજપત્રીય પ્રક્રિયાઓ*

ભારતના બંધારણની કલમ 202 અનુસાર, રાજ્યના રાજ્યપાલ વાર્ષિક નાણાકીય પત્રકના (અંદાજપત્ર તરીકે સંદર્ભિત) રૂપમાં નાણાકીય વર્ષ માટે રાજ્યની અંદાજીત આવક અને ખર્ચનું એક પત્રક રાજ્ય વિધાનસભા સમક્ષ મુકવા સબબ કાર્યવાહી કરે છે.

કલમ 203 અનુસાર, આ પત્રક અનુદાનો/વિનિયોગો માટે માંગણા સ્વરૂપે રાજ્ય વિધાનસભામાં રજૂ કરવામાં આવે છે અને તે મંજૂર થયા બાદ વિધાનસભા દ્વારા કલમ 204 હેઠળ વિનિયોગ વિધેયક પસાર કરવામાં આવે છે, જેથી સંચિત નિધિમાંથી જરૂરી નાણા વિનિયોગ માટે પૂરા પાડી શકાય.

ફકરા 1.2માં ઉલ્લેખ કર્યા મુજબ, નાણાકીય હિસાબો અને વિનિયોગ હિસાબોમાં રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના ઑડિટ અહેવાલ તૈયાર કરવા માટેની મૂળ માહિતી સમાયેલી હોય છે. આ હિસાબો ભારતીય રિઝર્વ બેંક દ્વારા કરવામાં આવેલ આંતર-સરકારી અને અન્ય સમાયોજન સહિત વર્ષ 2021-22 દરમિયાન રાજ્યની વાસ્તવિક આવક અને ખર્ચ પર આધારિત છે. આ આવક અને ખર્ચ અંદાજપત્રમાં અંદાજવામાં આવેલા હોય છે અને ખર્ચને રાજ્ય વિધાનસભા દ્વારા મંજૂર કરવામાં આવ્યા હોય છે એ બાબતને ધ્યાને લેતાં 2021-22 માટેના રાજ્યના અંદાજપત્રનો બારીકાઇથી અભ્યાસ કરવાનું અને અંદાજપત્રમાં કરવામાં આવેલા અનુમાનોના સંદર્ભમાં વર્ષ દરમિયાનની વાસ્તવિક આવક અને ખર્ચનું વિશ્લેષણ કરવાનું જરૂરી છે.

ગુજરાત અંદાજપત્ર નિયમાવલી, અંદાજપત્ર ઘડવાની પ્રક્રિયાની વિગતો પૂરી પાડે છે અને રાજ્ય સરકારને અંદાજપત્રીય અંદાજો તૈયાર કરવામાં અને તેના ખર્ચની પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખવામાં માર્ગદર્શન પૂરું પાડે છે. 2021-22ના અંદાજપત્રની રચના કરતી વખતે રાજ્ય સરકારે પ્રાથમિકતાવાળા ક્ષેત્રો માટે અંદાજપત્રીય જોગવાઈ તરફ ધ્યાન કેન્દ્રિત કરવા સાથે 'પરિણામલક્ષી અંદાજપત્ર' (સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા નિયત કરેલ ટકાઉ વિકાસલક્ષી ધ્યેયોને અનુરૂપ) અને 'જેન્ડર અંદાજપત્ર' પર ભાર મુકવાનું ચાલુ રાખ્યુ હતું.

2014-15થી રાજ્ય 'પરિણામલક્ષી અંદાજપત્ર' તૈયાર કરતું આવ્યું છે છતાં, તેણે સંબંધિત અંદાજપત્રમાં કરવામાં આવેલા અનુરૂપ અનુમાનો સાથે વિવિધ અંદાજપત્રીય દરમિયાનગીરીના વાસ્તવિક પરિણામોનું આકલન કરવાનું હજી બાકી છે. આ કારણોસર 2020-21ના અંદાજપત્રમાં અનુમાનિત પરિણામોની સામે વાસ્તવિક સિધ્ધિઓ માર્ચ 2022 સુધી વિધાનસભા સમક્ષ મુકવામાં આવી ન હતી.

રાજ્ય સરકારના અંદાજપત્ર અને અન્ય અંદાજપત્રીય પહેલોના અમલીકરણની ઑડિટ તપાસના પરિણામોની વિગતો આ અહેવાલના **પ્રકરણ III**માં આપી છે.

## 1.4.1 નાણાકીય પરિસ્થિતિની ઝલક

કોઠો 1.2 વર્ષ 2020-21 અને 2021-22 માટે વાસ્તવિક નાણાકીય પરિણામોની તુલનાએ વર્ષ 2021-22 માટે અંદાજપત્રીય અંદાજોની ઝલક રજૂ કરે છે.

**કોઠો 1.2: વાસ્તવિક નાણાકીય પરિણામોની તુલનાએ અંદાજપત્રીય અંદાજોની ઝલક**

(₹ કરોડમાં)

| ક્રમાંક | ઘટકો | 2020-21 | 2021-22 | 2021-22 | અંદાજપત્રીય અંદાજો સામે ખરેખર મૂલ્યોની ટકાવારી | રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનની સામે ખરેખર મૂલ્યોની ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| | | વાસ્તવિક | વાસ્તવિક | અંદાજપત્રીય અંદાજો | 2021-22 | |
| 1 | કર આવક | 90,484.71 | 1,28,783.85 | 1,34,854.27 | 95.50 | 6.62 |
| | (i)પોતાની કર આવક | 70,266.18 | 97,678.07 | 1,11,692.60 | 87.45 | 5.02 |
| | (ii) કેન્દ્રીય કરવેરા/જકાતમાં હિસ્સો | 20,218.53 | 31,105.78 | 23,161.67 | 134.30 | 1.60 |
| 2 | બિન-કર આવક | 10,492.66 | 14,018.26 | 16,801.51 | 83.43 | 0.72 |
| 3 | સહાયક અનુદાન અને ફાળો | 27,178.29 | 24,027.59 | 16,313.62 | 147.29 | 1.24 |
| 4 | **મહેસૂલી આવક (1+2+3)** | **1,28,155.66** | **1,66,829.70** | 1,67,969.40 | 99.32 | 8.58 |
| 5 | લોન અને પેશગીઓની વસૂલાત | 155.61 | 155.34 | 250.00 | 62.14 | 0.01 |
| 6 | અન્ય આવક | 9,967.85 | 0.00 | 0.00 | - | 0.00 |
| 7 | ઋણ અને અન્ય જવાબદારીઓ[3] | 40,438.35 | 22,692.31 | 30,783.10 | 73.72 | 1.17[4] |
| 8 | **મૂડી આવક (5+6+7)** | **50,561.81** | **22,847.65** | 31,033.10 | 73.62 | 1.18 |
| 9 | **કુલ આવક (4+8)** | **1,78,717.47** | **1,89,677.35** | 1,99,002.50 | 95.31 | 9.76 |
| 10 | **મહેસૂલી ખર્ચ, જે પૈકી** | **1,50,703.58** | **1,60,421.27** | 1,66,760.80 | 96.20 | 8.25 |
| 11 | **વ્યાજની ચૂકવણીઓ** | 24,203.19 | 25,187.78 | 25,921.97 | 97.17 | 1.30 |
| 12 | **મૂડી ખર્ચ, જે પૈકી** | **28,013.89** | **29,256.08** | 32,241.70 | 90.74 | 1.50 |
| 13 | **મૂડી જોગવાઇ** | 26,780.46 | 28,185.04 | 30,815.67 | 91.46 | 1.45 |

[3] ઋણ અને અન્ય જવાબદારીઓ = જાહેર ઋણની ચોખ્ખી બાકી (આવક-ચૂકવણીઓ) + ચોખ્ખી આકસ્મિક નિધિ + જાહેર હિસાબની ચોખ્ખી બાકી (આવક - ચૂકવણીઓ) + ખુલતી અને બંધ રોકડ સિલકની ચોખ્ખી બાકી.

[4] ભારત સરકારના ખર્ચ વિભાગ પ્રમાણે, નાણા પંચ, વગેરે દ્વારા જે કોઈ પણ ધોરણો નિયત કરવામાં આવે તે હેઠળ રાજ્ય સરકાર ધ્વારા વિશિષ્ટ વ્યવસ્થા (Special window) અંતર્ગત લેવામાં આવેલ એક પછી એક ધિરાણ ઋણ નહિ ગણવામાં આવે. આથી, માલ અને સેવા કરના નુકશાનીના વળતર માં ઘટાડાને કારણે 2020-21 માં આપવામાં આવેલ ₹ 9,222 કરોડ અને 2021-22 માં આપવામાં આવેલ ₹ 13,040 ની લોનને અહીં જાહેર દેવા રૂપે ગણવામાં આવ્યું નથી

| ક્રમાંક | ઘટકો | 2020-21 | 2021-22 | 2021-22 | અંદાજપત્રીય અંદાજો સામે ખરેખર મૂલ્યોની ટકાવારી | રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનની સામે ખરેખર મૂલ્યોની ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| | | વાસ્તવિક | વાસ્તવિક | અંદાજપત્રીય અંદાજો | 2021-22 | |
| 14 | લોન અને પેશગીઓ | 1,233.43 | 1,071.04 | 1,426.03 | 75.11 | 0.06 |
| 15 | કુલ ખર્ચ (10+12) | 1,78,717.47 | 1,89,677.35 | 1,99,002.50 | 95.31 | 9.76 |
| 16 | મહેસૂલી ખાધ (-)/પુરાંત (+) (4-10) | (-) 22,547.92 | (+)6,408.43 | (+)1,208.60 | 530.24 | 0.33 |
| 17 | રાજકોષીય ખાધ {(4+5+6)-15} | (-) 40,438.35 | (-)22,692.31 | (-)30,783.10 | 73.72 | (-)1.17 |
| 18 | પ્રાથમિક ખાધ (17-11) | (-) 16,235.16 | 2,495.47 | (-)4,861.13 | (-)51.34 | 0.13 |

સ્રોત: 2021-22 માટેનું અંદાજપત્રીય પ્રકાશન સં. 1 અને જે તે વર્ષોના નાણાકીય હિસાબો.

માલ અને સેવા કર વળતર એ રાજ્ય સરકારની માલ અને સેવા કર (રાજ્યોને વળતર) અધિનિયમ, 2017 હેઠળ આવક છે. જોકે, માલ અને સેવા કર નુકશાનીના વળતર રૂપે મળેલા મહેસૂલી આવકના ₹ 8,328.55 કરોડ (નાણાકીય વર્ષ 2017-18 માટે ₹ 121.34 કરોડ અને નાણાકીય વર્ષ 2020-21 માટે ₹ 8,207.21 કરોડ) ઉપરાંત વર્ષ 2021-22 દરમિયાન માલ અને સેવા કર વળતર ભંડોળમાં પૂરતી સિલક ન હોવાને કારણે ગુજરાતને રાજ્ય સરકારની જાહેર ઋણની આવક હેઠળ પણ ₹ 13,040.21 કરોડ એક પછી એક લોન તરીકે મળ્યા હતાં, જેની રાજ્યને માથે પરત ચૂકવણીની કોઈ જવાબદારી ન હતી. આ ગોઠવણને કારણે, વર્ષ 2021-22 દરમિયાનની ₹ 6,408.43 કરોડની મહેસૂલી પુરાંત અને ₹ 22,692.31 કરોડની રાજકોષીય ખાધને ₹ 13,040.21 કરોડના માલ અને સેવા કરના વળતરના બદલામાં મળેલ ઋણની આવકની સાપેક્ષમાં જોવું જોઈએ.

### 1.4.2 સરકારની અસ્ક્યામતો અને જવાબદારીઓની ઝલક

સરકારના હિસાબો સરકારની નાણાકીય જવાબદારીઓ અને કરવામાં આવેલા ખર્ચમાંથી ઉભી કરેલી અસ્ક્યામતોનો સમાવેશ કરે છે. જવાબદારીઓમાં મુખ્યત્વે આંતરિક ઋણ, ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ, જાહેર હિસાબની આવક અને અનામત ભંડોળનો સમાવેશ થાય છે. અસ્ક્યામતોમાં મુખ્યત્વે મૂડી જોગવાઇ અને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી લોન, પેશગીઓ અને રોકડ સિલક સામેલ હોય છે. **કોઠો 1.3** સરકારની અસ્ક્યામતો અને જવાબદારીઓની સ્થિતિનો સારાંશ આપે છે

### કોઠો 1.3: અસ્ક્યામતો અને જવાબદારીઓની સ્થિતિનો સારાંશ

(₹ કરોડમાં)

| જવાબદારીઓ | | | | | અસ્ક્યામતો | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | 2020-21 | 2021-22 | ટકામાં વધારો | | | 2020-21 | 2021-22 | ટકામાં વધારો |
| સંચિત નિધિ | | | | | | | | | |
| A | આંતરિક ઋણ | 2,90,030.39* | 2,99,805.60 | 3.37 | a | એકંદર મૂડી જોગવાઇ | 3,05,217.56* | 3,33,402.60 | 9.23 |
| B | ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ | 17,998.91* | 30,756.10 | 70.88 | b | લોન અને પેશગીઓ | 12,235.46* | 13,151.16 | 7.48 |
| આકસ્મિક નિધિ | | | | | | | | | |
| આકસ્મિક નિધિ | | 200.00 | 200.00 | 0.00 | આકસ્મિક નિધિ | | 0.00 | 0.00 | 0.00 |
| જાહેર હિસાબ | | | | | | | | | |
| A | નાની બચતો, ભવિષ્ય નિધિ, વગેરે | 10,445.80 | 10,179.77 | (-)2.55 | a | પેશગીઓ | 0.70 | 0.70 | 0.00 |
| B | થાપણો | 36,955.05 | 36,892.11 | (-)0.17 | b | ઉચ્ચક અને પ્રકીર્ણ | 4,031.51* | 564.65 | (-)85.99 |
| C | અનામત ભંડોળ | 7,984.33* | 10,744.87 | 34.57 | રોકડ સિલક (અંકિત કરેલા ભંડોળોમાં રોકાણ સહિત) | | 15,847.93* | 20,676.21 | 30.47 |
| D | ભરણાં | 866.65 | 961.12 | 10.90 | | | | | |
| | | | | | કુલ | | 3,37,333.16* | 3,67,795.32 | 9.03 |
| | | | | | આવકની સામે ખર્ચમાં ઉત્તરોત્તર વધુ[5] | | 27,147.97* | 21,744.25 | (-)19.90 |
| કુલ | | 3,64,481.13* | 3,89,539.57 | 6.88 | કુલ | | 3,64,481.13* | 3,89,539.57 | 6.88 |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

* આંકડાઓમાં ફેરફાર પ્રોફોર્મા સુધારાઓના કારણે છે.

## 1.5 રાજકોષીય સિલક: ખાધ અને કુલ ઋણના લક્ષ્યાંકોની સિધ્ધિઓ

બારમાં નાણાપંચની ભલામણોના અનુસંધાનમાં રાજકોષીય સ્થિરતા અને ટકાઉપણું સુનિશ્ચિત કરવા, જાહેર નાણાના વ્યવસ્થાપનમાં કાર્યક્ષમતા અને પારદર્શિતા વધારવા, પર્યાપ્ત મહેસૂલી પુરાંત હાંસલ કરીને સંસાધનોની ઉપલબ્ધતામાં વધારો કરવો, રાજકોષીય ખાધ ઘટાડવી અને

[5] આવકની સામે ખર્ચનો સંચિત અધિક = અગાઉના વર્ષની આવકની સામે ખર્ચનો સંચિત અધિક + જૂની બાકી સિલકો દૂર કરવા માટે ગોઠવણ – મહેસૂલી પુરાંત

નાણાકીય નીતિના અસરકારક અમલ અને વિવેકપૂર્ણ ઋણ વ્યવસ્થાપનમાં આવતા અવરોધો દૂર થાય તે સુનિશ્ચિત કરવા માટે કેન્દ્રીય રાજકોષીય જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપન અધિનિયમ, 2003ને (FRBM Act) અનુસરીને રાજ્ય સરકારે ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 (GFR Act) ઘડ્યો હતો.

ગુજરાત નાણાકીય જવાબદારી અધિનિયમ 2009, 2011 અને 2021માં સુધારવામાં આવ્યો હતો. 2011માં, તે 13માં નાણા પંચની ભલામણોનો સમાવેશ કરવા માટે સુધારવામાં આવ્યો હતો. 14માં નાણા પંચે ભલામણ કરી હતી કે રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે રાજકોષીય ખાધની લક્ષ્યાંકિત ત્રણ ટકાની મર્યાદા કેટલાક માપદંડોના આધારે વધારીને 3.5 ટકા કરી શકાય. આમ છતાં, રાજ્ય સરકાર ત્રણ ટકાની મર્યાદાની ઘણી અંદર હોવાથી, તેણે 2011ના ગુજરાત નાણાકીય જવાબદારી અધિનિયમમાં કોઇ સુધારા કર્યા ન હતાં. 2021માં, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે રાજકોષીય ખાધ માટેનો લક્ષ્યાંક સુધારીને 2020-21 માટે પાંચ ટકા કરવામાં આવ્યો હતો પરંતુ ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2011માં નિયત બાકીના લક્ષ્યાંકોને અનુસરવાનું ચાલુ છે. ત્યારબાદના વર્ષોમાં, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે રાજકોષીય ખાધની લક્ષ્યાંકિત મર્યાદા ત્રણ ટકા રહી હતી.

### 1.5.1 રાજકોષીય લક્ષ્યાંકોની સામે સિધ્ધિઓના વલણોનું વિશ્લેષણ

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 મુજબ, રાજ્ય સરકારે 2007-08 સુધીમાં મહેસૂલી ખાધ નાબૂદ કરવાની હતી અને ત્યારબાદ મહેસૂલી પુરાંત જાળવવાની હતી; 2008-09 સુધીમાં રાજકોષીય ખાધ રાજ્યના અનુમાનિત એકંદર ઘરેલુ ઉત્પાદનના ત્રણ ટકા સુધી ઘટાડવાની હતી અને ત્યાબાદ એજ સ્તરે જાળવી રાખવાની હતી. નાણાકીય વર્ષ 2020-21 માટે જાન્યુઆરી 2021માં આ પાંચ ટકા સુધી વધારવામાં આવી હતી. પછીના વર્ષોમાં, એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે રાજકોષીય ખાધ માટેની લક્ષ્યાંકીત મર્યાદા ત્રણ ટકા રહી હતી. અધિનિયમમાં વધુમાં એવી કલ્પના કરવામાં આવી હતી કે રાજ્ય સરકાર રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદન અને જાહેર ઋણનો ગુણોત્તર 2011-12 સુધીમાં 27.10 ટકાની મર્યાદામાં લાવશે અને ત્યારબાદ તેને જાળવી રાખશે. ઉપરાંત, રાજ્ય સરકાર બાકી બાયંધરીઓ 2007-08 સુધીમાં ₹ 16,000 કરોડની મર્યાદામાં લાવશે એવું અપેક્ષિત હતું.

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમમાં નિયત કરેલા મુખ્ય નાણાકીય માપદંડોની તુલનાએ છેલ્લા પાંચ વર્ષ (2017-22) દરમિયાન સિધ્ધિઓના વલણનું વિશ્લેષણ **કોઠા 1.4**માં આપ્યું છે.

**કોઠો 1.4: 2017-22 દરમિયાન અધિનિયમમાં નિયત કરેલા મુખ્ય રાજકોષીય માપદંડોના વલણનું વિશ્લેષણ**

| રાજકોષીય માપદંડો | અધિનિયમમાં નિયત રાજકોષીય લક્ષ્યાંકો | સિધ્ધિ (₹ કરોડમાં) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
| મહેસૂલી ખાધ *(-) / પુરાંત (+) (₹ કરોડમાં)* | મહેસૂલી પુરાંત | 5,231.61 | 3,211.97 | 1,944.85 | (-)22,547.92 | 6,408.43 |
| | | ✓ | ✓ | ✓ | x | ✓ |
| રાજકોષીય ખાધ (-)/ પુરાંત (રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના ટકા રૂપે) | ત્રણ ટકા[6] | (-)21,366.43 (-1.61) | (-)26,365.03 (-1.77) | (-)24,581.45 (-1.51) | (-)40,438.35 (-2.44) | (-)22,692.31 (-1.17) |
| | | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદન અને કુલ જાહેર દેવાનો ગુણોત્તર (ટકા) | 27.10 ટકા | 16.00 | 16.10 | 16.39 | 18.04[7] | 15.86[8] |
| | | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| બાકી બાયંધરીઓ | ₹ 16,000 કરોડથી નીચે | 4,834 | 4,699 | 4,462 | 3,656 | 3,044 |
| | | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |

સ્રોત: સંબંધિત વર્ષોના અંદાજપત્રીય પ્રકાશન અને નાણાકીય હિસાબો.

ઉપર જોઇ શકાય છે એ મુજબ, રાજ્ય સરકારે 2020-21માં મહેસૂલી પુરાંત સિવાયના ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમમાં પરિકલ્પિત તમામ ચાર મુખ્ય રાજકોષીય માપદંડો છેલ્લા પાંચ વર્ષો દરમિયાન હાંસલ કર્યા હતાં.

જાહેર ઋણ અને રાજ્યના ઘરેલું ઉત્પાદનનો ગુણોત્તર (15.86 ટકા), કુલ જાહેર ઋણમાંથી માલ અને સેવા કરના વળતર રૂપે ઋણ આવક હેઠળ એક પછી એક લોન તરીકે 2020-21 અને 2021- 22 દરમિયાન મળેલા અનુક્રમે ₹ 9,222 કરોડ અને ₹ 13,040 કરોડને બાદ કરીને ગણવામા આવ્યો છે કારણ કે ભારત સરકારના ખર્ચ વિભાગે નક્કી કર્યા પ્રમાણે, નાણા પંચ દ્વારા જે કોઈ પણ ધોરણો નિયત કરવામાં આવે તે હેઠળ તેને રાજ્યનું ઋણ ગણવામાં નહિ આવે.

6 2020-21 માટે પાંચ ટકા

7 ભારત સરકારના ખર્ચ વિભાગ પ્રમાણે, નાણા પંચ, વગેરે દ્વારા જે કોઈ પણ ધોરણો નિયત કરવામાં આવે તે હેઠળ વિશિષ્ટ વ્યવસ્થા (Special window) અંતર્ગત લેવામાં આવેલ ધિરાણ રાજ્ય સરકારનું ઋણ નહિ ગણવામાં આવે. આથી, માલ અને સેવા કરના વળતરમાં ઘટાડાને કારણે લેવામાં આવેલ ₹ 9,222 કરોડની એક પછી એક લોનને જાહેર દેવા રૂપે અને બાકી જવાબદારીરૂપે અહી ગણવામાં આવ્યું નથી.

8 ભારત સરકારના ખર્ચ વિભાગ પ્રમાણે, નાણા પંચ, વગેરે દ્વારા જે કોઈ પણ ધોરણો નિયત કરવામાં આવે તે હેઠળ વિશિષ્ટ વ્યવસ્થા (Special window) અંતર્ગત લેવામાં આવેલ ધિરાણ રાજ્ય સરકારનું ઋણ નહિ ગણવામાં આવે . આથી, માલ અને સેવા કરના વળતરમાં ઘટાડાને કારણે 2020-21માં લેવામાં આવેલ ₹ 9,222 કરોડની અને 2021-22માં લેવામાં આવેલ ₹ 13,040 કરોડની એક પછી એક લોનને જાહેર દેવા રૂપે અને બાકી જવાબદારી રૂપે અહી ગણવામાં આવ્યું નથી.

## 1.5.2 ચાલુ વર્ષના ખરેખર મૂલ્યો સાથે MTFPSમાં અનુમાનિત રાજકોષીય માપદંડોના લક્ષ્યાંકોની સરખામણી

2021-22માં રાજ્ય વિધાનસભામાં રજૂ કરવામાં આવેલા MTFPSમાં અનુમાનિત રાજકોષીય માપદંડોના લક્ષ્યાંકોની ખરેખર મૂલ્યો સાથે સરખામણી અને વધઘટનું પ્રમાણ **કોઠા 1.5**માં દર્શાવ્યા છે.

**કોઠો 1.5: 2021-22 દરમિયાન MTFPSમાં કરેલા અનુમાનોની સરખામણીએ ખરેખર મૂલ્યો**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક | રાજકોષીય ચલાંકો | MTFPS મુજબ અનુમાનો | ખરેખર મૂલ્યો (2021-22) | વધઘટ (ટકામાં) |
|---|---|---|---|---|
| 1 | પોતાની કર આવક | 1,11,692.60 | 97,678.07 | (-)12.55 |
| 2 | બિન-કર આવક | 16,801.51 | 14,018.26 | (-)16.57 |
| 3 | કેન્દ્રીય કરવેરામાં હિસ્સો | 23,161.67 | 31,105.78 | 34.30 |
| 4 | ભારત સરકાર તરફથી સહાયક અનુદાન | 16,313.62 | 24,027.59 | 47.29 |
| 5 | મહેસૂલી આવક (1+2+3+4) | 1,67,969.40 | 1,66,829.70 | (-)0.68 |
| 6 | મૂડી આવક[9] | 50,751.00 | 47,123.76 | (-)7.15 |
| 7 | મહેસૂલી ખર્ચ | 1,66,760.80 | 1,60,421.27 | (-)3.80 |
| 8 | મહેસૂલી ખાધ (-)/ પુરાંત (+) (5-7) | 1,208.60 | 6,408.43 | 430.24 |
| 9 | રાજકોષીય ખાધ (-)/ પુરાંત (+) | (-)30,783.10 | (-)22,692.31 | (-)26.28 |
| 10 | પ્રાથમિક ખાધ (-)/પુરાંત (+) | (-)4,861.13 | 2,495.47 | (-)151.34 |
| 11 | જાહેર ઋણ-રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનનો ગુણોત્તર (ટકામાં) | 17.40 | 15.86* | (-)8.85 |
| 12 | પ્રવર્તમાન ભાવોએ રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો વૃધ્ધિ દર (ટકા) | (-)0.27 | 17.40 | (-)6537.31 |

**સ્રોત:અંદાજપત્રીય પ્રકાશન નં. 1 અને 30 2021-22 માટે અને નાણાકીય હિસાબો**

* માલ અને સેવા કરના વળતર રૂપે એક પછી એક લોન તરીકે 2020-21માં મળેલી ₹ 9,222 કરોડની અને 2021-22માં મળેલી ₹ 13,040.21 કરોડની ઋણ આવકની, કુલ બાકી જવાબદારીઓમાંથી બાદબાકી કરીને મેળવેલી રકમ.

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે એ મુજબ, MTFPSમાં કરેલા અનુમાનોની તુલનાએ 2021-22 દરમિયાન માત્ર ભારત સરકાર તરફથી સહાયક અનુદાન, કેન્દ્રીય કરવેરામાં હિસ્સો, મહેસૂલી પુરાંત, જાહેર ઋણ-રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનના ગુણોત્તર અને રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના વૃધ્ધિ દરમાં નોંધપાત્ર સુધારો થયો હતો. 2021-22માં પોતાની કર આવક, બિન-કર આવક, અને મૂડી આવકના લક્ષ્યાંકો હાંસલ થયા ન હતાં.

[9] મૂડી આવક = **જાહેર ઋણની આવક + પ્રકીર્ણ મૂડી આવક + લોન અને પેશગીઓની વસૂલાત**

પાંચ વર્ષના સમયગાળા માટે (2017-22) પુરાંત/ખાધના વલણો **આલેખ 1.3**માં; રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સાપેક્ષે પુરાંત/ખાધના વલણો **આલેખ 1.4**માં; અને રાજકોષીય જવાબદારીઓ અને રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના વલણો **આલેખ 1.5**માં આપ્યા છે.

**આલેખ 1.3: પુરાંત/ખાધના વલણો**




| | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| મહેસૂલી પુરાંત | 5,232 | 3,212 | 1,945 | -22,548 | 6,409 |
| રાજકોષીય ખાધ | -21,366 | -26,365 | -24,581 | -40,438 | -22,692 |
| પ્રાથમિક ખાધ | -2,412 | -6,182 | -2,132 | -16,235 | 2,495 |

**આલેખ 1.4: રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના સાપેક્ષે પુરાંત/ખાધના વલણો**



**આલેખ 1.5: રાજકોષીય જવાબદારીઓ અને રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના વલણો**




| | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 # | 2021-22 ## |
|---|---|---|---|---|---|
| સરકારનું આંતરિક ઋણ | 206643 | 232875 | 259663 | 290030 | 299806 |
| ભારત સરકાર તરફથી લોન | 5947 | 7430 | 7433 | 8777 | 8494 |
| જાહેર હિસાબની જવાબદારીઓ | 43776 | 45539 | 48360 | 49863 | 50240 |
| GSDP ની સામે કુલ બાકી જવાબદારીઓનો ગુણોત્તર | 19.29 | 19.16 | 19.36 | 21.06 | 18.44 |
| જાહેર ઋણ/GSDP | 16.00 | 16.10 | 16.39 | 18.04 | 15.86 |

\# ભારત સરકારના ખર્ચ વિભાગ પ્રમાણે, નાણા પંચ, વગેરે દ્વારા જે કોઈ પણ ધોરણો નિયત કરવામાં આવે તે હેઠળ વિશિષ્ટ વ્યવસ્થા (Special window) અંતર્ગત લેવામાં આવેલ ધિરાણ રાજ્ય સરકારનું ઋણ નહિ ગણવામાં આવે. આથી, માલ અને સેવા કરના વળતરમાં ઘટાડાને કારણે લેવામાં આવેલ ₹ 9,222 કરોડની એક પછી એક લોનને જાહેર દેવા રૂપે અને બાકી જવાબદારીરૂપે અહી ગણવામાં આવ્યું નથી.

\## ભારત સરકારના ખર્ચ વિભાગ પ્રમાણે, નાણા પંચ, વગેરે દ્વારા જે કોઈ પણ ધોરણો નિયત કરવામાં આવે તે હેઠળ વિશિષ્ટ વ્યવસ્થા (Special window) અંતર્ગત લેવામાં આવેલ ધિરાણ રાજ્ય સરકારનું ઋણ નહિ ગણવામાં આવે. આથી, માલ અને સેવા કરના વળતરમાં ઘટાડાને કારણે 2020-21માં લેવામાં આવેલ ₹ 9,222 કરોડની અને 2021-22માં લેવામાં આવેલ ₹ 13,040 કરોડની એક પછી એક લોનને જાહેર દેવા રૂપે અને બાકી જવાબદારી રૂપે અહી ગણવામાં આવ્યું નથી.

## 1.6 ઑડિટમાં તપાસ બાદ ખાધ અને કુલ ઋણ

ઑડિટ તપાસમાં ઉજાગર થયું હતું કે, હિસાબોમાં ખોટું વર્ગીકરણ અને અંદાજપત્ર બહાર નાણાકીય વ્યવહારો જોવામાં આવ્યા હતાં જેણે કુલ ખાધ અને ઋણના આંકડાઓને અસર કરી હતી. ઑડિટ તપાસ બાદના ઋણના આંકડા નીચે જણાવવામાં આવ્યાં છે:

### 1.6.1 ઑડિટમાં તપાસ બાદ ખાધ

મહેસૂલી ખર્ચનું મૂડી ખર્ચ તરીકે ખોટું વર્ગીકરણ અને અંદાજપત્રની બહારના વ્યવહારો ખાધના આંકડાઓને અસર કરે છે. ઉપરાંત, જવાબદારીઓ વિલંબિત કરવી, સેસ/રોયલ્ટી સંચિત નિધિમાં જમા ન કરવી, નવી પેન્શન યોજનામાં ઓછું ભંડોળ આપવું, ડૂબત અને વિમોચન ભંડોળમાં (redemption funds) ઓછો ફાળો જમા કરવો, વગેરે પણ મહેસૂલી અને રાજકોષીય ખાધના આંકડાઓને અસર કરે છે. ખાધના વાસ્તવિક આંકડા મેળવવા માટે, આવી અનિયમિતતાઓની અસરને ઉલટાવવી જરૂરી છે.

**કોઠો 1.6** રાજ્ય સરકાર દ્વારા 2021-22 દરમિયાન ભંડોળમાં ફાળો ઓછો જમા કરવો/ન કરવો અને અયોગ્ય વર્ગીકરણ/નોંધણી હિસાબમાં લીધા બાદની ખરેખર પુરાંત/ખાધની આકારણી કરે છે.

**કોઠો 1.6: ખરેખર મહેસૂલી અને રાજકોષીય ખાધ**

| વિગતો | મહેસૂલી પુરાંત પર અસર [ઓછી દર્શાવેલી(-) / અધિક દર્શાવેલી(+)] (₹ કરોડમાં) | રાજકોષીય ખાધ પર અસર (ઓછી દર્શાવેલી) (₹ કરોડમાં) |
|---|---|---|
| વ્યાજની જવાબદારીઓ અદા ન કરવી | (+) 45.35 | (+) 45.35 |
| રાષ્ટ્રીય પેન્શન યોજનામાં સરકારનો ઓછો ફાળો | (+)7.44 | (+)7.44 |
| લેબર સેસની તબદીલી ન થવી | (+) 363.00 | (+) 363.00 |
| સંચિત ડૂબત ભંડોળમાં રાજ્ય સરકારના ફાળામાં ઘટ [10] | (+) 10,531.38 | (+) 10,531.38 |
| અંદાજપત્રમાં મૂડી ખર્ચનું મહેસૂલી ખર્ચ તરીકે અયોગ્ય વર્ગીકરણ | (-) 30.08 | - |
| મૂડી વિભાગ હેઠળ હેતુ સદર 6000 "અન્ય મૂડી ખર્ચ" નું અયોગ્ય વર્ગીકરણ | (+) 4.70 | - |
| **કુલ** | **(+) 10,921.79** | **(+) 10,947.17** |

સ્રોત: વર્ષ 2021-22 માટેનો નાણાકીય હિસાબ અને ઑડિટનું પૃથ્થકરણ.

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે તે મુજબ, વર્ષ દરમિયાન ₹ 10,921.79 કરોડ જેટલી મહેસૂલી પુરાંત અધિક દર્શાવાઇ હતી. ઉપરાંત, 2021-22 માં રાજકોષીય ખાધ ₹ 10,947.17 જેટલી ઓછી દર્શાવાઇ હતી. આમ, 2021-22 દરમિયાન, જો ફાળો ન આપવો/ઓછો આપવો, જવાબદારીઓ અદા ન કરવી અને અયોગ્ય વર્ગીકરણની બાબતોની અસર ધ્યાને લેવામાં આવે તો 2021-22 દરમિયાન રાજ્યની મહેસૂલી પુરાંત, ₹ 4,513.36 કરોડ જેટલી મહેસૂલી ખાધ[11] માં ફેરવાઇ ગઇ હોત.

## 1.6.2 ઑડિટ બાદ કુલ જાહેર ઋણ

ગુજરાત રાજ્ય "કુલ બાકી ઋણ/જવાબદારીઓ" ની વ્યાખ્યામાં માત્ર રાજ્યના સંચિત નિધિ અને જાહેર હિસાબ પરની જવાબદારીઓનો સમાવેશ કરે છે. જોકે, જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને વિશેષ હેતુ માટેના સાધનો (Special Purpose Vehicle) દ્વારા લેવામાં આવેલ ઋણ જેમાં મુદ્દલ અને/અથવા વ્યાજની ચૂકવણી રાજ્યના અંદાજપત્રમાંથી થતી હોય તે પણ રાજ્યની સંચિતનિધિ અને રાજ્યના જાહેર હિસાબની જવાબદારી છે.

એવું જોવામાં આવ્યું હતું કે ગુજરાત રાજ્ય મૂડીરોકાણ લિમિટેડે (GSIL) રાજ્ય સરકારના નિર્દેશો (જૂલાઇ 2018) મુજબ ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ નિગમ લિમિટેડના (GSPC) ₹ 6,000 કરોડના

---

10 ₹ 10,531.38 કરોડ = ₹ 17,894.60 કરોડ (વર્ષ 2020-21 માટે ₹ 3,57,891.98 કરોડની રાજ્યની જવાબદારીઓના 5%) [-] ₹ 7,363.22 કરોડ સંચિત ડૂબત નિધિની બંધ સિલક.

11 ₹ 6408.43 કરોડ વત્તા (-) ₹ 10,921.79 કરોડ.

નોંધાયેલા બિન-રૂપાંતરિત ડિબેન્ચર હસ્તગત કર્યા હતાં. વધુમાં, રાજ્ય સરકારે આ બિન-રૂપાંતરિત ડિબેન્ચર પર વ્યાજની ચૂકવણી અને મુદ્દલની પરત ચૂકવણીમાં ગુજરાત રાજ્ય મૂડીરોકાણ લિમિટેડને મદદ કરવા અંગે ઠરાવ કર્યો હતો. તદ્દનુસાર, 2019-20, 2020-21 અને 2021-22 દરમિયાન, ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ દ્વારા આ બિન-રૂપાંતરિત ડિબેન્ચર પરના વ્યાજની ચૂકવણી પેટે અનુક્રમે ₹ 564.69 કરોડ, ₹ 533.55 અને ₹ 464.10 કરોડનો ખર્ચ નોંધવામાં આવ્યો હતો. આમ, આ બિન-રૂપાંતરિત ડિબેન્ચર પર વાર્ષિક વ્યાજની ચૂકવણીથી રાજ્યના પ્રતિબદ્ધ મહેસૂલ ખર્ચમાં વધારો થયો છે.

# પ્રકરણ II

## રાજ્યની નાણાકીય પરિસ્થિતિ

# પ્રકરણ II

# રાજ્યની નાણાકીય પરિસ્થિતિ

આ પ્રકરણ વ્યાપક પરિપ્રેક્ષ્યમાં રાજ્યની નાણાકીય પરિસ્થિતિ રજૂ કરે છે, અગાઉના વર્ષના સંબંધમાં મુખ્ય રાજકોષીય પરિબળોમાં અતિ મહત્વના ફેરફારો, 2017-18થી 2021-22ના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન એકંદર વલણો, રાજ્યના ઋણનું ટકાઉપણું અને મુખ્ય જાહેર હિસાબના વ્યવહારોનું રાજ્યના નાણાકીય હિસાબોના આધારે વિશ્લેષણ કરે છે.

## 2.1 2020-21ની તુલનાએ 2021-22 દરમિયાન મુખ્ય રાજકોષીય પરિબળોમાં મોટા ફેરફારો

**કોઠો 2.1** પાછલા વર્ષની સરખામણીએ 2021-22 દરમિયાન રાજ્યના મુખ્ય રાજકોષીય પરિબળોમાં થયેલા મોટા ફેરફારોનું વિહંગાવલોકન પૂરું પાડે છે.

**કોઠો 2.1: 2020-21ની તુલનાએ 2021-22માં મુખ્ય રાજકોષીય પરિબળોમાં થયેલા ફેરફારો**

| | |
|---|---|
| **મહેસૂલી આવક** | ➢ રાજ્યની મહેસૂલી આવક 30.18 ટકા જેટલી વધી હતી<br>➢ રાજ્યની પોતાની કર આવક 39.01 ટકા જેટલી વધી હતી<br>➢ પોતાની બિન-કર આવક 33.60 ટકા જેટલી વધી હતી<br>➢ કેન્દ્રીય કર અને જકાતમાં રાજયના હિસ્સામાં 53.85 ટકા જેટલો વધારો થયો હતો.<br>➢ ભારત સરકાર તરફથી સહાયક અનુદાનમાં 11.59 ટકા જેટલો ઘટાડો થયો હતો. |
| **મહેસૂલી ખર્ચ** | ➢ મહેસૂલી ખર્ચમાં 6.45 ટકા વધારો થયો હતો<br>➢ સામાન્ય સેવાઓ પરના મહેસૂલી ખર્ચમાં 8.35 ટકા જેટલો વધારો થયો હતો<br>➢ સામાજીક સેવાઓ પરના મહેસૂલી ખર્ચમાં 12.23 ટકા જેટલો વધારો થયો હતો<br>➢ આર્થિક સેવાઓ પરના મહેસૂલી ખર્ચમાં 5.59 ટકા જેટલો ઘટાડો થયો હતો<br>➢ સહાયક અનુદાનમાં 5.64 ટકા જેટલો વધારો થયો હતો |
| **મૂડી ખર્ચ** | ➢ મૂડી ખર્ચમાં 5.24 ટકા જેટલો વધારો થયો હતો<br>➢ સામાન્ય સેવાઓ પરના મૂડી ખર્ચમાં 13.40 ટકા જેટલો વધારો થયો હતો.<br>➢ સામાજીક સેવાઓ પરના મૂડી ખર્ચમાં 18.93 ટકા જેટલો વધારો થયો હતો.<br>➢ આર્થિક સેવાઓ પરના ખર્ચમાં 0.03 ટકા જેટલો વધારો થયો હતો. |
| **લોન અને પેશગીઓ** | ➢ લોન અને પેશગીઓના વિતરણમાં 13.14 ટકા જેટલો ઘટાડો થયો હતો<br>➢ લોન અને પેશગીઓની વસૂલાત 0.64 ટકા ઘટી હતી |
| **જાહેર ઋણ** | ➢ જાહેર ઋણની આવકમાં 20.20 ટકા જેટલો ઘટાડો થયો હતો<br>➢ જાહેર ઋણની પરત ચૂકવણીમાં 36.35 ટકા જેટલો વધારો થયો હતો |
| **જાહેર હિસાબ** | ➢ જાહેર હિસાબની આવક 18.34 ટકા જેટલી વધી હતી<br>➢ જાહેર હિસાબની ચૂકવણીઓમાં 5.30 ટકા જેટલો વધારો થયો હતો |

ઉપરના પરિબળોમાંથી પ્રત્યેકનું વિશ્લેષણ હવે પછીના ફકરાઓમાં કરવામાં આવ્યું છે.

## 2.2 ભંડોળોના સ્રોતો અને ઉપયોગ

**કોઠો 2.2**, 2021-22 દરમિયાન રાજ્યના ભંડોળોના સ્રોતો અને ઉપયોગની 2020-21 સાથે સરખામણી રજૂ કરે છે. જ્યારે **આલેખ 2.1** અને **2.2**, 2021-22 દરમિયાન સંચિત નિધિમાં થયેલી આવક અને તેમાંથી થયેલા ખર્ચની ટકાવારી મુજબ વિગતો પૂરી પાડે છે.

**કોઠો 2.2: 2020-21 અને 2021-22 દરમિયાન ભંડોળોના સ્રોતો અને ઉપયોગની વિગતો**

**(₹ કરોડમાં)**

| | વિગતો | 2020-21 | 2021-22 | વધારો/ઘટાડો |
|---|---|---|---|---|
| **સ્રોતો** | ભારતીય રિઝર્વ બેંકમાં ખુલતી રોકડ સિલક | 24,036 | 15,848[1] | (-) 8,188 |
| | મહેસૂલી આવકો | 1,28,156 | 1,66,830 | 38,674 |
| | લોન અને પેશગીઓની વસૂલાત | 155 | 155 | 0 |
| | જાહેર ઋણની આવકો (ચોખ્ખી) | 40,935 | 22,532 | (-) 18,403 |
| | જાહેર હિસાબની આવકો (ચોખ્ખી) | (-)7,679 | 4,988 | 12,667 |
| | મૂડી આવકો | 9,968 | 0 | (-) 9,968 |
| | **કુલ** | **1,95,571** | **2,10,353** | **14,782** |
| **ઉપયોગ** | મહેસૂલી ખર્ચ | 1,50,704 | 1,60,421 | 9,717 |
| | મૂડી ખર્ચ | 26,781 | 28,185 | 1,404 |
| | આપવામાં આવેલી લોન અને પેશગીઓ | 1,233 | 1,071 | (-)162 |
| | ભારતીય રિઝર્વ બેંકમાં બંધ રોકડ સિલક | 16,853 | 20,676 | 3,823 |
| | **કુલ** | **1,95,571** | **2,10,353** | **14,782** |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

[1] પ્રોફોર્મા સુધારાના કારણે પાછલા વર્ષની રકમ કરતાં ₹ 1,005 કરોડ જેટલી ઘટી હતી.

**આલેખ 2.1: સંસાધનોના ઘટકો**

**(₹ કરોડમાં)**




**આલેખ 2.2: સંસાધનોનો ઉપયોગ**

**(₹ કરોડમાં)**




પાંચ વર્ષના સમયગાળા (2017-22) માટે રાજ્ય સરકારની નાણાકીય પરિસ્થિતિ પરની સમય શ્રેણી-વાર માહિતી **પરિશિષ્ટ 2.1**માં આપી છે.

## 2.3 રાજ્યના સંસાધનો

રાજ્યના સંસાધનોની વિગતો નીચે વર્ણવવામાં આવી છે:

1. **મહેસૂલી આવક**માં કર આવક (પોતાની કર આવક વત્તા કેન્દ્રીય કર અને જકાતમાં રાજ્યનો હિસ્સો), બિન-કર આવક અને ભારત સરકાર તરફથી સહાયક અનુદાનનો સમાવેશ થાય છે.
2. **મૂડી આવક**માં પરચુરણ મૂડી આવક જેવી કે, વિનિવેશમાંથી ઉપજેલી રકમ, લોન અને પેશગીઓની વસૂલાત, આંતરિક સ્રોતોમાંથી ઋણ (બજાર લોન, નાણાકીય સંસ્થાઓ/વાણિજ્યિક બેંકો પાસેથી ઋણ) અને ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓનો સમાવેશ થાય છે,

   મહેસૂલી અને મૂડી આવક એ બન્ને રાજ્યની સંચિત નિધિનો ભાગ હોય છે.
3. **ચોખ્ખી જાહેર હિસાબની આવક:** કેટલાક વ્યવહારોની બાબતમાં આવક અને ચૂકવણીઓ થતી હોય છે જેવી કે નાની બચત, ભવિષ્ય નિધિ, અનામત ભંડોળ, થાપણો, ઉચ્ચક, ભરણા, વગેરે જે સંચિત નિધિનો ભાગ બનતા નથી.

આ બધાને બંધારણની કલમ 266 (2) હેઠળ સ્થપાયેલ જાહેર હિસાબમાં રાખવામાં આવે છે અને આ રાજ્યની વિધાનસભા દ્વારા મતપાત્ર હોતા નથી.  અહીં, સરકાર બેંકર તરીકેની ભૂમિકા ભજવે છે.  ચૂકવણીઓ બાદની સિલક એ સરકાર પાસે ઉપયોગ માટે ઉપલબ્ધ ભંડોળ હોય છે.

## 2.3.1 રાજ્યની આવકો

2021-22 દરમિયાન રાજ્યની આવકના ઘટકો **આલેખ 2.3**માં આપવામાં આવેલ છે.

**આલેખ 2.3  2021-22 દરમિયાન રાજ્યની આવકના ઘટકો**




#	ભારત સરકારના ખર્ચ વિભાગ પ્રમાણે, નાણા પંચ, વગેરે દ્વારા જે કોઈ પણ ધોરણો નિયત કરવામાં આવે તે હેઠળ વિશિષ્ટ વ્યવસ્થા (Special window) અંતર્ગત લેવામાં આવેલ ધિરાણ રાજ્ય સરકારનું ઋણ નહિ ગણવામાં આવે, આથી, માલ અને સેવા કરના વળતરમાં ઘટાડાને કારણે 2021-22માં લેવામાં આવેલ ₹ 13,040 કરોડની એક પછી એક લોનને જાહેર દેવા રૂપે અહી ગણવામાં આવ્યું નથી. અસરકારક જાહેર ઋણની આવક ₹ 33,929 કરોડ થશે.

## 2.3.2 રાજ્યની મહેસૂલી આવકો

આ ફકરો કુલ મહેસૂલી આવકો અને તેના ઘટકોના વલણોની વિગતો દર્શાવે છે.  તે ઉપરાંત રાજ્યની પોતાની આવક અને કેન્દ્ર સરકાર તરફથી આવકમાં વિભાજીત આવકના વલણો દર્શાવે છે.

### 2.3.2.1 મહેસૂલી આવકના વલણો અને વૃધ્ધિ

**કોઠો 2.3** પાંચ વર્ષના સમયગાળા (2017-22) દરમિયાન રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની બાબતમાં મહેસૂલી આવકના વલણો અને વૃધ્ધિ અને મહેસૂલની તરલતા દર્શાવે છે. ઉપરાંત, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના સંબંધમાં મહેસૂલી આવકના વલણો અને મહેસૂલી આવકના ઘટકો અનુક્રમે **આલેખ 2.4** અને **2.5**માં આપ્યા છે.

**કોઠો 2.3: મહેસૂલી આવકના વલણો**

| પરિબળો | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| મહેસૂલી આવક (₹ કરોડમાં) | 1,23,291 | 1,36,002 | 1,42,844 | 1,28,156 | 1,66,830 |
| મહેસૂલી આવકની વૃધ્ધિનો દર (ટકા) | 12.24 | 10.31 | 5.03 | (-)10.28 | 30.18 |
| પોતાની કર આવક (₹ કરોડમાં) | 71,549 | 80,103 | 79,008 | 70,266 | 97,678 |
| બિન-કર આવક (₹ કરોડમાં) | 15,074 | 13,417 | 18,104 | 10,493 | 14,018 |
| પોતાની આવક (કર અને બિન-કર આવક) (₹ કરોડમાં) | 86,623 | 93,520 | 97,112 | 80,759 | 1,11,696 |
| પોતાની આવકનો વૃધ્ધિ દર (કર અને બિન-કર આવક) (ટકા) | 11.36 | 7.96 | 3.84 | (-)16.84 | 38.31 |
| રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (₹ કરોડમાં) (2011-12 શ્રેણી) | 13,29,095 | 14,92,156 | 16,29,638 (P) | 16,55,917 (Q) | 19,44,107 (A) |
| રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો વૃધ્ધિ દર (ટકા) | 13.87 | 12.27 | 9.21 | 1.61 | 17.40 |
| મહેસૂલી આવક/રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (ટકા) | 9.28 | 9.11 | 8.77 | 7.74 | 8.58 |
| **તરલતાના દર્શકો**[2] | | | | | |
| રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના સંદર્ભમાં આવકની તરલતા | 0.88 | 0.84 | 0.55 | -* | 1.73 |
| રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના સંદર્ભમાં રાજ્યની પોતાની આવકની તરલતા | 0.82 | 0.65 | 0.42 | -* | 2.20 |

સ્રોતઃ રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

સ્રોતઃ (રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના આંકડા): ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળનું નિવેદન (2022-23નું અંદાજપત્રીય પ્રકાશન નં. 30)

**(P)**: કામચલાઉ અંદાજો; **(Q)**: ત્વરિત અંદાજો, **(A)**: અગ્રિમ અંદાજો

* 2020-21માં મહેસૂલી આવક અને રાજ્યની પોતાની કર આવકનો વૃધ્ધિ દર નકારાત્મક હોવાથી તરલતાની ગણતરી કરી શકાતી નથી.

---

[2] તરલતાનો ગુણોત્તર મૂળ રાજકોષીય ચલાંકોમાં કરવામાં આવેલા ફેરફારના સંદર્ભમાં બીજાની સ્થિતિસ્થાપકતા અથવા પ્રતિભાવનુ પ્રમાણ દર્શાવે છે. દાખલા તરીકે, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના સંદર્ભમાં 1.73ની મહેસૂલી તરલતા સૂચવે છે કે જો રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન એક ટકા વધે તો મહેસૂલી આવક 1.73 ટકાવારી પોઇન્ટ જેટલી વધવાનું વલણ ધરાવે છે.

### આલેખ 2.4: મહેસૂલી આવકનું વલણ




| | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| મહેસૂલી આવક | 123,291 | 136,002 | 142,844 | 128,156 | 166,830 |
| રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના ટકાની રીતે | 9.28 | 9.11 | 8.77 | 7.74 | 8.58 |

### આલેખ 2.5: મહેસૂલી આવકના ઘટકોનું વલણ




2017-22 દરમિયાન મહેસૂલી આવકના વલણોમાં નીચે મુજબ ધ્યાન પર આવ્યુ હતું:

- મહેસૂલી આવક 2017-18માં ₹ 1,23,291 કરોડ હતી તે 7.85 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વિકાસ દરે 35.31 ટકા જેટલી વધીને 2021-22માં ₹ 1,66,830 કરોડ થઇ હતી. 2021-22 દરમિયાન, મહેસૂલી આવકમાં પાછલા વર્ષની સરખામણીએ ₹ 38,674 કરોડ (30.18 ટકા) જેટલો વધારો થયો હતો.
- 2021-22 દરમિયાન મહેસૂલી આવકનો નોંધપાત્ર હિસ્સો (66.95 ટકા) રાજ્યના પોતાના સંસાધનોમાંથી આવ્યો હતો, જ્યારે કેન્દ્રીય કર તબદીલી અને સહાયક અનુદાને સંયુક્ત રીતે 33.05 ટકા ફાળો આપ્યો હતો.

- **કોઠો 2.3** દર્શાવે છે કે રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે મહેસૂલી આવકની ટકાવારી 2017-18માં 9.28 ટકા હતી તે સતત ઘટીને 2020-21માં 7.74 ટકા થઇ હતી અને પછી 2021-22માં વધીને 8.58 ટકા થઇ હતી જે બતાવે છે કે 2017-21 દરમિયાન જે દરે રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની વૃધ્ધિ થઇ હતી તેની સાથે મહેસૂલી આવકે ગતિ જાળવી ન હતી. આમ છતાં, 2021-22 દરમિયાન, મહેસૂલી આવકની વૃધ્ધિ રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદન કરતાં વધુ ઝડપે થઇ હતી.

## 2.3.2.2 રાજ્યના પોતાના સંસાધનો

કેન્દ્રીય કરવેરામાં રાજ્યના હિસ્સાનું નિર્ધારણ નાણા પંચની ભલામણોના આધારે કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર તરફથી સહાયક અનુદાનનું નિર્ધારણ કેન્દ્રીય કર આવકની વસૂલાતનું પ્રમાણ અને યોજનાઓ માટે અપેક્ષિત કેન્દ્રીય સહાય, વગેરે દ્વારા કરવામાં આવે છે.

વધારાના સંસાધનોને ગતિશીલ કરવામાં રાજ્યની કામગીરીની આકારણી તેના પોતાના કર અને બિન-કર સ્રોતો સામેલ હોય એવા પોતાના સંસાધનોના રૂપમાં કરવાની હોય છે.

### *પોતાની કર આવક*

રાજ્યની પોતાની કર આવકમાં રાજ્ય માલ અને સેવા વેરો, વેચાણ વેરો/મૂલ્યવર્ધિત વેરો, વીજળી પરના વેરા અને જકાત, સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી, વાહનો પર કર અને માલસામાન અને યાત્રીઓ પરનો કર, જમીન મહેસૂલ, વગેરેનો સમાવેશ થાય છે.

છેલ્લા પાંચ વર્ષો (2017-22) દરમિયાન રાજ્યની પોતાની કર આવકની વૃધ્ધિ **આલેખ 2.6**માં દર્શાવી છે.

**આલેખ 2.6: 2017-22 દરમિયાન રાજ્યની પોતાની કર આવકની વૃધ્ધિ**




2017-22 દરમિયાન રાજ્યની પોતાની કર આવકના ઘટકો **કોઠા 2.4**માં દર્શાવ્યા છે.

### કોઠો 2.4: 2017-22 દરમિયાન રાજ્યની પોતાની કર આવકના ઘટકો

(₹ કરોડમાં)

| મહેસૂલી સદર | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 | |
|---|---|---|---|---|---|---|
| | | | | | અંદાજપત્રીય અંદાજો | ખરેખર મૂલ્યો |
| રાજ્ય માલ અને સેવા કર | 21,250.85 | 34,888.71 | 34,106.67 | 29,458.54 | 62,278.40 | 43,486.98 |
| વેચાણ વેરો/મૂલ્યવર્ધિત વેરો | 29,638.88 | 22,414.25 | 21,071.72 | 18,800.34 | 23,230.00 | 29,044.45 |
| વીજળી પરના વેરા અને જકાત | 6,484.29 | 7,347.79 | 8,774.35 | 8,318.87 | 8,700.00 | 7,012.72 |
| સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી | 7,254.75 | 7,780.77 | 7,701.17 | 7,390.18 | 8,700.00 | 10,432.57 |
| વાહનો પરના વેરા અને માલસામાન અને યાત્રિઓ પરના વેરા | 4,016.72 | 4,235.33 | 3,895.29 | 3,085.35 | 4,683.00 | 3,900.06 |
| જમીન મહેસૂલ | 1,859.04 | 2,407.51 | 2,358.74 | 2,133.55 | 2,840.60 | 2,782.52 |
| રાજ્ય આબકારી | 84.75 | 130.59 | 138.26 | 133.65 | 144.00 | 154.82 |
| મનોરંજન કર અને સુખસુવિધા કર | 85.41 | 3.32 | 3.69 | 4.47 | 4.03 | 3.16 |
| અન્ય વેરા | 874.72 | 894.47 | 957.61 | 941.23 | 1,112.57 | 860.79 |
| **પોતાની કર આવક** | **71,549.41** | **80,102.74** | **79,007.50** | **70,266.18** | **1,11,692.60** | **97,678.07** |
| રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારી રૂપે કર આવક | 5.38 | 5.37 | 4.85 | 4.24 | 5.94 | 5.02 |
| મહેસૂલી આવકની ટકાવારી રૂપે કર આવક | 58.03 | 58.90 | 55.31 | 54.83 | 66.50 | 58.55 |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો અને 2021-22 માટેનું ગુજરાત સરકારનું અંદાજપત્રીય પ્રકાશન નં. 1.

રાજ્યની પોતાની કર આવક 2017-18માં ₹ 71,549.41 કરોડ હતી તે 8.09 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વિકાસ દરે ₹ 26,128.66 કરોડ જેટલી વધીને 2021-22માં ₹ 97,678.07 કરોડ થઇ હતી. 2021-22 દરમિયાન, રાજ્યની પોતાની કર આવક પાછલા વર્ષ કરતાં ₹ 27,411.89 કરોડ (39.01 ટકા) જેટલી વધી હતી. ચાલુ વર્ષ દરમિયાન, કર આવકમાં મુખ્ય ફાળો આપનાર રાજ્ય માલ અને સેવા કર (44.52 ટકા), વેચાણ વેરો/મૂલ્યવર્ધિત વેરો (29.73 ટકા) અને સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી (10.68 ટકા) હતાં.

### *રાજ્ય માલ અને સેવા કર (SGST)*

ગુજરાત માલ અને સેવા કર અધિનિયમ, 2017 રાજ્ય વિધાનસભા દ્વારા મે 2017માં પસાર કરવામાં આવ્યો હતો અને 01 જુલાઇ 2017થી અમલમાં આવ્યો હતો.

માલ અને સેવા કર, રાજ્યની અંદર માલ અથવા સેવાના (માનવ ઉપભોગ માટેનો આલ્કોહોલ અને પાંચ નિર્દિષ્ટ પેટ્રોલિયમ પેદાશો[3] સિવાય) પુરવઠા પર વસૂલ કરવામાં આવે છે અને તેના ઘટકો કેન્દ્ર (CGST) અને રાજ્ય (SGST) દ્વારા વહેંચવામાં આવે છે. વધુમાં, કેન્દ્ર સરકાર માલ અને સેવાના આંતર-રાજ્ય પુરવઠા પર સંકલિત માલ અને સેવા કર (IGST) વસૂલ કરે છે અને જે રાજ્યમાં માલ અથવા સેવાનો ઉપભોગ થયો હોય તે રાજ્યના ભાગે પડતો વહેંચવામાં આવે છે.

માલ અને સેવા કરના અમલીકરણના કારણે મહેસૂલમાં ઉભી થતી ઘટ માટે વળતર આપવા માટે, પાયાના વર્ષથી (2015-16) પાંચ વર્ષના સમયગાળા માટે, 14 ટકાનો વાર્ષિક વૃધ્ધિ દર વિચારણામાં લઇને ભારત સરકારે માલ અને સેવા કર (રાજ્યોને વળતર) અધિનિયમ, 2017 ઘડ્યો હતો. પાંચ વર્ષનો સમયગાળો 30 જૂન 2022ના રોજ પૂર્ણ થાય છે.

ગુજરાત રાજ્ય માટે, માલ અને સેવા કરમાં વિલીન[4] થનાર આવકના ઑડિટ થયેલા પાયાના વર્ષની (2015-16) આવક ₹ 28,856.39 કરોડ જેટલી, ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવી હતી. આમ, વર્ષ 2021-22 માટે ગુજરાતની રક્ષિત આવક[5] ₹ 63,338.99 કરોડ જેટલી થાય છે.

2021-22ની ₹ 66,338.99 કરોડની રક્ષિત આવકની સામે, રાજ્ય સરકારને ₹ 43,305.63 કરોડની આવક[6] મળી હતી અને આથી, ₹ 20,033.36 કરોડ જેટલું વળતર મેળવવા હકદાર હતાં. ગુજરાત સરકારને ભારત સરકાર તરફથી માર્ચ 2021-22માં અગાઉના વર્ષો સંબંધિત જીએસટી વળતર તરીકે ₹ 8,328.55 કરોડનું સહાયક અનુદાન મળ્યું હતું, માલ અને સેવા કરની આવકમાં વળતરની ઘટ પુરવા માટે, ભારત સરકારે "માલ અને સેવા કરના વળતરની ઘટના બદલામાં રાજ્યોને એક પછી એક લોન" ની યોજના અમલી બનાવી હતી. 2021-22 માટે, ગુજરાતને ₹ 13,040 કરોડની એક પછી એક લોન મળી હતી. આ લોનની પરત ચૂકવણી માલ અને સેવા કર વળતર ભંડોળમાં સેસની વસૂલાત દ્વારા કરવાની છે, અને આથી, પરત ચૂકવણીની જવાબદારી રાજ્યના અન્ય કોઈપણ સંસાધનોમાંથી[7] પૂરી કરવાની નથી.

---

3 ક્રુડ, હાઇ-સ્પીડ ડિઝલ, પેટ્રોલ, એવીએશન ટર્બાઇન ફ્યુઅલ અને કુદરતી ગેસ.

4 માલ અને સેવા કરમાં વિલીન થઇ ગયા છે તે વેરા છે મૂલ્યવર્ધિત વેરો, કેન્દ્રીય વેચાણ વેરો, મનોરંજન કર, સુખસુવિધા કર, પ્રવેશ કર, સેસ અને સરચાર્જ, માનવ ઉપભોગ માટે આલ્કોહોલ પર મૂલ્યવર્ધિત વેરો અને કેન્દ્રીય વેચાણ વેરા અને પાંચ નિર્દિષ્ટ પેટ્રોલિયમ પેદાશો સિવાય ઔષધીય અને પ્રસાધન બનાવટો પર આબકારી.

5 પાયાના વર્ષની ₹ 28,856.39 કરોડની આવક પાંચ વર્ષ (2016-17, 2017-18, 2018-19, 2019-20, 2020-21 અને 2021-22) માટે 14 ટકાના વાર્ષિક ચક્રવૃધ્ધિ દરે વધીને 2021-22 માટે ₹ 63,338.99 કરોડ જેટલી થાય.

6 ₹ 43,486.98 કરોડ (રાજ્ય GST) અને (-) ₹ 181.35 કરોડ (મૂલ્ય વર્ધિત વેરો વિલીન થયા બાદની ચોખ્ખી). મૂલ્ય વર્ધિત વેરો વિલીન થયા બાદની ચોખ્ખી રકમ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી છે જે ઑડીટ પ્રમાણપત્રને પાત્ર છે.

7 ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, નાણાપંચ, વગેરે દ્વારા નિર્ધારિત થનાર કોઈપણ ધોરણો મુજબ ખાસ વિન્ડો હેઠળના ઋણને રાજ્યના દેવા/ઋણ તરીકે ગણવામાં આવશે નહી. તેથી 2020-21માં મળેલા ₹ 9,222 કરોડ અને 2021-22માં મળેલા ₹ 13,040 કરોડના માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં લીધેલ એક પછી એક લોનને અહી જાહેર ઋણ ગણવામાં આવ્યુ નથી.

### *મહેસૂલની પાછલી બાકીનું વિશ્લેષણ*

મહેસૂલની પાછલી બાકી સરકારને મળવાપાત્ર મહેસૂલની વિલંબિત પ્રાપ્તિ દર્શાવે છે.

31 માર્ચ 2022ના રોજ માલ અને સેવા વેરો/મૂલ્યવર્ધિત વેરો/વેચાણ વેરો; સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી; અને વીજળી પરના વેરા અને જકાતની પાછલી બાકી ₹ 58,027.34 કરોડ જેટલી થતી હતી, જેમાંથી **કોઠા 2.5**માં આપેલી વિગતો પ્રમાણે ₹ 28,531.58 કરોડ પાંચ કરતાં વધારે વર્ષથી બાકી હતાં.

**કોઠો 2.5: મહેસૂલની પાછલી બાકી**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક | મહેસૂલનું સદર | 31 માર્ચ 2022 ના રોજ કુલ બાકી રકમ | 31 માર્ચ 2022 ના રોજ પાંચ કરતાં અધિક વર્ષો માટે બાકી રકમ | નોંધ |
|---|---|---|---|---|
| 1. | માલ અને સેવા કર/મૂલ્ય વર્ધિત વેરો/ વેચાણ વેરો | 57,614.13 | 28,313.96 | વસૂલાત પ્રમાણપત્ર જારી કર્યા: ₹ 2,107.96 કરોડ; હાઇકોર્ટ અને અન્ય ન્યાયિક સત્તાધિકારીઓ દ્વારા વસૂલાત પર મનાઇ હુકમ: ₹ 10,120.33 કરોડ; સરકાર-વિભાગીય સત્તાધિકારીઓ દ્વારા વસૂલાત પર મનાઇ હુકમ: ₹ 4,813.61 કરોડ; વેપારીઓની નાદારી: ₹ 166.65 કરોડ; રકમ માંડવાળ થવાની શક્યતા: ₹ 233.73 કરોડ; બાકીના ₹ 40,171.85 કરોડની પાછલી બાકી રહેવાનુ કારણ રજૂ કરવામાં આવ્યુ નથી. |
| 2. | વીજળી પર વેરા અને જકાત | 161.05 | 152.41 | વસૂલાત પ્રમાણપત્રો જારી કર્યા: ₹ 45.47 કરોડ; અને અદાલતી કેસોમાં પડતર: ₹ 115.98 કરોડ. |
| 3. | સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી | 252.16 | 65.21 | વસૂલાત પ્રમાણપત્ર જારી કર્યા: ₹ 26.67 કરોડ; અને અદાલતી મનાઇ હુકમ: ₹ 31.16 કરોડ; સરકાર દ્વારા વસૂલાતનો મનાઇ હુકમ: ₹ 1.48 કરોડ, અરજીનો સુધારો/સમીક્ષાના કારણે વસૂલાત અટકી ₹ 0.16 કરોડ; બાકીના ₹ 192.69 કરોડની પાછલી બાકી રહેવાનું કારણ રજૂ કરવામાં આવ્યુ નથી. |
| | કુલ | **58,027.34** | **28,531.58** | |

સ્રોત: વિભાગોએ રજૂ કરેલી માહિતી

વાહનો પરનો વેરો અને માલસામાન અને યાત્રિઓ પરનો વેરો અને તેલ અને કુદરતી ગેસની આવકની (પેટ્રોલિયમ નિયામક) બાબતમાં ઑડિટ દ્વારા ઓક્ટોબર 2022માં વિનંતી કરવામાં આવી હોવા છતાં મહેસૂલની પાછલી બાકીની વિગતો સંબંધિત વિભાગો દ્વારા આપવામાં આવી ન હતી. વધુમાં, નશાબંધી અને આબકારી નિયામકે પાછલી બાકી શૂન્ય હોવાનુ જણાવ્યું હતું.

### *આકારણીની પાછલી બાકી*

આકારણીની પાછલી બાકી આકારણીમાં વિલંબનાં કારણે અવરોધાયેલી સંભવિત આવક સૂચવે છે. મૂલ્ય વર્ધિત વેરો/વેચાણ વેરાની બાબતમાં રાજ્યના માલ અને સેવા કર વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલી વિગતો મુજબ વર્ષની શરૂઆતમાં બાકી કિસ્સા, આકારણી માટે પાત્ર થતા કિસ્સા, વર્ષ દરમિયાન નિકાલ થયેલા કિસ્સા અને વર્ષના અંતે આકારણી માટે પડતર કિસ્સાની વિગતો **કોઠા 2.6**માં દર્શાવવામાં આવી છે. વીજળી વેરા કલેક્ટર અને નશાબંધી અને આબકારી નિયામકે આકારણી માટે બાકી કિસ્સા શૂન્ય જણાવ્યા હતાં.

**કોઠો 2.6: આકારણીની પાછલી બાકી**

**(સંખ્યામાં)**

| મહેસૂલનું સદર | ખુલતી સિલક | 2021-22 દરમિયાન આકારણી પાત્ર નવા કિસ્સા | કુલ આકારણી પાત્ર | 2021-22 દરમિયાન નિકાલ થયેલા કિસ્સા | 31 માર્ચ 2022ના રોજ વર્ષના અંતે સિલક | નિકાલની ટકાવારી (સ્તંભ 4 ની સામે સ્તંભ 5) |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| માલ અને સેવા કર/મૂલ્યવર્ધિત વેરો/વેચાણ વેરો | 12,979 | 4,387 | 17,366 | 12,784 | 4,582 | 73.62 |

સ્રોત: વિભાગોએ પુરી પાડેલી માહિતી

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે કે 2021-22 દરમિયાન માલ અને સેવા કર/મૂલ્યવર્ધિત વેરો/વેચાણ વેરાની આકારણીઓના નિકાલની સંખ્યા 73.62 ટકા હતી જે 2020-21માં 96.47 ટકા હતી. વ્યવસાય વેરાના કિસ્સામાં, રાજ્ય માલ અને સેવા કર વિભાગ દ્વારા વિગતો આપવામાં આવી નથી (ડિસેમ્બર 2022).

### *વિભાગો દ્વારા શોધી કઢાયેલી કરચોરી*

વિભાગ દ્વારા શોધી કઢાયેલી કરચોરીના કિસ્સા, અંતિમરૂપ અપાયેલા કિસ્સાઓ અને વધારાના વેરા માટે ઉભા કરાયેલા માંગણા, મહેસૂલી વસૂલાત માટે કરવામાં આવેલા રાજ્ય સરકારના પ્રયત્નોના મહત્વના દર્શકો છે.

બે વિભાગો (નાણા અને મહેસૂલ) દ્વારા શોધી કઢાયેલા કરચોરીના કિસ્સા, અંતિમરૂપ અપાયેલા અને વધારાના વેરા માટે માંગણા ઉભા કરેલા આ વિભાગોએ જણાવ્યા મુજબના કિસ્સા, **કોઠા 2.7**માં આપ્યા છે:

**કોઠો 2.7: કરચોરીના કિસ્સા**

| ક્રમાંક | મહેસૂલનું સદર | 01 એપ્રિલ 2021ના રોજ પડતર કિસ્સાઓની સંખ્યા | 2021-22 દરમિયાન શોધી કઢાયેલા કિસ્સાઓની સંખ્યા | કુલ | આકારણી/તપાસ પૂર્ણ કરવામાં આવી હતી અને દંડ વગેરે સહિત વધારાનુ માંગણુ ઉભુ કરવામા આવ્યું હોય એવા કિસ્સાઓની સંખ્યા | | 31 માર્ચ 2022ના રોજ અંતિમ રૂપ આપવાનું બાકી હોય એવા કિસ્સાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | કિસ્સાઓની સંખ્યા | માંગણાની રકમ (₹ કરોડમાં) | |
| 1 | માલ અને સેવા કર/મૂલ્યવર્ધિત વેરો/વેચાણ વેરો | 278 | 344 | 622 | 103 | 59.80 | 519 |
| 2. | સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી | 52,456 | 2,795 | 55,251 | 30,579 | 91.67 | 24,672 |
| | કુલ | **52,734** | **3,139** | **55,873** | **30,682** | **151.47** | **25,191** |

સ્રોત: વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલી મીહિતી

અહીં જોઇ શકાય છે એ મુજબ, માર્ચ 2022ના અંતે કુલ 45.09 ટકા કિસ્સાઓને અંતિમરૂપ આપવાનું બાકી હતું.

ઑડિટ દ્વારા ઓક્ટોમ્બર 2022માં વિનંતી કરવામાં આવી હોવા છતાં અન્ય વિભાગો જેવા કે બંદરો અને પરિવહન, મહેસૂલ (જમીન મહેસૂલની બાબતમાં), ઉદ્યોગ અને ખાણ, વગેરેએ કર/મહેસૂલની કરચોરી અંગેની માહિતી રજૂ કરી ન હતી.

## *પડતર રિફન્ડના કિસ્સા*

રિફન્ડના કિસ્સાના નિકાલમાં ત્વરિતતા એ વિભાગની કામગીરીનો મહત્વનો દર્શક છે.

વિભાગોએ જણાવ્યા મુજબ, વર્ષની શરૂઆતમાં પડતર રિફન્ડના કિસ્સાની સંખ્યા, વર્ષ દરમિયાન મળેલા દાવા, વર્ષ દરમિયાન મંજૂર કરેલા રિફન્ડ અને વર્ષના અંતે પડતર કિસ્સાની સંખ્યા **કોઠા 2.8**માં આપ્યા છે:

**કોઠો 2.8: રિફન્ડના કિસ્સા**

(₹ કરોડમાં)

| ક્રમાંક | વિગતો | માલ અને સેવા કર | | મૂલ્યવર્ધિત વેરો/વેચાણ વેરો | | સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી | |
|---|---|---|---|---|---|---|---|
| | | કિસ્સાઓની સંખ્યા | રકમ | કિસ્સાઓની સંખ્યા | રકમ | કિસ્સાઓની સંખ્યા | રકમ |
| 1. | 01 એપ્રિલ 2021ના રોજ બાકી દાવાઓ | 4,172 | 582.62 | 3,672 | 372.64 | 95 | 1.39[8] |
| 2. | વર્ષ દરમિયાન મળેલા દાવાઓ | 40,234 | 8,798.98 | 11,898 | 732.34 | 558 | 8.25 |

[8] આંકડા વિભાગ દ્વારા અદ્યતન કરવામાં આવ્યા છે.

| ક્રમાંક | વિગતો | માલ અને સેવા કર | | મૂલ્યવર્ધિત વેરો/વેચાણ વેરો | | સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી | |
|---|---|---|---|---|---|---|---|
| | | કિસ્સાઓની સંખ્યા | રકમ | કિસ્સાઓની સંખ્યા | રકમ | કિસ્સાઓની સંખ્યા | રકમ |
| 3. | વર્ષ દરમિયાન આપેલ રિફન્ડ | 35,777 | 6,627.59 | 12,986 | 1,009.28 | 556 | 9.61 |
| 4. | વર્ષ દરમિયાન નામંજૂર થયેલ રિફન્ડ | 5,316 | 1,787.81 | 0 | 0.00 | 0 | 0.00 |
| **5.** | **31 માર્ચ 2022 ના રોજ બાકી સિલક** | **3,313** | **966.20** | **2,584** | **95.70** | **97** | **0.03** |

સ્રોત: વિભાગોએ આપેલી માહિતી

ડિસેમ્બર 2022માં વિનંતી કરી હોવા છતાં મહેસૂલ વિભાગ (જમીન મહેસૂલની બાબતમાં), પરિવહન વિભાગ અને ઉદ્યોગ અને ખાણ વિભાગે માર્ચ 2022 અંતિત પડતર રિફન્ડ કેસોની વિગતો રજૂ કરી ન હતી.

### *બિન-કર આવક*

બિન-કર આવકમાં વ્યાજની આવક, ડિવિડન્ડ અને નફો, ખાણકામની આવક, વિભાગીય આવક, વગેરે સામેલ હોય છે.

છેલ્લા પાંચ વર્ષો (2017-22) માટે બિન-કર આવકના મુખ્ય સ્રોતો અને તેમના વલણનું વિશ્લેષણ **કોઠા 2.9**માં દર્શાવ્યું છે.

**કોઠો 2.9: 2017-22 દરમિયાન રાજ્યની બિન-કર આવકના મુખ્ય ઘટકો**

(₹ કરોડમાં)

| મહેસૂલનું સદર | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 | |
|---|---|---|---|---|---|---|
| | | | | | અંદાજપત્રીય અંદાજો | ખરેખર મૂલ્યો |
| વ્યાજની આવક | 1,081.44 | 1,611.71 | 2,331.15 | 847.64 | 1,728.25 | 991.90 |
| બીન-લોહ ખાણકામ અને ધાતુ ઉદ્યોગ | 8,988.62 | 4,863.00 | 4,147.91 | 2,906.79 | 4,634.85 | 4,321.37 |
| મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓ | 1,211.52 | 1,326.95 | 1,365.02 | 1,644.26 | 2,612.84 | 1707.14 |
| બંદરો અને દીવાદાંડીઓ | 967.59 | 1,153.35 | 1,361.26 | 1,263.75 | 1,652.88 | 1,308.61 |
| તબીબી અને જાહેર આરોગ્ય | 173.81 | 271.59 | 1,473.06 | 342.46 | 398.06 | 1,601.17 |
| પોલીસ | 318.01 | 312.19 | 467.53 | 484.43 | 602.96 | 490.80 |
| ડિવિડન્ડ અને નફો | 96.29 | 120.03 | 89.00 | 131.04 | 210.11 | 134.25 |
| અન્ય | 2,236.69 | 3,758.17 | 6,869.22 | 2,872.29 | 4,961.56 | 3,463.02 |
| **બિન-કર આવક** | **15,073.97** | **13,416.99** | **18,104.15** | **10,492.66** | **16,801.51** | **14,018.26** |
| રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારી રૂપે બિન-કર આવક | 1.13 | 0.90 | 1.11 | 0.63 | 0.89 | 0.72 |
| મહેસૂલી આવકની ટકાવારી રૂપે બિન-કર આવક | 12.23 | 9.87 | 12.67 | 8.19 | 10.00 | 8.40 |

સ્રોત: સંબંધિત વર્ષો માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો અને 2021-22 માટે ગુજરાત સરકારનું અંદાજપત્રીય પ્રકાશન નં. 1.

બિન-કર આવક, જે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રાજ્યની મહેસૂલી આવકના 8.19 ટકા અને 12.67 ટકા વચ્ચે રહી હતી તે પાછલા વર્ષની તુલનાએ 2021-22માં નોંધપાત્ર રીતે ₹ 3,525.60 કરોડ (33.60 ટકા) જેટલી વધી હતી. પાછલા વર્ષની સરખામણીએ 2021-22માં બિન-કર આવકમાં વધારો મુખ્યત્વે બિન-લોહ ખાણકામ અને ધાતુ ઉદ્યોગમાં ₹ 1,414.58 કરોડ જેટલો; તબીબી અને જાહેર આરોગ્યમાં ₹ 1,258.71 કરોડ જેટલો; અન્યોમાં (પાણી પુરવઠો અને સ્વચ્છતામાં ₹ 326.51 કરોડ જેટલો અને શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિમાં ₹ 290.10 કરોડ જેટલા અને અન્ય સામાન્ય સેવાઓમાં ₹ 129.29 કરોડ જેટલા) વધારાના કારણે થયો હતો

### *અગાઉના વર્ષોની વણવપરાયેલી સિલકો અયોગ્ય રીતે મહેસૂલી આવક તરીકે જમા લેવી/ વણવપરાયેલા ભંડોળને મહેસૂલી આવક તરીકે જમા લેવું*

હિસાબોના મુખ્ય અને ગૌણ સદરોની યાદીની કલમ 3.10 હેઠળ નિયત કરવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર, વધુ પડતી ચૂકવણીની વસૂલાત, રોકડમાં કરવામા આવી હોય કે બિલમાં ઓછા ઉપાડથી કરવામાં આવી હોય, જે વર્ષમાં વધુ પડતી ચૂકવણી થઇ હોય એ જ વર્ષ દરમિયાન, સંબંધિત સેવા સદર હેઠળના ખર્ચમાં ઘટાડા તરીકે નોંધ કરવામાં આવશે. તે એમ પણ નિયત કરે છે કે અગાઉના વર્ષને (વર્ષો) લગતી વધુ પડતી ચૂકવણીની વસૂલાતની નોધ હિસાબના લાગુ પડતા મુખ્ય સદર નીચે અલગ ગૌણ સદર 'કપાત-વધુ પડતી ચૂકવણીની વસૂલાત' (સંજ્ઞા '911') હેઠળ કરવામાં આવશે. વધુમાં, સરકારી હિસાબી નિયમો, 1990 પણ જણાવે છે કે વધુ પડતી ચૂકવણીની વસૂલાતો જો રોકડમાં કરવામાં આવી હોય કે ચૂકવણીના વાઉચરમાં કપાતથી કરવામાં આવી હોય તો હંમેશા જે વર્ષ સંબંધિત હોય તે ધ્યાને લીધા સિવાય સંબંધિત ખર્ચના સદરે ખર્ચમાં ઘટાડા તરીકે લેવામાં આવશે.

ઑડિટના ધ્યાન પર આવ્યુ હતું કે (ઓક્ટોબર 2021) હિસાબી વર્ષ તેમજ અગાઉના વર્ષો બન્ને દરમિયાન વણવપરાયેલા અનુદાનો/વિનિયોગોની નોધ યોગ્ય રીતે કરવામાં આવી ન હતી. વધુમાં, રાજ્યમાં તિજારીઓ દ્વારા જે ઉપયોગમાં લેવામાં આવી રહ્યું છે તે વર્તમાન IFMSમાં વણવપરાયેલ અનુદાનો/વિનિયોગોની નોંધ કરવા માટેની જોગવાઇ નથી. ઉપરોક્ત હકીકતથી હિસાબ અને તિજોરી નિયામકની કચેરી અને સરકારને માહિતગાર કરવામાં આવ્યા હતા. હિસાબ અને તિજોરી નિયામકની કચેરીએ જણાવ્યુ હતું કે આ બાબત રાજ્ય સરકારના નાણા વિભાગ સાથે હાથ ધરવામાં આવશે અને વહેલામાં વહેલી તકે તેનો ઉકેલ લાવવા માટે જરૂરી પગલા લેવામાં આવશે. એવી પણ ખાતરી આપવામાં આવી હતી કે IFMS-IIમાં યોગ્ય હિસાબી પદ્ધતિ વિકસાવવામાં આવશે, જે તૈયાર થઇ રહ્યું છે.

આમ છતાં, મહેસૂલી આવક તરીકે સરકારી હિસાબમાં જમા લેવામાં આવેલા ₹ 461.30 કરોડની રકમના 125 ચલણની જુન/જૂલાઇ 2022માં ઑડિટમાં પ્રતિક ચકાસણી દરમિયાન એવું સામે આવ્યુ હતું કે અગાઉના વર્ષો દરમિયાન, જાહેર હિસાબમાં બેંક ખાતા અથવા વ્યક્તિગત લેજર હિસાબમાં (PLA) અમલકર્તા એજન્સી/નોડલ એજન્સીને મળેલી જુદી જુદી યોજનાઓની વણવપરાયેલી રકમોના ₹ 89.44 કરોડ 2021-22 દરમિયાન મહેસૂલી આવક તરીકે હજુ પણ સરકારના હિસાબમાં જમા લેવામાં આવે છે. ઉપરાંત, એવું જોવામાં આવ્યુ હતું કે પાછલા વર્ષો દરમિયાન એકમો/એજન્સીઓ દ્વારા જુદી જુદી યોજનાઓની (આ યોજનાઓની મુદ્દલ રકમ ગુજરાત

રાજ્ય નાણાકીય સેવામાં (GSFS) જમા કરવામાં આવી હતી) વણવપરાયેલી રકમોના ₹ 14.91 કરોડ 2021-22માં સરકારના હિસાબોમાં મહેસૂલી આવક તરીકે જમા કરવામાં આવ્યા હતા. આ થાપણોમાંથી મળતુ વાર્ષિક વ્યાજ નાણા વિભાગની સૂચનાઓ અનુસાર સંબંધિત હિસાબી સદરે જમા કરવામાં આવતુ હતું. ઉપાડ અને વહેચણી અધિકારી-વાર વિગતો **પરિશિષ્ટ 2.2**માં દર્શાવી છે.

આમ, રાજ્યના હિસાબોમાં અનુદાનો/વિનિયોગોની વણવપરાયેલી સિલકની આવકોની ભૂલભરેલી નોંધ રાજ્ય સરકાર સુધારી શકી નથી અને આવી રકમોને મહેસૂલી આવક તરીકે નોંધ કરવાનું ચાલુ રાખેલુ છે.

### 2.3.2.3 કેન્દ્રમાંથી તબદીલીઓ

કેન્દ્રીય કરની તબદીલીઓ (એટલે કે કેન્દ્રીય કરવેરા અને જકાતમાં રાજ્યનો હિસ્સો) અને સહાયક અનુદાન ભારત સરકાર તરફથી તબદીલીના બે મુખ્ય ઘટકો છે. છેલ્લા 10 વર્ષ (2012-22) દરમિયાન કેન્દ્ર તરફથી તબદીલીઓના વલણનું વિશ્લેષણ **કોઠા 2.10**માં દર્શાવ્યુ છે.

**કોઠો 2.10: કેન્દ્રમાંથી તબદીલીઓ**

**(₹ કરોડમાં)**

| વિગતો | 2012-13 | 2013-14 | 2014-15 | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **કેન્દ્રીય કરની તબદીલીઓ** | 8,869.04 | 9,701.93 | 10,296.35 | 15,690.43 | 18,835.39 | 20,782.29 | 23,489.33 | 20,232.09 | 20,218.53 | 31,105.78 |
| **સહાયક અનુદાન** | 6,445.80 | 6,883.13 | 10,799.01 | 8,949.22 | 13,218.05 | 15,885.60 | 18,992.48 | 25,500.02 | 27,178.29 | 24,027.59 |
| કુલ | 15,314.84 | 16,585.06 | 21,095.36 | 24,639.65 | 32,053.44 | 36,667.89 | 42,481.81 | 45,732.11 | 47,396.82 | 55,133.37 |
| પાછલા વર્ષની તુલનાએ થયેલા વધારાના ટકા | *14.03* | *8.29* | *27.19* | *16.80* | *30.09* | *14.40* | *15.86* | *7.65* | *3.64* | *16.32* |
| મહેસૂલી આવકની ટકાવારીની રીતે કુલ કેન્દ્ર તરફથી તબદીલીઓ | *20.36* | *20.74* | *22.94* | *25.28* | *29.18* | *29.74* | *31.24* | *32.02* | *36.98* | *33.05* |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

કેન્દ્રમાંથી તબદીલીઓ 2012-13માં ₹ 15,314.84 કરોડ હતી તે 260 ટકા જેટલી વધીને 2021-22માં ₹ 55,133.37 કરોડ થઇ હતી. દસ-વર્ષના સમયગાળામાં પાછલા વર્ષની તુલનાએ ટકાવારીમાં વધારો 2020-21માં સૌથી ઓછો 3.64 ટકા અને સૌથી વધુ 2016-17માં 30.09 ટકા હતો.

**આલેખ 2.7: કેન્દ્ર તરફથી તબદીલીઓના વલણો**




## *કેન્દ્રીય કરની તબદીલીઓ*

પંદરમા નાણા પંચ મુજબ વર્ષ 2021-22થી 2025-26 માટે, કેન્દ્રીય કરવેરામાં રાજ્યનો હિસ્સો કેન્દ્ર સરકારની કરવેરાની આવકના 41 ટકા હતો અને કેન્દ્રીય કરની ચોખ્ખી આવકમાં ગુજરાતનો હિસ્સો 2021-22ના સમયગાળા માટે 3.478 ટકા નક્કી કરવામાં આવ્યો હતો.

અગાઉ, ચૌદમા નાણા પંચે ભલામણ કરી હતી કે કેન્દ્રીય કરવેરામાં રાજ્યનો હિસ્સો જે તેરમા નાણા પંચની ભલામણ મુજબ 32 ટકા હતો તે વધારીને 42 ટકા કરવો જોઇએ. 2015-20ના ચૌદમા નાણા પંચના ચુકાદાના સમયગાળા માટે કેન્દ્રીય કરવેરા અને સેવા વેરાની ચોખ્ખી ઉપજમાં ગુજરાતનો હિસ્સો અનુક્રમે 3.084 ટકા અને 3.172 ટકા જેટલો નિયત કરવામાં આવ્યો હતો. 2010-22ના સમયગાળા માટે નાણા પંચના અનુમાનોની સામે ખરેખર તબદીલી **કોઠા 2.11**માં દર્શાવી છે.

**કોઠો 2.11: કેન્દ્રીય કરવેરા અને જકાતમાં રાજ્યનો હિસ્સોઃ નાણાપંચના અનુમાનોની સામે ખરેખર તબદીલી**

**(₹ કરોડમાં)**

| વર્ષ | નાણા પંચના અનુમાનો | નાણા પંચના અહેવાલમાં અનુમાનો | કરની ખરેખર તબદીલી | તફાવત |
|---|---|---|---|---|
| 2010-11 | સેવા કર સિવાય - 3.041 ટકા અને સેવા કર - 3.089 ટકા **(13મુ નાણા પંચ)** | 6,201 | 6,679 | (-)478 |
| 2011-12 | | 7,273 | 7,780 | (-)507 |
| 2012-13 | | 8,578 | 8,869 | (-)291 |
| 2013-14 | | 10,119 | 9,702 | 417 |
| 2014-15 | | 11,936 | 10,296 | 1,640 |
| 2015-16 | સેવા કર સિવાય - 3.084 ટકા સેવા કર - 3.172 ટકા **(14મુ નાણા પંચ)** | 17,960 | 15,691 | 2,269 |
| 2016-17 | | 20,728 | 18,835 | 1,893 |
| 2017-18 | | 23,953 | 20,782 | 3,171 |
| 2018-19 | | 27,712 | 23,489 | 4,223 |
| 2019-20 | | 32,100 | 20,232 | 11,868 |

| વર્ષ | નાણા પંચના અનુમાનો | નાણા પંચના અહેવાલમાં અનુમાનો | કરની ખરેખર તબદીલી | તફાવત |
|---|---|---|---|---|
| 2020-21 | 3.398 ટકા (2020-21 માટે 15મુ નાણા પંચ) | 29,059 | 20,219 | 8,840 |
| 2021-22 | 3.478 ટકા (2021-26 માટે 15મુ નાણા પંચ) | 22,906 | 31,106 | (-)8,200 |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણા પંચના આહેવાલો અને સંબંધિત વર્ષો માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપર મુજબ એવું જોઇ શકાય છે કે 2021-22માં ખરેખર તબદીલી અનુમાનો કરતાં ₹ 8,200 કરોડ જેટલી વધારે હતી.

2017-22 દરમિયાન કેન્દ્રીય કરની તબદીલીઓના મુખ્ય ઘટકો કોઠા 2.12માં દર્શાવ્યા છે.

**કોઠો 2.12: કેન્દ્રીય કરની તબદીલીઓના ઘટકો**

**(₹ કરોડમાં)**

| વિગતો | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 | પાછલા વર્ષની તુલનાએ ફેરફારની ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| ***પ્રત્યક્ષ કર*** | | | | | | |
| કોર્પોરેશન કર | 6,361.23 | 8,167.69 | 6,898.37 | 6,083.86 | 9,242.59 | *51.92* |
| કોર્પોરેશન કર સિવાયની આવક પર કર | 5,371.41 | 6,015.16 | 5,405.35 | 6,235.13 | 9,158.49 | *46.89* |
| સંપત્તિ વેરો | 0.00 | 2.99 | 0.30 | 0.00 | 1.90 | - |
| પેટા-સરવાળો | **11,732.64** | **14,185.84** | **12,304.02** | **12,318.99** | **18,402.98** | ***49.39*** |
| **અપ્રત્યક્ષ કર** | | | | | | |
| કેન્દ્રીય માલ અને સેવા કર | 291.72 | 5,796.85 | 5,741.16 | 6,030.60 | 8,815.20 | *46.17* |
| સંકલિત માલ અને સેવા કર | 2,097.04[9] | 462.60 | 0.00 | 0.00 | 0.00 | - |
| સીમા શુલ્ક | 2,096.40 | 1,664.83 | 1,282.45 | 1,088.95 | 2,243.09 | *105.99* |
| કેન્દ્રીય આબકારી | 2,191.29 | 1,106.37 | 891.64 | 681.76 | 1,229.22 | *80.30* |
| સેવા કર | 2,373.20 | 218.18 | 0.00 | 84.49 | 384.47 | *355.05* |
| અન્ય | 0.00 | 54.66 | 12.82 | 13.74 | 30.82 | *124.31* |
| પેટા-સરવાળો | **9,049.65** | **9,303.49** | **7,928.07** | **7,899.54** | **12,702.80** | ***60.80*** |
| કુલ | **20,782.29** | **23,489.33** | **20,232.09** | **20,218.53** | **31,105.78** | ***53.85*** |
| પાછલા વર્ષની તુલનાએ વધારો ટકાવારીમાં | *10.34* | *13.03* | *(-)13.87* | *(-)0.07* | *53.85* | |
| મહેસૂલી આવકની ટકાવારી રૂપે કેન્દ્રીય કરની તબદીલીઓ | *16.86* | *17.27* | *14.16* | *15.78* | *18.65* | |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો. માલ અને સેવા કરનો અમલ 01 જૂલાઇ 2017થી કરવામાં આવ્યો હતો

[9] આમાં તદર્થ અનિર્ણિત સંકલિત માલ અને સેવા કરના અગ્રિમ વિભાજનનો સમાવેશ થાય છે (₹ 1,062 કરોડ).

પાછલા વર્ષની તુલનાએ તબદીલીના દરેક ઘટકોએ વધારો નોંધાવ્યો હતો. 2021-22માં ₹ 31,105.78 કરોડની કેન્દ્રીય કરની તબદીલીઓએ પાછલા વર્ષની તુલનાએ 53.85 ટકાનો વધારો નોંધાવ્યો હતો. પ્રત્યક્ષ કરવેરામાં પાછલા વર્ષ કરતાં 49.39 ટકા જેટલો વધારો થયો હતો અને અપ્રત્યક્ષ કરમાં 60.80 ટકા જેટલો વધારો થયો હતો.

### *ભારત સરકાર તરફથી સહાયક અનુદાન*

2017-22 દરમિયાન ભારત સરકાર તરફથી મળેલા સહાયક અનુદાનના ઘટકો **કોઠા 2.13**માં દર્શાવ્યા છે.

**કોઠો 2.13: ભારત સરકાર તરફથી સહાયક અનુદાન**

**(₹ કરોડમાં)**

| વિગતો[10] | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ | 8,942.08 | 8,784.58 | 8,724.64 | 8,166.58 | 9,450.08 |
| નાણા પંચના અનુદાનો | 3,166.85 | 3,313.36 | 5,040.24 | 5,672.50 | 4,002.42 |
| અન્ય અનુદાનો (માલ અને સેવા કરના વળતર સહિત) | 3,776.67 | 6,894.54 | 11,735.14 | 13,339.21 | 10,575.09 |
| કુલ | **15,885.60** | **18,992.48** | **25,500.02** | **27,178.29** | **24,027.59** |
| પાછલા વર્ષની તુલનાએ ટકાવારીમાં વધારો | *20.18* | *19.56* | *34.26* | *6.58* | *(-)11.59* |
| મહેસૂલી આવકની ટકાવારી રૂપે કુલ સહાયક અનુદાન | *12.88* | *13.96* | *17.85* | *21.21* | *14.40* |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ભારત સરકાર તરફથી સહાયક અનુદાન 2017-18મા ₹ 15,885.60 કરોડ હતું તે વધીને 2021-22માં ₹ 24,027.59 કરોડ થયું હતું.

ભારત સરકાર તરફથી સહાયક અનુદાનમાં પાછલા વર્ષની તુલનાએ 2021-22માં ₹ 3,150.70 કરોડ (11.59 ટકા) જેટલો ઘટાડો થયો હતો. આ ઘટાડો મુખ્યત્વે માલ અને સેવા કરના વળતરમાં ₹ 3,005.96 કરોડ જેટલો અને ગ્રામ્ય સ્થાનિક સંસ્થાઓને અનુદાનમાં ₹ 2,014.00 કરોડ જેટલો ઘટાડો, જે કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ કેન્દ્રીય સહાય અનુદાનમાં ₹ 1,141.67 કરોડ જેટલો વધારો અને રાષ્ટ્રીય આપદા પ્રતિભાવ ભંડોળમાં ફાળા તરીકે અનુદાન હેઠળ ₹ 1,000 કરોડની આવક સરભર થઇ હતી તેના કારણે થયો હતો.

10 મહાલેખા નિયંત્રકે નાણાકીય વર્ષ 2017-18ની અસરથી સહાયક અનુદાનના વર્ગીકરણમાં ફેરફાર કર્યો હતો.

### *પંદરમા નાણા પંચ દ્વારા એનાયત થયેલા અનુદાનો*

15માં નાણા પંચે ત્રણ પ્રકારના સહાયક અનુદાન એટલે કે સ્થાનિક સંસ્થાઓનુ સશક્તિકરણ, હોનારતના જોખમનુ વ્યવસ્થાપન, વહેંચણી બાદની મહેસૂલી ખાધ અને વિશેષ અનુદાનની બાબતમાં રાજ્યોને ભંડોળની તબદીલીની ભલામણ કરી હતી.

2021-22 દરમિયાન, ભારત સરકાર તરફથી ગુજરાત સરકારને ત્રણ પ્રકારની એટલે કે સ્થાનિક સંસ્થાઓનુ સશક્તિકરણ, હોનારતના જોખમનું વ્યવસ્થાપન અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે એનાયત થયેલી ₹ 5,478 કરોડની રકમની સામે કુલ ₹ 4,799 કરોડનું અનુદાન મળ્યુ હતું. મહેસૂલી પુરાંતવાળુ રાજ્ય હોવાથી, વહેંચણી બાદની મહેસૂલી ખાધનુ અનુદાન મેળવવા માટે રાજ્ય સરકાર પાત્ર ન હતી.

2021-22 દરમિયાન એનાયત થયેલી અને મળેલી રકમોની વિગતો **કોઠા 2.14**માં દર્શાવી છે.

**કોઠો 2.14: 15માં નાણા પંચની ભલામણ મુજબ એનાયત થયેલી અને મળેલી રકમોની વિગતો**

**(₹ *કરોડમાં*)**

| અનુદાનનુ નામ | 15મા નાણા પંચની ભલામણ | ભારત સરકાર દ્વારા છુટી કરાયેલી ખરેખર રકમ | રાજ્ય સરકાર દ્વારા છુટી કરાયેલ | બાકી રકમ |
|---|---|---|---|---|
| | 2021-22 | 2021-22 | 2021-22 | 2021-22 |
| **સ્થાનિક સંસ્થાઓ માટે અનુદાન** | **3,525.00** | **3,110.50** | **2,913.00** | **414.50** |
| **પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગને અનુદાન** | **2,362.00** | **2,362.00** | **2,362.00** | **0.00** |
| (a) સામાન્ય પાયાનુ (છુટું) અનુદાન (PRIs) | 944.80 | 944.80 | 944.80 | 0.00 |
| (b) બંધનકર્તા અનુદાન (PRIs) | 1,417.20 | 1,417.20 | 1,417.20 | 0.00 |
| **શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગને અનુદાન** | **1163.00** | **748.50** | **551.00** | **414.50** |
| (a) દસ લાખથી વધુ વસ્તી વાળા શહેરો-હવાની ગુણવત્તાનું અનુદાન | 204.00 | 197.50 | 0.00 | 6.50 |
| (b) દસ લાખથી વધુ વસ્તી વાળા શહેરો- સેવા સ્તરના બેન્ચમાર્કનું અનુદાન | 408.00 | 0.00 | 0.00 | 408.00 |
| (c) દસ લાખથી વધુ વસ્તી સિવાયના શહેરો -પાયાનુ અનુદાન (40%) | 220.40 | 220.40 | 220.40 | 0.00 |
| (d) દસ લાખથી વધુ વસ્તી સિવાયના શહેરો – બંધનકર્તા અનુદાન (60%) 30% સ્વચ્છતા ઘન કચરાનું વ્યવસ્થાપન માટે અનુદાન અને 30% | 330.60 | 330.60 | 330.60 | 0.00 |

| અનુદાનનુ નામ | 15મા નાણા પંચની ભલામણ | ભારત સરકાર દ્વારા છુટી કરાયેલી ખરેખર રકમ | રાજ્ય સરકાર દ્વારા છુટી કરાયેલ | બાકી રકમ |
|---|---|---|---|---|
| | 2021-22 | 2021-22 | 2021-22 | 2021-22 |
| પીવાના પાણી માટે (વરસાદી પાણીના સંગ્રહ અને રિસાયકલીંગ સહિત) અનુદાન | | | | |
| **મહેસૂલ વિભાગને અનુદાન** | **1,324.00** | **1,059.20** | **1,059.20** | **264.80** |
| (a)રાજ્ય આપદા રાહત ભંડોળ – કેન્દ્રનો હિસ્સો | 1,324.00 | 1,059.20 | 1,059.20 | 264.80 |
| **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને અનુદાન** | **629.22** | **629.22** | **629.22** | **0.00** |
| (a) પ્રાથમિક આરોગ્ય સંભાળ સુવિધાઓ--પેટા કેન્દ્રોને રોગનિદાન માળખા માટે સહાય | 67.49 | 67.49 | 67.49 | 0.00 |
| (b) પ્રાથમિક આરોગ્ય સંભાળ સુવિધાઓ-પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને રોગનિદાન માળખા માટે સહાય | 71.88 | 71.88 | 71.88 | 0.00 |
| (c) બ્લોક સ્તરના જાહેર આરોગ્ય એકમોની સ્થાપના માટે નાણાકીય આવશ્યકતા | 50.31 | 50.31 | 50.31 | 0.00 |
| (d) મકાન વગરના પેટા-કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો માટે અનુદાન | 1.17 | 1.17 | 1.17 | 0.00 |
| (e) ગ્રામ્ય પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને પેટા કેન્દ્રોનું આરોગ્ય અને સુખાકારી કેન્દ્રમાં રૂપાંતર | 160.01 | 160.01 | 160.01 | 0.00 |
| (f) પ્રાથમિક આરોગ્ય સુવિધાઓ-શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને રોગનિદાન માળખા માટે સહાય | 17.63 | 17.63 | 17.63 | 0.00 |
| (g) શહેરી આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો (UHWCs) માટે અનુદાન | 260.73 | 260.73 | 260.73 | 0.00 |
| **એકંદર કુલ** | **5,478.22** | **4,798.92** | **4,601.42** | **679.30** |
| *શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગને પ્રોત્સાહન અનુદાન* | | | | |
| *દસ લાખથી વધુ વસ્તી વાળા શહેરો-હવાની ગુણવત્તાનું અનુદાન (પ્રોત્સાહન)* | *0.00* | *20.21* | *20.21* | *0.00* |

સ્રોત: ગુજરાત સરકારનો નાણા વિભાગ

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે કે રાજ્ય સરકારને રાજ્ય આપદા રાહત ભંડોળ; દસ લાખથી વધુ વસ્તી વાળા શહેરો-હવાની ગુણવત્તાનું અનુદાન અને દસ લાખથી વધુ વસ્તી વાળા શહેરો-સેવા સ્તરના બેન્ચમાર્કનુ અનુદાન હેઠળ 15મા નાણા પંચ દ્વારા કરવામાં આવેલી ભલામણ કરતાં ઓછુ અનુદાન મળ્યુ હતું.

નાણા વિભાગે જણાવ્યુ હતું કે (સપ્ટેમ્બર 2022) રાજ્ય આપદા શમન ભંડોળ ની (SDMF) રચના ન કરવાના કારણે રાજ્ય આપદા રાહત ભંડોળ હેઠળ ઓછી રકમ પ્રાપ્ત થઇ હતી. તેમણે એવું પણ જણાવ્યુ હતુ કે દસ લાખથી અધિક વસ્તીવાળા શહેરો-હવાની ગુણવત્તા અનુદાન હેઠળ ઓછી આવક વડોદરા મહાનગરપાલિકા દ્વારા હવાની શુધ્ધતા બાબતના ધોરણો હાંસલ ન કરવાના કારણે અને દસ લાખથી અધિક વસ્તીવાળા શહેરો-સેવા સ્તરના બેન્ચમાર્કનું અનુદાન હેઠળ શહેરી સ્થાનિક સંસ્થાઓ, ગુજરાત સરકાર અને ભારત સરકાર વચ્ચે સમજૂતી કરાર પૂર્ણ ન થવાના કારણે ઓછી આવક થઇ હતી.

વધુમાં, શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગને શહેરોમાં આસપાસની હવાની ગુણવત્તા જાળવવામાં ઉત્કૃષ્ટ કામગીરી હાંસલ કરવા માટે ભારત સરકાર તરફથી ₹ 20.21 કરોડનું પ્રોત્સાહન મળ્યુ હતું.

### *રાજ્યનુ નાણા પંચ*

બંધારણની કલમ 243 I, રાજ્ય સરકાર માટે 73મો બંધારણીય સુધારો પસાર થયાના એક વર્ષની અંદર અને ત્યારબાદ દર પાંચ વર્ષ પૂર્ણ થયા પહેલા, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની નાણાકીય સ્થિતિની સમીક્ષા કરવા અને ભંડોળની સોંપણી કરવા માટે રાજ્યપાલને ભલામણ કરવા, રાજ્ય નાણા પંચની રચના કરવાનું ફરજીયાત બનાવે છે.

નાણા પંચની રચના, તેમના દ્વારા કરવામાં આવેલી ભલામણો અને ગુજરાત સરકાર દ્વારા સ્વીકારાયેલી અને અમલ કરવામાં આવેલી ભલામણોની સ્થિતિ **કોઠા 2.15**માં દર્શાવી છે.

**કોઠો 2.15: રાજ્ય નાણા પંચની રચના, તેમના દ્વારા કરવામાં આવેલી ભલામણો અને ગુજરાત સરકાર દ્વારા સ્વીકારાયેલી અને અમલ કરવામાં આવેલી ભલામણોની સ્થિતિ**

| વિભાગો | રાજ્ય નાણા પંચ | બંધારણનુ વર્ષ | ભલામણોની સંખ્યા | | |
|---|---|---|---|---|---|
| | | | રાજ્ય નાણા પંચ દ્વારા કરવામાં આવેલી | રાજ્ય સરકાર દ્વારા સ્વીકારાયેલી | રાજ્ય સરકાર દ્વારા અમલ કરાયેલી |
| પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ | પ્રથમ | 1994 | 52 | 27 | 27 |
| | દ્વિતીય | 2003 | 41 | 21 | 21 |
| | તૃતીય | 2011 | 33 | 22 | 13 |
| શહેરી વિકાસ અને શહેરી આવાસન | પ્રથમ | 1994 | 64 | 53 | 34 |
| | દ્વિતીય | 2003 | 42 | 20 | 14 |
| | તૃતીય | 2011 | 37 | 24 | ઑડિટને માહિતી આપવામાં આવી નથી |

સ્રોત: ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ અને શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગ દ્વારા આપવામાં આવેલા માહિતી

ત્રીજા રાજ્ય નાણા પંચની ભલામણો (ડિસેમ્બર 2013) પરનો કાર્યવાહી અહેવાલ (ATR) 31 માર્ચ 2021ના રોજ રાજ્ય વિધાનસભા સમક્ષ મુકવામાં આવ્યો હતો. 2009-10 અને 2014-15માં રચના કરવાપાત્ર અનુક્રમે ચોથા અને પાંચમા રાજ્ય નાણા પંચની રચના ડિસેમ્બર 2022ની સ્થિતિએ કરવાની હજી બાકી છે.

### 2.3.3 મૂડી આવક

મૂડી આવકમાં પ્રકીર્ણ મૂડી આવકો જેવી કે વિનિવેશમાંથી ઉપજેલી રકમ, લોન અને પેશગીઓની વસૂલાત, આંતરિક સ્રોતોમાંથી ઋણની આવક (બજારની લોન, નાણાકીય સંસ્થાઓ/વાણિજ્યિક બેંકો પાસેથી ધિરાણ) અને ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ સામેલ હોય છે. જાહેર ઋણ ભરપાઇ કર્યા બાદની ચોખ્ખી જાહેર ઋણની આવક વત્તા અન્ય મૂડી આવક એ ચોખ્ખી મૂડી આવક છે.

નીચેનો કોઠો ચોખ્ખી મૂડી આવકના ઘટકો અને વૃધ્ધિના વલણો દર્શાવે છે.

**કોઠો 2.16: ચોખ્ખી મૂડી આવકના ઘટકો અને વૃધ્ધિના વલણો**

(₹ કરોડમાં)

| રાજ્યની મૂડી આવકના સ્રોતો | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| **મૂડી આવક** | **27,299** | **43,362** | **43,927** | **68,981** | **47,123** |
| જાહેર ઋણની આવક | 26,953 | 43,146 | 43,491 | 58,857 | 46,968 |
| જાહેર ઋણની પરતચૂકવણી | 13,700 | 15,432 | 16,702 | 17,922 | 24,436 |
| **ચોખ્ખી જાહેર ઋણની આવક** | **13,253** | **27,714** | **26,789** | **40,935** | **22,532** |
| પરચૂરણ મૂડી આવક | 0 | 65 | 106 | 9,968 | 0 |
| લોન અને પેશગીઓની વસૂલાત | 346 | 151 | 330 | 155 | 155 |
| **બિન-ઋણ મૂડી આવક** | **346** | **216** | **436** | **10,124** | **155** |
| **ચોખ્ખી મૂડી આવક** | **13,599** | **27,930** | **27,225** | **51,059** | **22,687** |
| આંતરિક ઋણમાં ચોખ્ખો વધારો | 13,872 | 26,231 | 26,786 | 30,369 | 9,775 |
| ચોખ્ખા આંતરીક ઋણની વૃધ્ધિનો દર (ટકા) | *(-)27.34* | *89.09* | *2.12* | *13.38* | *(-) 67.81* |
| ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓમાં ચોખ્ખો વધારો | (-)619 | 1,483 | 3 | 10,566 | 12,757 |
| વૃધ્ધિ દર (ટકા) | *24.80* | *(-) 339.58* | *(-)99.80* | -[11] | *20.74* |
| ઋણ મૂડી આવકનો વૃધ્ધિ દર (ટકા) | *(-)28.73* | *109.11* | *(-)3.34* | *52.81* | *(-)44.96* |
| બિન-ઋણ મૂડી આવકનો વૃધ્ધિ દર (ટકા) | *(-)14.78* | *(-)37.57* | *101.85* | -[11] | *(-)98.47* |
| રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો વૃધ્ધિ દર (ટકા) | *13.87* | *12.27* | *9.21* | *1.61* | *17.40* |
| ચોખ્ખી મૂડી આવકનો વૃધ્ધિ દર (ટકા) | *(-)28.43* | *105.38* | *(-)2.52* | *87.54* | *(-)55.57* |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

[11] પાછલા વર્ષની તુલનાએ પ્રકીર્ણ મૂડી આવક અને ભારત સરકાર તરફથી ચોખ્ખી લોન અને પેશગીઓમાં અસામાન્ય વધારાના (ફેરફાર) કારણે, ટકાવારીની રીતે વૃધ્ધિ દર અહીં દર્શાવ્યો નથી.

પાછલા વર્ષની તુલનાએ 2021-22માં મૂડી આવક ₹ 21,858 કરોડ (31.69 ટકા) જેટલી ઘટી હતી. આ ઘટાડો જાહેર ઋણ અને વિનિવેશ જેવી પરચૂરણ મૂડી આવક હેઠળ ઓછી આવકના કારણે થયો હતો.

વધુમાં, "માલ અને સેવા કરના વળતરમાં ઘટના બદલે રાજ્યોને એક પછી એક લોન આપવાની યોજનાના[12]" અમલીકરણના કારણે ₹ 13,040 કરોડ મળ્યા હતા. અસરકારક ચોખ્ખી જાહેર ઋણની આવક ₹ 9,492 કરોડ રહેશે કારણ કે ભારત સરકારના ખર્ચ વિભાગના નક્કી કર્યા મુજબ નાણાપંચ, વગેરે દ્વારા નિર્ધારિત થનાર કોઈપણ ધોરણો મુજબ ખાસ વિન્ડો હેઠળના ઋણને રાજ્યના દેવા/ઋણ તરીકે ગણવામાં આવશે નહી. તેના પરિણામે અસરકારક ચોખ્ખી મૂડી આવક ₹ 9337 કરોડ થાય છે.

જાહેર ઋણની આવક ભાવિ પરત ચૂકવણીની જવાબદારીઓ ઉભી કરે છે. છેલ્લા પાંચ વર્ષો (2017-22) દરમિયાન, જાહેર ઋણની આવકના 40.19 ટકાનો ઉપયોગ અગાઉના વર્ષોમાં લીધેલા જાહેર ઋણની પરત ચૂકવણી માટે કરવામાં આવ્યો હતો જ્યારે બાકીના 59.81 ટકા અસ્ક્યામતોના સર્જન માટે વાપરવામાં આવ્યાં હતાં.

## 2.3.4 સંસાધનોને ગતિશીલ કરવામાં રાજ્યની કામગીરી

સંસાધનોને ગતિશીલ કરવામાં રાજ્યની કામગીરીની આકારણી 2021-22 દરમિયાન પોતાના સંસાધનો જેમાં તેની પોતાની કર અને બિન-કર આવકનો સમાવેશ થાય છે તેના રૂપમાં થાય છે.

**કોઠો 2.17: 2021-22 માટે અનુમાનોની સામે કર અને બિન-કર આવકની પ્રાપ્તિ**

**(₹ કરોડમાં)**

| | અંદાજપત્રીય અંદાજો | ખરેખર | આની તુલનાએ ખરેખર મૂલ્યોમાં ફેરફારની ટકાવારી | |
|---|---|---|---|---|
| | | | અંદાજપત્રીય અંદાજો | 15મા નાણા પંચના અનુમાનો |
| પોતાની કર આવક | 1,11,693 | 97,678 | (-)12.55 | 21.03 |
| બિન-કર આવક | 16,802 | 14,018 | (-)16.57 | (-) 4.61 |

જોઇ શકાય છે એ મુજબ, અંદાજપત્રીય અંદાજોમાં નક્કી કરેલી પોતાની કર આવક અને બિન-કર આવક એમ બન્ને માટેના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવામાં રાજ્ય સરકાર ઊણી ઉતરી હતી.

12 ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, નાણાપંચ, વગેરે દ્વારા નિર્ધારિત થનાર કોઈપણ ધોરણો મુજબ ખાસ વિન્ડો હેઠળના ઋણને રાજ્યના દેવા/ઋણ તરીકે ગણવામાં આવશે નહી. તેથી 2020-21માં મળેલા ₹ 9,222 કરોડ અને 2021-22માં મળેલા ₹ 13,040 કરોડના માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં લીધેલ એક પછી એક લોનને અહી જાહેર ઋણ ગણવામાં આવ્યુ નથી.

## 2.4 સંસાધનોનો ઉપયોગ

રાજ્ય સરકારને રાજકોષીય જવાબદારીના કાયદાઓના માળખામાં રહીને ખર્ચ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે, સાથે એ પણ સુનિશ્ચિત કરવાનું હોય છે કે રાજ્યની રાજકોષીય સુધારા અને એકીકરણની ચાલી રહેલ પ્રક્રિયા, મૂડીગત માળખાના વિકાસ અને સામાજીક ક્ષેત્રના વિકાસ પ્રત્યે નિર્દિષ્ટ ખર્ચના ભોગે ન હોય.

### 2.4.1 વિકાસ અને ખર્ચના ઘટકો

કુલ ખર્ચ, તેના ઘટકો અને છેલ્લા પાંચ વર્ષો (2017-22) દરમિયાન રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની તુલનાએ હિસ્સો **કોઠા 2.18**માં રજૂ કર્યો છે.

કોઠો **2.18:** કુલ ખર્ચ અને તેના ઘટકો

**(₹ કરોડમાં)**

| પરિબળો | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| **કુલ ખર્ચ (TE)** | **1,45,004** | **1,62,583** | **1,67,861** | **1,78,718** | **1,89,677** |
| મહેસૂલી ખર્ચ (RE) | 1,18,060 | 1,32,790 | 1,40,899 | 1,50,704 | 1,60,421 |
| મૂડી ખર્ચ (CE) | 26,313 | 28,062 | 25,650 | 26,781 | 28,185 |
| લોન અને પેશગીઓ | 631 | 1,731 | 1,312 | 1,233 | 1,071 |
| રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારી રૂપે | | | | | |
| કુલ ખર્ચ/GSDP | 10.91 | 10.90 | 10.30 | 10.79 | 9.76 |
| મહેસૂલી ખર્ચ/GSDP | 8.88 | 8.90 | 8.65 | 9.10 | 8.25 |
| મૂડી ખર્ચ/GSDP | 1.98 | 1.88 | 1.57 | 1.62 | 1.45 |
| લોન અને પેશગીઓ/GSDP | 0.05 | 0.12 | 0.08 | 0.07 | 0.06 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

**કોઠો 2.18** દર્શાવે છે કે રાજ્યનો કુલ ખર્ચ 2017-18માં ₹ 1,45,004 કરોડ હતો તે 30.81 ટકા વધીને 2021-22માં ₹ 1,89,677 કરોડ થયો હતો. પાછલા વર્ષની તુલનાએ વર્ષ દરમિયાન તેમાં 6.13 ટકાનો વધારો થયો હતો. રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારી રૂપે, પાંચ વર્ષના સમયગાળા (2017-22) દરમિયાન 2021-22માં કુલ ખર્ચ 9.76 ટકાએ સૌથી નીચો રહ્યો હતો,

**આલેખ 2.8** કુલ ખર્ચના ઘટકોના હિસ્સાનું વલણ દર્શાવે છે.

**આલેખ 2.8: કુલ ખર્ચના ઘટકોના હિસ્સાનું વલણ**




ઉપરનો આલેખ દર્શાવે છે કે, 2017-22 દરમિયાન કુલ ખર્ચમાં મહેસૂલી ખર્ચ એ મુખ્ય ઘટક હતો. વર્ષ 2021-22ના કુલ ખર્ચમાં મહેસૂલી ખર્ચ 84.58 ટકા હતો. રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારી તરીકે મહેસૂલી ખર્ચ 2017-18માં 8.88 ટકા હતો તે ઘટીને 2021-22માં 8.25 ટકા થયો હતો.

2017-22 દરમિયાન પ્રવૃત્તિઓ એટલે કે સામાન્ય સેવાઓ, સામાજીક સેવાઓ, આર્થિક સેવાઓ, સહાયક અનુદાન અને લોન અને પેશગીઓ તરીકે કુલ ખર્ચના વલણો **કોઠા 2.19માં** દર્શાવ્યા મુજબ છે.

**કોઠો 2.19: પ્રવૃત્તિઓ તરીકે કુલ ખર્ચના વલણો**

(ટકામાં હિસ્સો)

| પ્રવૃત્તિઓ | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| સામાન્ય સેવાઓ | 29.15 | 29.79 | 29.71 | 29.41 | 30.04 |
| સામાજીક સેવાઓ | 38.51 | 37.51 | 38.94 | 37.97 | 40.40 |
| આર્થિક સેવાઓ | 31.57 | 31.41 | 30.32 | 31.71 | 28.78 |
| લોન અને પેશગીઓ | 0.44 | 1.06 | 0.78 | 0.69 | 0.56 |
| સ્થાનિક સંસ્થાઓ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને સહાયક અનુદાન અને ફાળો | 0.33 | 0.23 | 0.25 | 0.22 | 0.22 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

સામાન્ય, સામાજીક અને આર્થિક સેવાઓના સંબંધિત હિસ્સાની હિલચાલે નજીવા આંતર-વર્ષ ફેરફારો સાથે 2017-22 દરમિયાન સ્થિરતા દર્શાવી હતી. 2017-18ની સરખામણીએ 2021-22 દરમિયાન સામાજીક સેવાઓનો હિસ્સો 1.89 ટકા જેટલો વધ્યો હતો અને આર્થિક સેવાઓનો હિસ્સો 2.79 ટકા જેટલો ઘટ્યો હતો.

### 2.4.2 મહેસૂલી ખર્ચ

સેવાઓનું વર્તમાન સ્તર જાળવી રાખવા અને અગાઉની જવાબદારીઓની ચૂકવણીઓ કરવા માટે મહેસૂલી ખર્ચ કરવામાં આવે છે. આમ, તે રાજ્યના માળખા અને સેવાના માળખામાં કોઇ પરિણામલક્ષી ઉમેરો કરતું નથી.

2017-22 દરમિયાન એકંદર મહેસૂલી ખર્ચ, તેનો વૃધ્ધિ દર, કુલ ખર્ચ સામે તેનો ગુણોત્તર અને રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન અને મહેસૂલી આવકની સામે એની તરલતાની વિગતો **કોઠા 2.20** માં દર્શાવ્યા મુજબ છે.

**કોઠો 2.20: મહેસૂલી ખર્ચના વલણો**

| | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| કુલ ખર્ચ (TE) (₹ કરોડમાં) | 1,45,004 | 1,62,583 | 1,67,861 | 1,78,718 | 1,89,677 |
| **મહેસૂલી ખર્ચ (RE) (₹ કરોડમાં)** | **1,18,060** | **1,32,790** | **1,40,899** | **1,50,704** | **1,60,421** |
| પાછલા વર્ષની તુલનાએ મહેસૂલી ખર્ચની વૃધ્ધિ (ટકા) | 13.63 | 12.48 | 6.11 | 6.96 | 6.45 |
| મહેસૂલી ખર્ચ/કુલ ખર્ચ (ટકા) | 81.42 | 81.68 | 83.94 | 84.33 | 84.58 |
| મહેસૂલી ખર્ચ/રાજ્યનુ એકંદર ઘરેલુ ઉત્પાદન (ટકા) | 8.88 | 8.90 | 8.65 | 9.10 | 8.25 |
| મહેસૂલી ખર્ચ/મહેસૂલી આવક (ટકા) | 95.76 | 97.64 | 98.64 | 117.59 | 96.16 |
| **આની સાથે મહેસૂલી ખર્ચની તરલતા** | | | | | |
| રાજ્યનુ એકંદર ઘરેલુ ઉત્પાદન | 0.98 | 1.02 | 0.66 | 4.32 | 0.37 |
| મહેસૂલી આવક | 1.11 | 1.21 | 1.21 | -* | 0.21 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

* 2020-21 દરમિયાન મહેસૂલી આવકની વૃદ્ધિ નકારાત્મક હોવાથી તરલતા ગણી શકાતી નથી

મહેસૂલી ખર્ચ 2017-18માં ₹ 1,18,060 કરોડ હતો તે સતત વધીને 2021-22માં ₹ 1,60,421 કરોડ થયો હતો, જે પાછલા વર્ષની તુલનામાં 2021-22માં ₹ 9,717 કરોડ (6.45 ટકા) જેટલો વધ્યો હતો. પાછલા વર્ષની તુલનાએ 2021-22માં મહેસૂલી ખર્ચમાં થયેલો વધારો મુખ્યત્વે તબીબી અને જાહેર આરોગ્ય ₹ 2,464 કરોડ જેટલો, પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો ₹ 1,591 કરોડ જેટલા, ઋણના ઘટાડા અથવા નિવારણ માટે વિનિયોગ ₹ 1,500 કરોડ, સામાન્ય શિક્ષણ ₹ 1,383 કરોડ જેટલુ, ઊર્જા ₹ 1,382 કરોડ જેટલો અને કુદરતી આપદાના હિસાબે રાહતમાં ₹ 1,082 કરોડ જેટલા અધિક ખર્ચના કારણે થયો હતો.

વર્ષ 2021-22માં, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારી રૂપે મહેસૂલી ખર્ચ 8.25 ટકા હતો જે 2017-22ના સમયગાળા દરમિયાન સૌથી નીચો હતો. 2021-22માં મહેસૂલી આવકની ટકાવારી રૂપે મહેસૂલી ખર્ચ 96.16 ટકા હતો.

2021-22 દરમિયાન મહેસૂલી ખર્ચની ક્ષેત્ર-વાર વહેંચણી **આલેખ 2.9**માં દર્શાવી છે..

**આલેખ 2.9: 2021-22 દરમિયાન મહેસૂલી ખર્ચની ક્ષેત્ર-વાર વહેંચણી (ટકામાં)**




## 2.4.2.1 મહેસૂલી ખર્ચમાં મુખ્ય ફેરફારો

**કોઠો 2.21** ચાલુ વર્ષ અને અગાઉના વર્ષ દરમિયાન રાજ્યના મહેસૂલી ખર્ચની બાબતમાં જુદા જુદા હિસાબી સદરો હેઠળ થયેલા નોંધપાત્ર ફેરફારોની વિગતો દર્શાવે છે.

**કોઠો 2.21: 2020-21ની સરખામણીએ 2021-22 દરમિયાન મહેસૂલી ખર્ચમાં ફેરફારો**

(₹ કરોડમાં)

| હિસાબના મુખ્ય સદરો | 2020-21 | 2021-22 | ફેરફાર | |
|---|---|---|---|---|
| | | | રકમ | ટકા |
| 2210- તબીબી અને જાહેર આરોગ્ય | 7,860.11 | 10,324.56 | 2,464.45 | *31.35* |
| 2071- પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો | 18,569.75 | 20,160.26 | 1,590.51 | *8.57* |
| 2048- ઋણમાં ઘટાડો અથવા નિવારણ માટે વિનિયોગ | 0.00 | 1,500.00 | 1,500.00 | - |
| 2202- સામાન્ય શિક્ષણ | 24,699.39 | 26,082.23 | 1,382.84 | *5.60* |
| 2801- ઉર્જા | 8,949.40 | 10,331.44 | 1,382.04 | *15.44* |
| 2245- કુદરતી આપદાના હિસાબે રાહત | 1,760.82 | 2,843.09 | 1,082.27 | *61.46* |
| 2216- આવાસન | 1,595.52 | 2,590.06 | 994.54 | *62.33* |
| 2049- વ્યાજની ચૂકવણી | 24,203.19 | 25,187.78 | 984.59 | *4.07* |
| 2217- શહેરી વિકાસ | 8,988.92 | 9,961.18 | 972.26 | *10.82* |
| 2225- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓનું કલ્યાણ | 3,418.52 | 4,055.81 | 637.29 | *18.64* |
| 3054- માર્ગો અને પુલો | 4,247.47 | 4,800.17 | 552.70 | *13.01* |
| 2401- પાક સંવર્ધન | 2,694.61 | 2,268.78 | (-) 425.83 | (-) *15.80* |
| 2408- અન્ન, સંગ્રહ અને વખાર | 769.48 | 91.22 | (-) 678.26 | (-) *88.15* |
| 2851- ગ્રામ્ય અને લઘુ ઉદ્યોગ | 2,951.27 | 1,780.96 | (-) 1,170.31 | (-) *39.65* |
| 2515- અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો | 4,501.61 | 2,502.49 | (-) 1,999.12 | (-) *44.41* |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરનો કોઠો દર્શાવે છે કે તબીબી અને જાહેર આરોગ્ય; પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો; સામાન્ય શિક્ષણ અને ઊર્જા હેઠળના મહેસૂલી ખર્ચમાં વર્ષ દરમિયાન વધારો થયો હતો જે અનુક્રમે રોગોનું

નિવારણ અને નિયંત્રણ; કુટુંબ પેન્શન; શિક્ષકો અને અન્ય સેવાઓ પરનો ખર્ચ; જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોમાં મૂડીરોકાણના ખર્ચમાં વધારાના કારણે થયો હતો. લઘુ ઉદ્યોગોને સહાયક અનુદાન અને સહાયકીમાં ઘટાડાના કારણે અનુક્રમે અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો અને ગ્રામ્ય અને લઘુ ઉદ્યોગે પાછલા વર્ષની તુલનાએ 2021-22 દરમિયાન મહેસૂલી ખર્ચમાં ઘટાડો નોંધાવ્યો હતો.

### 2.4.2.2 પ્રતિબધ્ધ ખર્ચ

રાજ્ય સરકારના મહેસૂલના હિસાબે પ્રતિબધ્ધ ખર્ચમાં વ્યાજની ચૂકવણી, પગાર અને વેતન પરનો ખર્ચ અને પેન્શનનો સમાવેશ થાય છે.  સરકારના સ્રોતો પર તેનો પ્રથમ દાવો હોય છે. પ્રતિબધ્ધ ખર્ચમાં વધારાના વલણથી સરકાર પાસે વિકાસ ક્ષેત્ર માટે લવચીકતા ઓછી રહે છે.

**કોઠો 2.22** પ્રતિબધ્ધ ખર્ચ અને તેના ઘટકોના 2017-22 દરમિયાનના વલણ રજૂ કરે છે.

કોઠો **2.22**: પ્રતિબધ્ધ ખર્ચ અને તેના ઘટકોના વલણ

(₹ કરોડમાં)

| પ્રતિબધ્ધ ખર્ચના ઘટકો | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| પગાર અને વેતન | 10,832 | 11,448 | 11,301 | 11,895 | 12,212 |
| પગાર અને ભથ્થા માટે પંચાયતોને સહાયક અનુદાન | 10,302 | 11,821 | 12,235 | 13,151 | 14,482 |
| વ્યાજની ચૂકવણી | 18,954 | 20,183 | 22,449 | 24,203 | 25,188 |
| પેન્શન | 13,979 | 18,295 | 17,663 | 18,570 | 20,160 |
| **કુલ પ્રતિબધ્ધ ખર્ચ** | **54,067** | **61,747** | **63,648** | **67,819** | **72,042** |
| **મહેસૂલી આવકની ટકાવારી રૂપે** | | | | | |
| **મહેસૂલી આવક** | **1,23,291** | **1,36,002** | **1,42,844** | **1,28,156** | **1,66,830** |
| પગાર અને વેતન | 8.79 | 8.42 | 7.91 | 9.28 | 7.32 |
| પગાર અને ભથ્થા માટે પંચાયતોને સહાયક અનુદાન | 8.36 | 8.69 | 8.57 | 10.26 | 8.68 |
| વ્યાજની ચૂકવણી | 15.37 | 14.84 | 15.72 | 18.89 | 15.10 |
| પેન્શન | 11.34 | 13.45 | 12.37 | 14.49 | 12.08 |
| **કુલ** | **43.85** | **45.40** | **44.56** | **52.92** | **43.18** |
| **મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે** | | | | | |
| **મહેસૂલી ખર્ચ** | **1,18,060** | **1,32,790** | **1,40,899** | **1,50,704** | **1,60,421** |
| પગાર અને ભથ્થા | 9.17 | 8.62 | 8.02 | 7.89 | 7.61 |
| પગાર અને ભથ્થા માટે પંચાયતોને સહાયક અનુદાન | 8.73 | 8.90 | 8.68 | 8.73 | 9.03 |
| વ્યાજની ચૂકવણી | 16.05 | 15.20 | 15.93 | 16.06 | 15.70 |
| પેન્શન | 11.84 | 13.78 | 12.54 | 12.32 | 12.57 |
| **કુલ** | **45.80** | **46.50** | **45.17** | **45.00** | **44.91** |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

આલેખ 2.10: કુલ મહેસૂલી ખર્ચમાં પ્રતિબધ્ધ ખર્ચનો હિસ્સો (ટકામાં)




મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે, 2017-22 દરમિયાન પ્રતિબધ્ધ ખર્ચ 45થી 47 ટકાની આસપાસ રહ્યો હતો. મહેસૂલી આવકની ટકાવારી રૂપે, પ્રતિબધ્ધ ખર્ચ 2020-21માં 52.92 ટકા હતો તે ઘટીને 2021-22માં 43.18 ટકા થયો હતો.

પ્રતિબધ્ધ ખર્ચના ઘટકોની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

### *પગાર અને વેતન*

પગાર અને વેતનનો ખર્ચ 2017-18માં ₹ 10,832 કરોડ હતો તેમાં ₹ 1,380 કરોડનો (12.74 ટકા) વધારો થઈને 2021-22માં ₹ 12,212 કરોડ થયો હતો. 2021-22 દરમિયાન તે મહેસૂલી આવકના 7.32 ટકા અને મહેસૂલી ખર્ચના 7.61 ટકાના હિસાબે હતો.

### *પગાર અને ભથ્થા માટે પંચાયતોને સહાયક અનુદાન*

પગાર અને ભથ્થા માટે પંચાયતોને સહાયક અનુદાન 2017-18માં ₹ 10,302 કરોડ હતું તે ₹ 4,180 કરોડ (40.57 ટકા) જેટલું વધીને 2021-22માં ₹ 14,482 કરોડ થયું હતું. મહેસૂલી આવકની ટકાવારી રૂપે સહાયક અનુદાન 2020-21માં 10.26 ટકાથી ઘટીને 2021-22માં 8.68 ટકા થયું હતું. 2021-22 દરમિયાનના મહેસૂલી ખર્ચના તે 9.03 ટકા હતું.

### *વ્યાજની ચૂકવણી*

વ્યાજની ચૂકવણી 2017-18માં ₹ 18,954 કરોડ હતી તે ₹ 6,234 કરોડ (32.89 ટકા) જેટલી વધીને 2021-22માં ₹ 25,188 કરોડ થઇ હતી. બજારની લોન પર ₹ 1,611 કરોડની વધારાની વ્યાજની જવાબદારીના કારણે પાછલા વર્ષની તુલનાએ 2021-22માં વ્યાજની જવાબદારીમાં 4.07 ટકાનો વધારો થયો હતો. 2021-22 દરમિયાન, બજારની લોન પર વ્યાજની ચૂકવણી કુલ વ્યાજની ચૂકવણીના 75.57 ટકા રહી હતી જ્યારે રાષ્ટ્રીય નાની બચત ભંડોળને જારી કરેલી વિશેષ બાંયધરીઓ પર વ્યાજની ચૂકવણીઓ કુલ વ્યાજની ચૂકવણીઓના 12.29 ટકા હતી. મહેસૂલી આવકની ટકાવારી રૂપે વ્યાજની ચૂકવણીઓ પરનો ખર્ચ 2020-21માં 18.89 ટકા હતો તે 2021-22માં ઘટીને 15.10 ટકા થયો હતો. ઉપરાંત, મહેસૂલી ખર્ચમાં વ્યાજની ચૂકવણીનો હિસ્સો 2020-21માં 16.06 ટકા હતો તે ઘટીને 2021-22માં 15.70 ટકા થયો હતો.

### *પેન્શનની ચૂકવણીઓ*

ગુજરાત રાજ્યમાં 4.98 લાખ પેન્શનરો[13] હતા (માર્ચ 2021). વર્ષ 2019-20 સિવાય પેન્શન પરનો ખર્ચ 2017-22 દરમિયાન સતત વધ્યો હતો.

રાજ્ય સરકારે ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ કરેલી (માર્ચ 2021) તેની જાહેરાતોમાં 2021-22 દરમિયાન પેન્શનની ચૂકવણીઓ મહેસૂલી આવકના 10.94 ટકા થવાનું અનુમાન કર્યું હતું. જો કે, વર્ષ દરમિયાન તે 12.08 ટકા જેટલી ઉંચી રહી હતી. મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે પેન્શનની ચૂકવણીઓ 2021-22 દરમિયાન મહેસૂલી ખર્ચના 12.57 ટકા જેટલી થતી હતી.

### 2.4.2.3 રાષ્ટ્રીય પેન્શન યોજના હેઠળ પૂર્ણ ન થયેલી જવાબદારીઓ

રાજ્ય સરકારે 01 એપ્રિલ 2005ની અસરથી 'નિર્ધારિત અંશદાયી પેન્શન યોજના' (રાષ્ટ્રીય પેન્શન યોજના) દાખલ કરી હતી. યોજનાની માર્ગદર્શિકા મુજબ, કર્મચારી દર મહિને તેના મૂળ પગાર અને મોંઘવારી ભથ્થાના 10 ટકા ફાળો આપે છે જેમાં રાજ્ય સરકાર દ્વારા મેળ ખાતી રકમ જમા કરવામાં આવે છે અને પૂરેપૂરી રકમ નેશનલ સીક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડને (NSDL)/ટ્રસ્ટી બેંક મારફત નિયુક્ત ભંડોળ સંચાલકને તબદીલ કરવામાં આવે છે. રાજ્ય સરકારે યોજનાના ભંડોળના વ્યવસ્થાપન માટે રાષ્ટ્રીય પેન્શન યોજના ટ્રસ્ટ (NPS Trust) સાથે કરાર કર્યો હતો (જાન્યુઆરી 2009) અને યોજનાના અમલીકરણ માટે કેન્દ્રીય માળખુ અપનાવ્યું હતું (મે 2009).

કર્મચારીનો ફાળો અને રાજ્યનો હિસ્સો જાહેર હિસાબમાં[14] જમા કરવામાં આવે છે અને ત્યારબાદ નેશનલ સીક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડને તબદીલ કરવામાં આવે છે. વર્ષ 2021-22 દરમિયાન, રાજ્ય સરકારે કર્મચારીઓ પાસેથી રાષ્ટ્રીય પેન્શન યોજનાના ફાળા તરીકે ₹ 1,112.24 કરોડ એકઠા

---

[13] ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ રાજકોષીય નીતિવિષયક વ્યૂહાત્મક નિવેદન મુજબ 2021-22 (માર્ચ 2021) માટે રાજ્યમાં 4.84 લાખ પેન્શનરો હતાં. આ ગુજરાત સરકાર અને સહાયિત સંસ્થાઓના પેન્શનરો છે અને તેમાં સામાજીક સુરક્ષા પેન્શનરો સામેલ નથી.

[14] મુખ્ય સદર 8342-117 (અન્ય થાપણો-સરકારી કર્મચારીઓ માટે વ્યાખ્યાયિત અંશદાયી પેન્શન યોજના)

કર્યા હતાં અને ₹ 1,099.41 કરોડ યોજનામાં તેના ફાળા તરીકે જમા કર્યા હતાં. વધુમાં, ₹ 2,258.62 કરોડના (અગાઉના વર્ષની ₹ 46.97 કરોડની સિલક સહિત) એકઠા કરેલા ભંડોળની સામે રાજ્ય સરકારે ₹ 2,209.61 કરોડ નેશનલ સીક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડને તબદીલ કર્યા હતાં અને ₹ 49.01 કરોડની સિલક બાકી રહી હતી. ₹ 49.01 કરોડની પૂરેપૂરી સિલક એપ્રિલ 2022માં નેશનલ સીક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડને તબદીલ કરવામાં આવી હતી. 2021-22 દરમિયાન, સરકારે ભંડોળની મોડી/વિલંબિત તબદીલી માટે ભંડોળ સંચાલકને ₹ 0.97 કરોડ વ્યાજની ચૂકવણી પણ કરી હતી.

### 2.4.2.4 સહાયકી પરનો ખર્ચ

2017-22ના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન સહાયકીઓની વિગતો **કોઠા 2.23**માં આપી છે.

**કોઠો 2.23: સહાયકીઓના ખર્ચનું વલણ**

**(₹ કરોડમાં)**

| પ્રતિબધ્ધ ખર્ચના ઘટકો | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| **સહાયકી** | 13,621 | 17,269 | 18,420 | 22,141 | 22,335 |
| **કુલ મહેસૂલી આવક** | 1,23,291 | 1,36,002 | 1,42,844 | 1,28,156 | 1,66,830 |
| **મહેસૂલી આવકની ટકાવારી રૂપે સહાયકી** | *11.05* | *12.70* | *12.90* | *17.28* | *13.39* |
| **કુલ મહેસૂલી ખર્ચ** | 1,18,060 | 1,32,790 | 1,40,899 | 1,50,704 | 1,60,421 |
| **મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે સહાયકી** | *11.54* | *13.00* | *13.07* | *14.69* | *13.92* |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

સહાયકી પરનો મહેસૂલી ખર્ચ 2017-18માં ₹ 13,621 કરોડ હતો તે 63.97 ટકા વધીને 2021-22માં ₹ 22,335 કરોડ થયો હતો. ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ; ઉદ્યોગ અને ખાણ; કૃષિ; ખેડૂત કલ્યાણ અને સહકાર; અને સામાજીક ન્યાય અને અધિકારીતા અને શહેરી વિકાસ અને શહેરી આવાસન એ 2021-22 દરમિયાન સહાયકીના મુખ્ય લાભાર્થી વિભાગો હતાં.

ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગને 2021-22 દરમિયાન ₹ 10,834 કરોડની (સહાયકી ઉપરના કુલ ખર્ચના 49 ટકા) સહાયકી મળી હતી જે પૈકી, ₹ 6,210 કરોડનો મોટો ભાગ ઇંધણ કિંમત અને વિદ્યુત ખરીદ સમાયોજન ખર્ચના (FPPPA) હિસાબે, ₹ 2,025 કરોડ કૃષિ ભાવદરમાં વળતર માટે અને ₹ 1,100 કરોડ ખેડૂતોને હોર્સ પાવર આધારિત ભાવદર માટે હતો.

ઉદ્યોગ અને ખાણ વિભાગમાં, 2021-22 દરમિયાન મળેલી ₹ 4,530 કરોડની (સહાયકી ઉપરના કુલ ખર્ચના 20 ટકા) કુલ સહાયકી પૈકી, ₹ 1,960 કરોડ વસ્ત્ર ઉદ્યોગના વિકાસ માટે અને ₹ 1,363 કરોડ ઉદ્યોગોને સહાય તરીકે આપવામાં આવ્યાં હતાં.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને સહાયકી તરીકે 2021-22માં મળેલા ₹ 1,835 કરોડ (સહાયકી ઉપરના કુલ ખર્ચના 8 ટકા) પૈકી, ₹ 997 કરોડ વ્યાજ અંગે આર્થિક સહાય તરીકે ખેડૂતોને આપવામાં આવ્યાં હતાં.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને પણ બિનકિફાયતી રૂટોના સંચાલન, વિદ્યાર્થી રાહત પાસ, વગેરેના વળતર પેટે 2021-22માં ₹ 597 કરોડની સહાયકી આપવામાં આવી હતી.

### 2.4.2.5 રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજ અને અન્ય સંસ્થાઓને નાણાકીય સહાય

રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને પગાર અને ભથ્થા, અન્ય પરચુરણ ખર્ચને પહોંચી વળવા અને મૂડીગત અસ્ક્યામતો ઉભી કરવા માટે સહાયક અનુદાન દ્વારા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. 2017-22 દરમિયાન સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને આપવામાં આવેલી નાણાકીય સહાયની વિગતો **કોઠા 2.24**માં આપી છે.

કોઠો **2.24**: સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ, બિન-સરકારી સંસ્થાઓ અને અન્યોને નાણાકીય સહાયનું વલણ

(₹ કરોડમાં)

| સંસ્થાઓને નાણાકીય સહાય | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| પંચાયતી રાજની સંસ્થાઓ | 19,686 | 19,645 | 22,034 | 24,323 | 24,388 |
| શહેરી સ્થાનિક સંસ્થાઓ | 7,791 | 8,747 | 9,345 | 8,719 | 11,652 |
| જાહેર ક્ષેત્રના ઉપક્રમો | 74 | 79 | 84 | 95 | 119 |
| સ્વાયત્ત સંસ્થાઓ | 5,308 | 6,388 | 6,259 | 6,211 | 6,532 |
| બિન-સરકારી સંગઠનો | 1,091 | 1,096 | 1,197 | 1,597 | 2,352 |
| અન્ય | 20,857 | 23,656 | 25,343 | 23,692 | 24,765 |
| કુલ | **54,807** | **59,611** | **64,262** | **64,637** | **69,808** |
| મહેસૂલી ખર્ચ | **1,18,060** | **1,32,790** | **1,40,899** | **1,50,704** | **1,60,421** |
| મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે સહાય | **46.42** | **44.89** | **45.61** | **42.89** | **43.52** |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે એ મુજબ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને નાણાકીય સહાય પાંચ વર્ષના સમયગાળા દરમિયાન સતત વધીને 2017-18માં ₹ 54,807 કરોડ હતી તે 2021-22માં ₹ 69,808 કરોડ થઇ હતી.

રાજ્ય સરકારને ભારત સરકાર તરફથી 2021-22માં આગળ પંચાયતી રાજ સંસ્થાઓ અને શહેરી સ્થાનિક સંસ્થાઓને પ્રેષણ હેતુ અનુક્રમે ₹ 1,181 કરોડ અને ₹ 1,133 કરોડની રકમ નાણાપંચના અનુદાનના રૂપમાં મળી હતી. આમાંથી, રાજ્ય સરકારે પંચાયતી રાજ સંસ્થાઓને ₹ 1,195.58 કરોડ અને શહેરી સ્થાનિક સંસ્થાઓને ₹ 1,138 કરોડ છુટા કર્યા હતાં. વધુમાં, પંચાયતી રાજ સંસ્થાઓને ₹ 2,237.73 કરોડ કેન્દ્રીય સહાયના રૂપે મળ્યા હતાં. વધુમાં, 2021-22 દરમિયાન રાજ્ય સરકારે

રાજ્ય ખર્ચ ભંડોળમાંથી સહાયક અનુદાન રૂપે પંચાયતી રાજ સંસ્થાઓને ₹ 20,955.16 કરોડની નાણાકીય સહાય અને શહેરી સ્થાનિક સંસ્થાઓને ₹ 9,271.06 કરોડ આપ્યા હતાં.

વધુમાં, 'અન્ય' વર્ગમાં આવતી અનુદાન મેળવનાર સંસ્થાઓને છેલ્લા પાંચ વર્ષોમાં (2017-22) રાજ્ય સરકાર તરફથી નોંધપાત્ર નાણાકીય સહાય (લગભગ 38 ટકા) મળી હતી. આમ છતાં, અનુદાન મેળવનાર સંસ્થાઓનું અનુદાન છુટુ કરનાર રાજ્ય સરકારના સંબંધિત વિભાગ પાસે ઉભી કરવામાં આવેલી અસ્ક્યામતોની વિગતોની ગેરહાજરીમાં સામૂહિક રીતે આની 'અન્ય' વર્ગમાં નોંધ કરવી એ ચિંતાનો વિષય છે કારણ કે તે આવા વ્યવહારોને અસ્પષ્ટ બનાવે છે. આ સંદર્ભમાં, ઑડિટના અવલોકનો **ફકરો 4.5.1 (પ્રકરણ IV)** જોઇ લેવા વિનંતી.

### 2.4.3 મૂડી ખર્ચ

જમીન, મકાન, મશીનરી, સાધનસામગ્રી જેવી અસ્ક્યામતો સંપાદિત કરવા માટે તેમજ શેરમાં કરેલા રોકાણ પર ખર્ચેલા નાણા એ મૂડી ખર્ચ છે. એકંદર મૂડી ખર્ચ, પાછલા વર્ષ સામે તેની વૃધ્ધિ અને છેલ્લા પાંચ વર્ષો (2017-22) દરમિયાન રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે તેની ટકાવારી **કોઠા 2.25**માં દર્શાવ્યા છે.

**કોઠો 2.25: 2017-22 દરમિયાન મૂડી ખર્ચનું વલણ**

| | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| કુલ ખર્ચ (TE) (₹ કરોડમાં) | 1,45,004 | 1,62,583 | 1,67,861 | 1,78,718 | 1,89,677 |
| **મૂડી ખર્ચ (CO) (₹ કરોડમાં)** | **26,313** | **28,062** | **25,650** | **26,781** | **28,185** |
| પાછલા વર્ષની તુલનાએ મૂડી ખર્ચની વૃધ્ધિ (ટકા) | 17.71 | 6.65 | (-)8.60 | 4.41 | 5.24 |
| મૂડી ખર્ચ/કુલ ખર્ચ (ટકા) | 18.15 | 17.26 | 15.28 | 14.99 | 14.86 |
| મૂડી ખર્ચ/રાજ્યનું એકંદર ઘરેલું ઉત્પાદન (ટકા) | 1.98 | 1.88 | 1.57 | 1.62 | 1.45 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

મૂડી ખર્ચ 2017-18માં ₹ 26,313 કરોડ હતો તે વધીને 2021-22માં ₹ 28,185 કરોડ થયો હતો. ₹ 28,185 કરોડના 2021-22 દરમિયાન કરવામાં આવેલા કુલ મૂડી ખર્ચ પૈકી, ₹ 5,328 કરોડ (18.90 ટકા) માર્ગો અને પુલો પર, ₹ 5,316 કરોડ (18.86 ટકા) સિંચાઇ યોજનાઓ (મોટી, મધ્યમ અને લઘુ) પર, ₹ 4,567 કરોડ (16.20 ટકા) પાણી પુરવઠો અને સ્વચ્છતા અને ₹ 3,392 કરોડ (12.03 ટકા) ઉર્જા યોજનાઓ પર ખર્ચવામાં આવ્યાં હતાં.

પાછલા વર્ષની તુલનાએ 2021-22 દરમિયાન મૂડી ખર્ચમાં ₹ 1,404 કરોડ જેટલો વધારો મુખ્યત્વે પ્રવાસન પર ₹ 706 કરોડ, પાણી પુરવઠો અને સ્વચ્છતા પર ₹ 679 કરોડ, તબીબી અને જાહેર આરોગ્ય ₹ 416 કરોડ અને અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો ₹ 359 કરોડ જેટલો ખર્ચમાં થયેલો વધારો, જે પેટ્રોકેમીકલ ઉદ્યોગ પર ₹ 1,087 કરોડ અને મધ્યમ સિંચાઇ પર ₹ 682 કરોડના ખર્ચમાં ઘટાડા દ્વારા સરભર થવાના હિસાબે થયો હતો.

છેલ્લા પાંચ વર્ષના સમયગાળા (2017-22) દરમિયાન કોઇ પણ વર્ષમાં રાજ્ય સરકાર મૂડી ખર્ચ માટેની અંદાજપત્રીય ફાળવણી જેટલો ખર્ચ કરી શકી ન હતી. 2017-22 દરમિયાન અંદાજપત્રીય ફાળવણીની સામે ખરેખર મૂડી ખર્ચનું વલણ **આલેખ 2.11**માં આપ્યું છે.

**આલેખ 2.11: 2017-22 દરમિયાન અંદાજપત્રીય ફાળવણીની સામે મૂડી ખર્ચનુ વલણ**




## 2.4.3.1 મૂડી ખર્ચમાં મુખ્ય ફેરફારો

2020-21 અને 2021-22 દરમિયાન રાજ્યના મૂડી ખર્ચની બાબતમાં જુદા જુદા હિસાબી સદરો હેઠળના નોંધપાત્ર ફેરફારોના મુખ્ય અંશો **કોઠો 2.26** રજૂ કરે છે.

**કોઠો 2.26: 2020-21ની સરખામણીએ 2021-22 દરમિયાન મૂડી ખર્ચ**

(₹ કરોડમાં)

| હિસાબના મુખ્ય સદરો | 2020-21 | 2021-22 | ફેરફાર | ફેરફાર (ટકાવારી) |
|---|---|---|---|---|
| 5452- પ્રવાસન પર મૂડી જોગવાઇ | 812.80 | 1,519.21 | 706.41 | 86.91 |
| 4215-પાણી પુરવઠો અને સ્વચ્છતા પર મૂડી જોગવાઇ | 3,887.74 | 4,567.11 | 679.37 | 17.47 |
| 4210- તબીબી અને જાહેર આરોગ્ય પર મૂડી જોગવાઇ | 721.39 | 1,137.40 | 416.01 | 57.67 |
| 4515- અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો પર મૂડી જોગવાઇ | 934.75 | 1,293.85 | 359.10 | 38.42 |
| 4211- પરિવાર કલ્યાણ પર મૂડી જોગવાઇ | 5.49 | 298.17 | 292.68 | 5331.15 |
| 4216- આવાસન પર મૂડી જોગવાઇ | 468.49 | 701.39 | 232.90 | 49.71 |
| 4700- મોટી સિંચાઇ પર મૂડી જોગવાઇ | 2,114.07 | 2,346.71 | 232.64 | 11.00 |
| 4801- ઉર્જા યોજનાઓ પર મૂડી જોગવાઇ | 3,172.22 | 3,391.76 | 219.54 | 6.92 |
| 4810-નવી અને પુનઃપ્રાપ્ય ઉર્જા પર મૂડી જોગવાઇ | 350.00 | 506.31 | 156.31 | 44.66 |
| 4406- વન સંવર્ધન અને વન્ય જીવન પર મૂડી જોગવાઇ | 607.05 | 730.84 | 123.79 | 20.39 |
| 4055-પોલીસ પર મૂડી જોગવાઇ | 228.49 | 345.39 | 116.90 | 51.16 |
| 5053- નાગરિક ઉડ્ડયન પર મૂડી જોગવાઇ | 53.28 | 162.90 | 109.62 | 205.74 |

| હિસાબના મુખ્ય સદરો | 2020-21 | 2021-22 | ફેરફાર | ફેરફાર (ટકાવારી) |
|---|---|---|---|---|
| 5054- માર્ગો અને પુલો પર મૂડી જોગવાઇ | 5,451.70 | 5,328.50 | (-)123.20 | (-)2.26 |
| 4217- શહેરી વિકાસ પર મૂડી જોગવાઇ | 712.61 | 571.82 | (-)140.79 | (-)19.76 |
| 4250- સામાજીક સેવાઓ પર મૂડી જોગવાઇ | 420.24 | 228.39 | (-)191.85 | (-)45.65 |
| 4701- મધ્યમ સિંચાઇ પર મૂડી જોગવાઇ | 2,162.05 | 1,480.15 | (-)681.90 | (-)31.54 |
| 4856- પેટ્રોકેમીકલ ઉદ્યોગ પર મૂડી જોગવાઇ | 1,087.50 | 0.00 | (-)1,087.50 | (-)100.00 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

### 2.4.3.2 મૂડી ખર્ચની ગુણવત્તા

જો રાજ્ય સરકાર નુકસાન કરતી સરકારી કંપનીઓ જેના ચોખ્ખા મૂલ્યનું સંપૂર્ણ ધોવાણ થઇ ગયું હોય તેમાં મૂડીરોકાણ કરવાનું ચાલુ રાખે તો મૂડીરોકાણ પર વળતર મેળવવાની તકો નહીવત થઇ જાય છે. એજ રીતે, નુકસાન કરતા નિગમો અને અન્ય સંસ્થાઓ જેવી કે ખાંડ મિલો, નાણાકીય નિગમો, વગેરેને આપવામાં આવેલી લોન માંડી વાળવાની અનિવાર્યતા અનુભવે દેખાડી છે. આવી નાણાકીય કામગીરીમાં પારદર્શિતા જાળવવા માટે જરૂરી પગલા લેવાની આવશ્યકતા છે.

આ અનુભાગ ચાલુ વર્ષ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા મૂડીરોકાણ અને અન્ય મૂડી ખર્ચનું વિશ્લેષણ રજૂ કરે છે.

#### *કંપનીઓ, નિગમો અને અન્ય સંસ્થાઓમાં કરવામાં આવેલા મૂડીરોકાણની ગુણવત્તા*

રાજ્ય સરકારના વાર્ષિક નાણાકીય હિસાબોનું પત્રક નં. 19, વૈધાનિક નિગમો, સરકારી કંપનીઓ, ગ્રામીણ બેંકો, જોઇન્ટ સ્ટોક કંપનીઓ, સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓમાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા મૂડીરોકાણની વિગતો સમાવે છે. 31 માર્ચ 2022ની સ્થિતિએ રાજ્ય સરકારે આ કંપનીઓ/નિગમો/સંસ્થાઓમાં ₹ 1,16,485 કરોડનું રોકાણ કર્યુ હતું **(કોઠો 2.27)**.

**કોઠો 2.27: મૂડીરોકાણ પર વળતરનું વલણ**

**(₹ કરોડમાં)**

| મૂડીરોકાણ/વળતરની વિગતો | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| વૈધાનિક નિગમો | 3,249 | 3,488 | 3,752 | 4,221 | 4,638 |
| ગ્રામીણ બેંકો | 14 | 14 | 14 | 14 | 14 |
| સરકારી કંપનીઓ | 82,416 | 88,865 | 95,702 | 1,02,832 | 1,11,360 |
| નગરપાલિકાઓ, પોર્ટ ટ્રસ્ટો | 00 | 00 | 00 | 00 | 00 |
| સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓ | 402 | 404 | 418 | 418 | 420 |
| અન્ય જોઇન્ટ સ્ટોક કંપનીઓ અને ભાગીદારીઓ | 33 | 33 | 33 | 33 | 53 |
| **વર્ષના અંતે મૂડીરોકાણ** | 86,114 | 92,804 | 99,919 | 1,07,518 | 1,16,485 |
| મેળવેલુ વળતર/ડિવિડન્ડ (₹ કરોડમાં) | 96.30 | 120.03 | 88.99 | 131.04 | 134.25 |
| મૂડીરોકાણ પર વળતર (ટકા) | 0.11 | 0.13 | 0.09 | 0.12 | 0.12 |

| મૂડીરોકાણ/વળતરની વિગતો | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| વૈધાનિક નિગમો | 3,249 | 3,488 | 3,752 | 4,221 | 4,638 |
| સરકારના ઋણ પર વ્યાજનો સરેરાશ દર[15] (ટકા) | 7.59 | 7.44 | 7.47 | 7.29 | 7.12 |
| સરકારના ઋણ અને વળતર પર વ્યાજના સરેરાશ દર વચ્ચે તફાવત (ટકા) | 7.48 | 7.31 | 7.38 | 7.17 | 7.00 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**કોઠો 2.27** દર્શાવે છે કે રાજ્ય સરકારના મૂડીરોકાણમાં 2017-22 દરમિયાન ₹ 30,371 કરોડ જેટલો વધારો થયો હતો. 2021-22 દરમિયાન, રાજ્ય સરકારે અગાઉના વર્ષની તુલનાએ ₹ 8,967 કરોડનું વધારાનુ મૂડીરોકાણ કર્યું હતું જેમાં ₹ 8,528 કરોડનું સરકારી કંપનીઓમાં અને ₹ 417 કરોડનું વૈધાનિક નિગમોમાં કરેલુ રોકાણ સામેલ હતું. 2021-22 દરમિયાન સરકારી કંપનીઓમાં કરવામાં આવેલા ₹ 8,528 કરોડના રોકાણ પૈકી, ₹ 3,710 કરોડનું (44 ટકા) રોકાણ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડમાં અને ₹ 2,292 કરોડનું (27 ટકા) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડમાં કરવામાં આવ્યું હતું.

**કોઠો 2.27** એ પણ દર્શાવે છે કે આ કંપનીઓ/નિગમો/સંસ્થાઓમાં કરવામાં આવેલા મૂડીરોકાણ પર 2021-22 દરમિયાન સરેરાશ વળતર[16] 0.12 ટકા હતું જ્યારે એ જ સમયગાળામાં સરકારે તેણે લીધેલા ઋણ પર 7.12 ટકા સરેરાશ વ્યાજ ચૂકવ્યુ હતું.

નુકશાન કરતી કંપનીઓ અને જે કંપનીઓના ચોખ્ખા મૂલ્યનું સંપૂર્ણ ધોવાણ થઇ ગયું હોય તેમાં વર્ષ દરમિયાન કરવામાં આવેલું મૂડીરોકાણ **કોઠા 2.28** અને **કોઠા 2.29**માં આપવામાં આવ્યું છે

**કોઠો 2.28: નુકસાન કરતી કંપનીઓમાં કરવામાં આવેલુ મૂડીરોકાણ**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક. | કંપની/નિગમ | 2020-21 દરમિયાન નુકશાન # | 2020-21 સુધીનું સંચિત નુકશાન # | 2021-22 દરમિયાન કરવામાં આવેલું મૂડીરોકાણ * | 31 માર્ચ 2022 ના રોજ એકત્રિત મૂડીરોકાણ * |
|---|---|---|---|---|---|
| 1. | સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (SSNNL) | 739.32 | 6,741.42 | 2,292.11 | 67,848.39 |

સ્રોત: # રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી.

- વર્ષ 2021-22 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબોમાંથી માહિતી

[15] સરકારના ઋણ પર વ્યાજનો સરેરાશ દર = {વ્યાજની ચૂકવણી /[(પાછલા વર્ષની કુલ બાકી જવાબદારીઓની રકમ + ચાલુ વર્ષની કુલ બાકી જવાબદારીઓ)/2]} * 100

[16] તે વૈધાનિક નિગમો, સરકારી કંપનીઓ, ગ્રામિણ બેંકો, જોઇન્ટ સ્ટોક કંપનીઓ, સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓમાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા મૂડીરોકાણ પર મેળવેલું ડિવિડન્ડ છે.

## કોઠો 2.29: ચોખ્ખા મૂલ્યનું પુરેપુરૂં ધોવાણ થઇ ગયુ હોય એવી કંપનીઓમાં કરવામાં આવેલું રોકાણ

*(₹ કરોડમાં)*

| ક્રમાંક. | કંપની/ નિગમ | 31 માર્ચ 2019ના રોજ ચોખ્ખુ મૂલ્ય # | 2021-22 દરમિયાન કરવામાં આવેલુ રોકાણ * | 31 માર્ચ 2022ના રોજ એકત્રિત મૂડીરોકાણ * |
|---|---|---|---|---|
| 1. | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) | (-)406.49 | 413.37 | 4,425.75 |

સ્રોત: # રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોએ રજૂ કરેલી માહિતી. વર્ષ 2019-20 અને 2020-21 માટેના નાણાકીય પત્રકોને ગુજરાત માર્ગ વાહન વ્યવહાર દ્વારા હજી અંતિમરૂપ આપવામાં આવ્યુ નથી.

* વર્ષ 2021-22 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબોમાંથી માહિતી.

2021-22 દરમિયાન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલુ ₹ 8,966.38 કરોડનું વધારાનું મૂડીરોકાણ કુલ મૂડી ખર્ચના (₹ 28,185.04 કરોડ) 31.81 ટકા થતું હતું. ₹ 8,966.38 કરોડના આ વધારાના મૂડીરોકાણમાં ₹ 2,292.11 કરોડનું મૂડીરોકાણ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ, જે 2015-16થી ખોટ કરતુ હતું તેમાં અને ₹ 413.37 કરોડનું ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ જે 1973-74થી ખોટ કરતું આવ્યું છે તેમાં હતું. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનું એકત્રિત નુકશાન 2020-21ના અંતે ₹ 6,741.42 કરોડ હતું જ્યારે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનું એકત્રિત નુકશાન 2018-19ના અંતે ₹ 3,830.72 કરોડ હતું.

નુકશાન કરતી કંપનીઓમાં કરવામાં આવેલા મૂડીરોકાણ પર અને કંપનીઓ જેમાં તેમના એકત્રિત નુકશાનના પરિણામે ચોખ્ખા મૂલ્યનું સંપૂર્ણ ધોવાણ થઇ ગયું હોઈ તેમાંથી વળતરની શક્યતા નહીંવત છે.

### *સ્માર્ટ સિટી યોજનામાં મૂડીરોકાણનું અયોગ્ય હિસાબી વર્ગીકરણ*

સ્માર્ટ સિટી મિશનના નિવેદન અને ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી તારીખ જૂન 2015ની માર્ગદર્શિકા મુજબ "વિશેષ હેતુ માટેનું સાધન (SPV) શહેરના સ્તરે કંપની અધિનિયમ, 2013 હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપની હશે, જેમાં રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ અને શહેરી સ્થાનિક સંસ્થા 50:50 શેરમૂડી ધારક પ્રમોટર રહેશે. રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ અને શહેરી સ્થાનિક સંસ્થાની 50:50ની શેરમૂડી ધારકની ભાત જળવાઇ રહે અને રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ અને શહેરી સ્થાનિક સંસ્થા મળીને બહુમતી શેરમૂડી ધારક બન્યા રહે અને વિશેષ હેતુ માટેના સાધન નું નિયંત્રણ ધરાવતા હોય, એ શરતે ખાનગી ક્ષેત્ર અથવા નાણાકીય સંસ્થાઓને વિશેષ હેતુ માટેના સાધનમાં શેરમૂડીનો હિસ્સો લેવા માટે વિચારણામાં લઇ શકાય".

છ સ્માર્ટ સિટી કંપનીઓ એટલે કે સ્માર્ટ સિટી અમદાવાદ ડેવલપમેન્ટ લિમિટેડ, દાહોદ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ, ગાંધીનગર સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ, રાજકોટ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ, સુરત સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ અને વડોદરા સ્માર્ટ સિટી

ડેવલપમેન્ટ લિમિટેડની ગુજરાતમાં રચના કરવામાં આવી હતી. એવું ધ્યાન પર આવ્યુ હતું કે ₹ 500.07 કરોડની[17] રકમનો આ કંપનીઓમાં રાજ્ય સરકારનો ફાળો ખર્ચના મૂડી સદર હેઠળ દર્શાવવામાં આવી રહ્યો નથી અને નાણાકીય હિસાબોના 'પત્રક 19-સરકારના મૂડીરોકાણનુ વિગતવાર પત્રક'માં પણ પ્રતિબિંબિત થતુ નથી. આ કંપનીઓમા તબદીલ કરેલી રકમ મહેસૂલી ખર્ચ તરીકે આ કંપનીઓને સહાયક અનુદાન તરીકે નોંધવામાં આવતી હતી.

આ બાબત શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગના ધ્યાન પર લાવવામાં આવી હતી (જૂન 2022). તેમનો જવાબ મળ્યો નથી (ડિસેમ્બર 2022).

### *ચૂકવેલી અને વસૂલ કરેલી લોન અને પેશગીઓનું પ્રમાણ*

સહકારી સોસાયટીઓ, નિગમો અને કંપનીઓમાં મૂડીરોકાણ ઉપરાંત, રાજ્ય સરકારે આ સંસ્થાઓ/સંગઠનો પૈકી ઘણાને લોન અને પેશગીઓ પણ પૂરી પાડી છે.

**કોઠો 2.30**, 2017-18થી 2021-22ના પાંચ વર્ષના સમયગાળા માટે 31 માર્ચ 2022ના રોજ બાકી લોન અને પેશગીઓ સાથે વ્યાજની આવકની સામે વ્યાજની ચૂકવણીનું વલણ રજૂ કરે છે.

**કોઠો 2.30: 2017-22 દરમિયાન ચૂકવેલી અને વસૂલ કરેલી લોનનુ પ્રમાણ**

**(₹ કરોડમાં)**

| લોન/વ્યાજની આવક/ ઋણના ખર્ચનું પ્રમાણ | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| ખુલતી સિલક | 7,638 | 7,923 | 9,503 | 10,485 | 12,235* |
| વર્ષ દરમિયાન આપેલી પેશગીની રકમ | 631 | 1,731 | 1,312 | 1,233 | 1,071 |
| વર્ષ દરમિયાન વસૂલ કરેલી રકમ | 346 | 151 | 330 | 155 | 155 |
| બંધ સિલક | 7,923 | 9,503 | 10,485 | 11,563 | 13,151 |
| લોન જેના માટે શરતો નક્કી કરવામાં આવી નથી | 521 | 1,296 | 905 | 632 | 446 |
| વર્ષ દરમિયાન ચોખ્ખો ઉમેરો | 285 | 1,580 | 982 | 1,078 | 916 |
| આપેલી લોન પર વ્યાજની આવક | 88 | 74 | 62 | 63 | 77 |
| બાકી લોન અને પેશગીઓની ટકાવારી રૂપે વ્યાજની આવક | 1.13 | 0.85 | 0.62 | 0.57 | 0.61 |
| ચૂકવેલુ વ્યાજ | 18,954 | 20,183 | 22,449 | 24,203 | 25,188 |
| સરકારના બાકી ઋણ પર ચૂકવેલા વ્યાજનો સરેરાશ દર (ટકા) | 7.59 | 7.44 | 7.47 | 7.29 | 7.12 |
| ચૂકવેલ વ્યાજનો દર અને મળેલા વ્યાજના દર વચ્ચેનો તફાવત (ટકા) | 6.46 | 6.59 | 6.85 | 6.72 | 6.51 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

* પ્રોફોર્મા સુધારાના કારણે ખુલતી સિલક પાછલા વર્ષની બંધ સિલકથી જુદી પડે છે.

[17] સ્માર્ટ સિટી અમદાવાદ ડેવલપમેન્ટ લિમિટેડ (₹ 100 કરોડ), દાહોદ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ (₹ 200 કરોડ), ગાંધીનગર સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ (₹ 0.02 કરોડ), રાજકોટ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ (₹0.05 કરોડ), સુરત સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ (₹ 100 કરોડ) અને વડોદરા સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ (₹ 100 કરોડ)

કોઠો દર્શાવે છે કે કુલ બાકી લોન અને પેશગીઓ 2020-21માં ₹ 12,235 કરોડ હતી તે વધીને 2021-22માં ₹ 13,151 કરોડ થઇ હતી. વર્ષ દરમિયાન આપવામાં આવેલી કુલ લોન (₹ 1,071 કરોડ) પૈકી ₹ 924 કરોડ સામાજીક સેવાઓ માટે, ₹ 114 કરોડ આર્થિક સેવાઓ માટે આપવામાં આવી હતી અને ₹ 33 કરોડ સરકારી કર્મચારીઓ માટે અને પરચુરણ હેતુઓ માટે આપવામાં આવી હતી. સામાજીક સેવાઓ માટે આપવામાં આવેલી લોનનો ઉપયોગ શહેરી વિકાસ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત જાતિ અને લઘુમતિઓના કલ્યાણ માટે કરવામાં આવ્યો હતો. આર્થિક સેવાઓ માટે આપવામા આવેલી લોનનો માટો ભાગ ઉર્જા ક્ષેત્ર (₹ 65 કરોડ) અને પરિવહન ક્ષેત્રના (₹ 49 કરોડ) ફાળે ગયો હતો.

લોન અને પેશગીઓની વસૂલાત 2021-22માં ₹ 155 કરોડ હતી જો કે, વર્ષ દરમિયાન આપવામાં આવેલી લોન અને પેશગીઓ પરની વ્યાજની આવક ₹ 14 કરોડ જેટલી વધી હતી.

ઉપરાંત, વર્ષ દરમિયાન આપવામાં આવેલી લોન (₹ 1,071 કરોડ) પૈકી, ₹ 446 કરોડની રકમની લોન વહીવટી વિભાગો અથવા નાણા વિભાગ દ્વારા લોનની પરત ચૂકવણીની શરતો અને ચૂકવવાપાત્ર વ્યાજનો દર નક્કી કર્યા વિના આપવામાં આવી હતી.

ઑડિટે અવલોકન કર્યુ હતુ કે નબળી નાણાકીય સ્થિતિના કારણે, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ વર્ષોથી વસૂલ કરેલો યાત્રી વેરો સરકારી ખાતામાં જમા કરી શકે એમ ન હતું અને તેના કર્મચારીઓને સાતમા પગાર પંચની પાછલી બાકી પણ ચૂકવી શકે એમ ન હતું. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા યાત્રી વેરાનો ઉપયોગ તેના ખર્ચાને પહોંચી વળવા માટે કરવામાં આવતો હતો. વહીવટી વિભાગે (બંદરો અને પરિવહન) નાણા વિભાગની મંજૂરીથી બાકી યાત્રી વેરાને (વર્ષ 2021-22 માટે) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને આપવામાં આવેલી લોન (₹ 48.65 કરોડ) તરીકે ગણ્યું હતું. જો કે, સંબંધિત મંજૂરીના હુકમોમાં પરતચૂકવણીનું સમયપત્રક અને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા ચૂકવવાપાત્ર વ્યાજ દર નિયત કરવામાં આવ્યા ન હતાં. 31 માર્ચ 2022ની સ્થિતિએ, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ પાસે લોનની ₹ 3,804 કરોડની બાકી સિલક હતી, જેમાં 2017-22 દરમિયાન આપવામાં આવેલ ₹ 735.10 કરોડનો સમાવેશ થાય છે.

### *નિષ્ક્રિય લોન ખાતાઓ*

નીચેના મુખ્ય સદરો હેઠળ, જુદી જુદી સંસ્થાઓ/સત્તાધિકારીઓને અગાઉના વર્ષોમાં આપવામાં આવેલી ₹ 833.30 કરોડની રકમની લોનની બાકી સિલકો નિષ્ક્રિય રહી હતી જેમાં ન તો મુદ્દલની પરતચૂકવણી કરવામાં આવી હતી કે ન છેલ્લા 13 વર્ષો (2009-22) માટે કોઇ વ્યાજની ચૂકવણી કરવામાં આવી હતી.

**કોઠો 2.31: નિષ્ક્રિય લોન ખાતાઓ**

(₹ કરોડમાં)

| મુખ્ય સદર | | 2009-22 |
|---|---|---|
| 6075 | પરચૂરણ સામાન્ય સેવાઓ માટે લોન | 11.51 |
| 6202 | શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ માટે લોન | 20.43 |
| 6215 | પાણી પુરવઠો અને સ્વચ્છતા માટે લોન | 323.73 |
| 6404 | ડેરી વિકાસ માટે લોન | 63.00 |
| 6702 | લઘુ સિંચાઈ માટે લોન | 25.79 |
| 6855 | ખાતર ઉદ્યોગ માટે લોન | 12.15 |
| 6859 | દૂરસંચાર અને ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ માટે લોન | 5.90 |
| 6860 | ઉપભોક્તા ઉદ્યોગ માટે લોન | 358.76 |
| 7052 | વહાણ માટે લોન | 9.41 |
| 7452 | પ્રવાસન માટે લોન | 2.62 |
| | **કુલ બાકી સિલકો** | **833.30** |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

આ બાકી લોનોની યોગ્ય સ્તરે સમીક્ષા કરવી જોઇએ અને વસૂલાત અથવા જરૂરી હોય તો માંડવાળ માટે પગલા લેવા જોઇએ.

## *અપૂર્ણ યોજનાઓમાં સ્થગિત થયેલી મૂડી*

અપૂર્ણ યોજનાઓ/કામોમાં સ્થગિત થયેલું ભંડોળ ખર્ચની ગુણવત્તા પર નકારાત્મક અસર કરે છે અને રાજ્યને ઇચ્છિત લાભોથી લાંબા સમયગાળા માટે વંચિત રાખે છે.

માર્ચ 2022ના અંતે 176 મૂડી કામો કે જે દરેકનું મૂલ્ય ₹ 10 કરોડ અથવા વધુ હતું અને જેની કામની પૂર્ણતાની તારીખ 31 માર્ચ 2022 અથવા તે પહેલાની હતી અને જેના પર ₹ 7,477.97 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો, તે અપૂર્ણ હતાં. અપૂર્ણ યોજનાઓની વર્ષ-વાર અને વિભાગ-વાર વિગતો અનુક્રમે **કોઠા 2.32** અને **કોઠા 2.33**માં આપી છે.

**કોઠો 2.32: 31 માર્ચ 2022ના રોજ અપૂર્ણ યોજનાઓ વય-વાર રૂપરેખા**

| વર્ષ | અપૂર્ણ યોજનાઓની સંખ્યા | અંદાજીત ખર્ચ | ખર્ચ (31 માર્ચ 2022 ના રોજ) |
|---|---|---|---|
| | (સંખ્યા) | (₹ કરોડમાં) | |
| 2013-14 | 1 | 30.11 | 16.91 |
| 2016-17 | 5 | 346.27 | 217.58 |
| 2017-18 | 22 | 2,105.36 | 1,883.96 |
| 2018-19 | 19 | 2,023.90 | 1,606.93 |
| 2019-20 | 57 | 4,129.01 | 2,736.70 |
| 2020-21 | 42 | 1,582.53 | 799.83 |
| 2021-22 | 30 | 530.81 | 216.06 |
| **કુલ** | **176** | **10,747.99** | **7,477.97** |

**કોઠો 2.33: 31 માર્ચ 2022ના રોજ અપૂર્ણ યોજનાઓની વિભાગ-વાર રૂપરેખા**

| વિભાગ | અપૂર્ણ યોજનાઓની સંખ્યા | અંદાજીત ખર્ચ | ખર્ચ |
|---|---|---|---|
| | (સંખ્યા) | (₹ કરોડમાં) | |
| માર્ગ અને મકાન | 159 | 6,821.42 | 3,852.32 |
| નર્મદા, જળ સંસાધન, પાણી પુરવઠો અને કલ્પસર | 17 | 3,926.57 | 3,625.65 |
| કુલ | **176** | **10,747.99** | **7,477.97** |

સ્રોત: વર્ષ 2021-22 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબોનું પરિશિષ્ટ IX.

ઉપરના કોઠા પરથી જોઇ શકાય છે કે પ્રારંભિક અંદાજપત્રીય ખર્ચના સંદર્ભમાં, 31 માર્ચ 2022ના રોજ, માર્ગ અને મકાન વિભાગે 159 અપૂર્ણ યોજનાઓ પર 56.47 ટકા ખર્ચ કર્યો હતો. જ્યારે નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગે 17 અપૂર્ણ યોજનાઓ પર 92.34 ટકા વાપર્યા હતાં.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ તેમના મૂડી કામો યોજના અમલીકરણ એકમો (Project Implementation Units) મારફત કરાવે છે જ્યારે ગૃહ વિભાગ તેમના મૂડી કામો પોલીસ આવાસન નિગમ લિમિટેડ મારફત કરાવે છે. એ જ રીતે, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગને લગતા સિંચાઇના કામો પૈકી કેટલાક સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવે છે. આટલા પ્રમાણમાં મૂડી કામોનુ નિરૂપણ નાણાકીય હિસાબોમાં પ્રતિબિંબિત થતુ નથી.

### *ઊર્જા ઉત્પાદન કંપનીઓ તરફ ઊર્જા વિતરણ કંપનીઓના (DISCOMs) દેવા*

ગુજરાતની ઊર્જા વિતરણ કંપનીઓ ઊર્જા ઉત્પાદન અને પ્રવાહન કંપનીઓને દેવાની નિયમિત ચૂકવણીની ખાતરી કરે છે. ત્વરિત ચૂકણીનું મહત્તમ વળતર મેળવવા માટે તેની ચૂકવણી પ્રથમ ચૂકવણીની તારીખે કરવામાં આવે છે. આથી, તેમને ચૂકવવા પાત્ર કોઇ બાકી દેવા નથી.

### 2.4.3.3 જાહેર-ખાનગી ભાગીદારી યોજનાઓ હેઠળ રાજ્યના સંસાધનોની ઉપલબ્ધતા

જાહેર ખાનગી ભાગીદારીએ (PPP) સરકાર અથવા વૈધાનિક સંસ્થા અને ખાનગી ક્ષેત્રની સંસ્થા વચ્ચે એક વ્યવસ્થા છે જે માળખાકીય વિકાસ માટેની લોકોની વધતી માંગણીઓને પહોંચી વળવા માટે સાથે કામ કરવા માટે માળખુ પૂરૂ પાડી તેમને સક્ષમ બનાવે છે

31 માર્ચ 2021ની સ્થિતિએ, માળખાકીય ક્ષેત્રમાં જાહેર ખાનગી ભાગીદારી યોજનાઓની સ્થિતિ કોઠા 2.34માં દર્શાવ્યા મુજબ હતી. ગુજરાત માળખાકીય વિકાસ બોર્ડ પાસેથી 31 માર્ચ 2022ની સ્થિતિએ માહિતી વારંવાર મંગાવવામાં આવી હતી છતાં તે હજી આવવાની બાકી છે (ડિસેમ્બર 2022).

**કોઠો 2.34:** માળખાકીય ક્ષેત્રમાં જાહેર ખાનગી ભાગીદારી યોજનાઓની સ્થિતિ

(₹ કરોડમાં)

| ક્રમાંક | ક્ષેત્ર | પૂર્ણ થયેલી/ કાર્યરત યોજનાઓ | | અમલીકરણ હેઠળની યોજનાઓ | | ભવિષ્ય માટે આયોજન | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | કુલ મૂડીરોકાણ | સંખ્યા | કરવામાં આવેલો ખર્ચ | સંખ્યા | અંદાજીત ખર્ચ |
| 1. | બંદરો | 73 | 82,944.63 | 23 | 29,888.75 | 8 | 4,585.56 |
| 2. | ઊર્જા | 2 | 36.50 | 1 | 43.30 | 0 | 0.00 |
| 3. | માર્ગો | 10 | 3,249.93 | 3 | 1,911.15 | 0 | 0.00 |
| 4. | માર્ગ પરિવહન | 9 | 720.63 | 9 | 818.65 | 0 | 0.00 |
| 5. | રેલ્વે | 1 | 520.00 | 1 | 2,538.01 | 0 | 0.00 |
| 6. | શહેરી માળખુ | 66 | 1,851.25 | 73 | 4,767.31 | 16 | 768.98 |

| ક્રમાંક | ક્ષેત્ર | પૂર્ણ થયેલી/ કાર્યરત યોજનાઓ | | અમલીકરણ હેઠળની યોજનાઓ | | ભવિષ્ય માટે આયોજન | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | કુલ મૂડીરોકાણ | સંખ્યા | કરવામાં આવેલો ખર્ચ | સંખ્યા | અંદાજીત ખર્ચ |
| 7. | પાણી | 0 | 0.00 | 7 | 2,361.27 | 0 | 0.00 |
| 8. | શિક્ષણ | 167 | 377.50 | 1 | 8,206.65 | 0 | 0.00 |
| 9. | આરોગ્ય | 1 | 22.64 | 0 | 0.00 | 0 | 0.00 |
| 10. | આઈ.ટી., ITES અને બાયોટેક | 0 | 0.00 | 1 | 89.55 | 0 | 0.00 |
| 11. | કૃષિ | 1 | 31.15 | 0 | 0.00 | 1 | 7.00 |
| | કુલ | **330** | **89,754.23** | **119** | **50,624.64** | **25** | **5,361.54** |

સ્રોત: ગુજરાત માળખાકીય વિકાસ બોર્ડ દ્વારા આપવામાં આવેલી માહિતી

**કોઠો 2.34** દર્શાવે છે 31 માર્ચ 2021ની સ્થિતિએ, ગુજરાતમાં માળખાકીય ક્ષેત્રમાં ₹ **1,40,379** કરોડના મૂલ્યની **449** જાહેર ખાનગી ભાગીદારી યોજનાઓ પૈકી, ₹ 89,754 કરોડના મૂલ્યની 330 યોજનાઓ માર્ચ 2021 સુધીમાં પૂર્ણ/શરૂ થઇ ગઇ હતી. મુખ્ય રોકાણો બંદરોના ક્ષેત્રમાં હતાં જેમાં ₹ 82,945 કરોડના મૂલ્યની 73 યોજનાઓ પૂર્ણ થઇ ગઇ હતી અને ₹ 29,889 કરોડના મૂલ્યની 23 યોજનાઓ અમલીકરણ હેઠળ હતી. શહેરી માળખા હેઠળ, ₹ 1,851 કરોડના મૂલ્યની 66 યોજનાઓ પૂર્ણ થઇ ગઇ હતી અને ₹ 4,767 કરોડના રોકાણવાળી 73 યોજનાઓ પ્રગતિમાં હતી. વધુમાં, શિક્ષણ ક્ષેત્ર હેઠળ, ₹ 378 કરોડના મૂલ્યની 167 યોજનાઓ પૂર્ણ થઇ ગઇ હતી અને ₹ 8,207 કરોડના રોકાણવાળી એક યોજના પ્રગતિમાં હતી.

### 2.4.4 ખર્ચની પ્રાથમિકતાઓ

રાજ્યમાં વધુ સારા સામાજીક અને ભૌતિક માળખાની ઉપલબ્ધતા સામાન્ય રીતે તેના ખર્ચની ગુણવત્તા પ્રતિબિંબિત કરે છે. રાજ્ય સરકાર માટે એ મહત્વનું છે કે માળખાકીય ખર્ચ – જે સામાજીક અને આર્થિક સેવાઓ પરનો ખર્ચ છે તેના પર ધ્યાન વધુ કેન્દ્રિત કરીને વિકાસકીય ખર્ચને યોગ્ય રીતે તર્કસંગત બનાવવો. માળખાકીય ખર્ચ માટે ફાળવણીમાં સુધારો કરવા ઉપરાંત, ખર્ચના ઉપયોગની કાર્યક્ષમતા પણ મૂડી ખર્ચ અને કુલ ખર્ચનો ગુણોત્તર અને શિક્ષણ અને આરોગ્ય પર કરવામાં આવતા મહેસૂલી ખર્ચના પ્રમાણ દ્વારા પ્રતિંબિંબિત થાય છે. કુલ ખર્ચની સામે આ ઘટકોનો ગુણોત્તર જેમ ઉંચો તેમ ખર્ચની ગુણવત્તા વધુ સારી ગણાય છે.

**કોઠો 2.35** 2017-18ને પાયાનું વર્ષ ગણીને 2021-22 દરમિયાન વિકાસકીય ખર્ચ, સામાજીક અને આર્થિક ક્ષેત્રો પરનો ખર્ચ અને મૂડી ખર્ચની બાબતમાં રાજ્ય સરકારની નાણાકીય પ્રાથમિકતાઓની ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો સાથે સરખામણી કરે છે.

**કોઠો 2.35: 2017-18 અને 2021-22 માં રાજ્યની ખર્ચની પ્રાથમિકતા**

| રાજ્યની રાજકોષીય પ્રાથમિકતા | AE/ GSDP | SSE/ AE | ESE/ AE | DE/ AE | CE/ AE | શિક્ષણ /AE | આરોગ્ય/ AE |
|---|---|---|---|---|---|---|---|
| **2017-18માં આની ટકાવારી** | | | | | | | |
| ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો | 16.13 | 36.65 | 31.17 | 67.82 | 15.56 | 15.17 | 5.09 |
| ગુજરાત | 10.91 | 38.70 | 31.78 | 70.48 | 18.58 | 15.02 | 5.87 |
| **2021-22માં આની ટકાવારી** | | | | | | | |
| ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો | 15.84 | 38.31 | 28.44 | 66.74 | 14.41 | 14.66 | 6.20 |
| ગુજરાત | 9.76 | 40.89 | 28.84 | 69.73 | 15.42 | 14.61 | 7.51 |
| AE: એકંદર ખર્ચ (તે કુલ ખર્ચ છે); DE: વિકાસકીય ખર્ચ; SSE: સામાજીક ક્ષેત્રનો ખર્ચ; ESE: આર્થિક ક્ષેત્રનો ખર્ચ; CE: મૂડી ખર્ચ. | | | | | | | |

સ્રોત: આર્થિક સલાહકાર દ્વારા આપવામાં આવેલી માહિતી, સંબંધિત વર્ષો માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**કોઠો 2.35 નીચેની બાબતો વ્યક્ત કરે છે:**

- ગુજરાતમાં 2017-18માં 10.91 ટકા અને 2021-22માં 9.76 ટકા જેટલી રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે કુલ ખર્ચની ટકાવારી ઉત્તર પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો કરતાં નીચી હતી જે રાજ્યના અર્થતંત્રમાં ખાનગી ક્ષેત્રની અધિક ભાગીદારી દર્શાવે છે.

- વિકાસકીય ખર્ચમાં આર્થિક સેવાઓનો ખર્ચ અને સામાજીક સેવાઓનો ખર્ચ સામેલ હોય છે. ગુજરાતમાં કુલ ખર્ચની ટકાવારી રૂપે વિકાસકીય ખર્ચ ઉત્તર પૂર્વ અને હિમાલય સિવાયના રાજ્યો કરતાં, 2017-18 અને 2021-22 દરમિયાન બન્નેમાં, ઉંચો હતો.

- ગુજરાતમાં કુલ ખર્ચની ટકાવારીની રીતે સામાજીક સેવાઓ, આર્થિક સેવાઓ અને મૂડી ખર્ચ, અને આરોગ્ય પરનો ખર્ચ ઉત્તર પૂર્વ અને હિમાલયના રાજ્યો કરતાં 2017-18 અને 2021-22 બન્ને દરમિયાન ઉંચો હતો.

- 2017-18 અને 2021-22 દરમિયાન, કુલ ખર્ચની સામે શિક્ષણ પરના ખર્ચનો ગુણોત્તર ગુજરાતમાં ઉત્તર પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યો કરતાં નજીવા પ્રમાણમાં નીચો હતો.

## 2.4.5 હેતુ સદર મુજબ ખર્ચ

નાણાકીય હિસાબો માત્ર ગૌણ સદરના સ્તર સુધીના વ્યવહારો દર્શાવે છે. આથી, અંદાજપત્રીય ફાળવણીઓ અને હેતુ સદરના સ્તર સુધી કરવામાં આવેલા ખર્ચના પ્રમાણનું વિગતવાર ચિત્રણ **કોઠા 2.36**માં આપ્યુ છે.

**કોઠો 2.36: અંદાજપત્રીય અધિકૃતતા સામે હેતુ સદર મુજબ ખર્ચ**

(₹ કરોડમાં)

| સદર | અંદાજપત્ર | ખર્ચ | ઉપયોગની ટકાવારી |
|---|---|---|---|
| સહાયક અનુદાન | 66,230.75 | 67,730.02 | 102.26 |
| વ્યાજ | 26,000.57 | 25,154.88 | 96.75 |
| પગાર | 24,639.13 | 11,940.00 | 48.46 |
| ઋણની પરત ચૂકવણી | 24,463.35 | 24,436.01 | 99.89 |
| સહાયકી | 22,071.30 | 22,335.37 | 101.20 |
| મોટા કામો | 18,716.58 | 13,977.90 | 74.68 |
| નિવૃત્તિ અંગેના ખર્ચા | 13,264.45 | 13,009.28 | 98.08 |
| અન્ય મૂડી ખર્ચ | 7,635.23 | 7,829.32 | 102.54 |
| મૂડીરોકાણ | 7,310.84 | 6,726.80 | 92.01 |
| મૂડીગત અસ્ક્યામતોના સર્જન માટે સ્થાનિક સંસ્થાઓને અનુદાન | 5,422.46 | 2,077.87 | 38.32 |
| અન્ય ખર્ચ | 5,184.88 | 4,826.33 | 93.08 |
| નાના કામો | 2,747.59 | 2,687.26 | 97.80 |
| કચેરી ખર્ચ | 2,345.24 | 672.09 | 28.66 |
| શિષ્યવૃત્તિઓ/સ્ટાઇપેન્ડ | 2,231.12 | 2,996.84 | 134.32 |
| આંતર-હિસાબી તબદીલીઓ | 2,145.00 | 2,355.29 | 109.80 |
| પુરવઠો અને માલસામાન | 1,629.80 | 1,246.35 | 76.47 |
| લોન અને પેશગીઓ | 1,423.29 | 1,071.15 | 75.26 |
| અન્ય કરારગત સેવાઓ | 979.17 | 944.55 | 96.46 |
| મશીનરી અને સાધનસામગ્રી | 973.69 | 673.58 | 69.18 |
| ઓવરટાઇમ ભથ્થા | 518.09 | 464.24 | 89.61 |
| વેતન | 444.26 | 421.74 | 94.93 |
| રેશનનો ખર્ચ (આહાર ખર્ચ) | 394.42 | 137.84 | 34.95 |
| પંચાયતોને ફાળો | 363.68 | 2,489.24 | 684.46 |
| મોટર વાહનો | 329.43 | 235.33 | 71.44 |
| વ્યાવસાયિક સેવાઓ | 233.73 | 200.80 | 85.91 |
| જાહેરાતો અને પ્રચાર | 210.07 | 149.25 | 71.05 |
| ઘરેલુ પ્રવાસ ખર્ચ | 174.13 | 137.09 | 78.73 |

| સદર | અંદાજપત્ર | ખર્ચ | ઉપયોગની ટકાવારી |
|---|---|---|---|
| પેટ્રોલ,ઓઇલ અને ઉંજણ | 131.16 | 142.64 | 108.75 |
| ભાડા, દર અને કરવેરા | 124.92 | 103.50 | 82.85 |
| વસ્ત્રો અને તંબુ | 38.63 | 43.35 | 112.22 |
| તદર્થ નાણાકીય સહાય | 35.79 | 72.69 | 203.10 |
| અન્ય વહીવટી ખર્ચ | 30.01 | 13.08 | 43.59 |
| પ્રકાશન | 26.94 | 10.61 | 39.38 |
| શસ્ત્રો અને દારૂગોળો | 26.41 | 17.19 | 65.09 |
| ગુપ્ત સેવાનો ખર્ચ | 7.11 | 10.25 | 144.16 |
| ઘસારો | 2.80 | 2.80 | 100.00 |
| પુરસ્કાર | 2.42 | 1.00 | 41.32 |
| વિદેશ પ્રવાસનો ખર્ચ | 0.44 | 0.06 | 13.64 |
| અન્ય | 880.34 | 11.84 | 1.34 |
| કુલ | 2,39,389.22 | 2,17,355.43 | 90.80 |

સ્રોત: પ્રધાન મહાલેખાકારની (હિસાબ અને હક) કચેરી દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતી

એ જોઇ શકાય છે કે ₹ 2,39,389.22 કરોડની કુલ અંદાજપત્રીય ફાળવણીમાંથી, 2021-22 દરમિયાન જુદા જુદા હેતુ સદરો પરનો ખરેખર ખર્ચ ₹ 2,17,355.43 કરોડ (90.80 ટકા) થયો હતો. ઉપર જણાવેલા 39 હેતુ સદરો પૈકી, 11 સદરો હેઠળ અંદાજપત્રીય ફાળવણીના 100 ટકા અથવા અધિક ખર્ચ કરવામાં આવ્યો હતો. 17 હેતુ સદરો હેઠળ, કરવામાં આવેલો ખર્ચ અંદાજપત્રીય ફાળવણીના 70 ટકા અને 100 ટકા વચ્ચે હતો, જ્યારે બાકીના 11 હેતુ સદરોમાં કરવામાં આવેલો ખર્ચ અંદાજપત્રીય ફાળવણીના 70 ટકા કરતાં ઓછો હતો. ટોચના સાત હેતુ સદરોનો વૃક્ષરૂપી નક્શો (ટ્રી-મેપ) **આલેખ 2.12**માં દર્શાવ્યો છે.

**આલેખ 2.12: હેતુ સદર મુજબ ખર્ચ**



## 2.5 આકસ્મિક નિધિ

આકસ્મિક નિધિ એક અગ્રદાયના રૂપમાં હોય છે જેની રચના કાયદા દ્વારા રાજ્યની વિધાનસભા દ્વારા કરવામાં આવે છે, અને અણધાર્યા ખર્ચને પહોંચી વળવા, રાજ્યની વિધાનસભા દ્વારા આવા ખર્ચને અધિકૃતી મળે ત્યાં સુધી પેશગીઓ આપી શકાય એ માટે રાજ્યપાલના હવાલે મુકવામાં આવે છે. નિધિની ભરપાઇ રાજ્યના સંચિત નિધિના સંબંધિત કાર્યલક્ષી મુખ્ય સદર ખાતે ઉધારીને કરવામાં આવે છે. ગુજરાત સરકારના આકસ્મિક નિધિમાં ₹ 200 કરોડનો કોષ છે. 2021-22 દરમિયાન ₹ 62.16 કરોડની રકમ આકસ્મિક નિધિમાંથી ઉપાડવામાં આવી હતી અને અણધાર્યા ખર્ચને પહોંચી વળવા માટે ખર્ચવામાં આવી હતી. પૂરેપૂરી રકમ નાણાકીય વર્ષ પૂર્ણ થયા પહેલાં ભરપાઇ કરવામાં આવી હતી.

## 2.6 જાહેર હિસાબ

કેટલાક વ્યવહારો જેમ કે નાની બચત, ભવિષ્ય નિધિ, અનામત ભંડોળ, થાપણો, ઉપલક, ભરણાં, વગેરેની બાબતમાં આવક અને ચૂકવણીઓ જે સંચિત નિધિનો ભાગ બનતા નથી તેને બધારણની કલમ 266 (2) હેઠળ સ્થાપવામાં આવેલ જાહેર હિસાબમાં રાખવામાં આવે છે અને રાજ્ય વિધાનસભા દ્વારા મતપાત્ર હોતા નથી. સરકાર આ બાબતમાં બેંકર તરીકેની ભૂમિકા ભજવે છે. વર્ષ દરમિયાન ચૂકવણીઓ બાદ રહેલી સિલક એ સરકાર પાસે જુદા જુદા હેતુઓ માટે ઉપલબ્ધ ભંડોળ હોય છે.

### 2.6.1 જાહેર હિસાબમાં ચોખ્ખી સિલકો

માર્ચ 2022ના અંતે રાજ્યના જાહેર હિસાબમાં રહેલી ઘટક મુજબ ચોખ્ખી સિલકો નીચે મુજબ હતી:

**કોઠો 2.37: વર્ષની 31 માર્ચના રોજ જાહેર હિસાબમાં ઘટક મુજબ ચોખ્ખી સિલકો**

**(₹ કરોડમાં)**

| ક્ષેત્ર | પેટા-ક્ષેત્ર | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|---|
| I. નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે | નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે. | 10,400.17 | 10,608.63 | 10,601.21 | 10,445.80 | 10,179.76 |
| J. અનામત ભંડોળ | (a) વ્યાજપાત્ર અનામત ભંડોળ | 2,355.14 | 1,504.58 | 1,818.03 | 1,073.02 | 1,527.94 |
| | (b) વ્યાજ વગરનું અનામત ભંડોળ | 12,576.73 | 13,998.70 | 15,014.72 | 6,911.30 | 9,216.94 |
| K. થાપણો અને પેશગીઓ | (a) વ્યાજપાત્ર થાપણો | 12,954.29 | 13,677.83 | 14,073.56 | 14,476.68 | 14,476.34 |
| | (b) વ્યાજ વગરની થાપણો | 17,175.71 | 18,454.00 | 20,525.16 | 22,478.03 | 22,415.43 |

| ક્ષેત્ર | પેટા-ક્ષેત્ર | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|---|
| | (c) પેશગીઓ | (-)0.79 | (-)0.73 | (-)0.71 | (-)0.70 | (-)0.70 |
| L. ઉપલક અને પ્રકિર્ણ | (a) ઉપલક | (-)447.98 | (-)516.66 | (-)303.87 | (-)321.72 | (-)296.69 |
| | (b) અન્ય હિસાબો[18] | 972.81 | 314.30 | (-)1,561.23 | (-)2,704.49 | (-)267.37 |
| | (c) વિદેશી સરકારો સાથેના હિસાબો | (-)0.59 | (-)0.59 | (-)0.59 | (-)0.59 | (-)0.59 |
| | (d) પ્રકીર્ણ | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| M. ભરણાં | (a) મની ઓર્ડર અને અન્ય ભરણાં | 969.48 | 637.47 | 738.56 | 868.58 | 963.11 |
| | (b) આંતર-સરકારી સમાયોજન હિસાબ | (-)1.26 | (-)1.26 | (-)1.64 | (-)1.94 | (-)1.99 |
| કુલ | | 56,953.71 | 58,676.27 | 60,903.20 | 53,223.97 | 58,212.18 |

સ્રોત:સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

નોંધ: +ve ઉધાર સિલક સૂચવે છે અને –ve જમા સિલક સૂચવે છે.

રાજ્યના જાહેર હિસાબમાં ચોખ્ખી સિલકો 2017-18માં ₹ 56,953.71 કરોડ હતી તે વધીને 2021-22માં ₹ 58,212.18 કરોડ થઇ હતી. પાછલા વર્ષની તુલનાએ 2021-22 દરમિયાન જાહેર હિસાબમાં ચોખ્ખી સિલકો 9.37 ટકા જેટલી વધી હતી.

### 2.6.2 અનામત ભંડોળો

અનામત ભંડોળોની રચના રાજ્ય સરકારના જાહેર હિસાબો હેઠળ ચોક્કસ અને વ્યાખ્યાયિત હેતુઓ માટે કરવામાં આવે છે. આ ભંડોળો ફાળો અથવા રાજ્યના સંચિત નિધિમાંથી અનુદાનથી નિભાવવામાં આવે છે.

2021-22 દરમિયાન ચોક્કસ હેતુ માટે અંકિત કરેલા 17 અનામત ભંડોળો હતાં જે પૈકી વ્યાજુકા ચાર અનામત ભંડોળોમાં ₹ 1,527.94 કરોડની સિલક હતી અને 13 ભંડોળો વ્યાજ વગરના હતાં જેમાં ₹ 9,216.94 કરોડની સિલક હતી. 31 માર્ચ 2022ના રોજ આ ભડોળોમાં કુલ એકત્રિત સિલક ₹ 10,744.88 કરોડ હતી જે પૈકી ₹ 7,576.15 કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું.

17 અનામત ભંડોળો પૈકી, ₹ 2.11 કરોડની સિલક ધરાવતા પાંચ અનામત ભંડોળો નિષ્ક્રિય હતાં, જેમાંથી ચાર અનામત ભંડોળ (₹ 2.10 કરોડ) 1999-2000થી નિષ્ક્રિય હતાં જ્યારે એક અનામત ભંડોળ (₹ 0.01 કરોડ) 2014-15થી નિષ્ક્રિય હતું.

[18] L હેઠળ અન્ય હિસાબો – ઉપલક અને પ્રકીર્ણમાં રોકડ સિલક રોકાણ હિસાબ, કાયમી રોકડ અગ્રદાય અને વિભાગીય સિલકો સામેલ થતા નથી.

### 2.6.2.1 સંચિત ડૂબત નિધિ

રાજ્ય સરકારે બાકી જવાબદારીઓની ઋણમુક્તિ માટે 2003-04માં સંચિત ડૂબત નિધિની રચના કરી હતી. આ ભંડોળના વહીવટ માટે જવાબદાર છે, તે ભારતીય રિઝર્વ બેંકે સંચિત ડૂબત નિધિનો વ્યાપ વધારી નાણાકીય વર્ષ 2007-08થી સરકારની જવાબદારીઓનો (આંતરિક ઋણ+જાહેર હિસાબની જવાબદારીઓ) સમાવેશ કરવા માટે માર્ગદર્શિકા જારી કરી હતી. વધુમાં, રાજ્ય સરકાર દ્વારા જારી કરવામાં આવેલી સંચિત ડૂબત નિધિ માટેની નવીનતમ માર્ગદર્શિકા (2017-18) મુજબ, વર્ષ 2018-19 અને ત્યારબાદ ભંડોળનો લઘુત્તમ કોષ રાજ્યની બાકી જવાબદારીઓના પાંચ ટકા હોવો જોઇએ અને ત્યારબાદ રોલીંગના આધારે જાળવી રાખવો.

2021-22 દરમિયાન સંચિત ડૂબત નિધિમાં રાજ્ય સરકારે ₹ 2,024.18 કરોડ જેટલો ફાળો આપ્યો હતો. 2021-22 દરમિયાન સંચિત ડૂબત નિધિમાં ફાળો ₹ 10,531.38 કરોડ જેટલો ઓછો હતો કારણ કે ₹ 17,894.60 કરોડના લઘુત્તમ કોષની સામે ભંડોળમાં બંધ સિલક ₹ 7,363.22 કરોડ હતી. રાજ્ય સરકારે 2021-22 દરમિયાન ભંડોળમાં ₹ 443.07 કરોડનું ઉપાર્જિત વ્યાજ જમા કર્યું હતું.

31 માર્ચ 2022ની સ્થિતિએ, ₹ 7,363.22 કરોડના કુલ નિધિમાંથી ₹ 7,033.30 કરોડનું ભારતીય રિઝર્વ બેંકમાં રોકાણ કરવામાં આવ્યુ હતું.

### 2.6.2.2 રાજ્યના આપદા પ્રતિભાવ માટેનું ભંડોળ

13માં નાણા પંચની ભલામણો મુજબ, રાજ્ય સરકાર 2011-12થી રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળનું (SDRF) સંચાલન કરી રહી છે. તે એક વ્યાજવાળો અનામત ભંડોળ છે. ભારત સરકારની માર્ગદર્શિકાની (સપ્ટેમ્બર 2010) શરતો મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકારોએ 75:25ના પ્રમાણમાં ભંડોળમાં ફાળો આપવાનો હતો. 15મા નાણા પંચે વર્ષ 2020-21થી આગળ આપદાના જોખમના વ્યવસ્થાપન માટે રાજ્યોને કરવામાં આવતી કેન્દ્રીય ફાળવણીનુ બે અલગ ભંડોળોમાં વિભાજન કરવાની ભલામણ કરી હતી. 75 ટકાની કેન્દ્રીય ફાળવણી પૈકી, રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળનો (SDRF) હિસ્સો 80 ટકા રહેશે અને રાજ્ય આપદા શમન ભંડોળનો (SDMF) હિસ્સો 20 ટકા રહેશે. બન્ને ભંડોળો માટે અલગ ખાતાનું સંચાલન કરવાનું હતું.

01 એપ્રિલ 2021ની સ્થિતિએ, રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ પાસે ₹ 241.78 કરોડની નકારાત્મક ખુલતી સિલક હતી. 2021-22 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 1,412.00 કરોડ (₹ 1,059.20 કરોડ કેન્દ્રનો હિસ્સો અને ₹ 352.80 કરોડ રાજ્યનો હિસ્સો) ભંડોળમાં તબદીલ કર્યા હતાં. રાજ્યને રાષ્ટ્રીય આપદા પ્રતિભાવ ભંડોળ (NDRF) માટે કેન્દ્ર સરકાર તરફથી ₹ 1,000.00 કરોડ મળ્યા હતા. ₹ 2,170.22 કરોડની ભંડોળની કુલ ઉપલબ્ધ સિલક પૈકી ₹ 1,788.27 કરોડ વર્ષ દરમિયાન કુદરતી આફતો[19] પર ખર્ચવામાં આવ્યાં હતાં અને માર્ચ 2022ના અંતે ભંડોળમાં ₹ 381.95 કરોડની સિલક રહી હતી. વધુમાં, રાજ્ય સરકારે કુદરતી આફતોના[19] હિસાબે રાહત હેઠળ રાજ્યના અંદાજપત્રમાંથી ₹ 431.09 કરોડનો ખર્ચ કર્યો હતો.

[19] મુખ્ય સદર 2245-05-901 (કુદરતી આફતના હિસાબે રાહત-SDRF)

વર્ષ દરમિયાન રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ માંથી કરવામાં આવેલા ખર્ચની વિગતો **કોઠા 2.38**માં આપી છે.

**કોઠો 2.38: રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ માંથી કરવામાં આવેલા ખર્ચની વિગતો**

(₹ કરોડમાં)

| હિસાબનું મુખ્ય સદર | હિસાબનું ગૌણ સદર | 2021-22 દરમિયાન ખર્ચ |
|---|---|---|
| 2245- કુદરતી આફતો માટેની રાહત 01 દુષ્કાળ | 104- **ઘાસચારાનો પુરવઠો** | 3.88 |
| પેટા-સરવાળો 01 | | **3.88** |
| 2245- - કુદરતી આફતોના માટેની રાહત 02- પુર, વાવાઝોડા, વગેરે. | 101-મફત રાહત | 95.15 |
| | 105- **પશુરોગ સંબંધી કાળજી** | 11.03 |
| | 111- શોકગ્રસ્ત કુટુંબોને રહેમરાહે ચૂકવણી | 585.26 |
| | 112- લોકોનું સ્થળાંતર | 1.95 |
| | 113- ઘરોના સમારકામ/પુનઃનિર્માણ માટે સહાય | 413.28 |
| | 118- માછીમારી માટેના ક્ષતિગ્રસ્ત વહાણોના સમારકામ/પુનઃનિર્માણ માટે સહાય | 0.77 |
| | 282- જાહેર આરોગ્ય | 14.97 |
| | 800- અન્ય ખર્ચ | 1,067.28 |
| | 911- કપાત-અધિક ચૂકવણીઓની વસૂલાત | (-)0.90 |
| પેટા-સરવાળો 02 | | **2,188.79** |
| 2245- - કુદરતી આફતોના માટેની રાહત 80- સામાન્ય | 001-નિર્દેશન અને વહીવટ | 1.91 |
| | 102- કુદરતી આફતોનુ વ્યવસ્થાપન, હોનારત-સંભવ વિસ્તારોમાં આકસ્મિક યોજના | 4.85 |
| | 800-અન્ય ખર્ચ | 19.94 |
| | 911- કપાત-અધિક ચૂકવણીઓની વસૂલાત | (-)0.01 |
| પેટા સરવાળો 80 | | **26.69** |
| કુલ (મુખ્ય સદર 2245 હેઠળ પેટા મુખ્ય સદર 01, 02 અને 80) | | **2,843.09** |
| 2245- કુદરતી આફતોના માટેની રાહત 05-રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ | 101- **અનામત ભંડોળો/થાપણ હિસાબોમાં તબદીલી-રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ** | 2,412.00 |
| | 901- કપાત - - રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળમાંથી રકમ મેળવવામાં આવી | (-)1,788.27 |
| પેટા-સરવાળો 05 | | **623.73** |
| એકંદર કુલ– 2245 | | **2,843.09** |
| **રાજ્ય કારોબારી સમિતિ** (SEC) દ્વારા મંજૂર થયેલા **રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ**ની બાબતો અને ધોરણોના પાલન સાથે કરવામાં આવેલો ખર્ચ (માત્ર 2245-01 અને 2245-02 હેઠળ નોંધાયેલી રકમ **રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ** હેઠળ ખર્ચ તરીકે માન્ય છે.) | | 2,192.67 |

સ્રોત: વર્ષ 2021-22 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ, ભંડોળમાં રહેલી સિલકનું રોકાણ[20] કરવું જરૂરી હતું જે કરવામાં આવ્યું ન હતું અને આમ, રાજ્ય સરકારે ભંડોળ પર કોઇ વ્યાજ કમાયું ન હતું અને જમા પણ કર્યું ન હતું. એવું પણ જોવામાં આવ્યુ હતું કે 15મા નાણા પંચ દ્વારા નિયત કરવામાં આવેલા રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ (SDRF) અને રાજ્ય આપદા શમન ભંડોળ (SDMF) માટે અલગ હિસાબી સદરો પણ 2021-22 દરમિયાન ખોલવામાં આવ્યા ન હતા.

### *રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળની (SDRF) સિલકોની ઓછી આંકણી*

રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળની (SDRF) રચના આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, 2005ની કલમ 48(1) હેઠળ કરવામાં આવી હતી. રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળના પ્રબંધન માટે ગૃહ બાબતોના મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકા નિયત કરે છે કે રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળનો ઉપયોગ, હોનારતોનો ભોગ બનેલાઓને તત્કાળ રાહત પુરી પાડવા માટેના ખર્ચને પહોંચી વળવા માટે કરવામાં આવશે.

રાહત નિયામક અને હોદ્દાની રૂએ સચિવ, મહેસૂલ વિભાગ, ગુજરાત સરકારની કચેરીના 2016-17થી 2019-20ના સમયગાળાના રેકર્ડની પ્રતિક ચકાસણી દરમિયાન, ઑડિટના ધ્યાન પર આવ્યુ હતું કે હિસાબ નિયામક (B&R), એર (Air) મુખ્યાલય, નવી દિલ્લીએ ગુજરાતમાં પુર રાહતની કામગીરી માટેના બાકી એરલીફ્ટના ખર્ચ તરીકે ₹ 5.88 નું માંગણુ ઉભુ કર્યું હતું. તદ્અનુસાર, રાહત નિયામકે આકસ્મિક બિલ (ખર્ચનું સદર 2245-02-112-01-00, જેની ચૂકવણી વર્ષ 2017-18 માટેના રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળના અનુદાનમાંથી કરવાની હતી) ઉભુ કર્યું હતું (માર્ચ 2018) અને પગાર અને હિસાબ અધિકારી , ગાંધીનગરે તેના માટે ચેક જારી કર્યો હતો (માર્ચ 2018). આમ છતાં, પ્રસ્તુત ચેક પહેલા વખતે અસ્પષ્ટ આદેશના[21] કારણે વટાવી શકાયો ન હતો અને બીજી વખતે નિયત સમયમર્યાદામાં જમા કરવામાં આવ્યો ન હતો. વટાવવામાં ન આવેલો ચેક પગાર અને હિસાબ અધિકારી, ગાંધીનગરને પરત કરવામાં આવ્યો હતો (જૂલાઇ 2018), જેમણે ₹ 5.88 કરોડની રકમ ભંડોળના સદર 8121-00-122-SDRF ખાતે જમા કરવાના બદલે 2018-19માં સરકારના મહેસૂલી સદર 0250-00-800-02 (અન્ય સામાજીક સેવાઓ)માં પાછી જમા કરી હતી. ત્યારબાદ, રાહત નિયામકે એક આકસ્મિક બિલ (ખર્ચનું સદર 2245-02-112-01, વર્ષ 2018-19 માટેના રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળના અનુદાનમાંથી ચૂકવણી કરવાની) ફરી રજૂ કર્યું હતું અને સંરક્ષણ હિસાબના નિયંત્રક, વાયુ દળ, નવી દિલ્લીની તરફેણમાં ₹ 5.88 કરોડનો ડિમાન્ડ ડ્રાફ્ટ જારી કરવામાં આવ્યો હતો (અપ્રિલ 2019).

આમ, 2018-19માં, એ જ ખર્ચ રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળના અનુદાનમાંથી ફરીથી કરવામાં આવ્યો હતો. આના પરિણામે, રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળની સિલક 2018-19ના વર્ષથી દર વર્ષે નાણાકીય હિસાબોમાં ₹ 5.88 કરોડ ઓછી દર્શાવાઈ હતી. વધુમાં, 2017-18ના વર્ષ

---

[20] રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળમાં થયેલી સંવૃધ્ધિનુ ભારતીય રિઝર્વ બેંક મારફતે કેન્દ્ર સરકારની તારીખી સિક્યુરીટીઓ, હરાજી થયેલા તિજોરી બિલો, અને વ્યાજ આપતી થાપણો અને અનુસૂચિત વાણિજ્યિક બેંકોની થાપણોના પ્રમાણપત્રોમાં રોકાણ કરવાનું હોય છે.

[21] બે સહી કરનાર અધિકારીઓ દ્વારા સાધનમાં સહી કરવામાં આવી નથી અને ચેક પર સહી કરનાર અધિકારીની સહી મળતી નથી.

દરમિયાન, રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારને રજૂ કરવામાં આવેલા ખર્ચના પત્રકમાં ₹ 5.88 કરોડ વધુ દર્શાવાયા હતાં.

આ બાબત ઓક્ટોબર 2022માં સરકારને જણાવવામાં આવી હતી. તેમનો જવાબ આવવાનો બાકી છે (ડિસેમ્બર 2022).

### 2.6.2.3 બાંયધરી વિમોચન ભંડોળ

બારમાં નાણા પંચે સરકાર દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓમાંથી ઉભી થતી આકસ્મિક જવાબદારીઓને પહોંચી વળવા માટે બાંયધરી વિમોચન ભંડોળની રચના કરવાની ભલામણ કરી હતી. ગુજરાત સરકારે જુદી જુદી સંસ્થાઓ જેવી કે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો, રાજ્યની સહકારી સોસાયટીઓ, વગેરે દ્વારા લેવામાં આવેલી લોન પર તેના દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓ માટે બાંયધરી વિમોચન ભંડોળની રચના કરી છે. ભારતીય રિઝર્વ બેંક, જે ભંડોળનો વહીવટ કરે છે તેની માર્ગદર્શિકા મુજબ, ભંડોળનો કોષ બાકી બાયંધરીઓના પાંચ ટકાના ઇચ્છનીય સ્તર સુધી ક્રમશઃ વધારવાનો છે.

2021-22 દરમિયાન, ₹ 152.18 કરોડના લઘુત્તમ આવશ્યક કોષની[22] સામે ભંડોળમાં બંધ સિલક ₹ 802.92 કરોડ હતી. રાજ્ય સરકારે 2021-22 દરમિયાન ₹ 37.30 કરોડનું ઉપાર્જીત વ્યાજ ભંડોળમાં જમા કર્યું હતું.

31 માર્ચ 2022ના રોજ, ₹ 802.92 કરોડના કુલ ભંડોળમાંથી, ₹ 539.20 કરોડનું ભારતીય રિઝર્વ બેંકમાં રોકાણ કરવામાં આવ્યું હતું.

### 2.6.3 થાપણો અને પેશગીઓ

### 2.6.3.1 કેન્દ્રીય માર્ગ ભંડોળ સંબંધિત વ્યવહારોનો હિસાબ

નિર્ધારિત માર્ગ યોજનાઓ પર ખર્ચ કરવા માટે ભારત સરકાર રાજ્ય સરકારોને કેન્દ્રીય માર્ગ ભંડોળ (CRF) હેઠળ વાર્ષિક અનુદાન પૂરૂં પાડે છે. પ્રવર્તમાન હિસાબી પધ્ધતિ અનુસાર, અનુદાનને પહેલા મુખ્ય સદર “1601 સહાયક અનુદાન” હેઠળ મહેસૂલી આવક તરીકે નોંધવામાં આવે છે અને એટલી જ રકમ મહેસૂલી ખર્ચના મુખ્ય સદર “3054 માર્ગો અને પુલો” માં ઉધારીને જાહેર હિસાબ હેઠળના મુખ્ય સદર “8449-અન્ય થાપણો 103 કેન્દ્રીય માર્ગ ભંડોળમાંથી નાણાકીય સહાય” માં તબદીલ કરવામાં આવે છે. આ પ્રક્રિયા સુનિશ્ચિત કરે છે કે અનુદાનની આવક હિસાબમાં મહેસૂલી પુરાંત અધિક દર્શાવવામાં (અથવા મહેસૂલી ખાધ ઓછી દર્શાવવી) પરિણમતી નથી. નિર્ધારિત માર્ગ યોજનાનો ખર્ચ શરૂઆતમાં સંબંધિત મહેસૂલી અથવા મૂડી મુખ્ય સદરે (મુખ્ય સદર 3054 અથવા 5054) નોંધવામાં આવેલા ખર્ચનું બાદમાં ભંડોળમાં (મુખ્ય સદર 8449-103) અનુરૂપ ઉધાર નોંધ કરીને મુખ્ય સદર 3054/5054 હેઠળ બાદ ઉધાર નોંધ દ્વારા ભંડોળની સિલકમાંથી સમાયોજન કરવામાં આવે છે.

[22] ₹ 152.18 કરોડ = વર્ષ 2021-22ના અંતે બાકી બાયંધરીઓના (₹ 3,043.61 કરોડ) 5 ટકા.

2021-22 દરમિયાન, કેન્દ્રીય માર્ગ ભંડોળ હેઠળ ભારત સરકાર તરફથી રાજ્ય સરકારને મળેલ ₹ 725.29 કરોડ અનુદાનની નોંધ પ્રવર્તમાન હિસાબી પધ્ધતિને અનુસરીને રાજ્યના હિસાબમાં મુખ્ય સદર-1601 હેઠળ કરવામાં આવી હતી. વર્ષ દરમિયાન નિર્ધારિત માર્ગ કામો પર ₹ 725.29 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જેથી 31 માર્ચ 2022ના રોજ થાપણ સદરે ₹ 27.25 કરોડની (અગાઉના વર્ષોની સિલકો સહિત) સિલક રહી હતી.

### 2.6.3.2 લેબર સેસની શ્રમ કલ્યાણ બોર્ડમાં તબદીલી ન થવી

મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ સેસ અધિનિયમ, 1996ની કલમ 3 હેઠળ, બે ટકાથી વધુ નહીં એ દરે, પરંતુ કામે રાખનાર દ્વારા કરવામાં આવેલા બાંધકામના ખર્ચના એક ટકાથી ઓછા નહીં તે દરે, સરકાર વખતોવખત સત્તાવાર રાજપત્રમાં જાહેરનામા દ્વારા નિયત કરે તે દર લાગુ કરીને સેસ વસૂલ કરવામાં આવશે. મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ સેસ નિયમો, 1998ના નિયમ 5(3) મુજબ, આ રીતે એકત્ર કરેલી સેસની રકમ મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં (બોર્ડ) તે વસૂલ કર્યાના 30 દિવસની અંદર તબદીલ કરવાની હોય છે.

ઑડિટે અવલોકન કર્યું હતુ કે મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ સેસ અધિનિયમ, 1996ની શરતો મુજબ રાજ્ય સરકારે 2021-22 દરમિયાન ₹ 572.55 કરોડ જેટલી રકમનો સેસ વસૂલ કર્યો હતો પરંતુ માત્ર ₹ 209.55 કરોડ બોર્ડમાં તબદીલ કરવામાં આવ્યા હતા અને ₹ 363.00 કરોડની સિલક રહી હતી જે મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ સેસ નિયમો, 1998ના ભંગ રૂપે બોર્ડમાં તબદીલ કરવામાં આવ્યા ન હતાં. ઉપરાંત, 2006-07થી 2020-21ના સમયગાળા દરમિયાન ₹ 4,039.42 કરોડ જેટલી રકમનો સેસ વસૂલ કર્યો હતો પરંતુ એ જ સમયગાળા દરમિયાન તબદીલ કરવામાં આવેલી રકમ ₹ 2,339.24 કરોડ હતી. જેથી ₹ 1,700.18 કરોડની સિલક રહી હતી જે 31 માર્ચ 2022 સુધી તબદીલ કરવામાં આવી ન હતી.

### 2.6.3.3 દંડની વ્યક્તિગત લેજર ખાતામાં તબદીલી ન થવી

ગુજરાત સરકારે 01 જુલાઇ 2000ના ઠરાવથી નિયત કર્યુ હતું કે મોટર વાહન અધિનિયમની કલમ 200(1) હેઠળ દંડ મારફત રાજ્યના શહેરી વિસ્તારમાંથી વર્ષ દરમિયાન થયેલી આવકની નિયત ટકાવારી અંદાજપત્રીય સદર એટલે કે ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિમાં (GSMSN) જમા કરવામાં આવશે. ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિ હેઠળ ઉપલબ્ધ ભંડોળનો ઉપયોગ ટ્રાફિક પ્રબંધનના હેતુઓ માટે કરવાનો હતો.

ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિની સરળ કામગીરી માટે, માર્ચ 2004ની અસરથી મહાનિયામક અને પોલીસ મહાનિરીક્ષક, ગાંધીનગરના (DG અને IGP) નામે એક વ્યક્તિગત લેજર ખાતુ (PLA) ખોલવામાં આવ્યું હતું. મહાનિયામક અને પોલીસ મહાનિરીક્ષકે જુદા જુદા અમલકર્તા સત્તાવાળાઓ તરફથી ટ્રાફિક વ્યવસ્થાપન માટે વિવિધ દરખાસ્તો એકઠી કરવાની હતી અને ટ્રાફિક વ્યવસ્થાપન સમિતિની મંજૂરી લીધા બાદ વ્યક્તિગત લેજર ખાતામાંથી ખર્ચ કરવાનો હતો. જુલાઇ 2006માં,

ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિના વધુ સારા વહીવટ માટે રાજ્ય સરકારે 100 ટકા દંડ વ્યક્તિગત લેજર ખાતામાં તબદીલ કરવાનું નક્કી કર્યું હતું.

**કોઠા 2.39**માં આપેલી વિગતો મુજબ, 2012-13થી 2021-22ના વર્ષો માટેની અંદાજપત્રીય જોગવાઇઓ અને વિનિયોગ હિસાબોની ચકાસણીમાં, જો કે, ખરેખર વસૂલ કરેલો ટ્રાફિકનો દંડ અને વ્યક્તિગત લેજર ખાતામાં તેની તબદીલીઓ વચ્ચે 19 ટકાનો તફાવત જોવામાં આવ્યો હતો.

**કોઠો 2.39: ટ્રાફિકના દંડની વ્યક્તિગત લેજર ખાતામાં તબદીલીમાં ઘટ**

| વર્ષ | ટ્રાફિકના દંડની આવક (₹ કરોડમાં) | | વ્યક્તિગત લેજર ખાતા માટે જોગવાઇ (₹ કરોડમાં) | | |
|---|---|---|---|---|---|
| | અંદાજપત્રીય અંદાજો | ખરેખર વસૂલાત | અંદાજપત્રીય અંદાજો | ખરેખર તબદીલી | ખરેખર વસૂલાતની ટકાવારીની રીતે |
| 2012-13 | 45.00 | 52.82 | 20.50 | 17.88 | 33.85 |
| 2013-14 | 62.22 | 48.40 | 20.00 | 20.00 | 41.32 |
| 2014-15 | 56.40 | 75.71 | 25.00 | 25.00 | 33.02 |
| 2015-16 | 72.95 | 73.20 | 35.00 | 35.00 | 47.81 |
| 2016-17 | 85.65 | 84.17 | 40.00 | 25.00 | 29.70 |
| 2017-18 | 77.35 | 63.06 | 35.00 | 48.57 | 77.02 |
| 2018-19 | 113.78 | 109.62 | 200.00 | 98.00 | 89.40 |
| 2019-20 | 75.60 | 173.33 | 63.06 | 260.00 | 150.00 |
| 2020-21 | 183.84 | 145.97 | 78.62 | 78.62 | 53.86 |
| 2021-22 | 211.42 | 138.15 | 173.32 | 173.32 | 125.46 |
| **કુલ** | **984.21** | **964.43** | **690.50** | **781.39** | **81.02** |

સ્રોત: સંબંધિત વર્ષોના અંદાજપત્રીય અદાજો અને વિનિયોગ હિસાબો.

## 2.7 ઋણનું વ્યવસ્થાપન

ઋણનું વ્યવસ્થાપન એ સરકારના ઋણની વ્યવસ્થા માટે, ભંડોળ માટે જરૂરી રકમ ઉભી કરવી, તેના જોખમ અને ખર્ચના ઉદ્દેશો હાંસલ કરવા, અને કોઇ પણ અન્ય સાર્વભૌમ ઋણ વ્યવસ્થાપન ધ્યેય જે કાયદા અથવા અન્ય અંદાજપત્રીય જાહેરાત દ્વારા સરકારે નક્કી કર્યા હોય તે મેળવવા માટેની વ્યૂહરચના તૈયાર કરવાની અને અમલ કરવાની પ્રક્રિયા છે.

**આલેખ 2.13: બાકી ઋણનું વલણ**




નોધ: ## ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, નાણાપંચ, વગેરે દ્વારા નિર્ધારિત થનાર કોઈપણ ધોરણો મુજબ ખાસ વિન્ડો હેઠળના ઋણને રાજ્યના દેવા/ઋણ તરીકે ગણવામાં આવશે નહી. તેથી 2020-21 દરમિયાન ₹ 9,222 કરોડ અને 2021-22 દરમિયાન ₹ 13,040 કરોડના માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં લીધેલ એક પછી એક લોનને રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે જાહેર ઋણની ટકાવારીની ગણતરી માટે અહીં ધ્યાને લેવામાં આવ્યુ નથી.

## 2.7.1 ઋણની રૂપરેખા: ઘટકો

રાજ્ય સરકારના કુલ ઋણમાં ખાસ કરીને રાજ્યનું[23] આંતરિક ઋણ, કેન્દ્ર સરકાર તરફથી લોન અને પેશગીઓ અને જાહેર હિસાબની જવાબદારીઓનો સમાવેશ થાય છે. પાંચ વર્ષના સમયગાળા (2017-22) દરમિયાન કુલ ઋણની આવક, ઋણની પરતચૂકવણી, રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનની સામે ઋણનો ગુણોત્તર અને રાજ્ય પાસે ઉપલબ્ધ ખરેખર ઋણના પ્રમાણનું વલણ **કોઠા 2.40**માં દર્શાવ્યું છે.

**કોઠો 2.40: 2017-22 દરમિયાન ઋણના ઘટક-વાર વલણ**

(₹ કરોડમાં)

| | | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|---|
| **કુલ બાકી ઋણ** | | **2,56,366** | **2,85,844** | **3,15,456** | **3,57,892** | **3,80,802** |
| જાહેર ઋણ | આંતરિક ઋણ | 2,06,643 | 2,32,875 | 2,59,662 | 2,90,030[24] | 2,99,806 |
| | ભારત સરકાર તરફથી લોન | 5,947 | 7,430 | 7,433 | 17,999 | 30,756 |
| જાહેર હિસાબની જવાબદારીઓ | | 43,776 | 45,539 | 48,361 | 49,863 | 50,240 |
| અંદાજપત્ર બહારનું ઋણ[25] | | 0 | 0 | 0 | 0 | 0 |
| કુલ બાકી ઋણની વૃધ્ધિનો દર (ટકા) | | 5.44 | 11.50 | 10.36 | 13.45 | 6.40 |

[23] બજારની લોન, ભારતીય રિઝર્વ બેંક તરફથી સાધનોપાય પેશગીઓ, રાષ્ટ્રીય નાની બચત ભંડોળને જારી વિશેષ બાયંધરીઓ અને નાણાકીય સંસ્થાઓ પાસેથી લીધેલી લોન, વગેરે.

[24] મુખ્ય સદર 6003-105 કૃષિ અને ગ્રામ વિકાસ માટે રાષ્ટ્રીય બેંક (નાબાર્ડ) પાસેથી લોન હેઠળ ₹ 0.68 કરોડના પ્રોફોર્મા સુધારાના કારણે તફાવત (નાણાકીય હિસાબું પત્રક 17).

[25] નાણા વિભાગે જણાવ્યું હતું કે અંદાજપત્ર બહારના કોઇ ઋણ નથી.

| | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (GSDP) | 13,29,095 | 14,92,156 | 16,29,638 | 16,55,917 | 19,44,107 |
| ઋણ/GSDP (ટકા) | 19.29 | 19.16 | 19.36 | 21.06[26] | 18.44[27] |
| વ્યાજની ચૂકવણી | 18,954 | 20,183 | 22,449 | 24,203 | 25,188 |
| વ્યાજની ચૂકવણીનો બોજો (વ્યાજની ચૂકવણી/મહેસૂલી આવક) | 15.37 | 14.84 | 15.72 | 18.89 | 15.10 |
| કુલ ઋણની આવક | 81,158 | 1,02,963 | 1,02,300 | 1,23,325 | 1,08,894 |
| કુલ ઋણની પરતચૂકવણી (ઋણ વિમોચન) | 67,938 | 73,486 | 72,689 | 80,888 | 85,984 |
| **કુલ ઉપલબ્ધ ઋણ** | **13,220** | **29,477** | **29,611** | **19,889[28]** | **22,910** |
| **ઋણની પરત ચૂકવણી / ઋણની આવક (ટકા)** | **83.71** | **71.37** | **71.05** | **65.59** | **78.96** |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**કોઠો 2.40** દર્શાવે છે કે રાજ્ય સરકારનુ કુલ બાકી ઋણ 2020-21 માં ₹ 3,57,892 કરોડ હતું તે વધીને 2021-22માં ₹ 3,80,802 કરોડ થયુ હતું. અસરકારક કુલ બાકી ઋણ ₹ 3,58,540 કરોડ થશે કારણ કે ભારત સરકારના ખર્ચ વિભાગે નક્કી કર્યા મુજબ, નાણાપંચ દ્વારા નિર્ધારિત થનાર કોઈપણ ધોરણો મુજબ માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં એક પછી એક લોનના રૂપમાં 2020-21 અને 2021-22 દરમિયાન અનુક્રમે ₹ 9,222 કરોડ અને ₹ 13,040 કરોડની થયેલી ઋણની આવકને રાજ્યના દેવા તરીકે ગણવામાં નહી આવે. રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે ઋણનો ગુણોત્તર પાંચ વર્ષના સમયગાળામાં 18.44 ટકા અને 21.06 ટકાની વચ્ચે રહ્યો હતો અને 2021-22માં 18.44 ટકા રહ્યો હતો.

માર્ચ 2020 અને માર્ચ 2021ના અંતે રાજ્ય સરકારનું બાકી ઋણ અથવા રાજકોષીય જવાબદારીઓનું ઘટક મુજબ વિભાજન અનુક્રમે **આલેખ 2.14** અને **આલેખ 2.15**માં દર્શાવ્યા છે.

[26] ભારત સરકારના ખર્ચ વિભાગે નક્કી કર્યા મુજબ, નાણાપંચ દ્વારા નિર્ધારિત થનાર કોઈપણ ધોરણો મુજબ સ્પેશ્યલ વિન્ડો હેઠળ ઋણની આવકને રાજ્યના દેવા તરીકે ગણવામાં નહી આવે. આથી, ₹ 9,222 કરોડની માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં એક પછી એક લોનના રૂપમાં થયેલી આવકને અહીં જાહેર ઋણ તરીકે ગણવામાં આવી નથી.

[27] ભારત સરકારના ખર્ચ વિભાગે નક્કી કર્યા મુજબ, નાણાપંચ દ્વારા નિર્ધારિત થનાર કોઈપણ ધોરણો મુજબ સ્પેશ્યલ વિન્ડો હેઠળ ઋણની આવકને રાજ્યના દેવા તરીકે ગણવામાં નહી આવે. આથી, 2020-21 દરમિયાન ₹ 9,222 કરોડ ની અને 2021-22 દરમિયાન ₹ 13,040 કરોડની માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં એક પછી એક લોનના રૂપમાં થયેલી આવકને અહીં જાહેર ઋણ તરીકે ગણવામાં આવી નથી.

[28] કુલ ઉપલબ્ધ ઋણ ₹ 42,437 કરોડ જેટલુ ગણવામાં આવ્યુ છે.વર્ષ 2020-21 દરમિયાન, ગુજરાતની ₹ 22,548 કરોડની મહેસૂલી ખાધ છે. ₹ 24,203 કરોડની વ્યાજની ચૂકવણી પૈકી માત્ર ₹ 1,655 કરોડ મહેસૂલી આવકમાંથી ચૂકવવામાં આવ્યા હતા. ઉપરાંત, ₹ 22,548 કરોડનું વ્યાજ બજારના ઋણમાંથી ચૂકવવામાં આવ્યુ હતું. આથી કુલ ઉપલબ્ધ ઋણ ઘટીને ₹ 19,889 કરોડ (₹ 42,437 કરોડ-₹ 22,548 કરોડ) થયુ છે.







ઉપરના આલેખ દર્શાવે છે કે રાજ્ય સરકારનું આંતરિક ઋણ, જે પ્રાથમિક રીતે રાજ્યના વિકાસ બૉંડ જારી કરીને મેળવેલું બજારનું ઋણ છે તે 2020-21 અને 2021-22 દરમિયાન કુલ બાકી ઋણના અનુક્રમે 81.04 ટકા અને 78.73 ટકા થતા હતા.

નીચેનો **આલેખ 2.16** છેલ્લા પાંચ વર્ષ (2017-22) દરમિયાન રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલું આંતરિક ઋણ અને તેની પરત ચૂકવણીનું વલણ દર્શાવે છે.

**આલેખ 2.16: 2017-22 દરમિયાન લીધેલા આંતરિક ઋણની સામે પરત ચૂકવેલ**




## 2.7.1.1 રાજકોષીય ખાધના ઘટકો અને તેની ધિરાણની ભાત

રાજકોષીય ખાધમાં મહેસૂલી ખાધનો હિસ્સો ઉધાર લીધેલા ભંડોળનો કેટલા પ્રમાણમાં ચાલુ વપરાશ માટે ઉપયોગ કરવામાં આવે છે તે દર્શાવે છે. રાજકોષીય ખાધની સામે મહેસૂલી ખાધનો સતત ઉંચો ગુણોત્તર દર્શાવે છે કે રાજ્ય સરકારના અસ્ક્યામતના પાયાનું નિરંતર ધોવાણ થઇ રહ્યું છે અને ઋણના એક ભાગને (રાજકોષીય જવાબદારીઓને) કોઇ અસ્ક્યામતોનો ટેકો નથી. 2021-22 દરમિયાન ગુજરાત રાજ્ય મહેસૂલી પુરાંતવાળું રાજ્ય થયું હતું. રાજકોષીય ખાધમાં

સંપૂર્ણ ઘટાડો થયો છે અને રાજકોષીય ખાધ-રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો ગુણોત્તર 2020-21માં (-) 2.44 હતો તેમાં સુધારો થઇને 2021-22માં (-) 1.17 થયો હતો.

નીચે **કોઠા 2.41** માં પ્રતિબિંબિત થાય છે એ મુજબ રાજકોષીય ખાધના ધિરાણની ભાતમાં રચનાત્મક ફેરફાર થયા છે

**કોઠો 2.41: રાજકોષીય ખાધના ઘટકો અને તેની ધિરાણની ભાત**

**(₹ કરોડમાં)**

| | વિગતો | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|---|
| રાજકોષીય ખાધ (-)/પુરાંત (+) | | (-)21,366 | (-)26,365 | (-)24,581 | (-)40,438 | (-)22,692 |
| રાજકોષીય ખાધ/રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (ટકા) | | (-)1.61 | (-)1.77 | (-)1.51 | (-)2.44 | (-)1.17 |
| **રાજકોષીય ખાધ/પુરાંતના ઘટકો** | | | | | | |
| 1 | મહેસૂલી ખાધ (-) /પુરાંત (+) | 5,232 | 3,212 | 1,945 | (-) 22,548 | 6,409 |
| 2 | ચોખ્ખો મૂડી ખર્ચ | (-)26,313 | (-)27,997 | (-)25,544 | (-)16,813 | (-)28,185 |
| 3 | ચોખ્ખી લોન અને પેશગીઓ | (-)285 | (-)1,580 | (-)982 | (-)1,077 | (-)916 |
| **રાજકોષીય ખાધની ધિરાણની ભાત*** | | | | | | |
| 1 | બજારમાંથી ઉધાર | 15,785 | 27,437 | 28,600 | 33,280 | 13,554 |
| 2 | NSSFને જારી કરેલી વિશેષ જામીનગીરીઓ | (-)3,451 | (-)3,534 | (-)3,629 | (-)3,630 | (-)3,629 |
| 3 | નાણાકીય સંસ્થાઓમાંથી લોન | 1,538 | 2,328 | 1,816 | 718 | (-)150 |
| 4 | ભારત સરકાર તરફથી લોન | (-)619 | 1,483 | 3 | 10,566 | 12,757 |
| 5 | નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે. | 340 | 208 | (-)7 | (-)155 | (-)266 |
| 6 | થાપણો અને પેશગીઓ | 1,096 | 2,002 | 2,467 | 2,356 | (-)63 |
| 7 | ઉપલક અને પરચૂરણ | 497 | (-)727 | (-)1,663 | (-)1,161 | 2,462 |
| 8 | ભરણાં | 208 | (-)332 | 100 | 130 | 94 |
| 9 | અનામત ભંડોળ | (-)748 | 571 | 1,329 | (-)8,849 | 2,761 |
| 10 | આકસ્મિક ભંડોળ | 0 | 0 | 0 | 0 | 0 |
| | **કુલ** | **14,646** | **29,436** | **29,016** | **33,255** | **27,520** |
| રોકડ સિલકમાં વધારો (+)/ઘટાડો (-) | | (-)6,720 | (+)3,071 | (+)4,435 | (-)7,183 | (+)4,828 |

* તમામ આંકડા વર્ષ દરમિયાન ચૂકવણીઓની જાવક બાદના છે.
નકારાત્મક (-) રકમ દર્શાવે છે કે સંબંધિત ઘટક હેઠળની આવક કરતાં જાવક અધિક હતી.

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

**આલેખ 2.17: જળ પ્રવાહ આલેખ દ્વારા રાજકોષીય ખાધ માટે ધિરાણની અભિવ્યક્તિ (₹ કરોડમાં)**




વર્ષ દરમિયાન રાજકોષીય ખાધની ધિરાણની ભાત (ચૂકવણીઓ/જાવક બાદ) **કોઠા 2.42માં** દર્શાવી છે.

**કોઠો 2.42: રાજકોષીય ખાધને ધિરાણના ઘટકોની આવક અને ચૂકવણીઓ**

(₹ કરોડમાં)

| | વિગતો | આવક | ચૂકવણી | ચોખ્ખુ |
|---|---|---|---|---|
| 1 | બજારમાંથી ઉધાર | 31,054 | 17,500 | 13,554 |
| 2 | NSSF ને આપેલી વિશેષ બાંયધરીઓ | 0 | 3,629 | (-)3,629 |
| 3 | નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન | 2,238 | 2,388 | (-)150 |
| 4 | ભારત સરકાર પાસેથી લોન | 13,675 | 918 | 12,757 |
| 5 | નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે. | 1,910 | 2,176 | (-)266 |
| 6 | થાપણો અને પેશગીઓ | 55,155 | 55,218 | (-)63 |
| 7 | ઉપલક અને પરચુરણ | 35,601 | 33,139 | 2,462 |
| 8 | ભરણાં | 21,077 | 20,983 | 94 |
| 9 | અનામત ભંડોળ | 4,854 | 2,093 | 2,761 |
| **10** | **એકંદર ખાધ** | **1,65,564** | **1,38,044** | **27,520** |
| 11 | રોકડ સિલકમાં વધારો (+)/ઘટાડો (-) | 2,43,631 | 2,48,459 | (-)4,828 |
| **12** | **એકંદર રાજકોષીય ખાધ** | **4,09,195** | **3,86,503** | **22,692** |

સ્રોત: 2021-22 ના નાણાકીય હિસાબો.

## 2.7.2 ઋણની રૂપરેખા: પક્વતા અને પરત ચૂકવણી

ઋણના પાકવાની અને પરત ચૂકવણીની રૂપરેખા ઋણની પરત ચૂકવણી અથવા ઋણને પાછા આપવા માટે સરકારના પક્ષે પ્રતિબધ્ધતા દર્શાવે છે.

જાહેર ઋણમાં આંતરિક ઋણ, અને ભારત સરકાર પાસેથી મળેલી લોન અને પેશગીઓનો સમાવેશ થાય છે. આંતરિક ઋણ (₹ 2,99,806 કરોડ) અને ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ

(₹ 30,756 કરોડ) સામેલ છે એવા ₹ 3,30,562 કરોડના જાહેર ઋણની વર્ષ 2021-22 માટેના નાણાકીય હિસાબોના પત્રક નં.17 મુજબની પક્વતાની રૂપરેખા **કોઠા 2.43**માં દર્શાવ્યા મુજબ છે.

**કોઠો 2.43: જાહેર ઋણની પક્વતાની રૂપરેખા**

(₹ કરોડમાં)

| પક્વતાનું વર્ષ | પક્વતાની રૂપરેખા | રકમ | | | બાકી જાહેર ઋણની પક્વતાની રૂપરેખા (% માં) |
|---|---|---|---|---|---|
| | | આંતરિક ઋણ | ભારત સરકાર પાસેથી લોન અને પેશગીઓ | કુલ બાકી જાહેર ઋણ | |
| 2022-23 સુધીમાં | 0-1 વર્ષ | 21,112.00 | 1,196.35 | 22,308.35 | 6.75 |
| 2023-24 અને 2024-25ની વચ્ચે | 2-3 વર્ષ | 52,202.47 | 2,231.38 | 54,433.85 | 16.47 |
| 2025-26 અને 2026-27ની વચ્ચે | 4-5 વર્ષ | 62,161.33 | 1,375.67 | 63,537.00 | 19.22 |
| 2027-28 અને 2028-29ની વચ્ચે | 6-7 વર્ષ | 72,280.17 | 1,191.10 | 73,471.27 | 22.22 |
| 2029-30 અને 2031-32ની વચ્ચે | 8-10 વર્ષ | 88,631.26 | 1,121.32 | 89,752.58 | 27.15 |
| 2032-33થી આગળ | 10 વર્ષથી ઉપર | 3,418.37 | 23,640.29 | 27,058.66 | 8.19 |
| **કુલ** | | **2,99,805.60** | **30,756.11** | **3,30,561.71** | **100.00** |

સ્રોત:વર્ષ 2021-22 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

31 માર્ચ 2022ની સ્થિતિએ જાહેર ઋણના બાકી સ્ટોકની પક્વતાની રૂપરેખા દર્શાવે છે કે કુલ જાહેર ઋણના 92 ટકા (₹ 3,03,503.05 કરોડ) હવે પછીના દસ વર્ષોમાં પરત ચૂકવણીપાત્ર થશે.

**આલેખ 2.18** જાહેર ઋણની પક્વતાની રૂપરેખા અને **આલેખ 2.19** આગામી વર્ષોમાં બજાર લોનની પરત ચૂકવણીનુ પત્રક દર્શાવે છે.

**આલેખ 2.18: જાહેર ઋણની પક્વતાની રૂપરેખા**



**આલેખ 2.19: બજાર લોનની પરત ચૂકવણીની યાદી**




સ્રોતઃ ગુજરાત સરકારના નાણા વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી

## 2.8 ઋણના ટકાઉપણાનું વિશ્લેષણ

### 2.8.1 ઋણનું ટકાઉપણું

ઋણ લેનાર, પ્રસ્તુત કિસ્સામાં રાજ્ય, વર્તમાનમાં અને ભવિષ્યમાં તેની પરત ચૂકવણી કરવાની સ્થિતિમાં હોય તો ઋણને ટકાઉ માનવામાં આવે છે. એ મુજબ ઋણના ટકાઉપણાના દર્શકો આવકના ચાલુ અને નિયમિત સ્રોતોમાંથી સમયસર વ્યાજની ચૂકવણી અને ઋણની પરત ચૂકવણીની તેમની ક્ષમતાની તપાસ દ્વારા ઋણ લેનારની શાખ-પાત્રતા અને તરલતાની સ્થિતિની આકારણી કરે છે.

આ વિભાગ ઋણ/રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો ગુણોત્તર, રાજકોષીય ખાધ, વ્યાજની ચૂકવણીનો બોજો (વ્યાજની ચૂકવણી અને મહેસૂલી આવકના ગુણોત્તર દ્વારા માપવામા આવે છે) અને રાજ્ય સરકારના ઋણની પક્વતાની રૂપરેખાની દ્રષ્ટિએ રાજ્ય સરકારના ઋણના ટકાઉપણાની આકારણી કરે છે.

#### 2.8.1.1 ઋણના ટકઉપણાના દર્શકોના વલણ

**કોઠો 2.44** 2017-18થી શરૂ થતા પાંચ વર્ષના સમયગાળા માટે રાજ્યના ઋણનું ટકાઉપણુ દર્શાવે છે.

### કોઠો 2.44: ઋણનું ટકાઉપણું: દર્શકો અને વલણો

(₹ કરોડમાં)

| ઋણના ટકાઉપણાના દર્શકો | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| બાકી જાહેર ઋણ | 2,12,590 | 2,40,305 | 2,67,094 | 3,08,029 | 3,30,562 |
| બાકી જાહેર ઋણની વૃધ્ધિનો દર (ટકા) | 6.65 | 13.04 | 11.15 | 15.33 | 7.32 |
| રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (GSDP) | 13,29,095 | 14,92,156 | 16,29,638 | 16,55,917 | 19,44,107 |
| GSDPની વૃધ્ધિનો દર (ટકા) | 13.87 | 12.27 | 9.21 | 1.61 | 17.40 |
| જાહેર ઋણ /GSDP (ટકા) | 16.00 | 16.10 | 16.39 | 18.04[29] | 15.86[30] |
| જાહેર ઋણની આવક | 26,953 | 43,146 | 43,491 | 58,857 | 46,968 |
| જાહેર ઋણની પરત ચૂકવણી | 13,700 | 15,432 | 16,702 | 17,922 | 24,436 |
| જાહેર ઋણ પર વ્યાજની ચૂકવણી | 17,178 | 18,215 | 20,338 | 22,073 | 23,189 |
| બાકી જાહેર ઋણ[31] પર વ્યાજનો સરેરાશ દર (ટકા) | 8.34 | 8.04 | 8.02 | 7.68 | 7.26 |
| મહેસૂલી આવકની સામે જાહેર ઋણ પર વ્યાજની ચૂકવણીની ટકાવારી | 13.93 | 13.39 | 14.24 | 17.22 | 13.90 |
| જાહેર ઋણની આવકની સામે જાહેર ઋણની પરત ચૂકવણીની ટકાવારી | 50.83 | 35.77 | 38.40 | 30.45 | 52.03 |
| **રાજ્ય પાસે ઉપલબ્ધ ચોખ્ખુ જાહેર ઋણ[32] (₹ કરોડ)** | **(-)3,925** | **9,499** | **6,451** | **18,862** | **(-)657** |
| **જાહેર ઋણની આવકની ટકાવારી રૂપે ઉપલબ્ધ જાહેર ઋણ (ટકા)** | **(-)14.56** | **22.02** | **14.83** | **32.05** | **(-)1.40** |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

અસરકારક બાકી જાહેર ઋણ ₹ 3,08,300 કરોડ રહેશે કારણ કે ભારત સરકારના ખર્ચ વિભાગે નક્કી કર્યા મુજબ નાણાપંચ દ્વારા નિર્ધારિત થનાર કોઈપણ ધોરણો મુજબ 2020-21 દરમિયાન ₹ 9,222 કરોડની અને 2021-22 દરમિયાન ₹ 13,040 કરોડની માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં એક પછી એક લોનના રૂપમાં થયેલી જાહેર ઋણની આવકને અહીં જાહેર ઋણ તરીકે ગણવામાં આવ્યું નથી.

---

29 ભારત સરકારના ખર્ચ વિભાગે નક્કી કર્યા મુજબ, નાણાપંચ દ્વારા નિર્ધારિત થનાર કોઈપણ ધોરણો મુજબ સ્પેશ્યલ વિન્ડો હેઠળ ઋણની આવકને રાજ્યના દેવા તરીકે ગણવામાં નહી આવે. આથી, ₹ 9,222 કરોડ ની માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં એક પછી એક લોનના રૂપમાં થયેલી આવકને અહીં જાહેર ઋણ તરીકે ગણવામાં આવી નથી.

30 ભારત સરકારના ખર્ચ વિભાગે નક્કી કર્યા મુજબ, નાણાપંચ દ્વારા નિર્ધારિત થનાર કોઈપણ ધોરણો મુજબ સ્પેશ્યલ વિન્ડો હેઠળ ઋણની આવકને રાજ્યના દેવા તરીકે ગણવામાં નહી આવે. આથી, 2020-21 દરમિયાન ₹ 9,222 કરોડ ની અને 2021-22 દરમિયાન ₹ 13,040 કરોડની માલ અને સેવા કરના વળતરના ઘટાડાના બદલામાં એક પછી એક લોનના રૂપમાં થયેલી આવકને અહીં જાહેર ઋણ તરીકે ગણવામાં આવી નથી.

31 {વ્યાજની ચૂકવણી/ [(અગાઉના વર્ષના જાહેર ઋણની રકમ + ચાલુ વર્ષનું જાહેર ઋણ)/2]} * 100

32 રાજ્ય સરકારને ઉપલબ્ધ ચોખ્ખા જાહેર ઋણની ગણતરી જાહેર ઋણની પરત ચૂકવણી અને જાહેર ઋણ પર વ્યાજની ચૂકવણીની સામે જાહેર ઋણની આવકના વધારા તરીકે કરવામાં આવે છે.

**કોઠા 2.44** માંથી જોઇ શકાય છે એ મુજબ, 2017-22 દરમિયાન જાહેર ઋણની સામે રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો ગુણોત્તર 15.86 ટકાથી 18.04 ટકાની વચ્ચે હતો. આ સમયગાળા દરમિયાન, જાહેર ઋણ પર વ્યાજની ચૂકવણીનો બોજો મહેસૂલી આવકના 13.39 ટકાથી 17.22 ટકાની વચ્ચે હતો. 2021-22માં જાહેર ઋણની પરત ચૂકવણીની સામે જાહેર ઋણની આવકની ટકાવારી પાછલા વર્ષની તુલનાએ વધી હતી. ઉપરાંત, 2017-22 દરમિયાન, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનમાં 9.97 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વિકાસ દરે વૃધ્ધિ થઇ હતી જ્યારે બાકી જાહેર ઋણની 11.67 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વિકાસ દરે વૃધ્ધિ થઇ હતી. ઉપરના દર્શકો રાજ્યના ઋણના ટકાઉપણાની સમીક્ષાની જરૂર છે એવુ સૂચવે છે.

## 2.8.2 બાંયધરીઓની સ્થિતિ– આકસ્મિક જવાબદારીઓ

બાંયધરીઓ રાજ્ય સરકાર દ્વારા જેના માટે બાંયધરીઓ આપવામાં આવી હોય એવા ઉધાર લેનારા કસૂરદારોના કિસ્સાઓમાં રાજ્યના એકત્રિત નિધિ પર બોજારૂપ જવાબદારીઓ છે. નાણાકીય હિસાબોનું પત્રક નં. 20 રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓની વિગતો આપે છે. મહત્તમ રકમ જેના માટે રાજ્ય સરકાર દ્વારા બાંયધરીઓ આપવામાં આવી અને છેલ્લા પાંચ વર્ષ માટે બાકી બાંયધરીઓ **કોઠા 2.45**માં આપવામાં આવી છે.

**કોઠો 2.45: ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓ**

**(₹ કરોડમાં)**

| બાંયધરીઓ | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ, 1963 હેઠળ સરકારી બાંયધરીઓ પર ટોચમર્યાદા | 20,000 | 20,000 | 20,000 | 20,000 | 20,000 |
| બાંયધરીની મહત્તમ રકમ | 11,796 | 11,796 | 11,747 | 11,751 | 10,757 |
| બાંયધરીની બાકી રકમ | 4,834 | 4,699 | 4,462 | 3,656 | 3,044 |
| કુલ મહેસૂલી આવકની સામે બાંયધરીઓની બાકી રકમની ટકાવારી | 3.92 | 3.46 | 3.12 | 2.85 | 1.82 |

સ્રોત: સબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

ગુજરાત રાજ્ય બાયંધરી અધિનિયમ, 1963 બાકી બાયંધરીઓને ₹ 20,000 કરોડની મર્યાદામાં બાંધી રાખવાનું નિયત કરે છે. 2021-22 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 305 કરોડની બાયંધરીઓ આપી હતી. કુલ ₹ 3,044 કરોડની બાકી બાયંધરીઓ પૈકી 40 ટકા (₹ 1,216 કરોડ) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની બાબતમાં હતી અને 7 ટકા (₹ 222 કરોડ) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની બાબતમાં હતી. બાકી બાયંધરીઓ (₹ 3,044 કરોડ) રાજ્ય સરકારની કુલ મહેસૂલી આવકના (₹ 1,66,830 કરોડ) 1.82 ટકા થતી હતી. આ ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ નિયત કરવામાં આવેલી ₹ 16,000 કરોડની મર્યાદાની ઘણી અંદર હતી.

2021-22 દરમિયાન, ₹ 1.64 કરોડના અંદાજપત્રીય અંદાજોની સામે રાજ્ય સ્તરની સંસ્થાઓ પાસેથી ₹ 2.90 કરોડ જેટલી બાયંધરી ફી રાજ્ય સરકારને મળી હતી. ઉપરાંત, 2021-22

દરમિયાન બાયંધરીઓ વટાવવાના હિસાબે રાજ્ય સરકાર દ્વારા કોઇ રકમ ચૂકવવામા આવી ન હતી.

### 2.8.3 રોકડ સિલકોનુ વ્યવસ્થાપન

01 એપ્રિલ 2021 અને 31 માર્ચ 2022ની સ્થિતિએ ગુજરાત સરકાર પાસે રહેલી ખુલતી અને બંધ રોકડ સિલકોની વિગતો **આલેખ 2.20**માં દર્શાવી છે

**આલેખ 2.20: નાણાકીય વર્ષ 2021-22 ની ખુલતી અને બંધ રોકડ સિલકો**

**(₹ કરોડમાં)**




ભારતીય રિઝર્વ બેંક સાથેના કરાર મુજબ, રાજ્ય સરકારે બેંકમાં ₹ 2.80 કરોડની લઘુત્તમ દૈનિક રોકડ સિલક જાળવવાની હોય છે. થયેલા કરાર મુજબ જો સિલક લઘુત્તમથી કોઇ પણ દિવસે ઓછી થાય તો વખતોવખત સામાન્ય સાધનોપાય પેશગીઓ/વિશેષ સાધનોપાય પેશગીઓ/ઓવરડ્રાફ્ટ લઇને તે ઘટ પૂરી કરવામાં આવે છે. રાજ્ય સરકારને મળવાપાત્ર સામાન્ય સાધનોપાય પેશગીઓ માટેની મર્યાદા 01 ફેબ્રુઆરી 2016થી ₹ 19.15 કરોડ છે અને વિશેષ સાધનોપાય પેશગીની મર્યાદા બેંક દ્વારા વખતોવખત સુધારવામાં આવે છે.

રાજ્ય સરકારે 2021-22 દરમિયાન ભારતીય રિઝર્વ બેંકમાં લઘુત્તમ દૈનિક રોકડ સિલક જાળવી હતી અને કોઇ સાધનોપાય પેશગી/વિશેષ સાધનોપાય પેશગી/ઓવરડ્રાફ્ટ લીધા ન હતાં.

#### 2.8.3.1 રોકડ સિલકોનું રોકાણ

રોકડ સિલકો અને 2021-22 દરમિયાન રોકડ સિલકોમાંથી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા રોકાણની વિગતો **કોઠા 2.46**માં દર્શાવી છે.

### કોઠો 2.46: રોકડ સિલકો અને રોકડ સિલકોનું રોકાણ

(₹ કરોડમાં)

| રોકડ સિલકો અને રોકડ સિલકોનું રોકાણ | 01/04/2021 ના રોજ ખુલતી સિલક | 31/03/2022 ના રોજ બંધ સિલક | વધારો (+)/ ઘટાડો (-) |
|---|---|---|---|
| (A) સામાન્ય રોકડ સિલક | | | |
| તિજારીઓમાં રોકડ | 0.00 | 0.00 | 0.00 |
| ભારતીય રિઝર્વ બેંકમાં થાપણો | (-)146.70 | 271.30 | 418.00 |
| માર્ગમાં ભરણા -સ્થાનિક | 0.00 | 0.00 | 0.00 |
| રોકડ સિલક રોકાણ હિસાબમાં કરેલું રોકાણ (ટ્રેઝરી બિલો) | 10,472.20[33] | 12,828.49 | 2,356.29 |
| **કુલ (ક)** | **10,325.50** | **13,099.79** | **2,774.29** |
| (B) અન્ય રોકડ સિલકો અને મૂડીરોકાણો | | | |
| વિભાગીય અધિકારીઓ પાસે રોકડ જેવા કે જાહેર બાંધકામ, વન, જિલ્લા કલેક્ટરો વગેરે. | (-)0.38 | (-)0.37 | 0.01 |
| આકસ્મિક ખર્ચ માટે વિભાગીય અધિકારીઓ પાસે કાયમી પેશગી | 0.30 | 0.30 | 0.00 |
| અંકિત કરેલા ભંડોળોમાં રોકાણ | 5,522.51 | 7,576.49 | 2,053.98 |
| **કુલ (ખ)** | **5,522.43** | **7,576.42** | **2,053.99** |
| **કુલ રોકડ સિલકો (ક) + (ખ)** | **15,847.93** | **20,676.21** | **4,828.28** |
| મેળવેલુ વ્યાજ[34] | 778 | 574 | (-)204 |

સ્રોત: 2021-22 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

રાજ્ય સરકારની ચાલુ વર્ષના અંતે ₹ 20,676.21 કરોડની રોકડ સિલકે પાછલા વર્ષની તુલનાએ ₹ 4,828.28 કરોડનો (30.47 ટકા) વધારો દર્શાવ્યો હતો. ₹ 20,676.21 કરોડની રોકડ સિલકમાંથી, ₹ 12,828.49 કરોડનું રોકાણ ભારત સરકારના ટ્રેઝરી બિલોમાં કરવામાં આવ્યું હતું જેનું વર્ષ દરમિયાન ₹ 130.57 કરોડનું વ્યાજ મળ્યું હતું. વધુમાં, ₹ 7,576.49 કરોડનું રોકાણ અંકિત કરેલા ભંડોળોમાં કરવામાં આવ્યું હતું જેનું ₹ 443.07 કરોડનું વ્યાજ મળ્યુ હતું.

પાંચ વર્ષના સમયગાળાના (2017-22) રાજ્યના રોકડ સિલકના રોકાણો નીચે આપ્યા છે.

### કોઠો 2.47: રોકડ સિલક રોકાણ હિસાબ (મુખ્ય સદર - 8673)

(₹ કરોડમાં)

| વર્ષ | ખુલતી સિલક | બંધ સિલક | વધારો (+)/ઘટાડો (-) | મેળવેલુ વ્યાજ |
|---|---|---|---|---|
| 2017-18 | 12,749.99 | 5,198.09 | (-)7,551.90 | 553.79 |
| 2018-19 | 5,198.09 | 6,895.90 | 1,697.81 | 234.24 |
| 2019-20 | 6,895.90 | 10,347.99 | 3,452.09 | 211.33 |
| 2020-21 | 10,347.99 | 10,472.20# | 124.21 | 96.86 |
| 2021-22 | 10,472.20 | 12,828.49 | 2,356.29 | 130.57 |

સ્રોત:સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

# પ્રોફોર્મા સુધારાના કારણે અહી દર્શાવેલી સિલક વર્ષ 2020-21ના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના ઑડિટ અહેવાલમાં દર્શાવેલી બંધ સિલકથી જુદી પડે છે.

---

33 પ્રોફોર્મા સુધારાના કારણે ફેરફાર

34 ₹ 443 કરોડ અને ₹ 681 કરોડનુ અનુક્રમે 2021-22 અને 2020-21 દરમિયાન ડૂબત ભંડોળ રોકાણ પર મેળવેલુ વ્યાજ (નિયમિત રોકાણ સાથે મેળવેલુ), આથી મુખ્ય સદર 0049 હેઠળ સામેલ કરેલ નથી અને વત્તા રોકડ મૂડીરોકાણ પર વ્યાજ ₹ 131 કરોડ અને ₹ 97 કરોડ.

2017-22 દરમિયાનના રાજ્ય સરકારના રોકડ સિલક રોકાણના વલણના વિશ્લેષણમાં જોવામાં આવ્યું હતું કે 2018-22 દરમિયાન રોકાણમાં નોંધપાત્ર વધારો થયો હતો. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન, રોકડ સિલક રોકાણ હિસાબમાં રોકાણ, રાજ્યના વાર્ષિક અંદાજપત્રીય અંદાજોના (₹ 2,27,028.79 કરોડ) 5.65 ટકા રહ્યું હતું.

**આલેખ 2.21** 2017-22ના સમયગાળા દરમિયાન રોકડ સિલક રોકાણ હિસાબમાં ઉપલબ્ધ સિલક અને રાજ્ય સરકાર દ્વારા બજારમાંથી લીધેલી લોનની સરખામણી રજૂ કરે છે. બજારમાંથી લોન ઉંચા વ્યાજ દરે લેવામાં આવી હતી જ્યારે તિજોરી બિલોમાં કરેલા રોકાણમાં નીચા દરે વ્યાજ ઉપજતું હતું.

**આલેખ 2.21: બજારમાંથી લીધેલી લોન સામે રોકડ સિલક રોકાણ હિસાબમાં રહેલુ મૂડીરોકાણ**




2021-22 દરમિયાન, રાજ્ય સરકારે બજારમાંથી ₹ 31,054 કરોડ ઉભા કર્યા હતાં, જ્યારે એ જ સમયે રોકડ સિલક રોકાણ હિસાબમાં રહેલી સિલક 2020-21માં ₹ 10,472 કરોડ હતી તે વધીને 2021-22માં ₹ 12,828 કરોડ થઇ હતી, જે દર્શાવે છે કે સરકાર એટલા પ્રમાણમાં ઋણ લેવાનું નિવારી શકી હોત.

**આલેખ 2.22** માસના અંતે રોકડ સિલકની માસ-વાર હેરફેર અને 2021-22 દરમિયાન ચોખ્ખુ રોકડ સિલકનુ રોકાણ દર્શાવે છે.

**આલેખ 2.22: રોકડ સિલકની માસ-વાર (માસના અંતે) હેરફેર અને 2021-22 દરમિયાન ચોખ્ખુ રોકડ સિલકનુ રોકાણ**




વધુમાં, મૂડીગત યોજનાઓમાં રોકાણ અને અસ્ક્યામતોના સર્જનમાં રોકાણ માટે ઋણનો આશરો લેવામાં આવે છે. પાછલા વર્ષોની તુલનાએ 2021-22 દરમિયાન **ફકરા 2.4.3**માં જણાવ્યા પ્રમાણે રાજ્યના મૂડી ખર્ચમાં વધારો ન્યૂનતમ હતો. આથી, જ્યારે વર્ષ દરમિયાન સતત રોકડ સિલક પૂરતી હતી ત્યારે વ્યાજના ઉંચા દરે ઋણ લેવા માટેનો તાર્કિક આધાર જણાતો નથી. ઉપરાંત, 2020-21ના અંતે 35 ટકાની સામે, ચાલુ વર્ષના અંતે સરકારે ભારતીય રિઝર્વ બેંકમાં હતા તે સહિત અંકિત કરેલા ભંડોળોમાં રોકડ સિલકના લગભગ 37 ટકાનું રોકાણ કર્યુ હતું **(કોઠો 2.46)**. અંકિત કરેલા ભંડોળોમાં રોકડ સિલકનું 37 ટકા રોકાણ જાળવી રાખવા માટે પણ રાજ્ય સરકારની માસિક રોકડ સિલક પૂરતી હતી અને વધારાનું ઋણ લેવાની કોઇ જરૂર ન હતી. આમ, ઋણ, ખાસ કરીને એટલા પ્રમાણમાં બજારની લોન લેવાનું નિવારી શકાયુ હોત અને પરિણામી વ્યાજનું ભારણ પણ ટાળી શકાયું હોત.

આ બાબત નાણા વિભાગના ધ્યાન પર લાવવામાં આવી હતી (ડિસેમ્બર 2022). વિભાગનો જવાબ મળવાનો બાકી છે.

## 2.9 ઉપસંહાર

2021-22 દરમિયાન રાજ્ય સરકારે તેની મહેસૂલી આવકમાં પાછલા વર્ષની સરખામણીએ 30.18 ટકાનો વધારો નોંધાવ્યો હતો. 2020-21 કરતાં 2021-22 દરમિયાન રાજ્યની બિન-કર આવકમાં 39.01 ટકાનો અને કેન્દ્રીય કરવેરા અને જકાતમાં રાજ્યના હિસ્સામાં 53.85 ટકાનો નોંધપાત્ર વધારો થયો હતો. રાજ્યને તેના પોતાના સ્રોતોમાંથી 67 ટકા આવક થતી હોઇ મોટાભાગે તેના પોતાના સ્રોતોમાંથી નાણા પૂરા પડી રહેતાં હતાં.

કુલ ખર્ચની ટકાવારીની દ્રષ્ટિએ મૂડી ખર્ચ છેલ્લા પાંચ વર્ષમાં સતત ઘટ્યો હતો.

ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યો સિવાયના રાજ્યોની તુલનાએ, 2021-22 દરમિયાન રાજ્યનો વિકાસકીય ખર્ચ, આરોગ્ય પર ખર્ચ અને મૂડી ખર્ચ અધિક હતો જ્યારે શિક્ષણ ક્ષેત્રમાં તે ઓછો હતો.

મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે રાજ્ય સરકાર તેનો પ્રતિબધ્ધ ખર્ચ સતત ઘટાડવામાં સફળ રહી હતી.

રાજ્ય સરકારે પર્યાપ્ત રોકડ સિલક હોવા છતાં, બજારમાંથી ઋણનો આશરો લીધો હતો પરિણામે રોકડ સિલક રોકાણ હિસાબમાં રહેલા રોકાણોમાં વધારો થયો હતો.

## 2.10 ભલામણો

- અસ્ક્યામતોના સર્જન માટે અને આર્થિક વૃધ્ધિને વેગ આપવા મૂડી ખર્ચમાં વધારો કરવો જોઇએ.
- રાજ્ય સરકારે તેના ઋણનુ લાંબી મુદતનુ ટકાઉપણુ સુનિશ્ચિત કરવા માટે એક ઋણના ટકાઉપણાનું માળખુ વિકસાવવા માટે વિચારણા કરવી જોઇએ.

# પ્રકરણ III
## અંદાજપત્રીય વ્યવસ્થાપન

# પ્રકરણ III

# અંદાજપત્રીય વ્યવસ્થાપન

અસરકારક નાણાકીય વ્યવસ્થાપન એ સુનિશ્ચિત કરે છે કે નીતિવિષયક સ્તરે લેવામાં આવેલા નિર્ણયોનું વહીવટી સ્તરે ભંડોળના દુર્વ્યય અથવા વિચલન વિના સફળતાપૂર્વક અમલીકરણ થાય. આ પ્રકરણ રાજ્ય સરકારની ફાળવણીની પ્રાથમિકતાઓની સમીક્ષા કરે છે અને 2021-22 દરમિયાન અંદાજપત્રના ઘડતરમાં પારદર્શિતા અને તેના અમલીકરણમાં અસરકારકતા પર ટિપ્પણી રજૂ કરે છે.

## 3.1 અંદાજપત્રની પ્રક્રિયા

અંદાજપત્ર તૈયાર કરવાની વાર્ષિક કવાયત એ જાહેર સંસાધનોના કાર્યક્ષમ ઉપયોગ માટેનું વિગતવાર માર્ગદર્શન આપતું માધ્યમ છે. અંદાજપત્રની શબ્દસૂચિ **પરિશિષ્ટ 3.1**માં આપી છે. આવતા નાણાકીય વર્ષ માટે વિભાગોને તેમના અંદાજો નક્કી કરવા માટે માર્ગદર્શન પૂરું પાડતો અંદાજપત્રનો પરિપત્ર જારી કરવાથી અંદાજપત્રની પ્રક્રિયા શરૂ થાય છે, જે સામાન્ય રીતે પ્રતિ વર્ષ સપ્ટેમ્બર માસમાં જારી કરવામાં આવે છે. રાજ્યમાં અંદાજપત્ર તૈયાર કરવાની વિશિષ્ટ પ્રક્રિયા નીચે **આલેખ 3.1** માં આપી છે:

**આલેખ 3.1: અંદાજપત્રની પ્રક્રિયા**




*CSS:* કેન્દ્રીય પ્રાયોજિત યોજનાઓ; *CS:* કેન્દ્રીય યોજનાઓ; *EAPs:* બાહ્યરૂપે સહાયિત યોજનાઓ

ગુજરાત અંદાજપત્ર નિયમાવલી, 1983 મુજબ, વિધાનસભા સમક્ષ રજૂ કરવા માટે અંદાજીત આવક અને ખર્ચનું વાર્ષિક પત્રક અને ખર્ચના પૂરક અંદાજો તૈયાર કરવાની જવાબદારી નાણા વિભાગની છે. આવી તૈયારીના હેતુ માટે નાણા વિભાગ સંબંધિત વહીવટી વિભાગો પાસેથી અંદાજો નક્કી કરવા માટે આધારરૂપ સામગ્રી મેળવે છે. વિભાગના વડાઓ, તેમના તાબાના અધિકારીઓ દ્વારા રજૂ કરવામાં આવેલી સામગ્રીના આધારે અંદાજો તૈયાર કરે છે જેના માટે તેઓ જવાબદાર હોય છે અને નિયત તારીખ સુધીમાં સચિવાલયના યોગ્ય વહીવટી વિભાગમાં મોકલે છે. નાણા વિભાગ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલા અંદાજોનું એકત્રીકરણ કરે છે. આ કવાયતમાં આવક અંદાજવામાં અને ખર્ચની ધારણા કરવામાં અત્યંત દુરંદેશીની જરૂર પડે છે. અંદાજો શક્ય હોય ત્યાં સુધી વાસ્તવિક્તાની નજીક અને ચોક્કસ હોવા જોઇએ. પ્રત્યેક બાબતની જોગવાઇ, અગાઉના વર્ષની પાછલી બાકી સહિત વર્ષ દરમિયાન યોગ્ય મંજૂરી હેઠળ ખરેખર ચૂકવણી અથવા અપેક્ષિત ખર્ચ પર આધારિત હોવી જોઇએ અને વર્ષને લગતી જવાબદારીઓ પૂરતી સીમિત ન હોવી જોઇએ.

રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતા બધા જ ખર્ચ માટે વિધાનસભાની મંજૂરી અનિવાર્ય હોય છે. વિનિયોગ વિધેયક એ એક પ્રકારનું નાણા વિધેયક છે, જે એક નાણાકીય વર્ષ દરમિયાનના ખર્ચને પહોંચી વળવા માટે સરકારને સંચિત નિધિમાંથી ભંડોળ ઉપાડવાની મંજૂરી આપે છે. બંધારણની કલમ 204 અનુસાર, વિધાનસભામાંથી મંજૂરી મળ્યા બાદ જ સરકાર સંચિત નિધિમાંથી નાણા ઉપાડી શકે છે. બંધારણની કલમ 205 અનુસાર, ખર્ચના પૂરક પત્રકોમાં આના વિનિયોગનો સમાવેશ થાય છે: (i) સરકાર દ્વારા મંજુર થયેલ ખર્ચને પહોંચી વળવા આકસ્મિક ભંડોળમાંથી મળેલ અધિકૃત પેશગીઓની વિધાનસભામાંથી મંજૂરી મળવાની અપેક્ષાએ પરત ચૂકવણી, (ii) ચાલુ વર્ષના અંદાજપત્રીય અંદાજોમાં જેનો પહેલેથી સમાવેશ કરવામાં આવ્યો છે તેવી વસ્તુઓ માટેની વધુ જોગવાઈની જરૂરિયાત, (iii) 'નવો ખર્ચ' જેના માટે વિધાનસભાની વિશિષ્ટ મંજૂરીની જરૂરિયાત છે, અને (iv) જેના માટે જોગવાઈ કરવામાં આવી છે, તેવા હિસાબોમાં સમાયોજન. વિધાનસભાની મંજૂરી બાદ ખર્ચનું પૂરક પત્રક પૂરક અનુદાન બને છે.

પૂરક અનુદાન ઉપરાંત, અનુદાનની અંદર પુનઃફાળવણી કરવા માટે પણ પુનર્વિનિયોગનો ઉપયોગ કરી શકાય છે. પુનર્વિનિયોગ એ, સક્ષમ સત્તાધિકારી દ્વારા, એ જ અનુભાગની (મહેસૂલ-મતપાત્ર, મહેસૂલ-બિન-મતપાત્ર, મૂડી-મતપાત્ર, મૂડી-બિન-મતપાત્ર) અંદર અનુદાન અથવા વિનિયોગના કોઈ એક એકમ હેઠળના અધિક ખર્ચને પહોંચી વળવા વિનિયોગના બીજા એકમની બચતોની તેમાં કરાયેલી તબદીલી છે

2021-22ના વિનિયોગ હિસાબો મુજબ, રાજ્ય વિધાનસભા દ્વારા મંજૂર થયેલ કુલ રકમ (મૂળ અને પૂરક જોગવાઇઓ બન્ને), 2021-22 દરમિયાન કરવામાં આવેલો ખર્ચ અને થયેલી બચતો નીચે **આલેખ 3.2**માં દર્શાવ્યા છે:

**આલેખ 3.2: 2021-22 માટે ગુજરાતના અંદાજપત્ર અને ખર્ચનો સારાંશ**




191 અનુદાનો/વિનિયોગોમાંથી 159માં થયેલી ₹ 25,544.89 કરોડની એકંદર બચતને 191 માંથી 4 અનુદાનો/વિનિયોગોમાં થયેલા ₹ 3,511.09 કરોડના વધારાને સરભર કરવાને પરિણામે વર્ષ 2021-22 દરમિયાન ₹ 22,033.80 કરોડની ચોખ્ખી બચત રહી હતી.

### 3.1.1 નાણાકીય વર્ષ દરમિયાન કુલ જોગવાઇઓ, ખરેખર ચૂકવણીઓ અને બચતોનો સારાંશ

2021-22 દરમિયાન કુલ અંદાજપત્રીય જોગવાઇ, ચૂકવણીઓ અને બચતો/વધારો તેના આગળ મતપાત્ર/બિન-મતપાત્રમાં વિભાજન સાથેના સારાંશની સ્થિતિ નીચે દર્શાવ્યા મુજબ છે:

**કોઠો 3.1: 2021-22 દરમિયાન અંદાજપત્રીય જોગવાઇ, ચૂકવણીઓ અને બચતો/વધારો**

**(₹ કરોડ)**

| પ્રકાર | કુલ અંદાજપત્રીય જોગવાઇ | | ચૂકવણીઓ | | બચત | |
|---|---|---|---|---|---|---|
| | મતપાત્ર | બિન-મતપાત્ર | મતપાત્ર | બિન-મતપાત્ર | મતપાત્ર | બિન-મતપાત્ર |
| કુલ | 1,88,489.53 | 50,899.69 | 1,67,376.82 | 49,978.60 | 21,112.71 | 921.09 |

સ્રોત: 2021-22ના વિનિયોગ હિસાબો

### 3.1.2 મતપાત્ર અને બિન-મતપાત્ર ચૂકવણીઓ

2021-22 દરમિયાન કુલ ચૂકવણીઓનું મતપાત્ર અને બિન-મતપાત્રમાં વિભાજન અને છેલ્લા પાંચ વર્ષના (2017-22) વલણનું વિશ્લેષણ નીચે દર્શાવ્યું છે

**કોઠો 3.2: 2017-22 દરમિયાન અંદાજપત્રીય ચૂકવણીઓ અને બચતો**

**(₹ કરોડમાં)**

| વર્ષ | ચૂકવણીઓ | | બચતો | | | |
|---|---|---|---|---|---|---|
| | મતપાત્ર | બિન-મતપાત્ર | મતપાત્ર | ટકાવારી | બિન-મતપાત્ર | ટકાવારી |
| 2017-18 | 1,28,110.06 | 32,953.02 | 19,301.35 | 15.07 | 2,606.88 | 7.91 |
| 2018-19 | 1,44,463.86 | 36,015.81 | 19,732.04 | 13.66 | 364.25 | 1.01 |
| 2019-20 | 1,48,754.75 | 39,524.20 | 25,852.54 | 17.38 | 139.73 | 0.35 |
| 2020-21 | 1,57,721.70 | 42,494.12 | 28,275.04 | 17.93 | 285.53 | 0.67 |
| 2021-22 | 1,67,376.82 | 49,978.60 | 21,112.71 | 12.61 | 921.09 | 1.84 |

સ્રોત: સંબંધિત વર્ષોના વિનિયોગ હિસાબો

ઉપર કોઠામાંથી જોઇ શકાય છે એ મુજબ, મતપાત્ર અને બિન-મતપાત્ર બાબતો હેઠળ અંદાજપત્રીય ચૂકવણીઓ વધતી રહી છે. વર્ષ 2017-21 દરમિયાન મતપાત્ર વિભાગો હેઠળની બચતોએ પણ વધારાનું વલણ દર્શાવ્યુ છે પરંતુ 2021-22માં ઘટાડો થયો હતો.

જુદા જુદા અનુદાનો હેઠળ બચતો/વધારાનું વિશ્લેષણ **ફકરા 3.3**માં આપ્યું છે.

### 3.1.3 જેન્ડર અંદાજપત્ર

ટકાઉ વિકાસના ધ્યેયોની (SDGs) સંયુક્ત રાષ્ટ્રસંઘની કાર્યસૂચી 2030 એ ગરીબી હટાવવી, પૃથ્વીનું રક્ષણ કરવું અને તમામ લોકો શાંતિ અને સમૃધ્ધિ માણી શકે તેવાં કાર્ય કરવા માટેની વૈશ્વિક હાકલ છે. 17 SDGsમાંથી, ધ્યેય 5નું લક્ષ્ય, સ્ત્રીઓ અને બાળકીઓ સામેના તમામ પ્રકારના ભેદભાવનો અંત લાવીને જાતીય સમાનતા હાંસલ કરવાનો અને તમામ સ્ત્રીઓનું સશક્તિકરણ કરવાનું છે. જાતીય સમાનતા એ માત્ર મૂળભૂત માનવ અધિકાર નથી, પણ ટકાઉ ભવિષ્ય માટે તે અતિ મહત્વની છે. રાજ્ય સરકારે જાતીય સમાનતા સહિત 17 SDGsને આવરી લઇને "ગુજરાત ટકાઉ દૂરદર્શિતા દસ્તાવેજ 2030 (Gujarat Sustainable Vision Document)" પહેલેથી તૈયાર કરેલ છે. સ્ત્રીઓના સશક્તિકરણ અને જાતીય સમાનતાના ઇચ્છિત પરિણામ મેળવવા માટે, રાજ્ય સરકાર સ્ત્રીઓ અને બાળકીઓના વિકાસ માટે ઘણી યોજનાઓનો અમલ કરી રહી છે. નાણાકીય વર્ષ 2014-15થી, રાજ્ય સરકાર સ્ત્રી-લક્ષી નાણાકીય ફાળવણીઓનો સમાવેશ કરતું "જેન્ડર અંદાજપત્ર" પ્રકાશિત કરી રહી છે.

**કોઠો 3.3** છેલ્લા પાંચ વર્ષ (2017-22) દરમિયાન જેન્ડર અંદાજપત્ર હેઠળ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી ફાળવણીઓની વિગતો દર્શાવે છે જ્યારે, **આલેખ 3.3** એ જ સમયગાળા દરમિયાન કુલ અંદાજપત્ર અને રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનની સામે જેન્ડર અંદાજપત્રની ટકાવારીની ઝલક આપે છે.

### કોઠો 3.3: 2017-22 દરમિયાન જેન્ડર અંદાજપત્ર હેઠળ ફાળવણી

(₹ કરોડમાં)

| | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| જેન્ડર અંદાજપત્ર | 56,491.89 | 62,302.93 | 63,341.07 | 78,418.48 | 87,111.11 |
| કુલ અંદાજપત્ર | 1,82,971.32 | 2,00,575.97 | 2,14,271.22 | 2,28,776.39 | 2,39,389.22 |
| રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન | 13,29,095 | 14,92,156 | 16,29,638 | 16,55,917 | 19,44,107 |

સ્રોત: સંબંધિત વર્ષોના વિનિયોગ હિસાબો

### આલેખ 3.3: કુલ અંદાજપત્ર અને રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનની ટકાવારી રૂપે જેન્ડર અંદાજપત્ર




જોઇ શકાય છે એ મુજબ, જેન્ડર અંદાજપત્ર હેઠળની ફાળવણી 2017-18માં ₹ 56,491.89 કરોડ હતી તે વધીને 2021-22માં ₹ 87,111.11 કરોડ થઇ હતી. કુલ અંદાજપત્રની ટકાવારી રૂપે, જેન્ડર અંદાજપત્રનો હિસ્સો 2020-21માં 34.28 ટકા હતો તે વધીને 2021-22માં 36.39 ટકા થયો હતો. આમ છતાં, રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનમાં તેનો હિસ્સો 2020-21માં 4.74 ટકા હતો તે ઘટીને 2021-22 માં 4.48 ટકા થયો હતો

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ (WCD) હેઠળનું જેન્ડર રિસોર્સ સેન્ટર, જેન્ડર અંદાજપત્રના દસ્તાવેજમાં જુદા જુદા વિભાગો દ્વારા અમલમાં મુકાતી યોજનાઓનુ સંકલન કરવા માટે જવાબદાર છે. જેન્ડર અંદાજપત્રના દસ્તાવેજમાં યોજનાઓને ક, ખ અને ગ તરીકે વર્ગીકૃત કરવામા આવી છે.

i. વર્ગ ક – 100 ટકા મહિલા-લક્ષી યોજનાઓ
ii. વર્ગ ખ – જોગવાઇના 30-99 ટકા જેટલો મહિલા-લક્ષી ઘટક ધરાવતી યોજનાઓ
iii. વર્ગ ગ – 30 ટકા કરતાં ઓછા મહિલા-લક્ષી ઘટકવાળી અન્ય યોજનાઓ

જોગવાઇની સામે કરવામાં આવેલા ખર્ચની વિગતો અંદાજપત્રના દસ્તાવેજ કે કોઇ અલગ પ્રકાશનમાં પણ ઉપલબ્ધ નથી. જુદા જુદા વિભાગોના અંદાજપત્રીય અંદાજો સાથે જેન્ડર અંદાજપત્રમાં વિવિધ યોજનાઓના મેપીંગની વિગતો મહિલા અને બાળ વિકાસ વિભાગમાંથી મંગાવવામાં આવી હતી. જરૂરી માહિતી ઑડિટને પૂરી પાડવામાં આવી ન હતી, જેના અભાવે ખરેખર ખર્ચની ખાતરી કરી શકાઇ ન હતી.

જેન્ડર અંદાજપત્રમાં દર્શાવેલી પ્રત્યેક જોગવાઇની સામે કરવામાં આવેલા ખર્ચની દેખરેખ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગે પગલા લેવાની જરૂર છે.

## 3.2 વિનિયોગ હિસાબો

વિનિયોગ હિસાબો ભારતના બંધારણની કલમ 204 અને 205 હેઠળ પસાર કરવામાં આવેલા વિનિયોગ અધિનિયમને સંલગ્ન અનુસૂચિઓમાં નિર્દિષ્ટ જુદા જુદા હેતુઓ માટેના મતપાત્ર અનુદાનો અને બિન-મતપાત્ર વિનિયોગોની રકમોની તુલનાએ નાણાકીય વર્ષ માટે સરકારના ખર્ચની વિગતો પુરી પાડે છે. આ હિસાબો મૂળ અંદાજપત્રીય જોગવાઇ, પૂરક અનુદાનો, બચતો, પરતસોંપણીઓ અને પુનર્વિનિયોગ પૃથક રૂપે દર્શાવે છે અને વિનિયોગ અધિનિયમ દ્વારા અધિકૃત થયા હોય તેની સામે જુદી જુદી નિર્દિષ્ટ સેવાઓ પરના ખરેખર મૂડી અને મહેસૂલી ખર્ચ દર્શાવે છે. વિનિયોગ હિસાબો, આથી, નાણાકીય હિસાબોના પૂરક બને છે.

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા વિનિયોગનું ઑડિટ એ સુનિશ્ચિત કરવા માગે છે કે જુદા જુદા અનુદાનોમાંથી ખરેખર કરવામાં આવેલો ખર્ચ વિનિયોગ અધિનિયમ હેઠળ આપવામાં આવેલી અધિકૃતતા મુજબ હતો અને બિન-મતપાત્ર ખર્ચ પણ તે અંગેની બંધારણની જોગવાઇઓ મુજબ જ કરવામાં આવ્યો હતો. તે એ પણ સુનિશ્ચિત કરે છે કે આ રીતે કરવામાં આવેલો ખર્ચ કાયદો, સંબંધિત નિયમો, નિયમનો અને સૂચનાઓ સાથે સુસંગત છે.

## 3.3 અંદાજપત્રીય અને હિસાબી પ્રક્રિયાની સંપૂર્ણતા પર ટિપ્પણી

### 3.3.1 કાયદાકીય સત્તા વિના કરવામાં આવેલો ખર્ચ

ગુજરાત અંદાજપત્ર નિયમાવલી, 1983 અનુસાર, અંદાજપત્રીય જોગવાઇ વિના અથવા પૂરક અનુદાન/વિનિયોગની અપેક્ષાએ અથવા પુનર્વિનિયોગ દ્વારા ભંડોળની જોગવાઇ કર્યા પહેલા કોઇ પણ સદર હેઠળ ખર્ચ કરી શકાય નહીં.

ઑડિટ ચકાસણીમાં બહાર આવ્યું હતું કે, 2021-22 દરમિયાન અંદાજપત્રીય જોગવાઇ વિના કુલ ₹ 95.03 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. 2021-22 દરમિયાન, અંદાજપત્રીય જોગવાઈઓ વિના, જે હિસાબી સદરો હેઠળ ખર્ચ કરવામાં આવ્યો હતો તેની વિગતો **કોઠા 3.4**માં આપેલી છે:

**કોઠો 3.4: 2021-22 દરમિયાન અંદાજપત્રીય જોગવાઇ વિના કરેલા ખર્ચનો સારાંશ**

**(₹ કરોડમાં)**

| ક્રમ સં. | અનુદાન સંખ્યા અને હિસાબી સદર, જ્યાં અંદાજપત્રીય જોગવાઈઓ વિના ખર્ચ કરવામાં આવ્યો હતો | | અંદાજપત્રીય જોગવાઈઓ વિનાનો ખર્ચ |
|---|---|---|---|
| 1 | 102-2217-80-191-10 | વાણિજ્યિક એકમોને મિલકત વેરામાં છૂટ | 86.95 |
| 2 | 102-2217-80-192-06 | વાણિજ્યિક એકમોને મિલકત વેરામાં છૂટ | 8.08 |
| કુલ | | | **95.03** |

સ્રોત: 2021-22 માટેના વિનિયોગ હિસાબો

## 3.3.2 બિનજરૂરી પૂરક જોગવાઇ

2021-22 દરમિયાન, 5 અનુદાનો /વિનિયોગોમાં એકંદરે ₹ 366.40 કરોડની પૂરક જોગવાઇઓ (દરેક કિસ્સામાં ₹ 5 કરોડ અથવા વધુ) કરવામાં આવી હતી, જે બિનજરૂરી પુરવાર થઇ હતી. **કોઠા 3.5**માં આપેલી વિગતો મુજબ આ પાંચ કિસ્સાઓમાં કરવામાં આવેલો ખર્ચ મૂળ જોગવાઇના સ્તર સુધી પણ પહોંચી શક્યો ન હતો.

**કોઠો 3.5: બિનજરૂરી પુરવાર થયેલી પૂરક જોગવાઇ (દરેક કિસ્સામાં ₹ 5 કરોડ અથવા વધુ)**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક | અનુદાનનો નંબર અને નામ | મૂળ જોગવાઇ | ખરેખર ખર્ચ | મૂળ જોગવાઇમાંથી બચત | બિનજરૂરી પૂરક જોગવાઇ |
|---|---|---|---|---|---|
| મહેસૂલ – મતપાત્ર | | | | | |
| 1 | 22 –નાગરિક પુરવઠો | 830.02 | 827.76 | 2.26 | 145.28 |
| 2 | 49 – ઉદ્યોગો | 4,794.60 | 4,789.11 | 5.49 | 64.40 |
| 3 | 70 – સામૂહિક વિકાસ | 3,091.36 | 2,169.32 | 922.04 | 35.48 |
| 4 | 86 – માર્ગો અને પુલો | 3,714.01 | 3,607.04 | 106.97 | 113.82 |
| મૂડી – મતપાત્ર | | | | | |
| 5 | 13 –ઊર્જા યોજનાઓ | 3,266.01 | 3,138.98 | 127.03 | 7.42 |
| | કુલ | **15,696.00** | **14,532.21** | **1,163.79** | **366.40** |

સ્રોત: 2021-22ના વિનિયોગ હિસાબો

## 3.3.3 ભંડોળોનો બિનજરૂરી પુનર્વિનિયોગ

પુનર્વિનિયોગ એ જેમાં બચતની ધારણા હોય તેવા વિનીયોગના એક એકમમાંથી તેના બીજા એકમમાં, જેમાં અધિક ભંડોળની જરૂર વર્તાતી હોય તેમાં ભંડોળની તબદીલી છે.

સાત પેટા-સદરોમાં, મૂળ અને પૂરક જોગવાઈઓમાં ₹ 68.30 કરોડની (દરેક કિસ્સામાં ₹ 10 લાખથી વધુ) બચત થઇ હતી. **પરિશિષ્ટ 3.2**માં આપેલી વિગતો મુજબ, આ પેટા-સદરોમાં કરવામાં આવેલો ₹ 48.75 કરોડનો પુનર્વિનિયોગ બિનજરૂરી પુરવાર થયો હતો.

જેના માટે પુનર્વિનિયોગનો આશરો લેવામાં આવ્યો હતો તે, ₹ 68.30 કરોડની નોંધપાત્ર બચત દર્શાવે છે કે, અંદાજપત્રીય ફાળવણીનું આયોજન અને તેની દેખરેખ તથા તેનો ઉપયોગ કરવામાં રાજ્ય સરકાર નબળી પડી છે.

## 3.3.4 વણવપરાયેલી જોગવાઇઓ અને પરતસોંપણી કરેલા વિનિયોગો અને/અથવા મોટી બચતો/પરતસોંપણીઓ

### 3.3.4.1 અંદાજપત્રીય જોગવાઇઓના અલ્પ ઉપયોગના કારણે નોંધપાત્ર બચતો

ગુજરાત સરકારના 27 વિભાગો દ્વારા સંચાલન કરવામાં આવતા અનુદાનો માટે 108 માંગણીઓ હતી જે 2021-22 દરમિયાન 191 અનુદાનો/વિનિયોગોમાં[1] પરિણમી હતી.

2021-22 દરમિયાન 191 અનુદાનો/વિનિયોગો પૈકી 159માં ₹ 25,544.89 કરોડની એકંદર કુલ બચતો થઇ હતી, જેમાંથી 39 અનુદાનો/વિનિયોગોમાં અંદાજપત્રીય ફાળવણીના 50 ટકા કરતા ઓછો વપરાશ થયો હતો. બચતોના હિસાબે બનાવેલા જૂથ મુજબ અનુદાનો/વિનિયોગોની વહેંચણી નીચે મુજબ છે.

**આલેખ 3.4: અનુદાન/વિનિયોગનો વિભાગ-વાર ઉપયોગ**




191 અનુદાનો/વિનિયોગો પૈકી 16માં 2021-22 દરમિયાન અંદાજપત્રીય ફાળવણી ₹ એક કરોડ કરતાં અધિક હતી અને અંદાજપત્રનો ઉપયોગ 50 ટકા કરતાં ઓછો હતો. જ્યારે પાંચ અનુદાનો/વિનિયોગોએ છેલ્લા પાંચ વર્ષો (2017-22) દરમિયાન સતત ઓછો ઉપયોગ દર્શાવ્યો

---

[1] અનુદાન (મહેસૂલ મતપાત્ર અને મૂડી મતપાત્ર), વિનિયોગ (મહેસૂલ બિન-મતપાત્ર અને મૂડી બિન-મતપાત્ર)

હતો ત્યારે બે અનુદાનો/વિનિયોગોએ છેલ્લા પાંચ વર્ષોમાંથી ચાર વર્ષોમાં ઓછો વપરાશ દર્શાવ્યો હતો **(કોઠો 3.6)**.

**કોઠો: 3.6: અનુદાનો/વિનિયોગોના વિભાગો જેમાં અંદાજપત્રનો ઉપયોગ 50 ટકા કરતાં ઓછો હતો**

| ક્રમાંક | અનુદાન/વિનિયોગનો વિભાગ | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 | વર્ષોની સંખ્યા[2] | અંદાજપત્ર 2021-22 | કુલ અંદાજપત્ર (5 વર્ષ) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | (ટકામાં) | | | | | | (₹ કરોડમાં) | |
| 1 | 0005-સહકાર મૂડી મતપાત્ર | 53.39 | 24.71 | 51.32 | 52.72 | 30.72 | 2 | 72.78 | 447.80 |
| 2 | 0006- મત્સ્યોદ્યોગ મૂડી મતપાત્ર | 35.90 | 9.34 | 0.50 | 5.95 | 23.86 | 5 | 144.16 | 1,123.41 |
| 3 | 0019-નાણા વિભાગને લગતો અન્ય ખર્ચ મહેસૂલ મતપાત્ર | 0.59 | 0.69 | 0.86 | 0.80 | 15.69 | 5 | 10,093.26 | 44,782.43 |
| 4 | 0021-અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતોનો વિભાગ મહેસૂલ મતપાત્ર | 87.72 | 54.53 | 59.91 | 37.88 | 27.00 | 2 | 83.67 | 269.47 |
| 5 | 0023-અન્ન મૂડી મતપાત્ર | 23.16 | 83.15 | 70.81 | 60.81 | 49.99 | 2 | 25.58 | 412.13 |
| 6 | 0056-શ્રમ અને રોજગાર વિભાગ મહેસૂલ મતપાત્ર | 62.64 | 30.30 | 23.18 | 29.91 | 49.41 | 4 | 16.25 | 106.74 |
| 7 | 0057-શ્રમ અને રોજગાર મૂડી મતપાત્ર | 45.72 | 15.14 | 16.45 | 9.11 | 20.13 | 5 | 45.51 | 243.91 |
| 8 | 0061-કાયદા વિભાગને લગતો અન્ય ખર્ચ મૂડી મતપાત્ર | 24.99 | 27.79 | 21.92 | 42.49 | 5.18 | 5 | 3.53 | 8.04 |
| 9 | 0066-સિંચાઇ અને જમીન સંરક્ષણ મૂડી મતપાત્ર | 98.17 | 98.94 | 98.90 | 66.18 | 49.07 | 1 | 4,737.90 | 22,390.49 |
| 10 | 0075-બંદરો અને પરિવહન વિભાગને લગતો અન્ય ખર્ચ. મહેસૂલ મતપાત્ર | 80.29 | 89.39 | 54.88 | 51.02 | 33.26 | 1 | 66.94 | 319.61 |
| 11 | 0075- બંદરો અને પરિવહન વિભાગને લગતો અન્ય ખર્ચ. મૂડી મતપાત્ર | 100.00 | 41.65 | 75.17 | 13.04 | 0.01 | 3 | 23.01 | 93.44 |
| 12 | 0079-કુદરતી આફતોના હિસાબે રાહત મૂડી મતપાત્ર | 37.64 | 86.71 | 85.68 | 99.94 | 28.10 | 2 | 274.01 | 901.41 |
| 13 | 0082-મહેસૂલ વિભાગને લગતો અન્ય ખર્ચ. મહેસૂલ મતપાત્ર | 31.59 | 85.05 | 45.73 | 23.84 | 23.86 | 4 | 1.21 | 13.63 |
| 14 | 0084-બિન-રહેણાંક મકાનો મૂડી મતપાત્ર | 50.83 | 53.29 | 42.61 | 33.68 | 37.97 | 3 | 1,102.47 | 6,475.24 |
| 15 | 0085-રહેણાંક મકાનો મૂડી મતપાત્ર | 78.19 | 54.99 | 39.78 | 42.34 | 31.67 | 3 | 166.62 | 1,211.86 |

[2] વર્ષોની સંખ્યા જેમાં અંદાજપત્રનો ઉપયોગ 50 ટકા કરતાં નીચે હતો.

| ક્રમાંક | અનુદાન/વિનિયોગનો વિભાગ | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 | વર્ષોની સંખ્યા[2] | અંદાજપત્ર 2021-22 | કુલ અંદાજપત્ર (5 વર્ષ) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | (ટકામાં) | | | | | | (₹ કરોડમાં) | |
| 16 | 0093-અનુસૂચિત જનજાતિનું કલ્યાણ મૂડી મતપાત્ર | 43.09 | 9.35 | 32.31 | 6.04 | 41.96 | 5 | 67.20 | 206.45 |

સ્રોત: સંબંધિત વર્ષોના વિનિયોગ હિસાબો

ઉપરાંત, **પરિશિષ્ટ 3.3**માં દર્શાવ્યા મુજબ, 2021-22 દરમિયાન 191 અનુદાનો/વિનિયોગો પૈકી 159માં ₹ 25,544.89 કરોડની થયેલી એકંદર બચતમાંથી ₹ 24,552.29 કરોડની રકમની 96.11 ટકા જેટલી બચત (પ્રત્યેક કિસ્સામાં ₹ 50 કરોડ અને વધુ) 43 અનુદાનો/વિનિયોગોમાં થઇ હતી.

### 3.3.4.2 નોંધપાત્ર પરત ચૂકવણીઓ

ગુજરાત અંદાજપત્રીય નિયમાવલી, 1983ના ફકરા 103 મુજબ, નિયંત્રણ અધિકારીઓએ તમામ અપેક્ષિત બચતો સંપૂર્ણ માહિતી અને કારણો સહિત વહીવટી વિભાગને જણાવવી જોઇએ.

191 અનુદાનો/વિનિયોગો પૈકી, 45માં, મૂળ જોગવાઇ અથવા પૂરક જોગવાઇનો મોટો હિસ્સો વર્ષ દરમિયાન જરૂરી/ઉપયોગમાં આવ્યો ન હતો જે માર્ચ 2022ના અંતે દરેક અનુદાનમાં ₹ 50 કરોડ અને વધુની નોંધપાત્ર પરતસોંપણીમાં પરિણમ્યો હતો જે **કોઠા 3.7**ની વિગતો મુજબ છે.

**કોઠો 3.7: માર્ચ 2022ના અંતે ₹ 50 કરોડ કરતાં અધિક ભંડોળની પરતસોંપણીની વિગતો**

(₹ કરોડમાં)

| ક્રમાંક | અનુદાન નં.. | મૂળ | પૂરક | કુલ જોગવાઇ | ખરેખર ખર્ચ | બચત (-) /અધિક (+) | પરત સોંપણીની રકમ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 0002-RV | 4,023.97 | 0.00 | 4,023.97 | 2,710.19 | (-)1,313.78 | 1,311.73 |
| 2 | 0005-CV | 72.78 | 0.00 | 72.78 | 22.36 | (-)50.42 | 51.77 |
| 3 | 0006-CV | 144.16 | 0.00 | 144.16 | 34.40 | (-)109.76 | 109.76 |
| 4 | 0009-RV | 29,880.57 | 1,218.48 | 31,099.05 | 33,830.82 | (+)2,731.76 | 514.81 |
| 5 | 0009-CV | 431.89 | 0.00 | 431.89 | 301.23 | (-)130.66 | 127.72 |
| 6 | 0013-CV | 3,266.01 | 7.42 | 3,273.43 | 3,138.98 | (-)134.45 | 134.88 |
| 7 | 0016-RV | 345.47 | 0.00 | 345.47 | 277.77 | (-)67.70 | 67.65 |
| 8 | 0018-RV | 12,368.00 | 0.00 | 12,368.00 | 11,567.82 | (-)800.18 | 785.78 |
| 9 | 0019-RV | 10,093.26 | 0.00 | 10,093.26 | 1,583.95 | (-)8,509.32 | 8,511.53 |
| 10 | 0020-RC | 24,696.03 | 0.00 | 24,696.03 | 23,933.17 | (-)762.86 | 531.05 |
| 11 | 0021-RV | 83.67 | 0.00 | 83.67 | 22.59 | (-)61.08 | 61.07 |
| 12 | 0026-RV | 776.80 | 0.00 | 776.80 | 620.77 | (-)156.04 | 156.10 |
| 13 | 0026-CV | 558.61 | 0.00 | 558.61 | 506.13 | (-)52.48 | 52.60 |
| 14 | 0040-RV | 2,335.36 | 0.00 | 2,335.36 | 2,095.53 | (-)239.83 | 177.35 |
| 15 | 0043-RV | 6,023.07 | 0.00 | 6,023.07 | 5,144.68 | (-)878.39 | 876.36 |
| 16 | 0046-CV | 951.66 | 0.00 | 951.66 | 804.21 | (-)147.45 | 147.45 |
| 17 | 0049-RV | 4,794.60 | 64.40 | 4,859.00 | 4,789.11 | (-)69.88 | 67.76 |

| ક્રમાંક | અનુદાન નં.. | મૂળ | પૂરક | કુલ જોગવાઇ | ખરેખર ખર્ચ | બચત (-) /અધિક (+) | પરત સોંપણીની રકમ |
|---|---|---|---|---|---|---|---|
| 18 | 0049-CV | 502.39 | 0.00 | 502.39 | 351.26 | 151.13 | 151.13 |
| 19 | 0057-RV | 1,111.90 | 0.00 | 1,111.90 | 911.66 | (-)200.25 | 188.01 |
| 20 | 0060-RV | 1,053.42 | 0.00 | 1,053.42 | 921.75 | (-)131.67 | 137.93 |
| 21 | 0065-CV | 3,466.34 | 0.00 | 3,466.34 | 2,803.86 | (-)662.48 | 664.06 |
| 22 | 0066-RV | 1,193.68 | 0.00 | 1,193.68 | 1,102.88 | (-)90.81 | 103.61 |
| 23 | 0066-CV | 4,737.90 | 0.00 | 4,737.90 | 2,325.01 | (-)2,412.89 | 2,413.85 |
| 24 | 0068-RC | 210.00 | 0.00 | 210.00 | 158.62 | (-)51.38 | 51.36 |
| 25 | 0070-RV | 3,091.36 | 35.48 | 3,126.84 | 2,169.32 | (-)957.52 | 956.23 |
| 26 | 0071-RV | 2,468.53 | 0.00 | 2,468.53 | 1,615.20 | (-)853.34 | 8,533.34 |
| 27 | 0072-RV | 138.20 | 0.00 | 138.20 | 74.29 | (-)63.92 | 63.92 |
| 28 | 0074-RV | 727.59 | 70.80 | 798.39 | 765.14 | (-)33.25 | 125.22 |
| 29 | 0074-CV | 501.73 | 0.00 | 501.73 | 391.06 | (-)110.67 | 110.67 |
| 30 | 0077-RV | 279.13 | 0.00 | 279.13 | 206.19 | (-)72.94 | 66.87 |
| 31 | 0079-RV | 2,798.84 | 1,599.39 | 4,398.23 | 4,632.27 | (+)234.04 | 768.71 |
| 32 | 0079-CV | 274.01 | 0.00 | 274.01 | 77.00 | (-)197.01 | 197.01 |
| 33 | 0084-CV | 1,102.47 | 0.00 | 1,102.47 | 418.57 | (-)683.90 | 682.35 |
| 34 | 0085-CV | 166.62 | 0.00 | 166.62 | 52.77 | (-)113.85 | 113.29 |
| 35 | 0086-RV | 3,714.01 | 113.81 | 3,827.82 | 3,607.04 | (-)220.79 | 133.64 |
| 36 | 0087-CV | 294.33 | 0.00 | 294.33 | 179.52 | (-)114.81 | 114.58 |
| 37 | 0092-RV | 2,134.78 | 0.00 | 2,134.78 | 1,964.19 | (-)170.59 | 161.76 |
| 38 | 0092-CV | 602.46 | 0.00 | 602.46 | 551.28 | (-)51.18 | 51.18 |
| 39 | 0095-RV | 4,502.96 | 0.00 | 4,502.96 | 4,030.38 | (-)472.58 | 451.10 |
| 40 | 0095-CV | 793.34 | 66.56 | 859.90 | 801.15 | (-)58.74 | 75.39 |
| 41 | 0096-RV | 9,119.21 | 0.00 | 9,119.21 | 8,028.06 | (-)1,091.15 | 1,026.66 |
| 42 | 0096-CV | 4,673.91 | 0.00 | 4,673.91 | 4,285.56 | (-)388.35 | 462.78 |
| 43 | 0102-RV | 9,656.32 | 0.00 | 9,656.32 | 8,447.10 | (-)1,209.22 | 1,209.20 |
| 44 | 0106-RV | 2,663.81 | 1,005.44 | 3,669.25 | 3,473.51 | (-)195.73 | 188.52 |
| 45 | 0108-RV | 854.31 | 0.00 | 8,54.31 | 660.70 | (-)193.61 | 193.61 |
| **કુલ** | | **1,63,679.46** | **4,181.79** | **1,67,861.25** | **1,46,389.04** | **21,472.21** | **33,081.35** |

સ્રોત: 2021-22ના વિનિયોગ હિસાબો; RV: મહેસૂલ મતપાત્ર; RC: મહેસૂલ બિન-મતપાત્ર; CV: મૂડી મતપાત્ર

ઉપરાંત, 45 માંથી ચાર અનુદાનો/વિનિયોગોમાં કરેલી ₹ 221.11 કરોડની પૂરક જોગવાઈ બિનજરૂરી પૂરવાર થઈ હતી, કારણ કે આ ચાર અનુદાનો/વિનિયોગોમાંથી ₹ 1,292.51 કરોડની પરતસોંપણી કરવામાં આવી હતી.

કેટલાક વિભાગો દ્વારા માંગણી કરીને મેળવવામાં આવેલી અંદાજપત્રીય જોગવાઇઓ ખરેખર જરૂરિયાત કરતાં ઘણી વધારે હતી અને તેનો ઉપયોગ કરવામાં તેમની અસમર્થતા અન્ય પ્રાથમિકતાવાળા ક્ષેત્રોને સંસાધનોની ફાળવણીથી વંચિત રાખે છે અને જાહેર નાણા પર વિધાનસભાનાં બિન-અસરકારક નિયંત્રણ તરફ દોરી જાય છે.

## 3.3.5 અધિક ખર્ચ અને તેનુ નિયમિતીકરણ

ભારતના બંધારણની કલમ 205 અનુસાર, રાજ્ય સરકાર સંચિત નિધિમાંથી કોઇ નાણા ઉપાડી શકે નહીં સિવાય કે તેના માટે રાજ્ય વિધાનસભા દ્વારા કાયદા હેઠળ વિનિયોગ કરવામાં આવ્યો હોય.

### 3.3.5.1 વર્ષ 2021-22 દરમિયાન અધિક ખર્ચ

2021-22 દરમિયાન, ચાર અનુદાનો/વિનિયોગોમાં ₹ 3,511.09 કરોડનો અધિક ખર્ચ થયો હતો જે રાજ્ય વિધાનસભા દ્વારા નિયમિત કરાવવો જરૂરી હતો **(કોઠો 3.8)**.

**કોઠો 3.8: 2021-22 દરમિયાન નિયમિત કરાવવો જરૂરી એવો જોગવાઇ કરતાં થયેલો અધિક ખર્ચ**

**(₹ કરોડમાં)**

| અનુદાન નં. | અનુદાનનું નામ | કુલ અનુદાન | ખરેખર ખર્ચ | અધિક ખર્ચ |
|---|---|---|---|---|
| **મહેસૂલ મતપાત્ર** | | | | |
| 9 | શિક્ષણ | 31,099.05 | 33,830.81 | 2,731.76 |
| 73 | પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગને લગતો અન્ય ખર્ચ | 882.17 | 1,427.43 | 545.26 |
| 79 | કુદરતી આફતોના હિસાબે રાહત | 4,398.23 | 4,632.27 | 234.04 |
| **મહેસૂલ બિન-મતપાત્ર** | | | | |
| 26 | વન | 0.61 | 0.64 | 0.03 |
| | કુલ | **36,380.06** | **39,891.15** | **3,511.09** |

સ્રોત: 2021-22 ના વિનિયોગ હિસાબો

જોગવાઇ કરતાં વધારે ખર્ચ અંદાજપત્રીય અને નાણાકીય નિયંત્રણની પધ્ધતિને બિન-અસરકારક બનાવે છે અને જાહેર સંસાધનોના વ્યવસ્થાપનમાં નાણાકીય ગેરશિસ્તને પ્રોત્સાહન આપે છે.

### 3.3.5.2 કેટલાક અનુદાનોમાં સતત વધારે પડતો ખર્ચ

દર વર્ષે થતો અધિક ખર્ચ દર્શાવે છે કે વિભાગનું અંદાજપત્રીય નિયંત્રણ બિન-અસરકારક છે અને અંદાજપત્રીય અંદાજો વાસ્તવિક રીતે તૈયાર કરવામાં આવતા નથી.

ઑડિટે અનુદાન નં. 73માં (મહેસૂલ મતપાત્ર) 2012-13થી સતત વધારો જોયો હતો. મુજબ છેલ્લા પાંચ વર્ષ (2017-22) દરમિયાન અંદાજપત્ર તૈયાર કરતી વખતે કરેલ અયોગ્ય અંદાજોના કારણે થયેલા અધિકની વિગતો **કોઠા 3.9**માં આપેલી છે:

**કોઠો 3.9: સતત વધારો**

(₹ કરોડમાં)

| ક્રમાંક | અનુદાન/વિનિયોગનું વર્ણન | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|---|
| 1. | અનુદાન નં. 73 – પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગને લગતો અન્ય ખર્ચ (મહેસૂલ મતપાત્ર) | | | | | |
| | અનુદાન | 800.15 | 703.07 | 790.19 | 856.17 | 882.17 |
| | ખર્ચ | 1,127.87 | 1,463.84 | 1,347.89 | 1,352.62 | 1427.43 |
| | અધિક | 327.72 | 760.77 | 557.70 | 496.45 | 545.26 |

સ્રોત: સંબંધિત વર્ષોના વિનિયોગ હિસાબો

'પંચાયતના કર્મચારીઓને નિવૃત્તિ અને નિવૃત્તિ લાભો', 'પંચાયતના કર્મચારીઓને ગ્રેજ્યુઇટી', અને 'પંચાયતના કર્મચારીઓને કુટુંબ પેન્શન' પેટા-સદર હેઠળ અધિક ખર્ચ જોવામાં આવ્યો હતો.

રાજ્ય સરકારે નિવૃત્તિ લાભોનો ચોક્સાઇપૂર્વક અંદાજ બાંધવા માટે નિવૃત્તિ-યોગ્ય પંચાયતના કર્મચારીઓનો વિશ્વસનીય માહિતી સંગ્રહ નિભાવવો જોઇએ.

### 3.3.5.3 પાછલા નાણાકીય વર્ષોના અધિક ખર્ચનું નિયમિતીકરણ

2007-08થી 2011-12 અને 2013-14થી 2020-21 દરમિયાન કરવામાં આવેલો ₹ 10,855.75 કરોડનો અધિક ખર્ચ રાજ્ય વિધાનસભા દ્વારા નિયમિત કરવાનો હજી બાકી હતો. પાછલા નાણાકીય વર્ષોના નિયમિત કરવા જરૂરી અધિક ખર્ચની વિગતો **પરિશિષ્ટ 3.4**માં આપી છે.

## 3.4 અંદાજપત્રીય અને હિસાબી પ્રક્રિયાની પારદર્શિતા પર ટિપ્પણી

### 3.4.1 ઉચ્ચક અંદાજપત્રીય જોગવાઇઓ

એવા કેસો જેમાં તાકીદની પરિસ્થિતિને પહોંચી વળવા માટે તુરંત પગલા લેવાનું શરૂ કરવાનું હોય અથવા યોજના/પરિયોજના જેને નાણાકીય વર્ષમાં હાથ ધરવા માટે સૈધ્ધાંતિક રૂપે સ્વીકાર કરવામાં આવ્યો હોય તેના પરના પ્રાથમિક ખર્ચને પહોચી વળવા માટેના કિસ્સાઓ સિવાયના અંદાજોમાં ઉચ્ચક જોગવાઇ કરવાનું ગુજરાત અંદાજપત્રીય નિયમાવલી, 1983 પ્રતિબંધિત કરે છે. ઉચ્ચક અંદાજો સાથેની અંદાજપત્રીય નોંધમાં જોગવાઇને વાજબી ઠેરવવા માટેનું વિગતવાર સ્પષ્ટીકરણ આપવું જરૂરી છે. ખર્ચનો ચોક્કસ ઉદ્દેશ જાણ્યા વિનાની ઉચ્ચક જોગવાઇ પારદર્શિતાને અસર કરે છે.

અનુદાન નં. 19ના કિસ્સામાં, એવું જોવામાં આવ્યું હતું કે નાણા વિભાગ 2012-13થી આગળ મુખ્ય સદર 2075-'મોંઘવારી ભથ્થાના દરમાં વધારાના હિસાબે જવાબદારી' હેઠળ દર વર્ષે ઉચ્ચક અંદાજપત્રીય જોગવાઇની ફાળવણી કરતો હતો. જો કે, **કોઠા 3.10**માં આપેલી વિગતો પ્રમાણે દર વર્ષે માર્ચ મહિનામાં નાણા વિભાગ દ્વારા તેની પરતસોંપણી કરવામાં આવતી હતી:

**કોઠો 3.10: પૂરેપૂરી પરતસોંપણી કરેલી ઉચ્ચક જોગવાઇ**

**(₹ કરોડમાં)**

| વર્ષ | અનુદાન નં. | સદરની વિગતો | રકમ | પરતસોંપણી/પુનર્વિનિયોગ |
|---|---|---|---|---|
| 2012-13 | 19 | 2075.00.001.01 | 2,500.00 | 2,500.00 |
| 2013-14 | 19 | 2075.00.001.01 | 3,000.00 | 3,000.00 |
| 2014-15 | 19 | 2075.00.001.01 | 3,500.00 | 3,500.00 |
| 2015-16 | 19 | 2075.00.001.01 | 3,500.00 | 3,500.00 |
| 2016-17 | 19 | 2075.00.001.01 | 4,500.00 | 4,500.00 |
| 2017-18 | 19 | 2075.00.001.01 | 6,000.00 | 6,000.00 |
| 2018-19 | 19 | 2075.00.001.01 | 7,000.00 | 7,000.00 |
| 2019-20 | 19 | 2075.00.001.01 | 7,500.00 | 7,500.00 |
| 2020-21 | 19 | 2075.00.001.01 | 8,000.00 | 8,000.00 |
| 2021-22 | 19 | 2075.00.001.01 | 8,000.00 | 8,000.00 |

સ્રોત: સંબંધિત વર્ષોના વિનિયોગ હિસાબો

નાણા વિભાગનું પગલું સંબંધિત વિભાગો દ્વારા તેમના અંદાજપત્રીય અંદાજોમાં આવી જોગવાઇ કરવી તે ગુજરાત અંદાજપત્રીય નિયમાવલી, 1983ના ફકરા 38ની જોગવાઇને અનુરૂપ ન હતું.

## 3.5 અંદાજપત્રીય અને હિસાબી પ્રણાલીની અસરકારકતા પર ટિપ્પણીઓ

### 3.5.1 અંદાજપત્રના અનુમાનો અને અપેક્ષિત અને ખરેખર વચ્ચેનો ગાળો

2021-22 દરમિયાન 191 અનુદાનો/વિનિયોગોની સામે પૂરક અંદાજપત્ર સહિત અંદાજપત્ર, ખરેખર ખર્ચ અને અધિક/બચતોની સ્થિતિનો સારાંશ **કોઠા 3.11**માં આપ્યો છે.

**કોઠો 3.11: અંદાજપત્રીય જોગવાઇની સામે ખર્ચની સ્થિતિનો સારાંશ**

**(₹ કરોડમાં)**

| મતપાત્ર/ બિન-મતપાત્ર | ખર્ચનો પ્રકાર | અંદાજપત્ર (મૂળ) | અંદાજપત્ર (પૂરક) | કુલ અંદાજપત્ર (O+S) | ખરેખર ખર્ચ | ચોખ્ખો અધિક/ બચત (-) | અધિક/ બચત % |
|---|---|---|---|---|---|---|---|
| મતપાત્ર | મહેસૂલ | 1,43,302.47 | 9,439.99 | 1,52,742.46 | 1,37,448.57 | (-)15,293.89 | (-)10.01 |
| | મૂડી | 31,698.95 | 2,619.01 | 34,317.96 | 28,857.21 | (-)5,460.75 | (-)15.91 |
| | લોન અને પેશગીઓ | 1,426.03 | 3.08 | 1,429.11 | 1,071.04 | (-)358.07 | (-)25.06 |
| | **કુલ** | **1,76,427.45** | **12,062.08** | **1,88,489.53** | **1,67,376.82** | (-)21,112.71 | (-)11.20 |
| બિન-મતપાત્ર | મહેસૂલ | *26,182.24* | *137.20* | *26,319.44* | *25,445.32* | (-)874.12 | (-)3.32 |
| | મૂડી | *89.07* | *36.22* | *125.29* | *97.27* | (-)28.02 | (-)22.36 |
| | જાહેર ઋણ | *24,330.03* | *124.93* | *24,454.96* | *24,436.01* | (-)18.95 | (-)0.08 |
| | **કુલ** | ***50,601.34*** | ***298.35*** | ***50,899.69*** | ***49,978.60*** | (-)921.09 | (-)1.81 |
| **એકંદર કુલ** | | **2,27,028.79** | **12,360.43** | **2,39,389.22** | **2,17,355.42** | (-)22,033.80 | (-)9.20 |

સ્રોત: 2021-22ના વિનિયોગ હિસાબો

**કોઠો 3.12: 2017-22 દરમિયાન મૂળ અંદાજપત્ર, સુધારેલા અંદાજો અને ખરેખર ખર્ચ**

(₹ કરોડમાં)

| | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| મૂળ અંદાજપત્ર | 1,72,179.24 | 1,83,666.38 | 2,04,815.00 | 2,17,287.24 | 2,27,028.79 |
| પૂરક અંદાજપત્ર | 10,792.08 | 16,909.59 | 9,456.22 | 11,489.15 | 12,360.43 |
| કુલ અંદાજપત્ર (મૂળ+ પૂરક) | 1,82,971.32 | 2,00,575.97 | 2,14,271.22 | 2,28,776.39 | 2,39,389.22 |
| ખરેખર ખર્ચ | 1,61,063.09 | 1,80,479.68 | 1,88,278.95 | 2,00,215.82 | 2,17,355.42 |
| ચોખ્ખી બચત /અધિક | (-) 21,908.23 | (-) 20,096.29 | (-) 25,992.27 | (-)28,560.57 | (-)22,033.80 |
| બચતની ટકાવારી | (-)11.97 | (-)10.02 | (-) 12.13 | (-)12.48 | (-)9.20 |

સ્રોત: સંબંધિત વર્ષોના વિનિયોગ હિસાબો

**કોઠા 3.12**માં જોઇ શકાય છે એ મુજબ, 2020-21ની 12.48 ટકાની બચતની તુલનાએ 2021-22 દરમિયાન 9.20 ટકાની એકંદર બચત થઇ હતી.

### 3.5.1.1 અંદાજપત્રીય ભંડોળોનો ઇષ્ટતમથી ઓછો ઉપયોગ

છેલ્લા પાંચ વર્ષો દરમિયાન પ્રતિ વર્ષ રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્રનો ઉપયોગ ઇષ્ટતમ કરતાં ઓછો રહ્યો હતો. છેલ્લા પાંચ વર્ષ (2017-22) દરમિયાન અંદાજપત્રના ઉપયોગનું પ્રમાણ **આલેખ 3.5**માં દર્શાવ્યું છે:

**આલેખ 3.5: 2017-22 દરમિયાન અંદાજપત્રનો ઉપયોગ**




**આલેખ 3.5**માં જોઇ શકાય છે કે, છેલ્લા પાંચ વર્ષો દરમિયાન રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્રીય જોગવાઇઓનો ઉપયોગ 87.52 ટકાથી 90.80 ટકાની વચ્ચે રહ્યો હતો. ફાળવવામાં આવેલા ભંડોળોમાં મોટી રકમોની બચતો જરૂરિયાતોની અચોક્કસ આકારણી અને ધારેલા હેતુઓ માટે ભંડોળોનો ઉપયોગ કરવામાં અપૂરતી ક્ષમતા, બન્ને દર્શાવે છે.

### 3.5.1.2 અંદાજપત્રીય જોગવાઇઓમાંથી વિચલન માટે ખૂટતા/અપૂર્ણ સ્પષ્ટીકરણો

મંજૂર થયેલા અંદાજપત્રની સામે ખર્ચ દર્શાવવા ઉપરાંત, વિનિયોગ હિસાબોમાં અંદાજપત્રીય જોગવાઇઓથી (મૂળ વત્તા પૂરક) નોંધપાત્ર ખર્ચના વિચલનના કિસ્સાઓમાં સંબંધિત વિભાગો દ્વારા આપવામાં આવેલા સ્પષ્ટીકરણો પણ સામેલ હોય છે. પેટા-સદરના સ્તરે (વિનિયોગનો એકમ)

આવા વિચલનો માટે કેટલી હદની બહાર સંબંધિત વિભાગો દ્વારા સ્પષ્ટીકરણ જરૂરી છે તે રાજ્યની જાહેર હિસાબ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવે છે.

પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) વિભાગના નિયંત્રણ અધિકારીઓને વિનિયોગ હિસાબોનો મુસદ્દો પૂરો પાડે છે અને મંજૂર થયેલી અંદાજપત્રીય ફાળવણીઓના સંદર્ભમાં જાહેર હિસાબ સમિતિ દ્વારા નિયત મર્યાદાઓ બહાર ખર્ચમાં વધઘટ માટેના કારણો/સ્પષ્ટીકરણોની માંગ કરે છે. ઓક્ટોબર 1994માં જાહેર હિસાબ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલી મર્યાદાઓ **પરિશિષ્ટ 3.5**માં દર્શાવી છે.

191 અનુદાન/વિનિયોગો[3] પૈકી, 158 અનુદાનો/વિનિયોગોની બાબતમાં વિચલનના કારણો જરૂરી હતાં. 2021-22ના વિનિયોગ હિસાબોનુ ઑડિટ અને હિસાબી ડેટાના વિશ્લેષણમાં જોવામાં આવ્યું હતું કે નિયંત્રણ અધિકારીઓ દ્વારા 158 અનુદાનો/વિનિયોગો પૈકી 14 બાબતોમાં અંદાજપત્રીય ફાળવણીઓ સામે ખર્ચના વિચલનો માટે સ્પષ્ટીકરણો આપવામાં આવ્યાં ન હતાં. પેટા-સદરોની દ્રષ્ટિએ 1,013 પેટા-સદરોમાંથી 22માં સ્પષ્ટીકરણો રજૂ કરવામાં આવ્યાં ન હતાં.

પેટા-સદરોની કુલ સંખ્યા, વિચલનો માટે સ્પષ્ટીકરણ જરૂરી હોય એવા પેટા-સદરોની સંખ્યા અને જેમાં સ્પષ્ટીકરણો મળ્યા હતાં એવા પેટા-સદરોની સંખ્યા **આલેખ 3.6**માં દર્શાવી છે. આ બાબતમાં સંબંધિત વિગતો **પરિશિષ્ટ 3.6**માં દર્શાવી છે.

**આલેખ 3.6: અંદાજપત્રીય જોગવાઈઓની સામે ખુલાસા વિનાના વિચલનોનો સારાંશ**




અંદાજપત્રીય ફાળવણી અને તેના વપરાશ વચ્ચેના વિચલન માટે સ્પષ્ટીકરણનો અભાવ સરકારના નાણાકીય ઉત્તરદાયિત્વની ખાતરી કરવાના ઉપાય તરીકે અંદાજપત્ર પર વિધાનસભાનું નિયંત્રણ અવરોધે છે

## 3.5.1.3 વિનિયોગના પ્રાથમિક એકમમાં અંદાજપત્રીય વિચલન

પેટા-સદર એ વિનિયોગનો પ્રાથમિક એકમ છે, અને વિનિયોગના હિસાબો એ રીતે જાહેર હિસાબ સમિતિ દ્વારા નિયત માપદંડો મુજબ પેટા-સદર સ્તરે અંદાજપત્રીય જોગવાઇઓથી ખર્ચના વિચલનના કિસ્સાઓ બહાર લાવે છે.

[3] અનુદાન (મહેસૂલ મતપાત્ર, મૂડી મતપાત્ર), વિનિયોગો (મહેસૂલ બિન-મતપાત્ર, મૂડી બિન-મતપાત્ર)

ઉપરોક્ત **આલેખ 3.6**ની વિગતો મુજબ, રાજ્યના વિનિયોગ હિસાબોમાં વિનિયોગના આવા 2,643 એકમો છે. કદ અને કુલ અંદાજપત્રીય ફાળવણી અનુસાર પેટા-સદરોની વહેંચણી **કોઠા 3.13**માં આપવામાં આવી છે.

**કોઠો 3.13: કદ અને કુલ અંદાજપત્રીય ફાળવણી મુજબ પેટા-સદરોની વહેંચણી**

| અંદાજપત્રીય ફાળવણી (₹ માં) | પેટા-સદરોની સંખ્યા | પેટા-સદરોનો હિસ્સો (ટકા) | કુલ અંદાજપત્ર (₹ કરોડમાં) | અંદાજપત્રમાં પેટા-સદરોનો હિસ્સો (ટકા) |
|---|---|---|---|---|
| 15 લાખથી ઓછા | 443 | 16.76 | 12.64 | 0.01 |
| 15 લાખ - 50 લાખ | 224 | 8.48 | 65.56 | 0.03 |
| 50 લાખ - 1 કરોડ | 154 | 5.82 | 105.22 | 0.04 |
| 1 કરોડ - 10 કરોડ | 764 | 28.91 | 2,909.75 | 1.22 |
| 10 કરોડ - 100 કરોડ | 754 | 28.53 | 26,606.56 | 11.11 |
| 100 કરોડ અને વધુ | 304 | 11.50 | 2,09,689.49 | 87.59 |
| **કુલ** | **2,643** | **100** | **2,39,389.22** | **100** |

સ્રોતઃ 2021-22ના વિનિયોગ હિસાબો

**કોઠા 3.13**માં જોઇ શકાય છે એ મુજબ, 12 ટકા પેટા-સદરો કુલ અંદાજપત્રીય ફાળવણીનો 87.59 જેટલો હિસ્સો આવરી લે છે જ્યારે 16.76 ટકા પેટા-સદરો કુલ ફાળવણીનો માત્ર 0.01 ટકા હિસ્સો આવરી લે છે. આમ, વિનિયોગના એકમને, વિધાનસભાના નિયંત્રણમાં વધારો તેમજ અંદાજપત્રનો વહીવટ સરળ બનાવવા માટે, સદરોની સંખ્યા અને સદરોનું કદ બન્ને રીતે તર્કસંગત કરવાની જરૂર છે.

## 3.5.2 અંદાજપત્ર અને વૈકલ્પિક કિંમત

ઘણી વખત, મૂળ/પૂરક જોગવાઇ મેળવતી વખતે, વિભાગો જુદી જુદી યોજનાઓ/પ્રવૃત્તિઓ હેઠળ જુદા જુદા હેતુઓ માટે મોટી વધારાની જરૂરિયાતો વિધાનસભાને જણાવે છે, પરંતુ છેવટે મૂળ અંદાજપત્રીય જોગવાઇ અને પૂરક જોગવાઇ અથવા તેના ભાગ કરતાં ઓછો ખર્ચ થાય છે. પરિણામે, વણવપરાયેલા ભંડોળનો ઉપયોગ કરી શકાતો નથી. એજ સમયે, ભંડોળના અભાવે ઘણી યોજનાઓ અપૂર્ણ રહે છે. આમ, અપૂર્ણ યોજનાઓના ઇચ્છિત લાભો જાહેર જનતા સુધી પહોંચી શકતા નથી. આનાથી યોજનાઓના ખર્ચમાં પણ વધારો થાય છે.

જો કે, મૂડી વિભાગની 21 યોજનાઓમાં **(પરિશિષ્ટ 3.7)**, એવું જોવામાં આવ્યું હતું કે સંબંધિત વિભાગો મૂળ જોગવાઇના (₹ 50 કરોડ અથવા વધુ) 50 ટકા કરતાં વધારે ઉપયોગ કરી શક્યાં ન હતાં જે વર્ષના અંતે આ 21 યોજનાઓમાં ₹ 3,528.83 કરોડની બચત તરફ દોરી ગયું હતું.

વર્ષ 2021-22 માટેના નાણાકીય હિસાબો, ભાગ IIના પરિશિષ્ટ IXમાં વધુમાં એવું જોવામાં આવ્યું હતું કે માર્ગ અને મકાન વિભાગ અને નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગમાં 176 અપૂર્ણ મૂડી યોજનાઓ (અંદાજીત ખર્ચઃ ₹ 10,747.99 કરોડ) હતી જેમાં 31 માર્ચ 2022 સુધીમાં ₹ 7,477.97 કરોડનો ઉત્તરોત્તર ખર્ચ થયો હતો. આ યોજનાઓ નવેમ્બર 2015 અને માર્ચ

2022 વચ્ચે પૂર્ણ થવાનો લક્ષ્યાંક હતો. જો યોગ્ય આયોજન થયું હોત તો, 21 યોજનાઓમાં વણવપરાયેલું (**પરિશિષ્ટ 3.7**) ₹ 3,528.83 કરોડનું ભંડોળ, ભંડોળની અછતનો સામનો કરતી અન્ય યોજનાઓ/કાર્યક્રમોને ફાળવી શકાયું હોત.

### 3.5.3 અંદાજપત્રમાં મોટી નીતિવિષયક જાહેરાતો અને તેનું અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે પૂરૂં પાડવામાં આવેલું ખરેખર ભંડોળ

કાર્યક્રમની માર્ગદર્શિકા/પદ્ધતિઓની મંજૂરીનો અભાવ, વહીવટી મંજૂરીનો અભાવ, અંદાજપત્રીય ફાળવણી છુટી ન કરવી, વગેરે કારણોસર રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવતી ઘણી નીતિવિષયક પહેલનો અંશતઃ અમલ થાય છે અથવા અમલ થતો નથી. આ માત્ર લાભાર્થીઓને ઈચ્છિત લાભોથી વંચિત રાખતું નથી. પરંતુ અન્ય વિભાગોને આવી યોજનાઓમાં થયેલી બચતોના ભંડોળથી વંચિત રાખે છે, જેનો તેઓ ઉપયોગ કરી શક્યા હોત.

વર્ષ 2021-22 માટેના નાણાકીય હિસાબોના ભાગ IIનું પરિશિષ્ટ XI, વર્ષ દરમિયાન લેવામાં આવેલા નીતિવિષયક મુખ્ય નિર્ણયો અથવા અંદાજપત્રમાં સૂચિત નવી યોજનાની વિગતો આપે છે. 2021-22 દરમિયાન, 25 નવી યોજનાઓ/મોટી નીતિવિષયક જાહેરાતો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી હતી. ઑડિટના અવલોકન મુજબ, આમાંથી 20 યોજનાઓનો વર્ષ દરમિયાન અમલ કરવામાં આવ્યો હતો.

### 3.5.4 ખર્ચનો ધસારો

ગુજરાત અંદાજપત્રીય નિયમાવલી, 1983 અનુસાર, ખર્ચનો ધસારો, વિશેષ રૂપે નાણાકીય વર્ષના છેવટના મહિનાઓમાં, એ નાણાકીય ઔચિત્યનું ઉલ્લંઘન છે.

2021-22 દરમિયાન રાજ્યની તિજોરીમાં આવક અને ચૂકવણીઓનો માસિક પ્રવાહ **આલેખ 3.7**માં દર્શાવ્યો છે.

**આલેખ 3.7: 2021-22 દરમિયાન માસિક આવક અને ખર્ચ**

**(₹ કરોડમાં)**




*(ખર્ચના આંકડા વસૂલાત બાદના છે)*

**આલેખ 3.7** માં જોઇ શકાય છે એ મુજબ, માર્ચમાં આવક અને ખર્ચનો પ્રવાહ નાણાકીય વર્ષ 2021-22 દરમિયાનના અન્ય મહિનાઓ કરતાં નોંધપાત્ર રીતે વધુ હતો.

મુખ્ય સદરો જેમાં કુલ ખર્ચના 50 ટકા કરતાં અધિક (દરેક કિસ્સામાં ₹ એક કરોડ કરતાં વધુ) ખર્ચ એકલા માર્ચ 2022માં કરવામાં આવ્યો હતો તેની વિગતો **કોઠા 3.14**માં આપી છે:

**કોઠો 3.14: માર્ચ 2022માં ખર્ચનું પ્રમાણ**

**(₹ કરોડમાં)**

| મુખ્ય સદર | વર્ણન | 1st ત્રિમાસિક | 2nd ત્રિમાસિક | 3rd ત્રિમાસિક | 4th ત્રિમાસિક | કુલ ખર્ચ. | માર્ચમાં ખર્ચ | કુલ ખર્ચના ટકાની રીતે માર્ચમાં ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|
| 2048 | ઘટાડા અથવા ઋણના નિવારણ માટે વિનિયોગ | 0.00 | 0.00 | 0.00 | 1,500.00 | 1,500.00 | 1,500.00 | 100 |
| 2075 | પરચૂરણ સામાન્ય સેવાઓ | 0.03 | 1.67 | 14.15 | 27.16 | 43.01 | 26.16 | 60.81 |
| 2402 | જમીન અને જળ સંરક્ષણ | 0.37 | 0.49 | 0.45 | 8.91 | 10.22 | 8.62 | 84.37 |
| 2425 | સહકાર | 24.35 | 96.65 | 73.84 | 1,112.43 | 1,307.27 | 790.94 | 60.50 |
| 4058 | સ્ટેશનરી અને પ્રિન્ટીંગ પર મૂડી જોગવાઇ | 0.00 | 0.44 | 0.00 | 0.76 | 1.19 | 0.76 | 63.28 |
| 4225 | અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ પર મૂડી જોગવાઇ | 4.31 | 15.56 | 37.70 | 175.37 | 232.95 | 143.29 | 61.51 |
| 4401 | પાક સંવર્ધન પર મૂડી જોગવાઇ | 0.00 | 15.36 | 2.30 | 48.33 | 65.98 | 37.26 | 56.47 |
| 4435 | અન્ય કૃષિ કાર્યક્રમો પર મૂડી જોગવાઇ | 0.00 | 3.85 | 0.59 | 16.56 | 21.00 | 15.65 | 74.51 |
| 4810 | નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા પર મૂડી જોગવાઇ | 12.50 | 0.00 | 0.00 | 493.81 | 506.31 | 328.19 | 64.82 |
| 5053 | નાગરિક ઉડ્ડયન માટે મૂડી જોગવાઇ | 8.53 | 0.80 | 13.77 | 139.80 | 162.90 | 133.26 | 81.81 |
| 5055 | માર્ગ પરિવહન પર મૂડી જોગવાઇ | 103.82 | 0.00 | 0.00 | 309.56 | 413.37 | 221.79 | 53.65 |
| 6216 | આવાસન માટે લોન | 0.00 | 0.00 | 0.00 | 1.15 | 1.15 | 1.15 | 100.00 |
| 7615 | પરચૂરણ લોન | 0.00 | 0.00 | 0.00 | 29.41 | 29.41 | 29.41 | 100.00 |
| | કુલ | 153.91 | 134.82 | 142.80 | 3,863.24 | 4,294.77 | 3,236.46 | |

સ્રોત: પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી

આમ, નાણાકીય નિયમનોની ભાવનાથી વિપરીત, ખર્ચનો એક નોંધપાત્ર હિસ્સો રાજ્ય સરકાર દ્વારા નાણાકીય વર્ષના અંતે ખર્ચવામાં આવ્યો હતો, જે ખર્ચ પર અપૂરતુ નિયંત્રણ અને નબળું અંદાજપત્રીય વ્યવસ્થાપન દર્શાવે છે.

વધુમાં, માર્ચ 2022માં 1,880 પેટા-સદરો હેઠળ કરવામાં આવેલા ₹ 46,616.21 કરોડના કુલ ખર્ચમાંથી, 124 પેટા-સદરો હેઠળ 100 ટકા ખર્ચ (₹ 4,747.17 કરોડ) માર્ચ 2022માં કરવામાં આવ્યો હતો. 30 પેટા-સદરો (124 પૈકી) જેમાં ₹ 10 કરોડ અથવા વધુનો ખર્ચ માર્ચ 2022માં કરવામાં આવ્યો હતો તેની વિગતો **પરિશિષ્ટ 3.8**માં દર્શાવી છે

ઉપરાંત, વિભાગ દ્વારા તેના હસ્તક મુકાયેલા અનુદાનની બાબતમાં કરવામાં આવેલા ખર્ચના કિસ્સામાં, એવું જોવામાં આવ્યું હતું કે 108 પૈકી નવ અનુદાનોમાં, કુલ ખર્ચના 50 ટકા કરતાં અધિક ખર્ચ **કોઠા 3.15**માં દર્શાવ્યા પ્રમાણે માર્ચમાં કરવામાં આવ્યો હતો.

**કોઠો 3.15: માર્ચમાં 50 ટકા કરતાં વધુ ખર્ચવાળા અનુદાનો (ઘટતી ટકાવારીના ક્રમમાં)**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક | અનુદાન નં. | વર્ણન | 1st ત્રિમાસિક | 2nd ત્રિમાસિક | 3rd ત્રિમાસિક | 4th ત્રિમાસિક | કુલ | માર્ચમાં ખર્ચ | કુલ ખર્ચની ટકાવારી રૂપે માર્ચમાં ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 0007 | કૃષિ અને સહકાર વિભાગને લગતો અન્ય ખર્ચ | 0.00 | 0.00 | 0.00 | 18.67 | 18.67 | 18.67 | 100.00 |
| 2 | 0041 | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતો અન્ય ખર્ચ | 0.00 | 0.00 | 0.00 | 0.28 | 0.28 | 0.28 | 100.00 |
| 3 | 0019 | નાણા વિભાગને લગતો અન્ય ખર્ચ | 15.57 | 28.09 | 16.09 | 1,524.48 | 1,584.23 | 1,511.86 | 95.43 |
| 4 | 0010 | શિક્ષણ વિભાગને લગતો અન્ય ખર્ચ | 0.12 | 0.64 | 0.52 | 30.91 | 32.19 | 30.45 | 94.61 |
| 5 | 0072 | વળતર અને સોંપણી | 0.00 | 10.78 | 9.75 | 53.75 | 74.29 | 46.77 | 62.96 |
| 6 | 0052 | ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતો અન્ય ખર્ચ | 35.79 | 28.67 | 32.98 | 175.17 | 272.61 | 169.49 | 62.17 |
| 7 | 0005 | સહકાર | 20.57 | 93.01 | 67.15 | 1,081.83 | 1,262.57 | 758.09 | 60.04 |
| 8 | 0003 | લઘુ સિંચાઇ, જમીન સંરક્ષણ અને વિસ્તાર વિકાસ | 0.94 | 1.05 | 4.07 | 8.71 | 14.77 | 8.16 | 55.27 |
| 9 | 0056 | શ્રમ અને રોજગાર વિભાગ | 0.74 | 1.08 | 0.80 | 5.40 | 8.03 | 4.33 | 53.96 |

સ્રોત: પ્રધાન મહાલેખાકાર) હિસાબ અને હક (કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી

### 3.5.4.1 માર્ચમાં 25 ટકા કરતા અધિક ખર્ચ નોંધાવનાર વિભાગો

બાર વિભાગોમાં કુલ ખર્ચના 25 ટકા કરતાં અધિક ખર્ચ માર્ચ 2022માં કરવામાં આવ્યો હતો, મોટા ખર્ચવાળા બે વિભાગોની વિગતો આલેખ 3.8, અને 3.9માં દર્શાવી છે. તમામ 12 વિભાગોની બાબતમાં માસ-વાર ખર્ચની વિગતો પરિશિષ્ટ 3.9માં દર્શાવી છે.

**આલેખ 3.8: ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગનો માસ-વાર ખર્ચ**




સ્રોત: પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી

**આલેખ 3.9: આદિજાતી વિકાસ વિભાગનો માસ-વાર ખર્ચ**




સ્રોત: પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી

## 3.6 પસંદગીના અનુદાનોની સમીક્ષા

ગુજરાત અંદાજપત્ર નિયમાવલી, 1983ની જોગવાઇ મુજબ અનુદાનનો વહીવટ કરનાર સત્તાધિકારી તેના નિયંત્રણ હેઠળના ખર્ચની પ્રગતિ પર ધ્યાન રાખવા માટે અને તેને મંજૂર થયેલા અનુદાન અથવા વિનિયોગની હદમાં રાખવા માટે જવાબદાર છે. આ સત્તાધિકારીની ફરજો અને જવાબદારીઓમાં, સમયસર અને ચોકસાઇપૂર્વક અંદાજો તૈયાર કરવા અને એ પણ સુનિશ્ચિત કરવું કે તેને હસ્તક મુકવામાં આવેલ અનુદાન જે હેતુ માટે આપવામાં આવ્યું હોય તેના માટે જ વપરાય અને થયેલી બચતની જો જરૂર ન હોય તો પરતસોંપણી કરવાનો સમાવેશ થાય છે.

સત્તાધિકારીઓ આ સૂચનાઓનું કેટલી હદે પાલન કરે છે તેની ખાતરી કરવાના દ્રષ્ટિકોણ સાથે ઑડિટ દ્વારા, વન અને પર્યાવરણ વિભાગ હેઠળ અનુદાન નં. 26 (વન) અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ અનુદાન નં. 38, 39, 40 અને 41નું (આરોગ્ય) સંચાલન કરતા વહીવટી વિભાગો/નિયંત્રણ અધિકારીઓના 2019-20થી 2021-22ના ત્રણ વર્ષના સમયગાળા

માટેના રેકર્ડની પ્રતિક ચકાસણી કરવામાં આવી હતી. ઑડિટ અવલોકનોની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

### 3.6.1 અનુદાન નં. 26-વનની સમીક્ષા

ભારતના બંધારણની કલમ 246 ને તેમાં સંદર્ભિત સાતમી અનુસૂચિ સાથે વાંચતા તે અનુસાર "વન" નો સમાવેશ યાદી III-સમવર્તી યાદીમાં કરવામાં આવ્યો છે. વન વિભાગ અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન દળના વડાના (હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ) વડપણ હેઠળ હોય છે. વન વિભાગની મુખ્ય કામગીરીઓ વનના રક્ષણ, સંરક્ષણ અને વનનો વિકાસ છે. વિભાગનુ અનુદાન નં. 26 આ કામગીરીઓને લગતુ છે. વર્ષ 2019-22 દરમિયાન મહેસૂલ/મૂડી અને મતપાત્ર/બિન-મતપાત્ર સદરો હેઠળ અનુદાન નં. 26 માટેની વિગતો નીચે **કોઠા 3.16**માં આપી છે.

**કોઠો 3.16: અનુદાન નં. 26 હેઠળ અંદાજપત્રીય જોગવાઇ અને ખર્ચ**

**(₹ કરોડમાં)**

| વર્ષ | અંદાજપત્રીય જોગવાઇ | | | ખર્ચ | અધિક(+)/ બચતો(-) | અંદાજપત્રની સામે બચત/ અધિકની ટકાવારી (%) |
|---|---|---|---|---|---|---|
| | મૂળ | પૂરક | કુલ | | | |
| **મહેસૂલ મતપાત્ર** | | | | | | |
| 2019-20 | 598.45 | 0 | 598.45 | 515.43 | (-)83.02 | 13.87 |
| 2020-21 | 827.55 | 0 | 827.55 | 616.08 | (-) 211.47 | 25.55 |
| 2021-22 | 776.80 | 0 | 776.80 | 620.77 | (-) 156.03 | 20.09 |
| **મહેસૂલ બિન-મતપાત્ર** | | | | | | |
| 2019-20 | 0.95 | 0.34 | 1.29 | 1.19 | (-) 0.10 | 7.75 |
| 2020-21 | 0.60 | 0 | 0.60 | 0.41 | (-) 0.19 | 31.67 |
| 2021-22 | 0.61 | 0 | 0.61 | 0.64 | 0.03 | 4.92 |
| **મૂડી મતપાત્ર** | | | | | | |
| 2019-20 | 452.13 | 0 | 452.13 | 434.14 | (-) 17.99 | 3.98 |
| 2020-21 | 555.04 | 0 | 555.04 | 418.71 | (-) 136.33 | 24.56 |
| 2021-22 | 558.61 | 0 | 558.61 | 506.13 | (-)52.48 | 9.39 |

સ્રોત: 2019-22ના વિનિયોગ હિસાબો

મહેસૂલ મતપાત્ર હેઠળની બચતો 2019-20માં 13.87 ટકા હતી તે વધીને 2020-21માં 25.55 ટકા થઇ હતી પરંતુ 2021-22માં 20.09 ટકા સુધી ઘટી ગઇ હતી. વિભાગે આ માટે ખાલી જગ્યાઓ કારણભૂત હોવાનું જણાવ્યુ હતું.

મૂડીના (મતપાત્રના) કિસ્સામાં ખર્ચમાં બચતો 2019-20 દરમિયાન 3.98 ટકા હતી તે વધીને 2020-21માં 24.56 ટકા થઇ હતી પરંતુ 2021-22માં તે 9.39 ટકા સુધી ઘટી ગઇ હતી. વિભાગે 2020-21માં બચતોમાં વધારા માટે કોવિડ-19 મહામારીના કારણે ઓછો મૂડી ખર્ચ અને 2021-22 દરમિયાન નિવિદાની (ટેન્ડરની) પ્રક્રિયાને આખરીરૂપ ન અપાયુ તેને કારણરૂપ ગણાવ્યુ હતું.

### 3.6.1.1 પૂરેપૂરી અંદાજપત્રીય જોગવાઇની પરતસોંપણી

ગુજરાત અંદાજપત્ર નિયમાવલી, 1983ના ફકરા 103 મુજબ, નિયંત્રણ અધિકારીઓએ સંપૂર્ણ વિગતો અને કારણો સાથે તમામ અપેક્ષિત બચતોનો અહેવાલ વહીવટી વિભાગોને આપવો જોઇએ.

ઑડિટે અવલોકન કર્યું હતું કે 2019-20થી 2021-22 દરમિયાન સાત યોજનાઓમાં, ₹ 52.06 કરોડની પૂરેપૂરી અંદાજપત્રીય જોગવાઇની પરતસોંપણી કરવામાં આવી હતી.

**કોઠો 3.17: પૂરેપૂરી અંજદાજપત્રીય જોગવાઇની પરતસોંપણી**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક | યોજના (અનુદાન નં. 26 હેઠળ હિસાબી સદર) | પૂરેપૂરી જોગવાઇની પરતસોંપણી | | | ઉપયોગ ન થવાના કારણો |
|---|---|---|---|---|---|
| | | 2019-20 | 2020-21 | 2021-22 | |
| 1. | કચ્છ જીવમંડળ અનામતની (કચ્છ બાયોસ્ફીયર રીઝર્વ (CSS)) રચના માટે કાર્ય યોજના (26-2406-02-110-24) | 2.50 | 2.00 | 2.00 | ભારત સરકાર દ્વારા સંચાલનનો વાર્ષિક પ્લાન મંજૂર ન થવાના કારણે |
| 2. | જાપાન આંતરરાષ્ટ્રીય સહકારી સંસ્થાના (જાપાન ઇન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સીના (JICA)) વડપણ હેઠળ ગુજરાત વનસંવર્ધન વિકાસ યોજના (GFDP) હેઠળ સલાહ-સૂચનના ખર્ચની ચૂકવણી (4406-01-101-26) | 0.02 | 0.23 | 1.25 | 2019-20 દરમિયાન તે પ્રતીક જોગવાઇ હતી. 2020-21 દરમિયાન, કોવિડ મહામારીના કારણે સલાહસૂચનનું કામ હાથ ન ધરવાના લીધે રકમની પરતસોંપણી કરવામાં આવી હતી. 2021-22 દરમિયાન, સરકાર તરફથી યોજના વ્યવસ્થાપન એકમના મહેકમ માટે મંજૂરી મેળવી શકાઇ ન હતી અને સલાહકારોની પસંદગીની પ્રક્રિયા પૂર્ણ કરી શકાઇ ન હતી. |
| 3. | રાષ્ટ્રીય વનીકરણ કાર્યક્રમ (4406-01-101-30) | 0.50 | 0.50 | 0.01 | ભારત સરકાર દ્વારા સંચાલનનો વાર્ષિક પ્લાન (APO) મંજૂર ન થવાના કારણે. |
| 4. | વેટ લેન્ડના સંરક્ષણ (CSS) માટે કાર્ય યોજના (2406-02-110-18) | 0.00 | 2.80 | 2.80 | ભારત સરકાર દ્વારા સંચાલનનો વાર્ષિક કાર્યક્રમ (APO) મંજૂર ન થવાના કારણે. |
| 5. | ઘાસની વખારો અને સંદેશાવ્યવહાર (4406-01-101-33) | 0.00 | 24.21 | 0.00 | કોવિડ મહામારીના લીધે કામગીરી હાથ ધરી ન શકાવાના કારણે રકમની પરતસોપણી કરવામાં આવી હતી. |
| 6. | વન સંશોધન (4406-01-800-01) | 0.00 | 2.24 | 0.00 | કોવિડ મહામારીના લીધે કામગીરી હાથ ધરી ન શકાવાના કારણે રકમની પરતસોપણી કરવામાં આવી હતી. |
| 7. | સિંહ પરિયોજના (2406-02-110-29) | 0.00 | 0.00 | 11.00 | ભારત સરકાર દ્વારા સંચાલનનો વાર્ષિક પ્લાન (APO) મંજૂર ન થવાના કારણે |
| | **કુલ** | **3.02** | **31.98** | **17.06** | |

સ્રોત: વન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી

ભારત સરકાર દ્વારા સંચાલનનો વાર્ષિક પ્લાન મંજૂર ન થવા માટેના કારણોની સંબંધિત વિભાગે સુધારાત્મક પગલા લેવા માટે સમીક્ષા કરવાની જરૂર છે કારણ કે લાંબા સમયગાળા માટે ચોક્કસ

પરિયોજનાનું બિન-અમલીકરણ સંચાલનના નક્કી કરેલા વિસ્તારમાં કામની પ્રગતિને પ્રતિકૂળ અસર કરે છે.

### 3.6.1.2 નોંધપાત્ર અંદાજપત્રીય જોગવાઇની પરતસોંપણી

ઑડિટે અવલોકન કર્યું હતુ કે 2019-20થી 2021-22ના સમયગાળા દરમિયાન, વિભાગને વિવિધ પરિયોજનાઓ હેઠળ ₹ 170.53 કરોડનુ અનુદાન મળ્યુ હતુ. વિભાગ દ્વારા ₹ 37.84 કરોડનો ખર્ચ કરી શક્યો હતો અને બાકીની ₹ 132.69 કરોડના (78%) અનુદાનની પરતસોંપણી કરવામાં આવી હતી.

**કોઠો 3.18: અનુદાનની નોંધપાત્ર રકમની પરતસોંપણી**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક | યોજના (હિસાબી સદર) | અંદાજપત્રનો સમયગાળો | મંજૂર થયેલુ અનુદાન | પરતસોંપણી કરેલું અનુદાન | ઉપયોગ ન થવાના કારણો |
|---|---|---|---|---|---|
| 1. | FST-16 **વન્યજીવોના રહેઠાણનો સંકલિત વિકાસ** (CSS) 26-2406-02-110-22 | 2019-20 | 39.69 | 28.96 | **આ પરિયોજના કરતાં અન્ય પરિયોજના જેને પ્રાથમિકતા આપવામાં આવી હતી તેમાં પુનર્વિનિયોગ માટે રકમની પરતસોંપણી કરવામાં આવી હતી.** |
| | | 2020-21 | 35.00 | 17.46 | |
| | | 2021-22 | 35.00 | 33.46 | ભારત સરકાર દ્વારા સંચાલનનો વાર્ષિક પ્લાન (APO) મંજૂર ન થવાના કારણે. |
| 2. | ગુજરાત વનસંવર્ધન વિકાસ યોજના **(GFDP)** (જાપાનની બેંક ઓફ ઇન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન, જાપાન દ્વારા ધિરાણ) 26-4406-01-101-15 | 2019-20 | 1.34 | 0.81 | GFDP માં જુદી જુદી જગ્યાઓ ખાલી રહેવાના કારણે રકમની પરતસોંપણી કરવામાં આવી હતી. |
| | | 2020-21 | 8.09 | 7.48 | |
| | | 2021-22 | 22.98 | 22.47 | |
| 3. | વન્યજીવન જીનોમિક્સ અને ડીએનએ **(DNA)** બેંકીંગના સંશોધન માટે ગુજરાત બાયોટેકનોલોજી મિશનને સહાયક અનુદાન **26-4406-02-110-05** | 2020-21 | 4.48 | 4.00 | કોવિડ-19 મહામારીના કારણે સંશોધનની કામગીરી હાથ ધરી ન શકાઇ એટલે રકમની પરતસોંપણી કરવામાં આવી હતી. |
| 4. | **કૃષિ વનસંવર્ધન યોજના** (CSS) 26-2406-01-101-11 | 2021-22 | 11.06 | 8.03 | ભારત સરકારે ઓછી રકમ છૂટી કરી હતી આથી પ્રમાણસર રાજ્યના હિસ્સાની પરતસોપણી કરવામાં આવી હતી |
| 5. | **રાષ્ટ્રીય બાંબુ મિશન** (CSS) 26-4406-01-101-32 | 2021-22 | 7.65 | 5.85 | ભારત સરકારે ઓછી રકમ છૂટી કરી હતી આથી પ્રમાણસર રાજ્યના |

| ક્રમાંક | યોજના (હિસાબી સદર) | અંદાજપત્રનો સમયગાળો | મંજૂર થયેલુ અનુદાન | પરતસોંપણી કરેલું અનુદાન | ઉપયોગ ન થવાના કારણો |
|---|---|---|---|---|---|
| | | | | | હિસ્સાની પરતસોપણી કરવામાં આવી હતી. |
| 6. | **વનનું રક્ષણ**<br>26-4406-01-101-34 | 2021-22 | 3.00 | 2.00 | આ પરિયોજના કરતાં અન્ય પરિયોજના જેને પ્રાથમિકતા આપવામાં આવી હતી તેમાં પુનર્વિનિયોગ માટે રકમની પરતસોંપણી કરવામાં આવી હતી. |
| 7. | વન સંબંધી સંશોધન<br>26-4406-01-800-01 | 2021-22 | 2.24 | 2.17 | ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ ન થવાના કારણે રકમની પરતસોંપણી કરવામાં આવી હતી. |
| | | કુલ | **170.53** | **132.69** | |

સ્રોત: વન વિભાગે આપેલી માહિતી

સુધારાત્મક પગલા લઇ શકાય એ માટે સંચાલનના વાર્ષિક કાર્યક્રમની ભારત સરકાર દ્વારા બિન-મંજૂરી, કેન્દ્રીય હિસ્સો છુટો ન થવો અને ખાલી જગ્યાઓ ન પુરવા માટેના કારણોની સંબંધિત વિભાગો દ્વારા સમીક્ષા કરવાની જરૂર છે કારણ કે લાંબા સમયગાળા માટે ચોક્કસ પરિયોજનાનું બિન-અમલીકરણ સંચાલનના નક્કી કરેલા વિસ્તારમાં કામની પ્રગતિને પ્રતિકૂળ અસર કરે છે.

### 3.6.1.3 વન વિભાગમાં મૂડી ખર્ચનું મહેસૂલી ખર્ચ તરીકે ખોટુ વર્ગીકરણ

સરકારના હિસાબો છ સ્તરીય વર્ગીકરણ મુજબ રજૂ કરવામાં આવે છે એટલે કે મુખ્ય સદર (સરકારના કાર્યો), પેટા-મુખ્ય સદરો (પેટા-કાર્યો), ગૌણ સદરો (કાર્યક્રમો/પ્રવૃત્તિઓ), પેટા-સદરો (પરિયોજનાઓ), વિગતવાર સદરો (પેટા-પરિયોજનાઓ) અને હેતુ સદરો (ખર્ચનો હેતુ/ઉદ્દેશ). નાણા વિભાગ દ્વારા જારી કરવામાં આવેલો અંદાજપત્ર તૈયાર કરવા અંગેનો પરિપત્ર (સપ્ટેમ્બર 2020) સ્પષ્ટપણે જણાવે છે કે હેતુ સદરો 5100-મોટર વાહનો, 5200-મશીનરી અને સાધનો અને 5300-મોટા કામોની જોગવાઇ મૂડીગત અસ્ક્યામતોના સંપાદન અને અન્ય મૂડી ખર્ચ (હેતુ વર્ગ-6) માટે કરવામાં આવી છે. આ ખર્ચની મહેસૂલી સદરોમાં અંદાજપત્રીય જોગવાઇ યોગ્ય નથી.

ઑડિટે અવલોકન કર્યુ હતું કે આ હેતુ સદરો હેઠળ ₹ 4.85 કરોડની અંદાજપત્રીય જોગવાઇ હતી અને ₹ 7.94 કરોડનો ખર્ચ થયો હતો જેની નોંધ અનુદાન નં. 26માં મહેસૂલી ખર્ચ તરીકે કરવામાં આવી હતી. આ બાબતોની મહેસૂલી ખર્ચ તરીકે અંદાજપત્રીય જોગવાઇ/વર્ગીકરણ યોગ્ય નથી કારણ કે નાણા વિભાગના પરિપત્ર મુજબ આનું વર્ગીકરણ મૂડી ખર્ચ હેઠળ કરવાનું હોય છે. પરિણામે, 2021-22ના નાણાકીય હિસાબોના પત્રક 4, 5, 7, 8, 15, 16, 18, 19, પરિશિષ્ટ II અને IIIમાં આપવામાં આવેલી વિગતોને અસર થાય છે કારણ કે મૂડી ખર્ચ ઓછો દર્શાવાય છે અને મહેસૂલી ખર્ચ વધારે દર્શાવાય છે.

વિભાગે જણાવ્યુ હતું કે તેમણે ભવિષ્યમાં અનુપાલન માટે અવલોકનની નોંધ લીધી છે.

### 3.6.1.4 આગ/ઉચાપત/ચોરી/દુર્વિનિયોગ વગેરેના કિસ્સાઓની જાણ ન કરવી

સામાન્ય નાણાકીય નિયમો, 2017નો નિયમ 33 બતાવે છે કે, રાજ્ય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા ધારણ કરેલી અથવા સરકાર વતી ધારણ કરેલી જાહેર નાણા, વિભાગીય મહેસૂલ અથવા પ્રાપ્તિ, સ્ટેમ્પ, અફીણ, માલસામાન અથવા અન્ય મિલકતની ઉચાપત/ચોરી/દુર્વિનિયોગના કિસ્સાઓની નુકસાનનુ કારણ અથવા તે શોધી કાઢવાની રીતને ધ્યાને લીધા વિના સંબંધિત તાબાના અધિકારી દ્વારા પછીના ઉચ્ચ અધિકારીને તેમજ વૈધાનિક ઑડિટ અધિકારી અને સંબંધિત પ્રધાન હિસાબી અધિકારીને, તેના માટે જવાબદાર પક્ષ દ્વારા નુકસાનન ભરપાઇ કરવામાં આવી હોય તો પણ જાણ કરવાની હોય છે.

ઑડિટે અવલોકન કર્યું હતું કે નુકસાન/ચોરી/ઉચાપતના નીચેના કિસ્સાઓનો વન વિભાગની વડી કચેરીને (PCCF અને HOFF) કરેલો અહેવાલ અધૂરો હતો અથવા અહેવાલ કરવામાં આવ્યો ન હતો. આ કિસ્સાઓની ઑડિટને પણ જાણ કરવામાં આવી ન હતી. આમાંથી કોઇ કિસ્સાની જાણ ઑડિટ કચેરીને કરવામાં આવી ન હતી. આ કિસ્સાઓની વિગતો નીચે **કોઠા 3.19**માં દર્શાવી છે.

**કોઠો 3.19: 2021-22માં આગ/ઉચાપત/ચોરી/દુર્વિનિયોગના કિસ્સાઓથી થયેલા નુકશાનની ઑડિટને જાણ ન કરવી**

(₹ લાખમાં)

| ક્રમાંક. | વિભાગ | નુકસાનનો પ્રકાર | વર્ષ | પ્રભાવિત વિસ્તાર (હેક્ટરમાં) | નુકસાનનું નાણા મૂલ્ય | PCCF અને HOFF ની કચેરીને જાણ કરેલી રકમ | વસૂલાત |
|---|---|---|---|---|---|---|---|
| 1 | બારીયા | જંગલના વૃક્ષો કાપવાના કારણે નુકશાન | 2021-22 | 51.22 ઘન મીટર | 7.20 | - | - |
| 2 | જુનાગઢ | આગના કારણે નુકશાન | 2021-22 | 4.25 | 1.33 | - | - |
| 3 | ભાવનગર | આગના કારણે નુકશાન | 2021-22 | આપ્યો નથી | 0.35 | - | 0.35 |
| 4 | જામનગર | આગના કારણે નુકશાન | 2021-22 | આપ્યો નથી | 33.14 | - | 30.74 |
| 5 | કચ્છ પૂર્વ | આગના કારણે નુકશાન | 2021-22 | આપ્યો નથી | 1.48 | 0.25 | - |
| 6 | કચ્છ પશ્ચિમ | ચોરી | 2021-22 | | 1.40 | - | - |
| 7 | પાટણ | ઉચાપત | 2021-22 | | 3.96 | - | - |
| 8 | કચ્છ વિસ્તરણ | પરચૂરણ[4] | 2021-22 | | 1.08 | | 0.98 |
| 9 | ગાંધીનગર | પરચૂરણ[4] | 2021-22 | | 1.61 | - | - |
| 10 | સાબરકાંઠા | આગના કારણે નુકશાન | 2021-22 | આપ્યો નથી | 0.40 | - | - |
| 11 | અરવલ્લી | આગના કારણે નુકશાન | 2021-22 | આપ્યો નથી | 0.91 | - | - |
| 12 | સુરત | પરચૂરણ[4] | 2021-22 | આપ્યો નથી | 1.88 | - | - |
| 13 | વ્યારા | પરચૂરણ[4] | 2021-22 | | 77.97 | - | - |
| 14 | ભરૂચ | પરચૂરણ[4] | 2021-22 | | 2.00 | - | 0.15 |

[4] અહીં પરચૂરણમાં આગના કારણે નુકશાન, વાવેતરનું નુકશાન, ચરાઈનું નુકશાન વગેરે જેવા બહુવિધ પરિબળોના કારણે થયેલા સંયુક્ત નુકશાનનો સમાવેશ થાય છે.

| ક્રમાંક. | વિભાગ | નુકસાનનો પ્રકાર | વર્ષ | પ્રભાવિત વિસ્તાર (હેક્ટરમાં) | નુકસાનનું નાણા મૂલ્ય | PCCF અને HOFF ની કચેરીને જાણ કરેલી રકમ | વસૂલાત |
|---|---|---|---|---|---|---|---|
| 15 | વલસાડ દક્ષિણ | આગના કારણે નુકશાન | 2021-22 | આપ્યો નથી | 1.77 | 1.77 | - |
| | | વૃક્ષો કાપવાના કારણે નુકશાન | | આપ્યો નથી | 2.80 | - | 1.61 |
| 16 | વલસાડ ઉત્તર | આગના કારણે નુકશાન | 2021-22 | આપ્યો નથી | 0.73 | - | - |
| | | વૃક્ષો કાપવાના કારણે નુકશાન | | આપ્યો નથી | 10.96 | - | 10.07 |
| 17 | ડાંગ ઉત્તર | આગના કારણે નુકશાન | 2021-22 | આપ્યો નથી | 1.08 | - | - |
| | | વૃક્ષો કાપવાના કારણે નુકશાન | | આપ્યો નથી | 28.61 | - | - |
| 18 | ડાંગ દક્ષિણ | આગના કારણે નુક્સાન | 2021-22 | આપ્યો નથી | 6.11 | - | - |
| | | વૃક્ષો કાપવાના કારણે નુકશાન | | આપ્યો નથી | 51.15 | - | - |
| | | કુલ | | | **237.92** | **2.02** | **43.90** |

સ્રોત: વન વિભાગ દ્વારા પુરી પડાયેલી માહિતી.

વિભાગે જણાવ્યુ હતું કે તેમણે ભવિષ્યમાં અનુપાલન માટે અવલોકનની નોંધ લીધી છે.

### 3.6.1.5 અંદાજપત્રમાં સમાવિષ્ટ નવી બાબતોનું અમલીકરણ

ગુજરાત અંદાજપત્ર નિયમાવલી, 1983નો ફકરો 78 જણાવે છે કે દરેક પ્રગતિશીલ વહીવટીતંત્રમાં, સરકારી પ્રવૃત્તિઓનું વિસ્તરણ કરવાનો અવકાશ હોય છે અને આથી દર વર્ષે સરકાર સ્થાયી ખર્ચા ઉપરાંત કરવાના નવા ખર્ચની દરખાસ્ત કરે છે, જે નવો ખર્ચ અથવા સેવા માટેના નવા ખર્ચ તરીકે વર્ગીકૃત થાય છે. આમ, સેવાને નવી બાબત તરીકે જાહેર કરતા પહેલા, મુખ્ય માપદંડ ખર્ચની માત્રા અને મહત્વ રહેશે. ઑડિટે અવલોકન કર્યું હતું કે અંદાજપત્ર દરમિયાન જાહેર કરેલી જુદી જુદી નવી બાબતોનો અમલ કરવામાં આવ્યો ન હતો અને નીચે **કોઠા 3.20**માં આપેલી વિગતો પ્રમાણે અપૂર્ણ રહી હતી:

**કોઠો 3.20: 2020-21 અને 2021-22 દરમિયાન અમલ ન કરાયેલી નવી બાબતો**

(₹ લાખમાં)

| બાબતનું વર્ણન (અંદાજપત્રીય સદર) | આવર્તક | અનાવર્તક | કુલ | અમલ ન થવાના કારણો |
|---|---|---|---|---|
| **2020-21** | | | | |
| વેટલેન્ડ ઓથોરીટીની સ્થાપના 2406 110 02 | 8.00 | 25.00 | 33.00 | કોવિડ-19ના કારણે યોજનાનો અમલ કરવામાં ન આવ્યો. |
| રેડીયો કોલર દ્વારા ચિત્તાની ઓળખ 2406 02 110 02 | 0.00 | 300.00 | 300.00 | કોવિડ-19ના કારણે યોજનાનો અમલ કરવામાં ન આવ્યો.. |
| રૂટ ટ્રેનર અને સ્ટેન્ડની ખરીદી 4406 01 101 01 | 0.00 | 250.00 | 250.00 | કોવિડ-19ના કારણે યોજનાનો અમલ કરવામાં ન આવ્યો. |
| રેપીડ એક્શન કીટની ખરીદ 4406 01 101 10 | 0.00 | 252.00 | 252.00 | કોવિડ-19ના કારણે યોજનાનો અમલ કરવામાં ન આવ્યો. |

| બાબતનું વર્ણન (અંદાજપત્રીય સદર) | આવર્તક | અનાવર્તક | કુલ | અમલ ન થવાના કારણો |
|---|---|---|---|---|
| ઘાસની વખારોનું બાંધકામ<br>4406 08 101 33 | 0.00 | 2,420.00 | 2,420.00 | કોવિડ-19ના કારણે યોજનાનો અમલ કરવામાં ન આવ્યો. |
| 2021-22 | | | | |
| તાલીમ કેન્દ્રો અને ટેકનીકલ સેલનુ મજબુતીકરણ<br>2406 005 01 | 0.00 | 94.20 | 94.20 | કોવિડ-19ના કારણે યોજનાનો અમલ કરવામાં ન આવ્યો. |
| કુલ | | | 3,349.20 | |

સ્રોત: વન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી

ઉપરના કોઠામાંથી જોઇ શકાય છે કે અંદાજપત્રીય જોગવાઇઓ હોવા છતાં અને માતબર રકમ આયોજીત અને ચોક્કસ કામ માટે જુદી રાખવામાં આવી હોવા છતાં, 2020-22 દરમિયાન નવી યોજનાઓનો અમલ કરવામાં આવ્યો ન હતો. નાણાકીય હિસાબોના પરિશિષ્ટ IX -અપૂર્ણ મૂડી કામોની યાદીમાંથી જોઇ શકાય છે એ મુજબ આ જોગવાઇઓ અન્ય પરિયોજનાઓને ફાળવી શકાઇ હોત.

### 3.6.2. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અનુદાન નં 38, 39, 40 અને 41ની સમીક્ષા

ગુજરાત સરકારનો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ આરોગ્ય અને પરિવાર કલ્યાણના વિવિધ વિષયોને લગતા આયોજન અને મોજણી, માળખાકીય વિકાસ અને નીતિ ઘડતર, સંશોધનને ઉત્તેજન, પરીક્ષણ, વગેરે જેવી આરોગ્ય સંભાળ સંબંધિત પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે જવાબદાર છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તબીબી શિક્ષણ, દવાઓના નિયમનને લગતી પ્રવૃત્તિઓ હાથ ધરવા અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ સંબંધિત કેન્દ્રીય અને રાજ્યની યોજનાઓના અમલીકરણ, વગેરે માટે પણ જવાબદાર છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ આરોગ્ય સંભાળની સેવાઓ સિવિલ હોસ્પિટલો (CHs), જિલ્લા હોસ્પિટલો (DHs), સામુદાયિક આરોગ્ય કેન્દ્રો (CHCs), પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHCs) અને પેટા કેન્દ્રો (SCs) મારફત પુરી પાડે છે. રાજ્યમાં રાષ્ટ્રીય આરોગ્ય મિશનના (NHM) અમલીકરણ માટે ગુજરાત સરકારે મિશન નિયામક, NHMના નિયંત્રણ હેઠળ રાજ્ય આરોગ્ય સોસાયટીની (SHS) સ્થાપના કરી છે.

અધિક મુખ્ય સચિવ સરકાર સ્તરે વિભાગના વડા છે. તેમને આરોગ્ય કમિશનરની (CoH) સહાય મળે છે જે પછી મુખ્ય કચેરી ખાતે જુદી જુદી શાખાઓના અધિક નિયામક/નાયબ નિયામક/જુદી જુદી શાખાઓના પ્રાદેશિક નાયબ નિયામકની સહાય મળે છે. જિલ્લા સ્તરે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની જુદા જુદી કામગીરીઓ જિલ્લા હેસ્પીટલો/સિવિલ હેસ્પીટલોમાં મુખ્ય જિલ્લા તબીબી અધિકારી (CDHO)/તબીબી અધીક્ષક (MS) અને બ્લોક અને ગામ સ્તરે તબીબી અધિકારી

દ્વારા કરવામાં આવે છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં 10 અનુદાન નિયંત્રણ[5] અધિકારીઓ છે:

ઑડિટે 2019-22ના સમયગાળા માટે અનુદાન નં. 38થી 41 માટે અનુદાન અને વિનિયોગની કરેલી જોગવાઇ અને વિભાગની ચાર શાખાઓ એટલે કે જાહેર આરોગ્ય (PH), પરિવાર કલ્યાણ (FW), તબીબી સેવાઓ અને સંશોધન (MER) દ્વારા ઉપયોગના રેકર્ડની પ્રતિક ચકાસણી કરી હતી.

### 3.6.2.1 અંદાજપત્રીય જોગવાઇઓથી વિચલન

2019-22 દરમિયાન અંદાજપત્રીય જોગવાઇઓ અને ખર્ચની વિગતો નીચે **કોઠા 3.21**માં આપી છે:

**કોઠો 3.21: અંદાજપત્રીય જોગવાઇ અને ખર્ચ**

**(₹ કરોડમાં)**

| વર્ષ | અંદાજપત્રીય જોગવાઇ | | | ખર્ચ | અધિક (+) /બચતો(-) | વિચલનની ટકાવારી (%) |
|---|---|---|---|---|---|---|
| | મૂળ | પૂરક | કુલ | | | |
| **અનુદાન 38** | | | | | | |
| **મહેસૂલ મતપાત્ર** | | | | | | |
| 2019-20 | 14.12 | 0.00 | 14.12 | 8.58 | (-)5.54 | 39.24 |
| 2020-21 | 14.55 | 0.00 | 14.55 | 8.37 | (-) 6.18 | 42.47 |
| 2021-22 | 11.28 | 0.00 | 11.28 | 8.66 | (-) 2.62 | 23.23 |
| **અનુદાન 39** | | | | | | |
| **મહેસૂલ મતપાત્ર** | | | | | | |
| 2019-20 | 5,788.79 | 139.97 | 5,928.76 | 5,670.57 | (-) 258.19 | 4.35 |
| 2020-21 | 6,273.95 | 571.63 | 6,845.58 | 6,760.05 | (-) 85.53 | 1.25 |
| 2021-22 | 6,394.06 | 2,866.27 | 9,260.33 | 9,215.64 | (-) 44.69 | 0.48 |
| **મૂડી મતપાત્ર** | | | | | | |
| 2019-20 | 1,146.83 | 0.00 | 1,146.83 | 962.52 | (-) 184.31 | 16.07 |
| 2020-21 | 850.48 | 0.00 | 850.48 | 684.00 | (-) 166.48 | 19.57 |
| 2021-22 | 762.60 | 298.81 | 1,061.41 | 1,053.95 | (-) 7.46 | 0.70 |
| **અનુદાન 40** | | | | | | |
| **મહેસૂલ મતપાત્ર** | | | | | | |
| 2019-20 | 2,052.45 | 67.86 | 2,120.31 | 2,032.69 | (-) 87.62 | 4.13 |
| 2020-21 | 2,339.66 | 0.0 | 2,339.66 | 1,945.56 | (-) 394.10 | 16.84 |
| 2021-22 | 2,335.36 | 0.00 | 2,335.36 | 2,095.53 | (-) 239.83 | 10.27 |
| **મૂડી મતપાત્ર** | | | | | | |
| 2019-20 | 5.07 | 4.99 | 10.06 | 10.06 | 0.00 | 0.00 |

[5] અધિક નિયામક, જાહેર આરોગ્ય (PH), અધિક નિયામક, પરિવાર કલ્યાણ (FW), અધિક નિયામક, તબીબી શિક્ષણ અને સંશોધન (MER), અધિક નિયામક, તબીબી સેવાઓ (MS), આયુષના નિયામક, અન્ન, દવાઓ અને નિયંત્રણ સેવાઓ (FDCS), નિયામક, કર્મચારી રાજ્ય વિમા યોજના (ESIS), વહીવટી સંચાલક, રાષ્ટ્રીય આરોગ્ય મિશન (NHM), મુખ્ય ઇજનેર, યોજના અમલીકરણ એકમ (PIU), અને વહીવટી સંચાલક, ગુજરાત તબીબી સેવા નિગમ લિમિટેડ (GMSCL).

| વર્ષ | અંદાજપત્રીય જોગવાઇ | | | ખર્ચ | અધિક (+) /બચતો(-) | વિચલનની ટકાવારી (%) |
|---|---|---|---|---|---|---|
| | મૂળ | પૂરક | કુલ | | | |
| 2020-21 | 10.16 | 0.00 | 10.16 | 5.49 | (-) 4.67 | 45.96 |
| 2021-22 | 16.42 | 283.01 | 299.43 | 298.17 | (-) 1.26 | 0.42 |
| Grant 41 | | | | | | |
| મહેસૂલ બિન-મતપાત્ર | | | | | | |
| 2019-20 | 0.27 | 0.00 | 0.27 | 0.27 | 0.00 | 0.00 |
| 2020-21 | 0.27 | 0.00 | 0.27 | 0.27 | 0.00 | 0.00 |
| 2021-22 | 0.24 | 0.04 | 0.28 | 0.28 | 0.00 | 0.00 |
| મૂડી મતપાત્ર | | | | | | |
| 2019-20 | 0.15 | 0.10 | 0.25 | 0.17 | (-) 0.08 | 32.00 |
| 2020-21 | 0.20 | 0.00 | 0.20 | 0.13 | (-) 0.07 | 35.00 |
| 2021-22 | 0.15 | 0.00 | 0.15 | 0.00 | (-) 0.15 | 100.00 |

સ્રોત: 2019-22ના વિનિયોગ હિસાબો

ઉપરના કોઠા 3.21 માંથી જોઈ શકાય છે એ મુજબ, અનુદાન 38માં મહેસૂલ મતપાત્ર ઘટક હેઠળ બચતો 23.23 ટકા અને 42.47 ટકા વચ્ચે અને અનુદાન નં. 40 હેઠળ બચતો 4.13 ટકા અને 16.84 ટકા વચ્ચે રહી હતી. આ બાબત આ બે અનુદાનો માટે અંદાજપત્ર વાસ્તવિક અને ખર્ચ પર કડક નિયંત્રણ અને દેખરેખ સાથે તૈયાર કરવાની જરૂરિયાત દર્શાવે છે.

### 3.6.2.2 અંદાજપત્રમાં નવી બાબતોનું અમલીકરણ

ગુજરાત અંદાજપત્ર નિયમાવલી, 1983નો ફકરો 78 જણાવે છે કે દરેક પ્રગતિશીલ વહીવટીતંત્રમાં, સરકારી પ્રવૃત્તિઓનું વિસ્તરણ કરવાનો અવકાશ હોય છે અને આથી દર વર્ષે સરકાર સ્થાયી ખર્ચા ઉપરાંત કરવાના નવા ખર્ચની દરખાસ્ત કરે છે, જે નવો ખર્ચ અથવા નવી સેવા માટેના નવા ખર્ચ તરીકે વર્ગીકૃત થાય છે. આમ, સેવાને નવી બાબત તરીકે જાહેર કરતા પહેલા, મુખ્ય માપદંડ ખર્ચની માત્રા અને મહત્વ રહેશે. ઑડિટે અવલોકન કર્યું હતું કે પરિશિષ્ટ 3.10માં આપેલી વિગતો મુજબ વહીવટી વિભાગ દ્વારા પ્રસ્તાવિત, નાણા વિભાગ દ્વારા મંજૂર થયેલી અને અંદાજપત્રમાં સમાવિષ્ટ ₹ 169.67 કરોડની રકમની 26 નવી બાબતોનો અમલ કરવામાં આવ્યો ન હતો.

**પરિશિષ્ટ 3.10**માંથી જોઇ શકાય છે કે અંદાજપત્રીય જોગવાઇઓ હોવા છતાં અને નોંધપાત્ર રકમનું આયોજન કરીને ચોક્કસ કામ માટે અલગ રાખવામાં આવી હતી છતાં, નવી બાબતોનો 2019-22 દરમિયાન અમલ કરવામાં આવ્યો ન હતો. નાણાકીય હિસાબોના પરિશિષ્ટ IX-અપૂર્ણ મૂડી કામોની યાદીમાંથી જોઇ શકાય છે એ મુજબ પૂરતા આયોજનથી, આ જોગવાઇઓની અન્ય પરિયોજનાઓ માટે મંજૂરી આપી શકાઇ હોત.

### 3.6.2.3 આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાને આપવામાં આવેલું અનુદાન

આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB PMJAY) કેન્દ્ર અને રાજ્ય વચ્ચે 60:40ની વહેંચણીની ભાત સાથેની કેન્દ્ર પ્રાયોજીત યોજના છે. યોજના હેઠળ, શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વસતા સામાજીક-આર્થિક જાતિ વસ્તી ગણતરી 2011ની માહિતી મુજબ આર્થિક રીતે વંચિત કુટુંબોને બીજા અને ત્રીજા તબક્કાના હોસ્પિટલમાં દાખલ થવા માટે દર વર્ષે કુટુંબ દીઠ ₹ પાંચ લાખ સુધીનો આરોગ્ય વીમા દ્વારા આવરી લેવાયેલા જોખમ અથવા વીમાના આધારે (સીધી ચુકવણી) પુરો પાડવામાં આવે છે. ગુજરાતમાં, AB-PMJAYનો અમલ 01 ઓક્ટોબર 2018થી કરવામાં આવ્યો હતો. ઑડિટે 2019-22 દરમિયાન AB-PMJAY હેઠળ અનુદાન અને કરવામાં આવેલા ખર્ચના રેકર્ડની સમીક્ષા કરી હતી. AB-PMJAY હેઠળ 2019-22 દરમિયાન મળેલુ અનુદાન અને કરવામાં આવેલો ખર્ચ નીચે **કોઠો 3.22**માં દર્શાવ્યો છે:

**કોઠો 3.22: 2019-22 દરમિયાન AB PMJAY હેઠળ અનુદાન અને કરવામાં આવેલો ખર્ચ**

**(₹ કરોડમાં)**

| વર્ષ | ભંડોળની ખુલતી સિલક | કેન્દ્ર સરકાર પાસેથી વર્ષ દરમિયાન મળેલુ ભંડોળ | વર્ષ દરમિયાન વપરાયેલુ ભંડોળ | સંચિત ભંડોળની સિલક |
|---|---|---|---|---|
| 2019-20 | વિભાગ દ્વારા માહિતી આપવામાં આવી નથી | 212.33 | 99.61 | 112.72 |
| 2020-21 | 112.72 | 90.53 | 155.94 | 47.31 |
| 2021-22 | 47.31 | 330.55 | 283.85 | 94.01 |
| **વર્ષ** | **ભંડોળની ખુલતી સિલક** | **રાજ્ય સરકારે આપેલુ ભંડોળ** | **વર્ષ દરમિયાન વપરાયેલુ ભંડોળ** | **સંચિત ભંડોળની સિલક** |
| 2019-20 | વિભાગ દ્વારા માહિતી આપવામાં આવી નથી | 146.03 | 66.73 | 79.30 |
| 2020-21 | 79.30 | 180.00 | 103.97 | 155.33 |
| 2021-22 | 155.33 | 146.55 | 189.23 | 112.65 |

સ્રોત: વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી

ઉપરનો **કોઠો 3.22** 2019-22 દરમિયાન રાજ્યના હિસ્સામાં બચતો દર્શાવે છે જે યોગ્ય રીતે અંદાજપત્ર તૈયાર કરવાની જરૂરિયાત સૂચવે છે.

**ધ્યાન પર આવેલા અવલોકનોની ચર્ચા હવે પછી કરવામાં આવી છે:**

***અનધિકૃત રીતે કેન્દ્રીય હિસ્સો રાખવો***

તબીબી સારવારના વધુ પડતા ખર્ચ અને માંદગીથી ગરીબ નાગરિકોને રક્ષણ આપવા માટે "મુખ્યમંત્રી અમૃતમ (MA)" યોજના 2012માં રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવી હતી. બાદમાં,

આ યોજના અન્ય ઘણા જૂથોને પણ લાગુ પાડવામાં આવી હતી. આ યોજનાને મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય (MAV) યોજના એવુ ફેર-નામકરણ કરવામાં આવ્યુ હતું (ઑગષ્ટ 2014). AB-PMJAY શરૂ કરવા સાથે, રાજ્ય સરકારે 2019માં MA / MAVનું AB-PMJAY યોજના સાથે સંકલન કર્યુ હતું અને PMJAY-MA યોજના એવુ નામાભિધાન કર્યુ હતું. ઑડિટના ધ્યાન પર આવ્યુ હતુ કે 14,453 લાભાર્થીઓ હતા જેમના માટે 2019-21 દરમિયાન MA યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા દાવાઓની પતાવટ કરવામાં આવી હતી. આ લાભાર્થીઓ AB PMJAY, SHAમાં પણ આવરી લેવાયેલા હોવાથી AB PMJAY હેઠળ વિમા કંપનીઓ પાસેથી MA યોજના હેઠળ પતાવટ કરવામાં આવેલા દાવાઓની, SHA દ્વારા રિફન્ડની માંગણી કરી હતી. તદ્અનુસાર, વિમા કંપનીઓએ 2019- 22 દરમિયાન ₹ 10.89 કરોડનુ રિફન્ડ આપ્યુ હતું.

ઑડિટે વધુમાં અવલોકન કર્યુ હતું કે રાજ્ય આરોગ્ય સત્તામંડળ અને વીમા કંપની વચ્ચેના સમજૂતી કરારની કલમ 10.2 મુજબ, ચૂકવવામાં આવેલું વાર્ષિક વીમા પ્રિમિયમ, જે તે વર્ષને લગતા દાવાઓની પતાવટ બાદ વધ્યું હોય તો તેનુ રિફન્ડ મેળવવા માટે રાજ્ય આરોગ્ય સત્તામંડળ હકદાર હતું. સમજૂતી કરારની આ કલમના અનુસરણમાં, વીમો ઉતારનારે 2019-22 દરમિયાન રાજ્ય આરોગ્ય સત્તામંડળને ₹ 63.63 કરોડની રકમનું વધારાના પ્રિમિયમનું રિફન્ડ આપ્યુ હતું.

આમ, નીચે કોઠા 3.23માં દર્શાવ્યા મુજબ, રાજ્ય આરોગ્ય સત્તામંડળને વીમા કંપની પાસેથી 2019-22 દરમિયાન મળેલુ કુલ રિફન્ડ ₹ 74.00 કરોડ હતું:

**કોઠો 3.23: 2019-22 દરમિયાન વિમા કંપની તરફથી SHA ને વિમા પ્રિમિયમનું રિફન્ડ**

(₹ કરોડમાં)

| નાણાકીય વર્ષ | સામાન્ય લાભાર્થીઓ માટે મા યોજનામાંથી SHA દ્વારા ચૂકવવામાં આવેલા દાવાઓ માટે વિમા કંપની દ્વારા રિફન્ડ | સમજૂતી કરારની કલમ 10.2 હેઠળ વિમા કંપની દ્વારા આપવામાં આવેલું રિફન્ડ | વિમા કંપની દ્વારા SHAને ચૂકવાયેલ કુલ રિફન્ડ |
|---|---|---|---|
| 2019-20 | 8.93 | 9.17 | 18.10 |
| 2020-21 | 1.43 | 54.46 | 55.90 |
| 2021-22 | 0.53 | સમાધાન બાકી છે. | 0 |
| **Total** | **10.89** | **63.63** | **74.00** |

(સ્રોત: વિભાગે પુરી પાડેલી માહિતી)

ઑડિટના ધ્યાન પર આવ્યુ હતું કે પ્રિમિયમ પરનો ખર્ચ ગુજરાત સરકાર અને ભારત સરકાર દ્વારા 60:40ના ગુણોત્તરમાં વહેંચાતો હોવાથી, રાજ્ય સરકારે ₹ 44.40 કરોડનું (એટલે કે ₹ 74.00 કરોડના ઉપરોક્ત રિફન્ડના 60 ટકા) ભારત સરકારને રિફન્ડ આપવુ જોઇતુ હતું. જે કરવામાં આવ્યુ ન હતું. આના પરિણામે ₹ 44.40 કરોડનુ કેન્દ્રીય ભંડોળ અનધિકૃત રીતે પકડી રાખવામાં આવ્યુ હતુ.

ગુજરાત સરકારના આરોગ્ય કમિશનરની કચેરીના જનરલ મેનેજરે (AB PMJAY) જણાવ્યુ હતું કે વિમા કંપની સ્પષ્ટ અહેવાલ આપે ત્યારબાદ આખરી રિફન્ડની ગણતરી કરવામાં આવશે.

### *ભંડોળનું અનધિકૃત અવધારણ*

રાજ્ય સરકાર પાસે મર્યાદિત નાણાકીય સંસાધનો હોવાથી, ભંડોળના ઇષ્ટતમ ઉપયોગ અને જરૂર ન હોય તે ભંડોળની સરકારંને પરતસોંપણી કરવા માટે આયોજન કરવુ જોઇએ. વિભાગમાં પડી રહેલું મોટી રકમનું નિષ્ક્રિય ભંડોળ અન્ય જરૂરિયાતવાળા વિભાગને ભંડોળની ફાળવણીની તકથી વંચિત રાખે છે. નાણા વિભાગ, ગુજરાત સરકારે જારી કરેલી (ઓક્ટોબર 2016) સૂચનાઓ અનુસાર, સરકારી કંપની/નિગમો, સંસ્થાઓ, સોસાયટીઓ પાસે રહેલા ફાજલ ભડોળને ગુજરાત રાજ્ય નાણાકીય સેવામાં (GSFS) રાખી શકાય અને સરકારને વ્યાજનું નુકશાન નિવારવા માટે આવા ભંડોળ પર ઉપજતુ વ્યાજ સમયાંતરે આવકના સદર 0049માં જમા કરવું જોઇએ.

ઑડિટના ધ્યાન પર આવ્યુ હતું કે SHA એ 2014-15માં બાંધકામ ક્ષમ કલ્યાણ અનુદાન તરીકે મળેલા ₹ 10 કરોડ વર્ષ 2015થી GSFS**માં** મુક્યા છે. અનુદાનનો 2015-22 દરમિયાન ઉપયોગ કરવામાં આવ્યો ન હતો અને ₹ 6.93 કરોડનું કુલ વ્યાજના ગુજરાત રાજ્ય નાણાકીય સેવામાં જમા પડ્યા હતા. પરિણામે, ₹ 6.93 કરોડના સંચિત વ્યાજ સાથે ₹ 10 કરોડ રિફન્ડ ન કરવાથી, ભંડોળ અનધિકૃત રીતે પાસે રહ્યુ હતું.

જનરલ મેનેજર (AB PMJAY), આરોગ્ય કમિશનરે જણાવ્યુ હતું કે ભંડોળની જરૂરિયાત નક્કી કર્યા બાદ યોગ્ય સમયે જરૂરી પગલા લેવામાં આવશે. વણવપરાયેલા ભંડોળની સમયસર પરતસોંપણીથી અન્ય અંદાજપત્રીય સદર હેઠળ તેનો ઉપયોગ કરી શકાયો હોત.

### 3.6.2.4 યોજના અમલીકરણ એકમને આપવામાં આવેલું અનુદાન

યોજના અમલીકરણ એકમ (Project Implementation Unit (PIU)), ગાંધીનગર, એ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની એક સંસ્થા છે, જે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની વિવિધ શાખાઓ વતી જુદા જુદા મકાનો અને પરિસરોના બાંધકામ અને વીજળીના કામો હાથ ધરવા માટે અને મકાનોના જાળવણી અને મરમ્મત અને સંબંધિત અન્ય કાર્યો માટે જવાબદાર છે.

ગુજરાત સરકારના નાણા વિભાગે, સરકાર હેઠળના તમામ બોર્ડો, નિગમો, કંપનીઓ, સંસ્થાઓને વાર્ષિક હિસાબો સમયસર તૈયાર કરવાની સૂચના આપી હતી (ડિસેમ્બર 2018). નાણા વિભાગે સંસ્થાઓના વાર્ષિક હિસાબો સમયસર તૈયાર કરાવવા અંગે દેખરેખ માટેની જવાબદારી સંબંધિત વહીવટી વિભાગને સોંપી હતી. વહીવટી વિભાગોને એવી પણ સૂચના આપવામાં આવી હતી કે અનુદાનની ફાળવણી વખતે આ વિભાગો ખાતરી કરશે કે તેમના નિયંત્રણ હેઠળની સંસ્થાઓએ વાર્ષિક હિસાબો સમયસર તૈયાર કર્યા છે.

.ઑડિટમાં જોવામાં આવ્યુ હતું કે યોજના અમલીકરણ એકમને મૂડી કામો હાથ ધરવા માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની જુદી જુદી શાખાઓ તરફથી ભંડોળ મળ્યુ હતું અને આયોજનની ખામી, જમીનની ફાળવણી ન થવી વગેરે જેવા વિવિધ કારણોસર આ કામો રોકાઇ ગયા હતા. 2019-22 દરમિયાન મળેલા અને વપરાયેલા ભંડોળની એકંદર સ્થિતિ નીચે **કોઠા 3.24**માં દર્શાવ્યા મુજબ હતી:

**કોઠો 3.24: 2019-22 દરમિયાન યોજના અમલીકરણ એકમની આવક અને ખર્ચ**

**(₹ કરોડમાં)**

| વર્ષ | વર્ષ દરમિયાન મળેલુ ભંડોળ | વર્ષ દરમિયાન વપરાયેલુ ભંડોળ | સંચિત બાકી ભંડોળ |
|---|---|---|---|
| 2019-20 | 966.98 | 660.45 | 306.53 |
| 2020-21 | 609.77 | 647.87 | 268.43 |
| 2021-22 | 1,387.08 | 724.88 | 930.63 |
| કુલ | **2,963.83** | **2,033.20** | **1,505.59** |

(સ્રોત: વિભાગ દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતી)

સંચિત સિલકો માટે યોજના અમલીકરણ એકમે કોઇ કારણ રજૂ કર્યુ ન હતું.

ઑડિટે વધુમાં જોયુ હતું કે યોજના અમલીકરણ એકમે 2018-19થી આગળ વાર્ષિક હિસાબો તૈયાર કર્યા ન હતા.

યોજનાના અમલીકરણ એકમ દ્વારા 2018-19થી આગળ વાર્ષિક હિસાબો તૈયાર ન કરવાની બાબત તાત્કાલિક હાથ પર લેવી જરૂરી છે કારણ કે તે, તેના હસ્તક મુકવામાં આવેલા ઘણા મોટા ભંડોળની બાબતમાં જવાબદારી ઉભી કરી શકે છે. ઑડિટ થયેલા હિસાબો તૈયાર ન કરવામાં જાહેર નાણાનો દુરૂપયોગ, છેતરપીંડી અથવા ઉચાપત, વગેરેનું જોખમ રહેલા છે.

### 3.6.2.5 HLT 29 રોગચાળાના રોગોના કાર્યક્રમના સંચાલનમાં અનિયમિતતાઓ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ HLT 29 રોગચાળાના રોગોનો કાર્યક્રમ ચલાવે છે જે હેઠળ રોગચાળાના નિવારણ અને નિયંત્રણ માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. કાર્યક્રમ માટેના અનુદાનની માંગણી માંગણી નં. 39-2210-06-101-03 (આયોજન), 95-2210-06-106-02 (આયોજન) અને 96-2210-06-796-06 (આયોજન) હેઠળ કરવામાં આવે છે. 2019-22 માટેની અનુદાનની ફાળવણીની ફાઇલોની ચકાસણી દરમિયાન, ઑડિટના ધ્યાન પર આવ્યુ હતું કે:.

- મુખ્ય અને ગૌણ સદરોની યાદી જુદા જુદા ખર્ચના વર્ગીકરણ માટે વિભાગો દ્વારા લેવાના પગલા નિયત કરે છે. 2210 (તબીબી અને જાહેર આરોગ્ય) -06 (જાહેર આરોગ્ય) -101 (રાગોનું નિવારણ અને નિયંત્રણ) હેઠળનું સ્પષ્ટીકરણ ચોખ્ખુ જણાવે છે કે કોલેરા, કોઢ, મેલેરીયા અને ફાઇલેરીયા જેવા દરેક મોટા રોગના નિવારણ અને નિયંત્રણની નોંધ અલગ પેટા-સદરો હેઠળ તેમની નીચે ઉચિત વિગતવાર સદરો સાથે કરવી જોઇએ.

  બિન-ચોપી રોગો (NCD) રોગચાળા હેઠળ આવતા નથી, છતાં 2019-20, 2020-21 અને 2021-22 માટે દર વર્ષે બિન-ચેપી રોગો માટે HLT 29 હેઠળ ₹ 50 લાખની જોગવાઇ કરવામાં આવતી હતી. એ જ રીતે, 2019-20, 2020-21 અને 2021-22 દરમિયાન દર વર્ષે થેલેસેમીયા માટે, તે રોગચાળો/ચેપી રોગ ન હોવા છતાં, HLT 29 હેછળ ₹ 20 લાખની અંદાજપત્રીય જોગવાઇ કરવામાં આવી હતી.

બિન-ચેપી રોગો અને થેલેસેમીયા માટેની જોગવાઇ રોગચાળાના બદલે સામાન્ય આયોજન હેઠળ કરી શકાઇ હોત.

### 3.6.2.6 આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં મૂડી ખર્ચનુ મહેસૂલી ખર્ચ તરીકે ખોટુ વર્ગીકરણ

સરકારના હિસાબો છ સ્તરીય વર્ગીકરણ મુજબ રજૂ કરવામાં આવે છે એટલે કે મુખ્ય સદર (સરકારના કાર્યો), પેટા-મુખ્ય સદરો (પેટા-કાર્યો), ગૌણ સદરો (કાર્યક્રમો/પ્રવૃત્તિઓ), પેટા-સદરો (પરિયોજનાઓ), વિગતવાર સદરો (પેટા-પરિયોજનાઓ) અને હેતુ સદરો (ખર્ચનો હેતુ/ઉદ્દેશ). નાણા વિભાગ દ્વારા જારી કરવામાં આવેલો અંદાજપત્ર તૈયાર કરવા અંગેનો પરિપત્ર (સપ્ટેમ્બર 2020) સ્પષ્ટપણે જણાવે છે કે હેતુ સદરો 5100-મોટર વાહનો, 5200-મશીનરી અને સાધનો અને 5300-મોટા કામોની જોગવાઇ મૂડીગત અસ્ક્યામતોના સંપાદન અને અન્ય મૂડી ખર્ચ (હેતુ વર્ગ-6) માટે કરવામાં આવી છે. આ ખર્ચની અંદાજપત્રીય જોગવાઇ ખર્ચના મહેસૂલી સદરે કરવા યોગ્ય નથી.

ઑડિટના ધ્યાન પર આવ્યુ હતું કે 2021-22 દરમિયાન આ હેતુ સદરો હેઠળ ₹ 25.00 કરોડની જોગવાઇ અને ₹ 22.14 કરોડનો ખર્ચ હતો જેની અનુદાન 38, 39 અને 40માં મહેસૂલી ખર્ચ હેઠળ નોંધ કરવામાં આવી હતી. આ બાબતોની મહેસૂલી ખર્ચ હેઠળ અંદાજપત્રીય જોગવાઇ/વર્ગીકરણ યોગ્ય નથી કારણ કે નાણા વિભાગના પરિપત્ર મુજબ આને મૂડી ખર્ચ તરીકે વર્ગીકૃત કરવાના હોય છે. પરિણામે, 2021-22ના નાણાકીય હિસાબો ના પત્રક 4, 5, 7, 8, 15, 16, 18, 19, પરિશિષ્ટ II અને IIIમાં આપવામાં આવેલી વિગતોને અસર થાય છે કારણ કે મૂડી ખર્ચ ઓછો દર્શાવાય છે અને મહેસૂલી ખર્ચ અધિક દર્શાવાય છે.

### 3.6.2.7 હેતુ સદર 6000 અન્ય મૂડી ખર્ચનું મૂડી વિભાગ હેઠળ અયોગ્ય વર્ગીકરણ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

અંદાજપત્ર તૈયાર કરવા અંગેનો પરિપત્ર (સપ્ટેમ્બર 2020) જણાવે છે કે હેતુ સદર '6000' અન્ય મૂડી ખર્ચ હેઠળની જોગવાઇનો ઉપયોગ હેતુ વર્ગઃ "હિસાબી સમાયોજન" ના હેતુ માટે કરવાનો હતો જેમાં ઘસારો, અનામતો, આંતર-હિસાબી તબદીલી, નુકસાનીની માંડવાળ વગેરે સામેલ હોય છે.

ઑડિટના ધ્યાન પર આવ્યું હતું કે 2021-22માં હેતુ સદર "6000 અન્ય મૂડી ખર્ચ" હેઠળ જોગવાઇ વિના અનુદાન 40 હેઠળ ₹ 4.70 કરોડનો ખર્ચ થયો હતો. આ ખર્ચનુ વર્ગીકરણ હેતુ સદર 53 00 (મોટા કામો), 54 00 (મૂડીરોકાણ), 55 00 (લોન અને પેશગીઓ) 31 00 (સહાયક અનુદાન સામાન્ય) અને 35 00 (મૂડીગત અસ્ક્યામતોના સર્જન માટે અનુદાન) હેઠળ કરવુ જરૂરી છે.

આના પરિણામે, નાણાકીય હિસાબો 2021-22મા પત્રક 4B, 8, 10, 19, પરિશિષ્ટ II અને IIIમાં આપેલી વિગતોને અસર થાય છે કારણ કે મૂડી ખર્ચ વધારે દર્શાવાયો છે જ્યારે મહેસૂલી ખર્ચ ઓછો દર્શાવાયો છે. ઉપરાંત, પંચાયતોને આપવામાં આવેલ અનુદાનો ઓછા દર્શાવાયા છે.

## 3.7 ભલામણો

- રાજ્ય સરકારે વિભાગોની જરૂરિયાતો અને ફાળવવામાં આવેલા સંસાધનોનો ઉપયોગ કરવાની તેમની ક્ષમતાના આધારે વાસ્તવિક અંદાજપત્ર ઘડવાની જરૂર છે.

- અંદાજપત્રના યોગ્ય અમલીકરણ અને દેખરેખ લાગુ કરવા માટે સરકારે એક યોગ્ય નિયંત્રણ પદ્ધતિ સંસ્થાપિત કરવી જોઇએ કે જેથી અનુદાન/વિનિયોગની અંદર મોટી બચતો નિયંત્રિત થાય અને અપેક્ષિત બચતોની ઓળખ કરીને નિયત સમયમર્યાદામાં તેની પરતચૂકવણી કરી શકાય.

# પ્રકરણ IV

# હિસાબોની ગુણવત્તા અને નાણાકીય અહેવાલની પધ્ધતિઓ

# પ્રકરણ IV

# હિસાબોની ગુણવત્તા અને નાણાકીય અહેવાલની પધ્ધતિઓ

નાણાકીય રજૂઆતની સુદ્રઢ વ્યવસ્થા અને નિયમો તથા કાર્યપધ્ધતિના અનુપાલનનું સુશાસનમાં મહત્વનું યોગદાન હોય છે. આ બાબત, સુસંગત, વિશ્વસનીય અને સમયસર નાણાકીય રજૂઆતને સુનિશ્ચિત કરે છે અને એ રીતે મૂળભૂત કારભારી જવાબદારીઓ, વ્યૂહાત્મક આયોજન અને યોગ્ય નિર્ણય લેવામાં રાજ્ય સરકારને સહાય કરે છે. આ પ્રકરણ વિવિધ નાણાકીય નિયમો, પધ્ધતિઓ અને નિર્દેશોના રાજ્ય સરકારના અનુપાલનની સ્થિતિ અને વિહંગાવલોકન પૂરું પાડે છે.

## 4.1 જાહેર હિસાબમાં ભંડોળ ન રાખવુ

ભારત સરકારની સૂચના (07 જાન્યુઆરી 2005) મુજબ, નિયમનકારી સંસ્થાઓના ભંડોળ જાહેર હિસાબમાં જાળવવાના હોય છે, પરંતુ એવી રીતે સંચાલન કરવાનુ હોય છે કે તેમની સ્વતંત્ર સ્થિતિ જળવાઇ રહે. જો કે, રાજ્ય સરકારે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (GERC) ભંડોળ નિયમો જાહેર કર્યા હતાં, જે અનુસાર, આયોગ રાષ્ટ્રીયકૃત બેંકો/ગુજરાત રાજ્ય નાણાકીય સેવા લિમિટેડ[1] માં ફાજલ ભંડોળ રાખતુ આવ્યુ છે. 31 માર્ચ 2022ના રોજ GERCના ભંડોળની સિલક ₹ 309.56 કરોડ હતી.

ઑડિટના જોવામાં આવ્યુ હતું કે મૂડીરોકાણ બાબતમાં GERC ભંડોળ નિયમોમાં સામેલ કરવામાં આવેલી કલમ ભારત સરકારની સૂચનાઓ (જે ફરજીયાત પ્રકારની છે) તેનાથી વિચલન દર્શાવતી હોવાથી, ભંડોળ જાહેર હિસાબોમાં રાખવાનુ અને GERC ભંડોળ નિયમોમાં સુધારા માટે આ બાબત રાજ્ય સરકારના ધ્યાન પર લાવવાનુ, GERCના ધ્યાન પર લાવવામાં આવ્યુ હતું (નવેમ્બર 2007 અને જાન્યુઆરી 2022).

આયોગે જણાવ્યુ હતું કે (મે 2022) તે જાહેર હિસાબમાં ભંડોળ મુકે તો તે સ્વતંત્ર અને સ્વાયત્ત રહેશે નહીં. વધુમાં એવું જણાવવામાં આવ્યુ હતું કે ભંડોળ જાહેર હિસાબમાં રાખવાનો અર્થ વ્યક્તિગત લેજર ખાતું ખોલવો એવો થશે, જેના સંચાલનમાં સરકાર તરફથી વખતોવખત અવાંછિત પ્રતિબંધો આવી શકે છે. આ બિનજરૂરી મૂંઝવણ અને મુશ્કેલી પેદા કરી શકે છે અને છેવટે સ્વાયત્ત અને સ્વતંત્ર હોવાનો આયોગનો દરજ્જો જળવાશે નહીં. જવાબ સ્વીકાર્ય નથી કારણ કે ભારત સરકારની સૂચનાઓ ફરજીયાત પ્રકારની છે.

આમ, આયોગે આ બાબત GERC ભંડોળ નિયમોમાં સુધારો કરવા માટે રાજ્ય સરકારના ધ્યાન પર લાવવી જોઇએ. તે ભારતના બંધારણની કલમ 266(2)નું ઉલ્લંઘન છે.

[1] ગુજરાત સરકારનું નોન-બેંકીંગ નાણાકીય કંપની (NBFC)

## 4.2 વ્યાજપાત્ર થાપણો પ્રત્યે વ્યાજની જવાબદારી

રાજ્ય સરકારની વ્યાજપાત્ર થાપણોની રકમો પર વ્યાજની જોગવાઇ અને ચૂકવણી કરવાની જવાબદારી છે (મુખ્ય સદર 8336 અને 8342). આમ છતાં, રાજ્ય સરકારે **કોઠા 4.1**માં દર્શાવ્યા મુજબ, 31 માર્ચ 2021ના રોજ આ થાપણોની સિલકો હોવા છતાંમુખ્ય સદર 2049 (મહેસૂલી ખર્ચ) હેઠળ વ્યાજની ચૂકવણી માટે અંદાજપત્રીય જોગવાઇ કરી ન હતી.

**કોઠો 4.1: વ્યાજપાત્ર થાપણો પ્રત્યે વ્યાજની જવાબદારી અદા ન કરવી**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક | વ્યાજપાત્ર થાપણનું નામ | 31 માર્ચ 2021ના રોજ સિલક | વ્યાજની રકમ જેની જોગવાઇ કરવામાં નથી આવી |
|---|---|---|---|
| 1. | વ્યાજપાત્ર થાપણ (અંશદાયી પેન્શન યોજના સિવાય) | 17.50 | 1.31 |
| 2. | રાજ્ય વળતર વનીકરણ થાપણ | 1,314.75 | 44.04 |
| કુલ | | | **45.35** |

સ્રોત: વર્ષ2021-22 ના નાણાકીય હિસાબો

વ્યાજની જવાબદારી અદા ન કરવાની બાબતનું પ્રતિબિંબ ઘટેલી મહેસૂલી ખાધમાં અને સંબંધિત થાપણોની ઓછી આખરી બાકીમાં જોવા મળે છે.

## 4.3 રાજ્યની અમલકર્તા સંસ્થાઓને ભંડોળની સીધી તબદીલી

કેન્દ્ર સરકાર સામાજીક અને આર્થિક ક્ષેત્રોમાં જુદી જુદી પરિયોજનાઓ/કાર્યક્રમોના અમલીકરણ માટે રાજ્યની અમલકર્તા સંસ્થાઓને ભંડોળની બારોબાર તબદીલીઓ કરતી આવી છે. આ ભંડોળો રાજ્યના અંદાજપત્ર/રાજ્યની તિજોરી વ્યવસ્થા મારફત મોકલવામાં ન આવતા હોવાથી, વાર્ષિક નાણાકીય હિસાબોમાં આવા ભંડોળોનો પ્રવાહ દર્શાવાતો નથી. આમ, એટલા પ્રમાણમાં, રાજ્યની આવક અને ખર્ચ અને તેમાંથી તારવેલા અન્ય રાજકોષીય ચલાંકો/પરિમાણો પણ સંપૂર્ણ ચિત્ર રજૂ કરતા નથી.

01 એપ્રિલ 2014ની અસરથી, ભારત સરકારે કેન્દ્ર પ્રાયોજિત યોજનાઓ માટેની તમામ સહાય/વધારાની કેન્દ્રીય સહાય રાજ્ય સરકારને છૂટી કરવાનો નિર્ણય કર્યો હતો. જો કે, ગુજરાતમાં, કેન્દ્રીય ભંડોળોની રાજ્યની અમલકર્તા સંસ્થાઓને બારોબાર તબદીલી કરવાનું 2021-22માં પણ ચાલુ રહ્યું હતું (નાણાકીય હિસાબો, ભાગ-IIના પરિશિષ્ટ VIનો સંદર્ભ). આવી તબદીલીઓની 2017-18 થી 2021-22 માટેની વર્ષ-વાર વિગતો **કોઠા 4.2**માં દર્શાવી છે.

**કોઠો 4.2: ભારત સરકાર દ્વારા રાજ્યની અમલકર્તા સંસ્થાઓને ભંડોળની થયેલી તબદીલી**

**(₹ કરોડમાં)**

| રાજ્યની અમલકર્તા સંસ્થાઓને સીધી તબદીલી | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| તબદીલ કરેલુ ભંડોળ | 7,510.45 | 10,026.44 | 11,659.35 | 14,210.99 | 20,496.91 |

સ્રોત: સંબંધિત વર્ષ માટેના નાણાકીય હિસાબો

2021-22 દરમિયાન, ભારત સરકારે ₹ 20,496.91 કરોડ અમલકર્તા સંસ્થાઓને બારોબાર તબદીલ કર્યા હતાં, જે પૈકી ₹ 13,670.48 કરોડ 'રાજ્ય સરકારની અમલકર્તા સંસ્થાઓ' ને અને ₹ 6,826.43 કરોડ 'રાજ્ય સરકારની ન હોય એવી અમલકર્તા સંસ્થાઓ' ને બારોબાર છૂટા કરવામાં આવ્યાં હતાં. **ફકરા 2.4.2.5**માં બતાવ્યા પ્રમાણે પંચાયતી રાજ સંસ્થાઓને અને શહેરી સ્થાનિક સંસ્થાઓને સહાયક અનુદાન રૂપે આપવામાં આવેલી નાણાકીય સહાય આ તબદીલીઓમાં સામેલ નથી. આ તબદીલીઓ સંબંધિત પરિયોજનાઓની માર્ગદર્શિકાઓ અનુસાર હતી. કેન્દ્રીય ભંડોળોની રાજ્ય સરકારની અમલકર્તા સંસ્થાઓને બારોબાર મોટી તબદીલીઓ સંકળાયેલી હતી તે યોજનાઓ હતી; પ્રધાન મંત્રી કિસાન સન્માન નિધિ (₹ 3,599.45 કરોડ), ગાંધીનગર-અમદાવાદ માટે મેટ્રો-લીંક એક્ષપ્રેસ (₹ 1,962.47 કરોડ), મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામ રોજગાર બાયંધરી યોજના (₹ 1,176.78 કરોડ) અને સાંસદોની સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના (₹ 91 કરોડ).

વિવિધ વિકાસ યોજનાઓનો અમલ કરવા માટે 2021-22 દરમિયાન ભારત સરકાર તરફથી બારોબાર ₹ 20,496.91 કરોડ મેળવનાર જુદી જુદી સંસ્થાઓની વિગતો **આલેખ 4.1**માં દર્શાવી છે.

**આલેખ 4.1: અમલકર્તા સંસ્થાઓ જેને 2021-22 દરમિયાન ભારત સરકાર તરફથી બારોબાર ભડોળ મળ્યું હતું**




સ્રોત: વર્ષ 2021-22 માટેની PFMS માહિતી

## 4.4 સ્થાનિક ભંડોળોની થાપણો

પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળના 33 જીલ્લા વિકાસ અધિકારીઓ અને 249 પંચાયતો, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળના તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા સંચાલિત 282 વ્યક્તિગત લેજર ખાતાઓ (PLA) હતાં. છેલ્લા પાંચ વર્ષ (2017-22) દરમિયાન જિલ્લા પરિષદ ભંડોળ અને પંચાયત સમિતિ ભંડોળ હેઠળના વ્યવહારો **કોઠા 4.3**માં દર્શાવ્યા છે.

**કોઠો 4.3: સ્થાનિક ભંડોળોમાં થાપણો**

(₹ કરોડમાં)

| વર્ષ | | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|---|
| જિલ્લા પરિષદ ભંડોળ (8448-109-11) | ખુલતી સિલક | 9,249.79 | 8,940.69 | 8,263.03 | 8,821.48 | 9,646.29 |
| | આવક | 23,364.03 | 24,485.22 | 23,210.91 | 24,110.28 | 23,921.08 |
| | ખર્ચ | 23,673.13 | 25,162.88 | 22,652.46 | 23,285.47 | 25,043.58 |
| | બંધ સિલક | 8,940.69 | 8,263.03 | 8,821.48 | 9,646.29 | 8,523.79 |
| પંચાયત સમિતિ ભંડોળ (8448-109-12) | ખુલતી સિલક | 3,680.94 | 3,845.12 | 4,138.24 | 4,209.52 | 4,153.86 |
| | આવક | 16,300.28 | 16,526.91 | 15,349.79 | 15,767.41 | 17,538.09 |
| | ખર્ચ | 16,136.10 | 16,233.79 | 15,278.51 | 15,823.07 | 16,486.20 |
| | બંધ સિલક | 3,845.12 | 4,138.24 | 4,209.52 | 4,153.86 | 5,205.75 |
| **વર્ષના અંતે બંધ સિલક** | | **12,785.81** | **12,401.27** | **13,031.00** | **13,800.15** | **13,729.54** |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

**કોઠા 4.3**માં જોઇ શકાય છે કે, વ્યક્તિગત લેજર ખાતાઓમાં 01 એપ્રિલ 2021ના રોજ ₹ 13,800.15 કરોડની ખૂલતી સિલક હતી. વર્ષ દરમિયાન ₹ 41,459.17 કરોડની આવક થઇ હતી જ્યારે ચૂકવણીઓ ₹ 41,529.78 કરોડની હતી જેથી માર્ચ 2022ના અંતે ₹ 13,729.54 કરોડની સિલક વણવપરાયેલી પડી રહી હતી.

## 4.5 વપરાશી પ્રમાણપત્રો (Utilization Certificate (UC)) રજૂ કરવામાં વિલંબ

ગુજરાત નાણાકીય નિયમો, 1971ની[2] સાથે સામાન્ય નાણાકીય નિયમો[3] જોવામાં આવે તો, એવી જોગવાઇ છે કે નિર્દિષ્ટ ઉદ્દેશ માટે આપવામાં આવેલું સહાયક અનુદાન ગર્ભિત શરતોને અધિન હોય છે જેવી કે, (1) સહાયક અનુદાનનો નિર્ધારિત હેતુ માટે અને જો મંજૂર કરનાર અધિકારીએ સમય-મર્યાદા નક્કી ન કરી હોય તો વાજબી સમયની અંદર વપરાશ કરવાનો રહેશે અને (2) સહાયક અનુદાનનો કોઇ પણ હિસ્સો જે આખરે હેતુસર ખર્ચ કરવા માટે જરૂરી ન હોય તો, તેની સરકારને પરત સોંપણી કરવાની રહેશે.

રાજ્ય સરકારના જે સત્તાવાળાઓને શરતી સહાયક અનુદાન મળ્યું છે તેમણે સહાયક અનુદાનના યોગ્ય વપરાશ અંગે સંબંધિત વિભાગોના વડાને વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે અને ચકાસણી કર્યા બાદ અન્ય રીતે નિર્દિષ્ટ કરવામાં આવ્યું ન હોય તો જે નાણાકીય વર્ષમાં સહાયક

[2] નિયમ 154 અને 155

[3] સામાન્ય નાણાકીય નિયમો, 2017નો નિયમ 238 (1)

અનુદાન છૂટું કરવામાં આવ્યું હોય તે પૂર્ણ થયાના 12 મહિનાની અંદર પ્રધાન મહાલેખાકારને (હિસાબ અને હક) મોકલવાના રહેશે.

ઑડિટ ચકાસણીમાં જોવામાં આવ્યું હતું કે 2001-02થી 2020-21ના સમયગાળા દરમિયાન રાજ્ય સરકારના 19 વિભાગોને આપવામાં આવેલ એકંદર ₹ 10,309.47 કરોડના સહાયક અનુદાનની બાબતમાં 4,563 વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં આવ્યા ન હતાં. વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં વિલંબની સ્થિતિ અને વય-વાર વિગતો અનુક્રમે **કોઠા 4.4** અને **4.5**માં આપી છે.

**કોઠો 4.4: 31 માર્ચ 2022 ના રોજ વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવાની સ્થિતિ**

| વર્ષ[4] | બાકી વપરાશી પ્રમાણપત્રોની સંખ્યા | રકમ (₹ કરોડમાં) |
|---|---|---|
| 2019-20 સુધી | 2,137 | 1,988.62 |
| 2020-21 | 1,045 | 2,918.78 |
| 2021-22 | 1,381 | 5,402.07 |
| **કુલ** | **4,563** | **10,309.47** |

સ્રોત: 2021-22ના નાણાકીય હિસાબો

**કોઠો 4.5: વય-વાર રજૂ કરવાના બાકી વપરાશી પ્રમાણપત્રો**

| ક્રમાંક | વિલંબનો સમયગાળો (વર્ષોમાં) | બાકી વપરાશી પ્રમાણપત્રો | |
|---|---|---|---|
| | | સંખ્યા | રકમ (₹ કરોડમાં) |
| 1. | 0-1 (2020-21) | 1,381 | 5,402.07 |
| 2. | 1-3 (2018-20) | 1,361 | 3,621.08 |
| 3. | 3-5 (2016-18) | 201 | 1,086.66 |
| 4. | 5-7 (2014-16) | 43 | 40.50 |
| 5. | 7-9 (2012-14) | 27 | 24.26 |
| 6. | 11 અને ઉપર (2001-12) | 1,550 | 134.90 |
| | **કુલ** | **4,563** | **10,309.47** |

સ્રોત: પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) દ્વારા આપવામાં આવેલી માહિતી

**કોઠો 4.6: 31 માર્ચ 2022 ના રોજ બાકી વપરાશી પ્રમાણપત્રોનું વર્ષ-વાર વિભાજન (₹ કરોડમાં)**

| વર્ષ | વપરાશી પ્રમાણપત્રોની સંખ્યા | રકમ |
|---|---|---|
| 2001-02 | 464 | 40.79 |
| 2002-03 | 694 | 35.27 |
| 2003-04 | 200 | 4.72 |
| 2004-05 | 67 | 3.40 |
| 2005-06 | 35 | 2.20 |

બાકી વપરાશી પ્રમાણપત્રોનું રકમ સાથે વર્ષ-વાર વિભાજન બાજુના **કોઠા 4.6**માં કોષ્ટકબધ્ધ કરેલું છે. કોઠામાં એવું જોવામાં આવે છે કે બાકી વપરાશી પ્રમાણપત્રોના 30 ટકા 2001-02, 2002-03 અને 2003-04 ને લગતા હતાં. બાકી વપરાશી પ્રમાણપત્રોના બહોંતેર ટકા

[4] ઉપર ઉલ્લેખ કરેલું વર્ષ "નિયત વર્ષ" ના સંબંધમાં છે એટલે કે ખરેખર ઉપાડના 12 મહિના.

| | | |
|---|---|---|
| 2006-07 | 14 | 3.12 |
| 2007-08 | 22 | 27.18 |
| 2008-09 | 7 | 1.24 |
| 2009-10 | 6 | 4.34 |
| 2010-11 | 35 | 12.37 |
| 2011-12 | 6 | 0.27 |
| 2012-13 | 3 | 0.40 |
| 2013-14 | 24 | 23.86 |
| 2014-15 | 26 | 31.43 |
| 2015-16 | 17 | 9.07 |
| 2016-17 | 64 | 511.77 |
| 2017-18 | 137 | 574.89 |
| 2018-19 | 316 | 702.30 |
| 2019-20 | 1,045 | 2,918.78 |
| 2020-21 | 1,381 | 5,402.07 |
| કુલ | **4,563** | **10,309.47** |

**સ્રોત:** પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) દ્વારા આપવામાં આવેલી માહિતી

આદિજાતી વિકાસ વિભાગ (1,322 UCs), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ (1,295 UCs) અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને (657 UCs) લગતા હતાં. વપરાશી પ્રમાણપત્રોની ગેરહાજરીમાં એવી કોઈ પણ ખાતરી નથી કે જે ઉદ્દેશ્યો માટે આ ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું તે માટે તેનો ઉપયોગ થયો છે. વધુમાં, બાકી વપરાશી પ્રમાણપત્રોના ઉંચા પ્રમાણથી ઉચાપત, છેતરપીંડી અને ભંડોળના માર્ગાન્તરના જોખમનો બોજ રહેલો છે. વપરાશી પ્રમાણપત્રોની રજૂઆતમાં અયોગ્ય વિલંબ માટે રાજ્ય સરકારે જવાબદારી નક્કી કરવી જોઇએ

2020-21 સુધીમાં ચૂકવેલા સહાયક અનુદાન માટે બાકી વપરાશી પ્રમાણપત્રોનું વિભાગવાર વિભાજન **પરિશિષ્ટ 4.1**માં દર્શાવ્યુ છે જ્યારે 10 મુખ્ય વિભાગોના બાકી વપરાશી પ્રમાણપત્રોની સ્થિતિ **આલેખ 4.2**માં દર્શાવી છે.

**આલેખ 4.2: 31 માર્ચ 2021 સુધીમાં ચૂકવાયેલા સહાયક અનુદાન માટે 10 મુખ્ય વિભાગોના બાકી વપરાશી પ્રમાણપત્રો**




સ્રોત: પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) દ્વારા આપવામાં આવેલી માહિતી

### 4.5.1 અનુદાન મેળવનાર સંસ્થાઓની "અન્યો" તરીકે નોંધણી

જો સહાયક અનુદાન રાજ્યના કુલ ખર્ચનો મહત્વનો હિસ્સો બનતો હોય તો, એ જરૂરી છે કે હિસાબોની પારદર્શિતાના હિતમાં ભંડોળ જેને પૂરું પાડવામાં આવે છે તે અનુદાન મેળવનાર સંસ્થાની વિગતો અને પ્રકાર સરકારે પૂરા પાડવા જોઇએ.

ગુજરાતમાં, છેલ્લા પાંચ વર્ષ (2017-22) દરમિયાન સહાયક અનુદાન રાજ્યના કુલ ખર્ચના 37 ટકાની આસપાસ થતા હતાં. ઉપરાંત, જો કે રાજ્ય સરકારના છેલ્લા પાંચ વર્ષના નાણાકીય હિસાબો[5] 'અન્યો' હેઠળ વર્ગીકૃત જુદી જુદી સંસ્થાઓને છૂટા કરવામાં આવેલા સહાયક અનુદાનનો સતત વધારો[6] દર્શાવતા હતાં, રાજ્ય સરકારે આવી સંસ્થાઓને કોઈ સંજ્ઞા (code) આપવાની પદ્ધતિ ઘડી ન હતી, જેનાથી બાકી વપરાશી પ્રમાણપત્રોની રજૂઆત પર દેખરેખ રાખી શકાય અને દરેક સંસ્થાઓ પાસેથી બાકી રકમની ચકાસણી થઇ શકે.

નીચેનો **કોઠો 4.7** છેલ્લા પાંચ વર્ષ (2017-22) દરમિયાન રાજ્ય સરકાર દ્વારા 'અન્યો'ને છૂટા કરવામાં આવેલા સહાયક અનુદાનની વિગતો દર્શાવે છે.

**કોઠો 4.7: 2017-22 દરમિયાન 'અન્યો' ને છૂટા કરવામાં આવેલા સહાયક અનુદાનની વિગતો**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક | વર્ષ | કુલ ખર્ચ | છૂટું કરેલુ કુલ સહાયક અનુદાન | કુલ ખર્ચની ટકાવારી રૂપે સહાયક અનુદાન | 'અન્યો' ને છૂટું કરેલું સહાયક અનુદાન | કુલ છૂટા કરેલા સહાયક અનુદાનની ટકાવારી રૂપે 'અન્યો' ને છૂટું કરેલું સહાયક અનુદાન |
|---|---|---|---|---|---|---|
| 1. | 2017-18 | 1,45,003.92 | 54,807.18 | 37.80 | 20,856.91 | 38.06 |
| 2. | 2018-19 | 1,62,582.94 | 59,610.69 | 36.66 | 23,656.31 | 39.68 |
| 3. | 2019-20 | 1,67,861.24 | 64,262.01 | 38.28 | 25,343.20 | 39.44 |
| 4. | 2020-21 | 1,78,717.47 | 64,637.35 | 36.17 | 23,691.95 | 36.65 |
| 5. | 2021-22 | 1,89,677.35 | 69,807.79 | 36.80 | 24,764.54 | 35.48 |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

**કોઠા 4.7**માં જોઇ શકાય છે કે, 2021-22 માં છૂટા કરાયેલા ₹ 69,807.79 કરોડના કુલ સહાયક અનુદાન પૈકી, ₹ 24,764.54 કરોડ (35 ટકા) 'અન્યો' હેઠળ વર્ગીકૃત કરવામાં આવેલી વિવિધ સંસ્થાઓને છૂટા કરવામાં આવ્યાં હતાં. જેના માટે સહાયક અનુદાન છુટું કરવામાં આવેલું છે તેની વિગતોની ગેરહાજરી, આવા ખાતાની પારદર્શિતાને અને સહાયક અનુદાનની છૂટી કરવામાં આવેલી રકમની સામેના વપરાશી પ્રમાણપત્રોની દેખરેખને વિપરીત અસર કરે છે.

---

5 નાણાકીય હિસાબોના પત્રક નં. 10 અને પરિશિષ્ટ III

6 2017-18માં ₹ 20,856.91 કરોડથી 2021-22માં ₹ 24,764.54 કરોડ

## 4.6 ઉચ્ચક આકસ્મિક બિલો

રાજ્ય સરકાર દ્વારા જેના માટે છેવટનું વર્ગીકરણ અને સહાયક ભરતિયું, ઉપાડ વખતે ઉપલબ્ધ ન હોય તો ખર્ચની તેવી બાબતોમાં આકસ્મિક ખર્ચનો ઉપાડ, ઉચ્ચક આકસ્મિક બિલ (AC Bill) પર કરવામાં આવે છે. પ્રારંભમાં પેશગી તરીકે ઉપાડ કર્યા બાદ, તેનો ત્યારબાદનો મેળ ઉચ્ચક આકસ્મિક બિલથી ઉપાડની તારીખથી ત્રણ મહિનાના નિયત સમયગાળાની અંદર પ્રધાન મહાલેખાકારને (હિસાબ અને હક) વિગતવાર આકસ્મિક બિલની[7] (DC Bill) રજૂઆત મારફત સુનિશ્ચિત કરવામાં આવે છે.

વર્ષો દરમિયાન, ભંડોળનો ઉચ્ચક આકસ્મિક બિલથી, તેના લાંબા સમય માટે મેળ/પતાવટ (વિગતવાર આકસ્મિક બિલોની રજૂઆત દ્વારા) કર્યા વિના મોટા પાયે કરવામાં આવતો ઉપાડ ચિંતાનો વિષય છે.

31 માર્ચ 2022ની સ્થિતિએ, ગુજરાત સરકારના 22 વિભાગોએ **કોઠા 4.8**માં આપેલી વિગતો પ્રમાણે 3,167 ઉચ્ચક આકસ્મિક બિલની સામે ₹ **272.90** કરોડ માટે વિગતવાર આકસ્મિક બિલો રજૂ કર્યા ન હતાં

**કોઠો 4.8: 31 માર્ચ 2022ની સ્થિતિએ ઉચ્ચક આકસ્મિક બિલોની સામે બાકી વિગતવાર આકસ્મિક બિલોની સ્થિતિ**

**(₹ કરોડમાં)**

| વર્ષ | રજૂ કરેલા ઉચ્ચક આકસ્મિક બિલો | | રજૂ કરેલા વિગતવાર આકસ્મિક બિલો | | બાકી ઉચ્ચક આકસ્મિક બિલો | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ |
| 2020-21 સુધી | 3,650 | 553.13 | 1,763 | 482.28 | 1,887 | 70.85 |
| 2021-22 | 4,573 | 839.78 | 3,293 | 637.73 | 1,280 | 202.05 |
| **કુલ** | **8,223** | **1,392.91** | **5,056** | **1,120.01** | **3,167** | **272.90** |

સ્રોતઃ પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) દ્વારા આપવામાં આવેલી માહિતી

**કોઠા 4.8**માં જોઇ શકાય છે કે, 2021-22માં ₹ 839.78 કરોડ માટે રજૂ કરેલા 4,573 ઉચ્ચક આકસ્મિક બિલોમાંથી, 528 ઉચ્ચક આકસ્મિક બિલો (11.55 ટકા) ₹ 154.52 કરોડના (18.40 ટકા) માર્ચ 2022માં રજૂ કરવામાં આવ્યાં હતાં. વધુમાં, માર્ચ 2022માં રજૂ કરેલા 528 ઉચ્ચક આકસ્મિક બિલો પૈકી, ₹ 2.00 લાખ માટેનુ એક ઉચ્ચક આકસ્મિક બિલ નાણાકીય વર્ષના છેલ્લા દિવસે રજૂ કરવામાં આવ્યું હતું.

2021-22 સુધીના બાકી વિગતવાર આકસ્મિક બિલોની વિભાગ-વાર વિગતો અને વર્ષ-વાર વિગતો અનુક્રમે **પરિશિષ્ટ 4.2** અને **પરિશિષ્ટ 4.3**માં દર્શાવી છે. 10 મુખ્ય વિભાગોના બાકી વિગતવાર આકસ્મિક બિલોની સ્થિતિ **આલેખ 4.3**માં આપી છે.

[7] ગુજરાત તિજોરી નિયમો, 2000ના નિયમ 211 મુજબ

**આલેખ 4.3: 10 મુખ્ય વિભાગોમાં બાકી વિગતવાર આકસ્મિક બિલો**




બાકી વિગતવાર આકસ્મિક બિલોના સડસઠ ટકા, પંચાયત ગ્રામ્ય આવાસન અને ગ્રામ્ય વિકાસ વિભાગ (833 બિલો), શિક્ષણ વિભાગ (690 બિલો) અને ગૃહ વિભાગને (608 બિલો) લગતા હતાં. પેશગીઓનું લાંબા સમય સુધી સમાયોજન ન થાય તો ગેરરીતિનું જોખમ રહે છે આથી, વિગતવાર આકસ્મિક બિલો રજૂ થાય તે સુનિશ્ચિત કરવા માટે સંબંધિત ઉપાડ અને વહેચણી અધિકારીઓ દ્વારા ચાંપતી નજર રાખવામાં આવે તે જરૂરી છે. ઉપરાંત, વિગતવાર આકસ્મિક બિલો ન મળ્યા હોય એટલે અંશે નાણાકીય હિસાબોમાં દર્શાવેલો ખર્ચ સાચો અથવા છેવટનો માની શકાય નહીં.

## 4.7 વ્યક્તિગત થાપણ ખાતાઓ

એક વ્યક્તિગત થાપણ ખાતું તેના વહીવટકર્તાને ચોક્કસ હેતુ માટે વ્યક્તિગત થાપણ ખાતામાં આવક સીધેસીધી જમા કરવા અથવા ઉપાડ કરવાની સુગમતા માટેના ઉદ્દેશથી ઉભી કરેલી વ્યવસ્થા છે. સરકારના સંબંધિત વિભાગની આગોતરી મંજૂરીથી જ વ્યક્તિગત થાપણ ખાતું શરૂ કરવાની સત્તા આપી શકાય છે. વ્યક્તિગત થાપણ ખાતામાં ભંડોળોની તબદીલીની નોંધ રાજ્યના સંચિત નિધિમાંથી છેવટના ખર્ચ તરીકે સેવાના સંબંધિત મુખ્ય સદર હેઠળ કરવામાં આવે છે. કેન્દ્ર સરકાર (આવક અને ચૂકવણી) નિયમો, 1983ના નિયમ 194(4) મુજબ, વહીવટકર્તાઓએ નાણાકીય વર્ષના છેલ્લા કાર્યના દિવસે આવા ખાતાઓ બંધ કરવાના હોય છે અને વણવપરાયેલી સિલક સંચિત નિધિમાં પાછી તબદીલ કરવાની હોય છે અને જો જરૂર હોય તો વ્યક્તિગત થાપણ ખાતું પછીના વર્ષે ફરીથી ખોલી શકાય છે.

**કોઠો 4.9** 2017-22 દરમિયાન નાણાકીય વર્ષના છેલ્લા દિવસે વ્યક્તિગત થાપણ ખાતાઓમાં રહેલા ભંડોળોની સ્થિતિ રજૂ કરે છે

**કોઠો 4.9: 2017-22 દરમિયાન વ્યક્તિગત થાપણ ખાતાઓમાં રાખવામાં આવેલા ભંડોળો**

**(₹ કરોડમાં)**

| વર્ષ | વર્ષના અંતે વ્યક્તિગત થાપણ ખાતાઓની સંખ્યા | બંધ સિલક |
|---|---|---|
| 2017-18 | 482 | 447.41 |
| 2018-19 | 484 | 581.01 |
| 2019-20 | 465 | 795.41 |
| 2020-21 | 470 | 1,003.78 |
| 2021-22 | 471 | 989.57 |

સ્રોત: વર્ષ 2017-22 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

વ્યક્તિગત થાપણ ખાતાઓમાંની બંધ સિલકો 2017-18માં ₹ 447.41 કરોડ હતી તે વધીને 2020-21 માં ₹ 1,003.78 કરોડ થઇ હતી પરંતુ 2021-22માં ઘટીને ₹ 989.57 કરોડ થઇ હતી. આ ખાતાઓ નાણાકીય વર્ષના અંતે બંધ કરવામાં આવ્યાં ન હતાં અને બંધ સિલકો રાજ્યના સંચિત નિધિમાં જમા કરવામાં આવી ન હતી. 31 માર્ચ 2022ના રોજ કોઇ નિષ્ક્રિય વ્યક્તિગત થાપણ ખાતાઓ ન હતાં. તમામ 471 વ્યક્તિગત થાપણ ખાતાઓના વહીવટકર્તાઓએ તેમની સિલકોનું તિજોરી સાથે મેળવણું અને ચકાસણી કરી હતી.

વ્યક્તિગત થાપણ હિસાબોમાં પડી રહેલી વણવપરાયેલી સિલકોની રાજ્યના સંચિત નિધિમાં બિન-તબદીલી જાહેર નાણાનો દુરૂપયોગ, છેતરપીંડી અને ગેરરીતિનુ જોખમ ઉભુ કરે છે.

## 4.8 ગૌણ સદર 800 નો વિવેકહીન ઉપયોગ

અન્ય આવક/અન્ય ખર્ચ સંબંધિત સર્વસંગ્રાહક ગૌણ સદર 800નો ઉપયોગ માત્ર એવા કિસ્સાઓમાં કરવો જોઇએ કે જેમાં હિસાબોમાં મુખ્ય સદર હેઠળ યોગ્ય ગૌણ સદરની જોગવાઇ કરવામાં આવી ન હોય. ગૌણ સદર 800 હેઠળ આવક અને ખર્ચની આડેધડ નોંધણી વ્યવહારોની પારદર્શિતા અને પ્રકાર પર અસર કરે છે, અને હિસાબોને અસ્પષ્ટ બનાવે છે.

ગુજરાત સરકારે 2017-22ના પાંચ વર્ષોના સમયગાળા દરમિયાન ગૌણ સદરનો વ્યાપક ઉપયોગ કર્યો હતો. 2021-22 દરમિયાન, રાજ્ય સરકારે 64 મહેસૂલ અને મૂડી મુખ્ય હિસાબી સદરો હેઠળના ગૌણ સદર 800 હેઠળ ₹ 12,881.83 કરોડના ખર્ચની નોંધ કરી હતી, જે ₹ 2,14,113.36 કરોડના કુલ ખર્ચના 6.02 ટકા જેટલી થાય છે. 2017-22 દરમિયાન કુલ ખર્ચની ટકાવારી તરીકે ગૌણ સદર 800–'અન્ય ખર્ચ' ના ઉપયોગનું પ્રમાણ **આલેખ 4.4**માં આપ્યું છે

**આલેખ 4.4: 2017-22 દરમિયાન ગૌણ સદર 800 – 'અન્ય ખર્ચ'નો ઉપયોગ**




**આલેખ 4.4** દર્શાવે છે કે 2017-22 દરમિયાન કુલ ખર્ચની ટકાવારી રૂપે ગૌણ સદર 800 – 'અન્ય ખર્ચના ઉપયોગનું પ્રમાણ 6.02 ટકા અને 7.85 ટકા વચ્ચે રહ્યું હતું.

2021-22 દરમિયાન ચોક્કસ મુખ્ય સદરની અંદર ગૌણ સદર 800 – 'અન્ય ખર્ચ' હેઠળ નોંધવામાં આવેલ ખર્ચના (50 ટકા અથવા અધિક) નોંધપાત્ર પ્રમાણના ઉદાહરણો **કોઠા 4.10**માં આપ્યા છે.

**કોઠો: 4.10: 2021-22 દરમિયાન ગૌણ સદર 800 'અન્ય ખર્ચ' હેઠળ નોંધવામાં આવેલો નોંધપાત્ર ખર્ચ**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક | મુખ્ય સદર | મુખ્ય સદર હેઠળ ખર્ચ | ગૌણ સદર 800 હેઠળ ખર્ચ | ટકાવારી |
|---|---|---|---|---|
| 1 | 4236 પોષણ પર મૂડી જોગવાઇ | 22.20 | 22.20 | 100.00 |
| 2 | 6217 શહેરી વિકાસ માટે લોન | 297.90 | 297.90 | 100.00 |
| 3 | 2075 પ્રકીર્ણ સામાન્ય સેવાઓ | 43.01 | 42.43 | 98.66 |
| 4 | 2852 ઉદ્યોગ | 3,098.92 | 2,989.56 | 96.47 |
| 5 | 4875 અન્ય ઉદ્યોગો પર મૂડી જોગવાઇ | 349.99 | 326.92 | 93.41 |
| 6 | 4408 અન્ન, સંગ્રહ અને વખાર પર મૂડી જોગવાઇ | 15.55 | 12.79 | 82.25 |
| 7 | 2853 બિન-લોહ ખાણકામ અને ધાતુ ઉદ્યોગ | 212.33 | 148.29 | 69.84 |
| 8 | 3452 પ્રવાસન | 75.84 | 50.13 | 66.10 |
| 9 | 2701 મધ્યમ સિંચાઇ | 194.67 | 121.00 | 62.15 |

સ્રોત: વર્ષ 2021-22 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

2017-22 દરમિયાન કુલ આવકની ટકાવારી રૂપે ગૌણ સદર 800 –'અન્ય આવક'ના ઉપયોગનું પ્રમાણ **આલેખ 4.5** માં આપ્યું છે.

**આલેખ 4.5: 2017-22 દરમિયાન ગૌણ સદર 800-–'અન્ય આવક' નો ઉપયોગ**




આવકના કિસ્સામાં, ગૌણ સદર 800નો ઉપયોગ 2017-18માં કુલ આવકના 1.90 ટકાથી 2020-21 દરમિયાન કુલ આવકના 6.49 ટકાની વચ્ચે રહ્યો હતો. 2021-22 દરમિયાન, રાજ્ય સરકારે 59 મુખ્ય સદરોને લગતી ₹ 4,260.88 કરોડની આવકની નોંધ ગૌણ સદર 800 –'અન્ય આવક' હેઠળ વર્ગીકૃત કરી હતી જે ₹ 2,13,953.46 કરોડની કુલ આવકના 1.99 ટકા થતા હતાં. 2021-22 દરમિયાન ચોક્કસ મુખ્ય સદર અંતર્ગત ગૌણ સદર 800 – 'અન્ય આવક' હેઠળ નોંધપાત્ર પ્રમાણમાં નોંધવામાં આવેલી આવકના (50 ટકા અથવા અધિક) ઉદાહરણો **કોઠા 4.11**માં આપ્યા છે.

**કોઠો: 4.11: 2021-22 દરમિયાન ગૌણ સદર 800-'અન્ય આવકો' હેઠળ નોંધવામાં આવેલી નોંધપાત્ર આવકો**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક | મુખ્ય સદર | મુખ્ય સદર હેઠળ આવક | ગૌણ સદર 800 હેઠળ આવક | ટકાવારી |
|---|---|---|---|---|
| 1 | 0575 **અન્ય વિશેષ વિસ્તાર કાર્યક્રમો** | 18.73 | 18.92 | 100.97 |
| 2 | 0211 પરિવાર કલ્યાણ | 1.49 | 1.49 | 100.00 |
| 3 | 0408 **અન્ન, સંગ્રહ અને વખાર** | 4.37 | 4.37 | 100.00 |
| 4 | 0801 ઉર્જા | 12.29 | 12.29 | 100.00 |
| 5 | 0810 ઉર્જાના બિન-પરંપરાગત સ્રોતો | 100.93 | 100.93 | 100.00 |
| 6 | 1054 માર્ગો અને પુલો | 35.64 | 35.43 | 99.41 |
| 7 | 0215 પાણી પુરવઠો અને સ્વચ્છતા | 329.32 | 327.07 | 99.32 |
| 8 | 0235 સામાજીક સુરક્ષા અને કલ્યાણ | 9.20 | 9.12 | 99.14 |
| 9 | 0401 પાક ઉછેર | 101.66 | 99.58 | 97.95 |
| 10 | 0702 લઘુ સિંચાઇ | 76.20 | 72.97 | 95.77 |
| 11 | 0435 અન્ય કૃષિ કાર્યક્રમો | 1.31 | 1.25 | 95.64 |

| ક્રમાંક | મુખ્ય સદર | મુખ્ય સદર હેઠળ આવક | ગૌણ સદર 800 હેઠળ આવક | ટકાવારી |
|---|---|---|---|---|
| 12 | 0404 ડેરી વિકાસ | 1.80 | 1.61 | 89.75 |
| 13 | 0071 પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો અંગે ફાળો અને વસૂલાત | 67.86 | 56.39 | 83.10 |
| 14 | 0515 અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો | 49.91 | 40.89 | 81.93 |
| 15 | 0406 વન સંવર્ધન અને વન્ય જીવન | 33.72 | 27.04 | 80.20 |
| 16 | 0049 વ્યાજની આવક | 991.90 | 783.85 | 79.03 |
| 17 | 0210 તબીબી અને જાહેર આરોગ્ય | 1,601.17 | 1,264.01 | 78.94 |
| 18 | 0220 માહિતી અને પ્રસારણ | 1.68 | 1.29 | 77.15 |
| 19 | 0059 જાહેર બાંધકામ | 46.94 | 35.34 | 75.29 |
| 20 | 0035 ખેતીની જમીન સિવાયની સ્થાવર મિલકત પર કરવેરા | 300.76 | 197.87 | 65.79 |
| 21 | 0852 ઉદ્યોગ | 99.97 | 65.60 | 65.61 |
| 22 | 0250 અન્ય સામાજીક સેવાઓ | 195.12 | 122.26 | 62.66 |
| 23 | 6225 અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ માટે લોન | 36.43 | 21.82 | 59.89 |
| 24 | 0216 આવાસન | 31.84 | 18.91 | 59.39 |
| 25 | 1475 અન્ય સામાન્ય આર્થિક સેવાઓ | 84.77 | 49.77 | 58.71 |
| 26 | 0405 મત્સ્યોદ્યોગ | 17.30 | 9.88 | 57.07 |

સ્રોત: વર્ષ 2021-22 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

અન્ય આવક/અન્ય ખર્ચ સંબંધિત સર્વસંગ્રાહક ગૌણ સદર 800 નું સંચાલન માત્ર એવા કિસ્સાઓમાં કરવાનુ હોય છે જ્યાં હિસાબોમાં મુખ્ય સદર હેઠળ યોગ્ય ગૌણ સદરની જોગવાઇ કરવામાં આવી નથી. એ જ મુખ્ય સદર/અન્ય મુખ્ય સદર હેઠળ જ્યારે અનુકૂળ ગૌણ સદર ઉપલબ્ધ હોય તો પણ ગૌણ સદર 800 હેઠળ નોંધ નાણાકીય અહેવાલોની પારદર્શિતાને અવળી અસર કરે છે. જ્યારે યોગ્ય ગૌણ સદર ઉપલબ્ધ હોય ત્યારે ગૌણ સદર 800ના અયોગ્ય ઉપયોગના ઑડિટમાં ધ્યાન પર આવેલા કેટલાક ઉદાહરણો **કોઠા 4.12**માં આપ્યા છે:

**કોઠો: 4.12: 2021-22 દરમિયાન યોગ્ય ગૌણ સદર ઉપલબ્ધ હતું ત્યારે ગૌણ સદર 800ના અયોગ્ય ઉપયોગના ઑડિટમાં ધ્યાન પર આવેલા કેટલાક ઉદાહરણો**

(₹ કરોડમાં)

| ક્રમાંક | અંદાજપત્રીય સદર | સદર હેઠળ અંદાજપત્રીય જોગવાઇ | ખર્ચ | એ જ મુખ્ય સદર હેઠળ ઉપલબ્ધ વધારે યોગ્ય ગૌણ સદર |
|---|---|---|---|---|
| 1 | 2801-ઉર્જા<br>80-સામાન્ય<br>800-અન્ય ખર્ચ<br>03-PWR-25-સરદાર પટેલ પુનઃપ્રાપ્ય ઊર્જા સંશોધન સંસ્થાને સહાય | 1.00 | 1.00 | 2810- હેઠળ નવી અને પુનઃપ્રાપ્ય ઉર્જા<br>00<br>104–પુનઃપ્રાપ્ય ઉર્જામાં સંશોધન, રચના અને વિકાસ |
| 2 | 2852-ઉદ્યોગ<br>80-સામાન્ય<br>800-અન્ય ખર્ચ<br>24-IND-5 ઔદ્યોગિક વિકાસ વધારવા માટેના પ્રયત્નો | 44.94 | 140.38 | 2852-80<br>104-હેઠળ ઔદ્યોગિક પ્રમોશન |
| 3 | 2852-ઉદ્યોગ<br>80-સામાન્ય<br>800-અન્ય ખર્ચ<br>26-IND-9 વસ્ત્ર ઉદ્યોગનો વિકાસ | 1,564.40 | 1,960.00 | 2852- હેઠળ ઉદ્યોગ<br>08-વપરાશી ઉદ્યોગ<br>202- વસ્ત્રોદ્યોગ |
| 4 | 5054-માર્ગો અને પુલો પર મૂડી જોગવાઇ<br>04-જિલ્લાના અને અન્ય માર્ગો<br>800-અન્ય ખર્ચ<br>06-RBD-102 ગ્રામ્ય માર્ગો | 5.00 | 7.96 | 5054-04<br>337-હેઠળ માર્ગના કામો |
| 5 | 5054-માર્ગો અને પુલો પર મૂડી જોગવાઇ<br>80-સામાન્ય<br>800-અન્ય ખર્ચ<br>01-RBD-103 આયોજન અને સંશોધન | 1.5 | 1.50 | 5054- હેઠળ માર્ગો અને પુલો પર મૂડી જોગવાઇ<br>80-સામાન્ય<br>004-સંશોધન |
| 6 | 2515-અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો<br>800-અન્ય ખર્ચ<br>11-CDP-7 નાણા પંચની ભલામણ મુજબ પંચાયતી રાજની સંસ્થાઓને મજબૂત કરવા માટે કેન્દ્રીય સહાયની ચૂકવણી. | 1,802.43 | 904.23 | 2515-હેઠળ અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો<br>101-પંચાયતી રાજ |
| 7 | 2202-સામાન્ય શિક્ષણ<br>01-પ્રાથમિક શિક્ષણ<br>800-અન્ય ખર્ચ<br>01- પ્રાથમિક શિક્ષણ માટે શિક્ષણ સેસ માટે સ્થાનિક સંસ્થાઓને સહાય | 225.00 | 225.00 | 2202-હેઠળ સામાન્ય શિક્ષણ<br>01-પ્રાથમિક શિક્ષણ<br>103- પ્રાથમિક શિક્ષણ માટે સ્થાનિક સંસ્થાઓને સહાય |

(સ્રોત: વર્ષ 2021-22 માટેના વિનિયોગ હિસાબો)

સર્વસંગ્રાહક મુખ્ય સદર 800 હેઠળ મોટી રકમોનું વર્ગીકરણ નાણાકીય અહેવાલોમાં પારદર્શિતાને અસર કરે છે અને ફાળવણીની પ્રાથમિકતાઓના પૃથક્કરણ અને ખર્ચની ગુણવત્તાને બગાડી નાખે છે.

## 4.9 ઉપલક અને ઋણ, થાપણ અને ભરણાના મુખ્ય સદરો હેઠળ બાકી સિલકો

એક અથવા બીજા કારણસર હિસાબના નિર્ણાયક સદરમાં નોંધી શકાય એમ ન હોય એવા વ્યવહારો દર્શાવવા માટે સરકારના હિસાબોમાં ઉપલક સદર ખોલવામાં આવે છે. આવા હિસાબી સદરોમાં રહેલી રકમોને જ્યારે તેમના સંબંધિત નિર્ણાયક સદરે નોંધવામાં આવે ત્યારે, બાદ ઉધાર અથવા બાદ જમા દ્વારા છેવટે ઉપલક સદરોને દૂર કરવામાં આવે છે. જો ઉપલક સદર હેઠળની રકમો પતાવટ થયા વગર રહે તો આ સદરો હેઠળની સિલકો જમા થયા કરશે જે પરિણામે સરકારની આવક અને ચૂકવણીઓ ઓછી દર્શાવશે.

ભરણાં એ તમામ વ્યવહારોને આવરી લે છે જે હિસાબોના સમાયોજનના સદરો હોય છે અને આ સદરોમાં ઉધાર અથવા જમા નોંધો છેવટે એજ અથવા હિસાબીકરણના અન્ય વર્તુળની અંદર અનુરૂપ જમા અથવા ઉધાર દ્વારા દૂર કરવામાં આવે છે.

નાણાકીય હિસાબો ઉપલક અને ભરણાંના સદરો હેઠળની ચોખ્ખી સિલકો દર્શાવે છે. આ સદરો હેઠળની બાકી સિલકોની ગણતરી જુદા જુદા સદરો હેઠળની અલગ અલગ બાકી ઉધાર અને જમા સિલકોનુ એકત્રિકરણ કરીને કરવામાં આવે છે. ઉપલક અને ભરણાંના સદરોની બાબતો દૂર કરવાનો આધાર રાજ્યની તિજોરીઓ/બાંધકામો અને વન વિભાગો, વગેરે દ્વારા રજૂ કરવામાં આવેલી વિગતો પર છે.

ઉપલક અને ભરણાંના મુખ્ય સદરો હેઠળની છેલ્લા ત્રણ વર્ષ માટેની ચોખ્ખી સિલકો **કોઠા 4.13**માં આપી છે

**કોઠો 4.13: ઉપલક અને ભરણાંના મુખ્ય સદરો હેઠળની સિલકો**

(₹ કરોડમાં)

| ગૌણ સદર | 2019-20 | | 2020-21 | | 2021-22 | |
|---|---|---|---|---|---|---|
| | ઉધાર | જમા | ઉધાર | જમા | ઉધાર | જમા |
| **મુખ્ય સદર 8658 – ઉપલક** | | | | | | |
| 101 – પગાર અને હિસાબ કચેરી ઉપલક | 166.57 | (-)5.17 | 210.39 | 2.59 | 140.81 | 1.06 |
| ચોખ્ખી | **ઉધાર 171.74** | | **ઉધાર 207.80** | | **ઉધાર 139.75** | |
| 102 – ઉપલક હિસાબ - મુલ્કી | 245.71 | 311.51 | 9.94 | 61.97 | (-)8.45 | (-)12.41 |
| ચોખ્ખી | **ઉધાર 65.80** | | **જમા 52.03** | | **ઉધાર 3.96** | |
| 109 – રિઝર્વ બેંક ઉપલક– મુખ્ય કચેરી | 0.90 | 0.03 | 1.15 | 0.01 | 0.32 | (-)0.04 |
| ચોખ્ખી | **ઉધાર 0.87** | | **ઉધાર 1.14** | | **ઉધાર 0.36** | |

| ગૌણ સદર | 2019-20 | | 2020-21 | | 2021-22 | |
|---|---|---|---|---|---|---|
| | ઉધાર | જમા | ઉધાર | જમા | ઉધાર | જમા |
| 110 – રિઝર્વ બેંક ઉપલક – મુખ્ય હિસાબી કચેરી | 206.27 | 0.01 | 202.73 | 0.01 | 201.32 | (-)0.02 |
| ચોખ્ખીt | ઉધાર 206.26 | | ઉધાર 202.72 | | ઉધાર 201.34 | |
| 112 – મૂળ સ્થાને કર કપાત (TDS) ઉપલક | 0.00 | 9.32 | 0.00 | 38.77 | 0.00 | 49.51 |
| ચોખ્ખી | જમા 9.32 | | જમા 38.77 | | જમા 49.51 | |
| 123 – અખિલ ભારતીય સેવાના અધિકારીઓની જૂથ વીમા યોજના | 0.40 | 0.18 | 0.46 | 0.37 | 0.27 | 0.28 |
| ચોખ્ખી | જમા 0.22 | | ઉધાર 0.09 | | જમા 0.01 | |
| **મુખ્ય સદર 8782- ભરણાં** | | | | | | |
| 102 – જાહેર બાંધકામના ભરણાં | 18,395.78 | 19,137.14 | 18,555.38 | 19,441.43 | 19,677.19 | 20,581.17 |
| ચોખ્ખી | જમા 741.36 | | જમા 886.05 | | જમા 903.98 | |
| 103 – વન વિભાગના ભરણાં | 944.50 | 1,011.57 | 1,096.28 | 1,150.27 | 1,215.40 | 1,345.30 |
| ચોખ્ખી | જમા 67.07 | | જમા 53.99 | | જમા 129.90 | |
| 108 અન્ય ભરણાં | 87.07 | 102.64 | 95.98 | 109.96 | 90.47 | 105.13 |
| ચોખ્ખી | જમા 15.57 | | જમા 13.98 | | જમા 14.66 | |

સ્રોત: વર્ષ 2021-22 ના નાણાકીય હિસાબો

### *પગાર અને હિસાબ કચેરી ઉપલક*

પગાર અને હિસાબ કચેરીઓ અને પ્રધાન મહાલેખાકારના (હિસાબ અને હક) હિસાબકિતાબમાંથી ઉભા થતા આંતર-વિભાગીય અને આંતર-સરકારી વ્યવહારોના સમાધાન માટે આ ગૌણ સદરનો ઉપયોગ કરવામાં આવે છે. આ ગૌણ સદર હેઠળના વ્યવહારો એક હિસાબી અધિકારીએ અન્ય હિસાબી અધિકારી જેના સામે ગૌણ સદર 'પીએઓ ઉપલક'નો ઉપયોગ કરવામાં આવ્યો છે તેના વતી ક્યાં તો કરેલી વસૂલાત અથવા તો ચૂકવણીઓ રજૂ કરે છે. જે હિસાબી અધિકારીના હિસાબમાં પ્રારંભિક વસૂલાત હિસાબમાં નોંધવામાં આવી હોય તેના દ્વારા ચેક જારી કરવામાં આવે ત્યારે આ સદરની જમા નોંધનો 'બાદ જમા' દ્વારા નિકાલ કરવામાં આવે છે. 'પીએઓ ઉપલક' હેઠળની ઉધાર નોંધ હિસાબી અધિકારી, જેના વતી ચૂકવણી કરવામાં આવી હતી તેના તરફથી ચેક મળે અને વટાવાય ત્યારે 'બાદ ઉધાર' દ્વારા નિકાલ કરવામાં આવે છે.

આ ગૌણ સદર હેઠળ બાકી ઉધાર સિલકનો અર્થ એવો થાય કે પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) દ્વારા પગાર અને હિસાબ કચેરી વતી ચૂકવણીઓ કરવામાં આવી છે જેની વસૂલાત કરવાની બાકી છે. બાકી જમા સિલકનો અર્થ એ કે પગાર અને હિસાબ કચેરી વતી પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) દ્વારા ચૂકવણીઓ પ્રાપ્ત થઇ છે, જેની પરત-ચૂકવણી કરવાની/સમાયોજન બાકી છે (નવેમ્બર 2022).

આ સદર હેઠળ ચોખ્ખી ઉધાર સિલક 2020-21માં ₹ 207.80 કરોડ હતી તે 2021-22માં ઘટીને ₹ 139.75 કરોડ થઇ હતી.

### *ઉપલક હિસાબો (મુલ્કી)*

આ વચગાળાના ગૌણ સદરનો ઉપયોગ એવા વ્યવહારોના હિસાબીકરણ માટે કરવામાં આવે છે જે કેટલીક માહિતી/દસ્તાવેજો એટલે કે ભરતીયાં, ચલણો, વગેરેના અભાવે ખર્ચ અથવા આવકના નિર્ણાયક સદરમાં નોંધી શકાયા નથી. આ ગૌણ સદરને આવકની નોંધ કરવા માટે જમા કરવામાં આવે છે અને કરવામાં આવેલા ખર્ચ માટે ઉધારવામાં આવે છે. જરૂરી માહિતી/દસ્તાવેજો મળે ત્યારે હિસાબોના સંબંધિત મુખ્ય/પેટા-મુખ્ય/ગૌણ સદરોમાં ઉધાર અથવા જમા હવાલા દ્વારા બાદ ઉધાર અથવા બાદ જમા નોંધ દ્વારા આ ગૌણ સદર દૂર કરવામાં આવે છે.

આ સદર હેઠળની બાકી ઉધાર સિલકનો અર્થ એવો થાય કે ભરતીયાં જેવી વિગતોના અભાવે કરવામાં આવેલી ચૂકવણીઓ નિર્ણાયક ખર્ચના સદરે ઉધારી શકાઈ ન હતી. બાકી જમા સિલકનો મતલબ એ થાય કે જે રકમો પ્રાપ્ત થઇ હતી તેને માહિતીના અભાવે આવકના નિર્ણાયક સદરમાં જમા કરી શકાયા ન હતાં.

31 માર્ચ 2022ના રોજ આ સદરમાં ચોખ્ખી જમા સિલક ₹ 3.96 કરોડ હતી, જે દર્શાવે છે કે આવકના નિર્ણાયક સદરના વર્ગીકરણ માટે જરૂરી માહિતી ઉપલબ્ધ ન હતી

### *રિઝર્વ બેંક ઉપલક- કેન્દ્રીય હિસાબ કચેરી*

આ સદરનો ઉપયોગ આંતર-સરકારી વ્યવહારો જેમાં બે સરકારો વચ્ચેની રોકડ સિલકો વચ્ચેની નાણાકીય પતાવટ ભારતીય રિઝર્વ બેંકના કેન્દ્રીય હિસાબ વિભાગને સૂચના આપીને કરવામાં આવે છે.

ભારતીય રિઝર્વ બેંક દ્વારા કરાયેલા નાણાકીય સમાયોજનની જાણ થયા બાદ આવકના નિર્ણાયક હિસાબી સદરે રકમ તબદીલ કરીને આ સદર દૂર કરવામાં આવે છે. મુખ્ય વ્યવહારો જેની આ ઉપલક સદર હેઠળ પતાવટ કરવામાં આવે છે તે ભારત સરકાર તરફથી મળેલું અનુદાન/લોન અને તેમની પરત-ચૂકવણીઓ, જામીનગીરીઓનું વિમોચન અને ભારતીય રિઝર્વ બેંકની જાહેર ઋણ કચેરી દ્વારા તેના પર ચૂકવવામાં આવેલું વ્યાજ, અને સરકારના વિભાગોને માલસામાનના પુરવઠા માટે મહાનિયામક પુરવઠા અને નિકાલ (ડિરેક્ટર જનરલ ઓફ સપ્લાઇઝ એન્ડ ડિસ્પોઝલ્સ) દ્વારા કરવામાં આવેલી ચૂકવણીઓ છે.

31 માર્ચ 2022ના રોજ, આ સદર હેઠળ ઉધાર સિલક ₹ 201.34 કરોડ હતી.

## 4.10 વિભાગીય આંકડાઓનું મેળવણું ન કરવુ

નાણાકીય નિયમો નિયત કરે છે કે નિયંત્રણ અધિકારીઓના હિસાબકિતાબમાં નોંધવામાં આવેલા આવક અને ખર્ચનું વર્ષ દરમિયાન દર મહિને પ્રધાન મહાલેખાકારના (હિસાબ અને હક) હિસાબકિતાબમાં તે નોધવામાં આવેલા હોય તેની સાથે મેળવણું કરવુ જોઇએ. આ બાબત નિયંત્રણ

અધિકારીઓને (ક) ખર્ચ પર અસરકારક નિયંત્રણ રાખવામાં (ખ) તેમની અંદાજપત્રીય ફાળવણીનો અસરકારક રીતે વહીવટ કરવામાં અને (ગ) તેમના હિસાબોની ચોકસાઇ સુનિશ્ચિત કરવા માટે સક્ષમ કરે છે.

જ્યારે 2020-21 દરમિયાન આવકના 87.09 ટકા અને ચૂકવણીઓના 91.46 ટકાનું મેળવણું કરવામાં આવ્યું હતું ત્યારે 2021-22માં આ વધીને આવક માટે 95.57 ટકા અને ચૂકવણીઓ માટે 94.62 ટકા થઇ ગયું હતું.

## 4.11 રોકડ સિલકોનું મેળવણું

31 માર્ચ 2022ના રોજ પ્રધાન મહાલેખાકારના (હિસાબ અને હક) હિસાબકિતાબ મુજબ રાજ્ય સરકારની રોકડ સિલક અને ભારતીય રિઝર્વ બેંક દ્વારા જણાવવામાં આવેલી રોકડ સિલક વચ્ચે ₹ 5.07 કરોડનો (ચોખ્ખી જમા) તફાવત હતો. આ ₹ 5.07 કરોડનો તફાવત એજન્સી બેંકો, તિજારીઓ, ભારતીય રિઝર્વ બેંકના મુંબઇ ખાતે ઇડીપી કેન્દ્ર દ્વારા ભૂલભરેલી રજૂઆતો અને અન્ય પરચૂરણ કારણોના લીધે ઉભો થયો છે.

## 4.12 ભારત સરકારના હિસાબી ધોરણોનું અનુપાલન

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા 2002માં સ્થાપવામાં આવેલુ સરકારી હિસાબી ધોરણ સલાહકાર બોર્ડ (GASAB), ઉત્તરદાયિત્વ નક્કી કરવાની પધ્ધતિને વધુ સારી બનાવવા માટે સરકારી હિસાબો અને નાણાકીય અહેવાલો માટેના ધોરણો ઘડે છે. માર્ચ 2022ની સ્થિતિએ, ત્રણ ભારતીય સરકારી હિસાબી ધોરણો (IGAS) જાહેર કરવામાં આવ્યાં છે. આ ધોરણોની વિગતો અને વર્ષ 2021-22 માટેના નાણાકીય પત્રકોમાં ગુજરાત સરકાર દ્વારા આના અનુપાલનનું પ્રમાણ **કોઠા 4.14**માં આપવામાં આવ્યું છે.

**કોઠો 4.14: ભારત સરકારના હિસાબી ધોરણોનું અનુપાલન**

| ભારત સરકારના હિસાબી ધોરણો | ભારત સરકારના હિસાબી ધોરણોનો સાર | સ્થિતિ | બિન-અનુપાલનની અસર |
|---|---|---|---|
| ભારત સરકારના હિસાબી ધોરણો 1 *સરકાર દ્વારા આપવામાં આવેલી બાયંધરીઓ–જાહેર કરવાની જરૂરિયાત* | આ ધોરણ સરકાર માટે તેના નાણાકીય હિસાબોમાં વર્ષ દરમિયાન આપવામાં આવેલી બાયંધરીઓની મહત્તમ રકમ સાથે ઉમેરા, કાઢી નાખેલી, અમલ કરેલી, મુક્ત કરેલી અને વર્ષના અંતે બાકી જાહેર કરવાનું જરૂરી બનાવે છે. | આંશિક અનુપાલન | રાજ્ય સરકારે વર્ષ દરમિયાન આપેલી બાયંધરીઓની અધિકતમ રકમ જાહેર કરી હતી પરંતુ વસૂલાતપાત્ર બાયંધરી ફીનું ક્ષેત્ર-વાર વિભાજન રાજ્ય સરકાર દ્વારા પૂરું પાડવામાં આવ્યું ન હતું. વિભાગો દ્વારા બાયંધરીઓનું મેળવણું કરવામાં આવ્યું ન હતું. |
| ભારત સરકારના હિસાબી ધોરણો 2 *સહાયક અનદાનનું હિસાબીકરણ અને વર્ગીકરણ* | છેવટના ઉપયોગને ધ્યાને લીધા વિના સહાયક અનુદાનનું વર્ગીકરણ અનુદાન આપનારના હિસાબોમાં મહેસૂલી ખર્ચ તરીકે અને અનુદાન મેળવનારના | અનુપાલન થયુ | 2021-22 દરમિયાન, ગુજરાત સરકારે મહેસૂલી વિભાગ હેઠળ સાચી રીતે સહાયક અનુદાનની અંદાજપત્રીય જોગવાઈ અને હિસાબી નોંધ કરેલ છે. |

| | | | |
|---|---|---|---|
| | હિસાબોમાં મહેસૂલી આવક તરીકે કરવાનું હોય છે. | | |
| ભારત સરકારના હિસાબી ધોરણો 3 *સરકાર દ્વારા આપવામાં આવેલી લોન અને પેશગીઓ* | આ ધોરણ સરકાર દ્વારા આપવામાં આવતી લોન અને પેશગીઓની નાણાકીય હિસાબોમાં માન્યતા, માપણી, મૂલ્યાંકન અને રજૂઆતને લગતું છે. જેથી પૂર્ણ, ચોક્કસ અને એકરૂપ હિસાબી પ્રણાલી સુનિશ્ચિત કરી શકાય. | આંશિક અનુપાલન | રાજ્ય સરકારે લોનની સિલકો અને બાકી વસૂલાતો અને કાયમી ધોરણે મંજૂર કરવામાં આવેલી લોનની પુષ્ટિ કરવાની હોય છે. જો કે, સરકારે 31 માર્ચ 2022ના રોજની વસૂલાતને લગતી માહિતી પૂરી પાડી છે છતાં, સતત અનુસરણ કરતાં રહેવા છતાં બાકી લોનની સિલકો અને કાયમી 'ધોરણે આપવામાં આવેલી લોન' સંબંધિત માહિતીની પુષ્ટિ કરી નથી. |

## 4.13 સ્વાયત્ત સંસ્થાઓના હિસાબો/ અલગ ઑડિટ અહેવાલોની રજૂઆત

રાજ્ય સરકાર દ્વારા વિકાસ, આવાસન, વગેરે ક્ષેત્રોમાં ઘણી સ્વાયત્ત સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. આ સ્વાયત્ત સંસ્થાઓ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971ની કલમ 19(2), 19(3) અને 20(1) હેઠળ ઑડિટને પાત્ર છે. રાજ્યમાં આવી 70 સ્વાયત્ત સંસ્થાઓના હિસાબનું ઑડિટ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા કરવામાં આવે છે. 70 સ્વાયત્ત સંસ્થાઓ પૈકી પ્રત્યેકની બાબતમાં અલગ ઑડિટ અહેવાલો રાજ્ય સરકારને રજૂ કરવાના હોય છે જ્યારે 70 સ્વાયત્ત સંસ્થાઓમાંથી 43ની બાબતમાં અલગ ઑડિટ અહેવાલો રાજ્ય વિધાનસભામાં મુકવાના હોય છે.

સિત્તેર માંથી માત્ર ત્રણ સ્વાયત્ત સંસ્થાઓએ વર્ષ 2021-22 માટેના હિસાબો રજૂ કર્યા હતાં જ્યારે 67 સ્વાયત્ત સંસ્થાઓના કિસ્સામાં પાછલા હિસાબો બાકી હતાં. 70 સ્વાયત્ત સંસ્થાઓના મળેલાં[8] હિસાબો અને રાજ્ય વિધાનસભામાં મુકવામાં આવેલા અલગ ઑડિટ અહેવાલોની સ્થિતિ દર્શાવતું પત્રક **પરિશિષ્ટ 4.4**માં દર્શાવ્યું છે.

હિસાબો (67 સ્વાયત્ત સંસ્થાઓ) રજૂ કરવામાં વિલંબ અને અલગ ઑડિટ અહેવાલો (37 સ્વાયત્ત સંસ્થાઓ) વિધાનસભામાં મુકવામાં વિલંબનુ વિભાજન **કોઠા 4.15**માં દર્શાવ્યું છે.

[8] સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા નાણાકીય વર્ષ પૂર્ણ થયાના ત્રણ મહિનાની અંદર એટલે કે દર વર્ષે 30 જૂન સુધીમાં હિસાબો રજૂ કરવાના હોય છે.

**કોઠો 4.15: હિસાબો રજૂ કરવામાં અને અલગ ઑડિટ અહેવાલો વિધાનસભાના મેજ પર મુકવામાં વિલંબ**

| ઑડિટ માટે હિસાબો રજૂ કરવા | | અલગ ઑડિટ અહેવાલો વિધાનસભાના મેજ પર મુકવા | |
|---|---|---|---|
| વિલંબનો સમયગાળો (જુન 2022 સુધી) | સ્વાયત્ત સંસ્થાઓની સંખ્યા | વિલંબ | સ્વાયત્ત સંસ્થાઓની સંખ્યા |
| 1 વર્ષ સુધી | 23 | 1 વર્ષ સુધી | 12 |
| 2 વર્ષ | 14 | 1-2 વર્ષ | 07 |
| 2 વર્ષ કરતાં વધુ | 30 | 2 વર્ષ કરતાં વધુ | 18 |
| કુલ | **67** | કુલ | **37** |

સ્રોતઃ પ્રધાન મહાલેખાકાર (ઑડિટ I) અને મહાલેખાકાર (ઑડિટ II) ની કચેરીઓ દ્વારા સંકલિત માહિતી

હિસાબો રજૂ કરવામાં અને અલગ ઑડિટ અહેવાલો રાજ્ય વિધાનસભાના મેજ પર મુકવામાં અસાધારણ વિલંબના પરિણામે સરકારનું મૂડીરોકાણ કરવામાં આવેલું છે એવી આ સંસ્થાઓની કામગીરીની ચકાસણીમાં વિલંબ થયો હતો. ઉપરાંત, સરકાર દ્વારા લેવા જરૂરી ઉપચારાત્મક પગલા, જો જરૂરી હોય તો, તે લેવામાં પણ વિલંબ થયો હતો.

## 4.14 સંસ્થાઓ અને સત્તાધિકારીઓને આપવામાં આવેલી લોન અને અનુદાનની વિગતો રજૂ ન કરવી

જુદી જુદી સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા રજૂ કરવામાં આવેલા હિસાબોના આધારે, ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971ની કલમ 14 હેઠળ ઑડિટ હાથ ધરવામાં આવે છે. આ કલમ હેઠળ 236 સ્વાયત્ત સંસ્થાઓ આવરી લેવાયેલ છે.

2021-22 દરમિયાન 113 સ્વાયત્ત સંસ્થાઓના કુલ 279 હિસાબોનું (અગાઉના વર્ષોના હિસાબો સહિત) ઑડિટ કરવામાં આવ્યું હતું. ચાર[9] સ્વાયત્ત સંસ્થાઓએ 2021-22 માટેના તેમના હિસાબો રજૂ કર્યા છે (નવેમ્બર 2022). જો કે, 236 સ્વાયત્ત સંસ્થાઓના 2021-22 સુધીના મળવાપાત્ર[10] 733 વાર્ષિક હિસાબો પ્રધાન મહાલેખાકાર (ઑડિટ I) અને મહાલેખાકાર (ઑડિટ II), ગુજરાતની કચેરીઓને મળ્યા ન હતાં (નવેમ્બર 2022).

236 સ્વાયત્ત સંસ્થાઓ જેમણે હિસાબો રજૂ કર્યા ન હતાં તેની વિગતો **પરિશિષ્ટ 4.5** અને તેમની વર્ષ-વાર બાકીની સ્થિતિ **કોઠા 4.16**માં દર્શાવી છે.

[9] ખેડા માં વન વિકાસ એજન્સી; ગીર પૂર્વમાં વન વિકાસ એજન્સી; સુરક્ષા સેતુ સોસાયટી, ખેડા અને ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર

[10] 31 જૂલાઇ 2022 ના રોજ

**કોઠો 4.16: સરકારી સંસ્થાઓ પાસેથી મળવાપાત્ર વય-વાર બાકી વાર્ષિક હિસાબો**

| ક્રમાંક | વર્ષોની સંખ્યામાં બાકી | સંસ્થાઓ/સત્તાધિકારીઓની સંખ્યા |
|---|---|---|
| 1. | એક વર્ષ કરતાં ઓછી | 101 |
| 2. | 1-3 | 86 |
| 3. | 3-5 | 21 |
| 4. | 5-10 | 17 |
| 5. | 10 થી ઉપર | 11 |
| કુલ | | 236 |

સ્રોત: પ્રધાન મહાલેખાકાર (ઑડિટ I) અને મહાલેખાકાર (ઑડિટ II) ની કચેરીઓ દ્વારા સંકલિત માહિતી

ઉપરનો કોઠો 4.16 દર્શાવે છે કે 28 સ્વાયત્ત સંસ્થાઓના હિસાબો પાંચ કરતા અધિક વર્ષોથી બાકી હતાં. વાર્ષિક હિસાબોના અભાવે, આ સંસ્થાઓ/સત્તાધિકારીઓને ચૂકવવામાં આવેલા અનુદાનો અને લોનનું હિસાબીકરણ/વપરાશની ઑડિટ દ્વારા ચકાસણી કરી શકાઇ ન હતી.

વિવિધ સંસ્થાઓને ચૂકવવામાં આવેલા અનુદાનો અને લોનની બાબતમાં માહિતી રજૂ ન કરવી અને તેમના દ્વારા હિસાબો રજૂ ન કરવા એ ભંડોળના દુરૂપયોગનું જોખમ વધારે છે. નાણા વિભાગે આવી તબદીલીઓ પર નજર રાખવી જરૂરી છે.

## 4.15 હિસાબોની સમયસરતા અને ગુણવત્તા

તેંત્રીસ જીલ્લા તિજોરીઓ, 157 જાહેર બાંધકામ વિભાગો અને 73 વન વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રારંભિક હિસાબો અને ગાંધીનગર અને અમદાવાદ ખાતેની પગાર અને હિસાબ કચેરીઓ દ્વારા સંકલિત હિસાબો અને ભારતીય રિઝર્વ બેંકની સૂચનાઓ પરથી પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) દ્વારા રાજ્ય સરકારના હિસાબો સંકલિત કરવામાં આવે છે. ભરતીયાં, તિજોરીઓ તથા અન્ય હિસાબો રજૂ કરતા એકમો દ્વારા પ્રારંભિક અને આનુષંગીક હિસાબો પરથી આ હિસાબો સંકલિત કરવામાં આવે છે અને કોઇ હિસાબો પ્રાપ્ત થવાના બાકી ન હતાં.

## 4.16 દુર્વિનિયોગ, નુકસાન અને ઉચાપત

સામાન્ય નાણાકીય નિયમો, 2017ના નિયમ 33ની જોગવાઇ અનુસાર જાહેર નાણા, મહેસૂલ અથવા આવકના કોઇ પણ નુકસાન અથવા ખોટની જાણ સંબંધિત તાબાના અધિકારી દ્વારા આગળના ઉચ્ચ અધિકારીને તેમજ વૈધાનિક ઑડિટ અધિકારી અને સંબંધિત પ્રધાન હિસાબી અધિકારીને તુરંત જ કરવાની હોય છે.

રાજ્ય સરકારે ₹ 28.20 કરોડની સરકારની રકમ સંકળાયેલી હતી એવા દુર્વિનિયોગ, નુકસાન અને ઉચાપત વગેરેના 178 કિસ્સાઓ જેના પર અંતિમ પગલા લેવાના બાકી હતાં તેની જાણ કરી હતી (માર્ચ 2022 સુધીમાં). ચોરી, દુર્વિનિયોગ/સરકારના માલસામાનનું નુકસાન અને આગ/અકસ્માતના કારણે માર્ચ 2022ના અંતે પડતર નુકસાનની વિભાગ-વાર/વર્ગ-વાર વિગતો **પરિશિષ્ટ 4.6**માં આપી છે. આનો સારાંશ **કોઠા 4.17**માં છે.

**કોઠો 4.17: ચોરી, દુર્વિનિયોગ અને આગના બનાવોની વિગતો**

| વર્ગ/પ્રકાર | કિસ્સાઓની સંખ્યા | સંકળાયેલી રકમ (₹ કરોડમાં) |
|---|---|---|
| ચોરી | 47 | 0.51 |
| દુર્વિનિયોગ/સરકારી માલસામાનનું નુકસાન | 107 | 25.78 |
| આગ/અકસ્માતના કિસ્સાઓ | 24 | 1.91 |
| **કુલ** | **178** | **28.20** |

સ્રોત: સંબંધિત વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી પરથી પ્રધાન મહાલેખાકાર (ઑડિટ I) અને મહાલેખાકાર (ઑડિટ II) દ્વારા સંકલિત માહિતી

પડતર 178 કિસ્સાઓની વય-વાર રૂપરેખાનો સારાંશ **કોઠા 4.18**માં આપ્યો છે.

**કોઠો 4.18: દુર્વિનિયોગ, નુકસાન અને ઉચાપતના કેસોની વય-વાર રૂપરેખા**

| વર્ષોનો ગાળો | કિસ્સાઓની સંખ્યા | રકમ (₹ કરોડમાં) |
|---|---|---|
| 5 સુધી | 31 | 12.75 |
| 5 – 10 | 40 | 7.40 |
| 10 – 15 | 13 | 0.33 |
| 15 – 20 | 16 | 6.67 |
| 20 – 25 | 14 | 0.21 |
| 25 અને વધુ | 64 | 0.84 |
| **કુલ** | **178** | **28.20** |

સ્રોત: સંબંધિત વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી પરથી પ્રધાન મહાલેખાકાર (ઑડિટ I) અને મહાલેખાકાર (ઑડિટ II) દ્વારા સંકલિત માહિતી.

178 બાકી કિસ્સાઓ પૈકી, 95 કિસ્સાઓ (53 ટકા) ત્રણ વિભાગને લગતા હતાં એટલે કે 42 કિસ્સાઓ વન અને પર્યાવરણ વિભાગ, 28 કિસ્સાઓ નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ અને 25 કિસ્સાઓ મહેસૂલ વિભાગને લગતા હતાં.

178 માંથી 132 કિસ્સાઓમાં પ્રથમદર્શી માહિતી અહેવાલો (FIRs) નોંધાવવામાં આવ્યાં હતાં. બાકીના 46 કિસ્સાઓમાં[11] વિભાગીય કાર્યવાહી પ્રગતિમાં હતી (નવેમ્બર 2022). સંબંધિત વિભાગોએ આ કિસ્સાઓમાં વહેલામાં વહેલી તકે પ્રથમદર્શી માહિતી અહેવાલો નોંધાવવા જોઇએ.

દુર્વિનિયોગ, નુકસાન અને ઉચાપતની પડતર માટેના કારણો કોઠા 4.19માં સૂચિબધ્ધ કર્યા છે

[11] વન અને પર્યાવરણ– 21 કિસ્સાઓ; આરોગ્ય અને પરીવાર કલ્યાણ– 01 કિસ્સો; નર્મદા, જળ સંપત્તિ, પાણી પૂરવઠો અને કલ્પસર– 17 કિસ્સાઓ; માર્ગ અને મકાન– 05 કિસ્સાઓ; શિક્ષણ – 01 કિસ્સો; પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ– 01 કિસ્સો.

**કોઠો 4.19: દુર્વિનિયોગ, નુકસાન અને ઉચાપતની પડતર માટેના કારણો**

| ક્રમાંક | વિલંબ/બાકી પડતર કિસ્સાઓ માટેના કારણો | કિસ્સાઓની સંખ્યા | રકમ (₹ કરોડમાં) |
|---|---|---|---|
| 1. | વિભાગીય અને ફોજદારી તપાસ બાકી | 18 | 10.77 |
| 2. | વિભાગીય પગલા શરૂ થયા પરંતુ આખરી નિર્ણય બાકી | 30 | 2.58 |
| 3. | ફોજદારી પ્રક્રિયા પૂર્ણ થઇ પરંતુ રકમની વસૂલાત માટે પ્રમાણપત્રનો અમલ કરવાનો બાકી | 6 | 0.67 |
| 4. | વસૂલાત અથવા માંડવાળના હુકમો બાકી | 61 | 4.02 |
| 5. | કાનૂની અદાલતોમાં પડતર | 57 | 10.09 |
| 6. | અન્ય | 6 | 0.07 |
| | **કુલ** | 178 | **28.20** |

સ્રોત: સંબંધિત વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી પરથી પ્રધાન મહાલેખાકાર (ઑડિટ I) અને મહાલેખાકાર (ઑડિટ II) દ્વારા સંકલિત માહિતી.

## 4.17 રાજ્યના નાણાકીય ઑડિટ અહેવાલ પર અનુવર્તી કાર્યવાહી

જો કે, ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના ઑડિટ અહેવાલો વર્ષ 2008-09થી તૈયાર કરવામાં આવી રહ્યા છે અને રાજ્યની વિધાનસભામાં રજૂ કરવામાં આવી રહ્યા છે છતાં જાહેર હિસાબ સમિતિ દ્વારા તે ચર્ચા માટે હાથ પર લેવામાં આવ્યાં નથી.

## 4.18 ઉપસંહાર

સર્વસંગ્રાહક ગૌણ સદર 800-અન્ય ખર્ચના વિવેકહિન ઉપયોગે નાણાકીય અહેવાલોમાં પારદર્શિતાને અસર કરી છે અને ફાળવણીની પ્રાથમિકતાઓના યોગ્ય પૃથક્કરણ અને ખર્ચની ગુણવત્તાને અસ્પષ્ટ બનાવ્યા છે.

નિયત સમયમર્યાદાની અંદર ₹ 10,309.47 કરોડની રકમના 4,563 વપરાશી પ્રમાણપત્રો રજૂ ન કરવા તે માત્ર નાણાકીય જવાબદારીની પધ્ધતિને નબળી નથી પાડતુ પરંતુ અપેક્ષિત હેતુ માટેના અનુદાનના સમયસર વપરાશની ખાતરી કરવાના નિયમો અને પધ્ધતિઓની વિભાગીય અધિકારીઓ દ્વારા અનુપાલન કરવામાં નિષ્ફળતા સૂચવે છે.

ઉચ્ચક આકસ્મિક બિલોના લાંબા સમયગાળા માટે બિન-સમાધાનમાં ઉચાપતનું જોખમ રહેલું છે અને આથી સંબંધિત ઉપાડ અને વહેંચણી અધિકારીઓ દ્વારા ચાંપતી દેખરેખની જરૂર છે.

સ્વાયત્ત સંસ્થાઓ અને સત્તાધિકારીઓ દ્વારા હિસાબો રજૂ ન કરવા તે નિયત કરવામાં આવેલા નાણાકીય નિયમો અને નિર્દેશોનું ઉલ્લંઘન હતું. આ રાજ્ય સરકારના અપૂરતા આંતરિક નિયંત્રણો અને ખામીયુક્ત દેખરેખની વ્યવસ્થા તરફ નિર્દેશ કરે છે.

## 4.19 ભલામણો

- રાજ્ય સરકારે ઑડિટ માટે વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવા બાબતમાં નિયત કરવામાં આવેલા નિયમો અને પ્રણાલીઓનું વિભાગો પાલન કરે તે સુનિશ્ચિત કરવા માટે સખત નિયંત્રણ વ્યવસ્થાની સ્થાપના કરવી જોઇએ.

- રાજ્ય સરકારે સર્વસંગ્રાહક ગૌણ સદર ૪00 હેઠળ હાલમાં દર્શાવેલી તમામ નોંધોની સર્વગ્રાહી સમીક્ષા કરવી જોઇએ અને આવી તમામ આવક અને ખર્ચની નોંધ હિસાબોના યોગ્ય સદર હેઠળ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવુ જોઇએ.

# પ્રકરણ V

# રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની નાણાકીય કામગીરી

# પ્રકરણ V

# રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની નાણાકીય કામગીરી

## 5.1 પ્રસ્તાવના

આ પ્રકરણ સરકારી કંપનીઓ, સરકાર દ્વારા નિયંત્રિત અન્ય કંપનીઓ અને ગુજરાત સરકારના વૈધાનિક નિગમોની નાણાકીય કામગીરીનો સારાંશ રજૂ કરે છે, જે તેમના હિસાબો/તેમના દ્વારા આપવામાં આવેલી માહિતી અને ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકની દેખરેખની ભૂમિકાના પરિણામો પરથી જાણવા મળે છે. આ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા હાથ ધરવામાં આવેલા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોના નાણાકીય હિસાબોના પૂરક ઑડિટના પરિણામે જારી કરાયેલી કેટલીક નોંધપાત્ર ટિપ્પણીઓ અને ચાલુ વર્ષ દરમિયાન વૈધાનિક નિગમોના પ્રાપ્ત નાણાકીય હિસાબો પર ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના દ્વારા જારી કરાયેલી ટિપ્પણીઓની અસરને પ્રકાશિત કરે છે.

સરકાર દ્વારા રાજ્ય જાહેર ક્ષેત્રના ઉપક્રમોની (જાહેર ઉપક્રમો) સ્થાપના રાજ્યના વિકાસ માટે વ્યાપારી પ્રકૃતિની પ્રવૃત્તિઓ કરવા અને તેના લોકોના કલ્યાણ માટે કરવામાં આવે છે.

કંપની અધિનિયમ, 2013ની કલમ 2(45)માં સરકારી કંપની એ પદની કરવામાં આવેલી વ્યાખ્યા મુજબ એવી કંપની જેમાં ભરપાઇ થયેલી મૂડીના 51 ટકાથી ઓછી નહીં એટલી શેર મૂડી કેન્દ્ર સરકાર, અથવા કોઈપણ રાજ્ય સરકાર અથવા સરકારો, અથવા અંશત: કેન્દ્ર સરકાર અને અંશત: એક અથવા વધુ રાજ્ય સરકારો દ્વારા ધરાવવામાં આવી હોય. અને આમાં સરકારી કંપનીની પેટા કંપનીનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકાર દ્વારા વૈધાનિક નિગમોની સ્થાપના કરવામાં આવે છે અને તે તેમના સંબંધિત કાયદાઓ દ્વારા સંચાલિત થાય છે.

આ ઉપરાંત, પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે કેન્દ્ર સરકાર દ્વારા અથવા કોઈપણ રાજ્ય સરકાર અથવા સરકારો દ્વારા અથવા અંશતઃ કેન્દ્ર સરકાર દ્વારા અને અંશતઃ એક અથવા વધુ રાજ્ય સરકારોની માલિકીની અથવા નિયંત્રિત કોઈપણ અન્ય કંપનીને[1] સરકાર દ્વારા નિયંત્રિત અન્ય કંપનીઓ તરીકે આ અહેવાલમાં ઓળખવામાં આવી છે.

આ અહેવાલમાં, રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો, સરકારી કંપનીઓ, સરકાર દ્વારા નિયંત્રિત અન્ય કંપનીઓ અને ગુજરાત સરકારના વૈધાનિક નિગમોને આવરી લે છે.

1 કંપનીઓ (રીમુવલ ઓફ ડીફીકલ્ટીસ) સાતમો આદેશ, 2014 કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા જારી કરવામાં આવ્યો (04.09.2014).

### 5.1.1 કાર્યક્ષેત્ર

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક સરકારી કંપનીઓ માટે વૈધાનિક ઑડિટરની નિમણૂક કરે છે અને કંપની અધિનિયમ, 2013ની કલમ 139 (5) અને (7) હેઠળ નાણાકીય હિસાબોનું ઑડિટ કરવાની રીત અંગે નિર્દેશો જારી કરે છે. કંપની અધિનિયમ, 2013ની કલમ 143ની સાથે ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના (ફરજો, સત્તા અને સેવાની શરતો) અધિનિયમ, 1971 અને તેની હેઠળ બનાવવામાં આવેલા નિયમનો વંચાણે લેતાં, સરકારી કંપનીઓ અને સરકાર દ્વારા નિયંત્રિત અન્ય કંપનીઓનું ઑડિટ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા હાથ ધરવામાં આવે છે. ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકને કંપની અધિનિયમ, 2013ની કલમ 143 હેઠળ પૂરક ઑડિટ કરવાની અને વૈધાનિક ઑડિટર્સના ઑડિટ રિપોર્ટ પર અથવા પૂરક ટિપ્પણીઓ જારી કરવાનો અધિકાર છે.

વૈધાનિક નિગમોનું સંચાલન કરતા કાયદાઓ પણ નિયત કરે છે કે તેમના નાણાકીય હિસાબોનું ઑડિટ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના દ્વારા કરવામાં આવે અને રાજ્ય વિધાનસભાને અહેવાલ સુપરત કરવામાં આવે.

### 5.1.2 રાજ્ય જાહેર ક્ષેત્રના ઉપક્રમો ની સંખ્યા અને નાણાકીય હિસાબોની સ્થિતિ

વર્ષ 2021-22ની શરૂઆતમાં, ગુજરાતમાં રાજ્યના 97 જાહેર ક્ષેત્રના ઉપક્રમો ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના અધિકારક્ષેત્ર હેઠળ ઑડિટ માટે હતાં. નાણાકીય વર્ષ 2021-22 દરમિયાન રાજ્યના ત્રણ[2] જાહેર ક્ષેત્રના ઉપક્રમો ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના ઑડિટ અધિકારક્ષેત્ર હેઠળ આવ્યાં હતાં. પરિણામે, ગુજરાતમાં ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના અધિકારક્ષેત્ર હેઠળ આવતા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોની સંખ્યા 100 થઈ હતી. 31 માર્ચ 2022ના રોજ, આમાં 64 સરકારી કંપનીઓ (12 બિન-કાર્યરત કંપનીઓ સહિત), ચાર વૈધાનિક નિગમો[3] અને 32 સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓનો (ચાર બિન-કાર્યરત કંપનીઓ સહિત) સમાવેશ થતો હતો. 64 સરકારી કંપનીઓ માંથી બે[4] શેરબજારમાં નોંધાયેલી છે. એ જ રીતે વૈધાનિક નિગમોમાં એક[5] શેરબજારમાં નોંધાયેલ નિગમ અને સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓમાં બે[6] શેરબજારમાં નોંધાયેલ કંપનીઓનો સમાવેશ થાય છે. રાજ્યના 100 જાહેર ક્ષેત્રના ઉપક્રમોની (જાહેર ઉપક્રમો) સૂચી **પરિશિષ્ટ 5.1માં** આપી છે. 12 બિન-કાર્યરત સરકારી કંપનીઓમાંથી, 2021-22ની શરૂઆતમાં છ[7] ફડચા હેઠળ છે. વધુમાં, નાણકીય વર્ષ 2021-22માં કોઈ સરકારી કંપની ફડચા હેઠળ આવી નથી.

---

[2] જી-રાઈડ બેડી પોર્ટ રેલ લિમિટેડ, સ્માર્ટ ICT સર્વિસિસ પ્રાઇવેટ લિમિટેડ અને ગુજરાત શૈક્ષણિક પ્રૌદ્યોગિકી લિમિટેડ.

[3] ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, ગુજરાત રાજ્ય વખાર નિગમ અને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ.

[4] ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડ અને ગુજરાત રાજ્ય રોકાણ લિમિટેડ.

[5] ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ.

[6] ગુજરાત ગેસ લિમિટેડ અને ગુજરાત રાજ્ય પેટ્રોનેટ લિમિટેડ.

[7] આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડ, ગુજરાત કોમ્યુનિકેશન્સ અને ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ, ગુજરાત ચર્મોદ્યોગ લિમિટેડ, ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડ, ગુજરાત લઘુઉદ્યોગ નિગમ લિમિટેડ અને ગુજરાત રાજ્ય ટેક્ષ્ટાઇલ નિગમ લિમિટેડ.

30 સપ્ટેમ્બર 2022 સુધી પ્રાપ્ત થયેલ છેલ્લા આખરીરૂપ અપાયેલા નાણાકીય હિસાબોના આધારે અને જાહેર ઉપક્રમો પાસેથી મળેલી માહિતી મુજબ, 100 જાહેર ઉપક્રમોની નાણાકીય કામગીરી આ અહેવાલમાં આવરી લેવામાં આવી છે. જાહેર ઉપક્રમોની પ્રકૃતિ અને 30 સપ્ટેમ્બર 2022ના રોજ આ જાહેર ઉપક્રમોના નાણાકીય હિસાબોની સ્થિતિ **કોઠા 5.1**માં આપવામાં આવી છે.

**કોઠો 5.1: રાજ્ય જાહેર ક્ષેત્રના ઉપક્રમો નું કવરેજ અને પ્રકૃતિ**

| ક્રમાંક | જાહેર ઉપક્રમોની પ્રકૃતિ | કુલ જાહેર ઉપક્રમો | રિપોર્ટિંગ સમયગાળા દરમિયાન જે જાહેર ઉપક્રમોના નાણાકીય હિસાબો પ્રાપ્ત થયા હતાં[8] તેની સંખ્યા | | | | 30 સપ્ટેમ્બર 2022ના રોજ પાછલા નાણાકીય હિસાબો બાકી છે તેવા જાહેર ઉપક્રમોની સંખ્યા (કુલ પાછલા બાકી નાણાકીય હિસાબો) |
|---|---|---|---|---|---|---|---|
| | | | 2021-22 | 2020-21 | 2019-20 | કુલ | |
| 1. | સરકારી કંપનીઓ | 52 | 17 | 14 | 4 | 35 | 35 (64) |
| 2. | બિન-કાર્યરત સરકારી કંપનીઓ | 12 | 1 | 1 | - | 2 | 10 (54[9]) |
| 3. | કુલ સરકારી કંપનીઓ (1+2) | 64 | 18 | 15 | 4 | 37 | 45 (118) |
| 4. | વૈધાનિક નિગમો | 4 | 1 | 1 | - | 2 | 3 (11) |
| 5. | કુલ (3+4) | 68 | 19 | 16 | 4 | 39 | 48 (129) |
| 6. | સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ | 28 | 23 | 1 | - | 24 | 4 (4) |
| 7. | બિન-કાર્યરત સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ | 4 | 1 | - | - | 1 | 3 (24) |
| 8. | કુલ સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ (6+7) | 32 | 24 | 1 | - | 25 | 7 (28) |
| 9. | એકંદરે કુલ (5 + 8) | 100 | 43 | 17 | 4 | 64 | 55 (157) |

સ્રોત: જાહેર ઉપક્રમો તરફથી પ્રાપ્ત છેલ્લા આખરીરૂપ અપાયેલા નાણાકીય હિસાબો પરથી સંકલિત.

### 5.1.3 જાહેર ઉપક્રમોની નાણાકીય કામગીરીનો સારાંશ

સરકારી કંપનીઓ, વૈધાનિક નિગમો અને સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓની નાણાકીય કામગીરીની વિગતો **પરિશિષ્ટ 5.2**માં આપવામાં આવી છે. જાહેર ઉપક્રમોની નાણાકીય કામગીરીનો સારાંશ **કોઠા 5.2**માં આપવામાં આવી છે:

---

8 16 ડિસેમ્બર 2021થી 30 સપ્ટેમ્બર 2022

9 આમાં ગુજરાત ફાઉન્ડેશન ફોર મેન્ટલ હેલ્થ એન્ડ એલાઈડ સાયન્સના 11 નાણાકીય હિસાબોનો સમાવેશ થાય છે, જેણે 2010-11 સુધીના નાણાકીય હિસાબો રજૂ કર્યા હતાં. જાહેર ઉપક્રમ 2012-13થી બિન-કાર્યરત છે. આથી, આ ઉપક્રમના 2012-13થી 2021-22 સુધીના બાકી નાણાકીય હિસાબો પાછલા બાકી દર્શાવ્યા છે.

**કોઠો 5.2: 30 સપ્ટેમ્બર 2022ના રોજ જાહેર ઉપક્રમોની નાણાકીય કામગીરીનો સારાંશ**

| વિગતો | જાહેર ઉપક્રમોની સંખ્યા | રકમ (₹ કરોડમાં) |
|---|---|---|
| **સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમો** | | |
| જાહેર ઉપક્રમોની સંખ્યા | 68 | - |
| ભરપાઈ મૂડી (ફાળવણી બાકી હોય તેવા શેર અરજીના નાણાં સહીત) | 67[10] | 1,25,160.60 |
| લાંબા ગાળાની લોન | 35 | 19,319.57 |
| કર પછીનો ચોખ્ખો નફો | 43 | 4,211.26 |
| કર પછીનું ચોખ્ખું નુકશાન | 16 | 1,487.59 |
| શૂન્ય નફો/નુકશાન | 8 | -- |
| ડિવિડન્ડની ચૂકવણી | 3 | 149.52 |
| કુલ સંપતિ | 67 | 3,07,254.73 |
| ચોખ્ખી કિંમત (નેટવર્થ) | 67 | 1,41,514.64 |
| **સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ** | | |
| જાહેર ઉપક્રમોની સંખ્યા | 32 | - |
| ભરપાઈ મૂડી (ફાળવણી બાકી હોય તેવા શેર અરજીના નાણાં સહીત) | 32 | 7,078.32 |
| લાંબા ગાળાની લોન | 11 | 7,930.37 |
| કર પછીનો ચોખ્ખો નફો | 18 | 2,845.33 |
| કર પછીનું ચોખ્ખું નુકશાન | 14 | 264.04 |
| શૂન્ય નફો/નુકશાન | - | - |
| ડિવિડન્ડની ચૂકવણી | 1 | 9.00 |
| કુલ સંપતિ | 32 | 38,324.53 |
| ચોખ્ખી કિંમત | 32 | 20,192.43 |

સ્રોત: જાહેર ઉપક્રમો તરફથી પ્રાપ્ત છેલ્લા આખરીરૂપ અપાયેલા નાણાકીય હિસાબો પરથી સંકલિત.

## 5.2 રાજ્યની અર્થવ્યવસ્થામાં જાહેર ઉપક્રમોનું યોગદાન

જાહેર ઉપક્રમોના વકરા અને રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનનો ગુણોત્તર, એ રાજ્યની અર્થવ્યવસ્થામાં જાહેર ઉપક્રમો**નું** યોગદાન દર્શાવે છે.

હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓની પ્રકૃતિના આધારે, સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમોને પાંચ ક્ષેત્રોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. 31 માર્ચ 2022ના રોજ પૂરા થયેલા ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન ગુજરાત રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનમાં (GSDP) જાહેર ઉપક્રમોના વકરાના હિસ્સાની સામે ક્ષેત્રવાર વકરો **કોઠા 5.3માં** આપ્યો છે:

10 ગુજરાત શિક્ષણ પ્રૌદ્યોગિકી લિમિટેડ જેનું પ્રથમ નાણાકીય હિસાબ મળવાનું બાકી છે તે ઉપક્રમનો આમાં સમાવેશ થાય છે.

**કોઠો 5.3: ગુજરાત સરકારના GSDPની સામે જાહેર ઉપક્રમોના વકરાની વિગતો**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક | ક્ષેત્ર | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|
| 1 | ઉર્જા | 1,10,297.90 | 1,05,661.08 | 1,20,127.13 |
| 2 | નાણા | 3,628.82 | 3,214.91 | 2,891.74 |
| 3 | સેવા | 8,461.01 | 8,367.31 | 8,526.24 |
| 4 | માળખાકીય | 2,319.62 | 2,461.97 | 2,571.21 |
| 5 | અન્ય[11] | 17,928.06 | 16,141.71 | 28,275.68 |
| **કુલ વકરો** | | **1,42,635.41** | **1,35,846.98** | **1,62,392.00** |
| ગુજરાત રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન | | 16,29,638.00 | 16,55,917.00 | 19,44,107.00 |
| વકરાની સામે રાજ્યના એકંદર ઘરેલું ઉત્પાદનની ટકાવારી | | **8.75** | **8.20** | **8.35** |

*સ્રોત:* રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના આંકડા સંબંધિત વર્ષોના ગુજરાત સરકારના નાણાકીય હિસાબો મુજબ છે અને વકરાના આંકડા જાહેર ઉપક્રમો તરફથી પ્રાપ્ત છેલ્લા અંતિમરૂપ અપાયેલા નાણાકીય હિસાબો અનુસાર છે.

ગુજરાતના GSDPમાં જાહેર ઉપક્રમોનું યોગદાન 2019-20માં 8.75 ટકાથી ઘટીને 2021-22માં 8.35 ટકા થયું હતું, જોકે આ જાહેર ઉપક્રમોનો વકરો 2021-22 દરમિયાન 2019-20ની સરખામણીમાં 13.85 ટકા વધ્યો હતો. છેલ્લા ત્રણ વર્ષો દરમિયાન, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનનો ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર 9.22 ટકા હતો, જ્યારે વકરાનો ચક્રવૃધ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર 6.70 ટકા હતો.

2021-22 દરમિયાન, કુલ વકરામાં ઉર્જા ક્ષેત્રના જાહેર ઉપક્રમોએ 73.97 ટકાનું મહત્તમ યોગદાન આપ્યું છે.

## સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમોમાં રોકાણ અને અંદાજપત્રીય સહાય

### 5.2.1 જાહેર ઉપક્રમોમાં રોકાણ

31 માર્ચ 2022ના અંતે 67 સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમોમાં શેર મૂડી અને લોનની રકમ **કોઠા 5.4માં** આપવામાં આવી છે.

[11] 'અન્ય'માં ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ નિગમ લિમિટેડનો સમાવેશ થાય છે, જેણે ગેસ ટ્રેડિંગ વ્યાપારમાંથી પાછલા ચાર નાણાકીય વર્ષો દરમિયાન મોટી આવક (2021-22માં 98 ટકા) મેળવી છે. તે પેટ્રોલિયમ નિષ્કર્ષણ અને સંશોધનનો તેનો મુખ્ય વ્યવસાય કરતુ નથી, આથી, તેને 'અન્ય' તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે.

**કોઠો 5.4: જાહેર ઉપક્રમોમાં શેર મૂડી[12] અને લાંબા ગાળાની લોન**

**(₹ કરોડમાં)**

| રોકાણના સ્ત્રોતો | 31 માર્ચ 2021ના રોજ | | | 31 માર્ચ 2022ના રોજ | | |
|---|---|---|---|---|---|---|
| | શેર મૂડી | લાંબા ગાળાની લોન | કુલ | શેર મૂડી | લાંબા ગાળાની લોન | કુલ |
| રાજ્ય સરકાર | 98,352.91 | 5,970.64 | 1,04,323.55 | 98,775.80 | 5,933.27 | 1,04,709.07 |
| કેન્દ્ર સરકાર | 1,554.16 | 41.33 | 1,595.49 | 1,850.16 | 91.00 | 1,941.16 |
| રાજ્ય જાહેર ક્ષેત્રના ઉપક્રમો | 13,280.62 | 6,123.56 | 19,404.18 | 13,948.47 | 4,911.75 | 18,860.22 |
| અન્યો[13] | 5,387.29 | 8,362.78 | 13,750.07 | 5,862.58 | 8,383.55 | 14,246.13 |
| **કુલ** | **1,18,574.98** | **20,498.31** | **1,39,073.29** | **1,20,437.01** | **19,319.57** | **1,39,756.58** |
| કુલ રોકાણમાં રાજ્ય સરકારના રોકાણની ટકાવારી | 82.95 | 29.13 | 75.01 | 82.01 | 30.71 | 74.92 |

સ્રોત: જાહેર ઉપક્રમો તરફથી પ્રાપ્ત છેલ્લા આખરીરૂપ અપાયેલા નાણાકીય હિસાબો પરથી સંકલિત.

વર્ષ 2021-22 દરમિયાન રાજ્ય સરકાર હસ્તકની શેર મૂડી, કુલ શેર મૂડી હોલ્ડિંગના 82.01 ટકા હતી.

વધુમાં, સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ પાસે 31 માર્ચ 2022ના રોજ ₹ 7,016.85 કરોડની શેર મૂડી હતી, જે પૈકી રાજ્ય સરકારનું શેર મૂડીમાં રોકાણ ₹ 374.50 કરોડ હતું.

2020-21થી 2021-22 દરમિયાન સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમોમાં રાજ્ય સરકારનું ક્ષેત્રવાર રોકાણ **કોઠા 5.5માં** આપવામાં આવ્યું છે:

---

12 શેર મૂડીમાં ₹ 4,723.59 કરોડ 'શેર અરજીના નાણા જેની ફાળવણી બાકી છે તે સમાવિષ્ટ નથી.

13 નાણાકીય સંસ્થાઓ, બેંકો અને કેન્દ્રીય જાહેર ઉપક્રમો.

**કોઠો 5.5: સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમોમાં રાજ્ય સરકારનું ક્ષેત્રવાર રોકાણ**

(₹ કરોડમાં)

| ક્ષેત્રની પ્રકૃતિ | 2020-21 | | | 2021-22 | | |
|---|---|---|---|---|---|---|
| | શેર મૂડી | લોન | કુલ | શેર મૂડી | લોન | કુલ |
| ઉર્જા | 25,504.39 | 888.58 | 26,392.97 | 25,504.39 | 808.07 | 26,312.46 |
| નાણા | 1,547.62 | 1,340.83 | 2,888.45 | 1,547.62 | 1,340.83 | 2,888.45 |
| સેવા | 3,499.53 | 3,260.05 | 6,759.58 | 3,499.53 | 3,260.05 | 6,759.58 |
| માળખાકીય | 67,340.10 | 141.50 | 67,481.60 | 67,762.99 | 184.64 | 67,947.63 |
| અન્ય | 461.27 | 339.68 | 800.95 | 461.27 | 339.68 | 800.95 |
| **કુલ** | **98,352.91** | **5,970.64** | **1,04,323.55** | **98,775.80** | **5,933.27** | **1,04,709.07** |

સ્રોત: જાહેર ઉપક્રમો તરફથી પ્રાપ્ત છેલ્લા અંતિમરૂપ અપાયેલા નાણાકીય હિસાબો પરથી સંકલિત માહિતી.

31 માર્ચ 2022ના રોજ, સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમોમાં રાજ્ય સરકારના કુલ ₹ 1,04,709.07 કરોડના રોકાણમાં શેર મૂડી ₹ 98,775.80 કરોડ (94.33 ટકા) અને લાંબા ગાળાની લોનના ₹ 5,933.27 કરોડનો (5.67 ટકા) સમાવેશ થતો હતો. રાજ્ય સરકારના શેર મૂડી રોકાણનો ઝોક મુખ્યત્વે માળખાકીય ક્ષેત્ર પર હતો જેનો હિસ્સો 68.60 ટકા થતો હતો.

31 માર્ચ 2022ના રોજ પૂરા થયેલા ત્રણ વર્ષ દરમિયાન, સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમોમાં રાજ્ય સરકાર અને અન્યો (કેન્દ્ર સરકાર, જાહેર ઉપક્રમો, નાણાકીય સંસ્થાઓ અને બેંક, વગેરે) દ્વારા શેર મૂડીમાં હોલ્ડિંગ નીચેના **આલેખ 5.1**માં દર્શાવવામાં આવ્યું છે.

**આલેખ 5.1: જાહેર ક્ષેત્રના ઉપક્રમોની શેર મૂડીમાં હોલ્ડિંગ**



માર્ચ 2022 અંતિત, જાહેર ઉપક્રમોની ભરપાઈ થયેલી મૂડીમાં રાજ્ય સરકારનું નોંધપાત્ર શેર મૂડી હોલ્ડિંગની (₹ 1,000 કરોડથી વધુ) વિગતો નીચે **કોઠા 5.6માં** આપવામાં આવી છે.

**કોઠો 5.6: 31 માર્ચ 2022ના રોજ રાજ્ય સરકારનું નોંધપાત્ર શેર મૂડી હોલ્ડિંગ**

| ક્રમાંક | જાહેર ઉપક્રમનું નામ | વિભાગનું નામ | રકમ (₹ કરોડમાં) |
|---|---|---|---|
| 1. | સરદાર સરોવર નર્મદા નિગમ લિ | નર્મદા, જળ સંસાધનો, પાણી પુરવઠા અને કલ્પસર | 65,835.85 |
| 2. | ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ | 25,010.46 |
| 3. | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ | બંદરો અને પરિવહન | 3,317.95 |
| 4. | ગુજરાત મેટ્રો રેલ નિગમ લિમિટેડ | શહેરી વિકાસ અને શહેરી આવાસન | 1,537.00 |
| 5. | ગુજરાત રાજ્ય રોકાણ લિમિટેડ | નાણા | 1,042.77 |
| | | કુલ | **96,744.03** |

સ્રોત: જાહેર ઉપક્રમો તરફથી પ્રાપ્ત છેલ્લા અંતિમરૂપ અપાયેલા નાણાકીય હિસાબો પરથી સંકલિત માહિતી.

એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમોમાં કુલ શેર મૂડી રોકાણમાંથી, નોંધપાત્ર રકમ એટલે કે 97.94 ટકા ઉપરોક્ત પાંચ જાહેર ઉપક્રમોમાં રોકવામાં આવી હતી.

### 5.2.2 જાહેર ઉપક્રમોને અંદાજપત્રીય સહાય

જાહેર ઉપક્રમોને રાજ્ય સરકાર વાર્ષિક અંદાજપત્ર મારફતે વિવિધ સ્વરૂપે નાણાકીય સહાય પૂરી પાડે છે. 31 માર્ચ 2022 અંતિત છેલ્લા ત્રણ વર્ષો માટે શેર મૂડી, લોન, અનુદાન/સહાયકી, લોનની પરત ચૂકવણી/માંડવાળ કરવી અને બાકી બાંયધરી રૂપે સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમો માટે અંદાજપત્રમાંથી ફાળવવામાં આવેલી રકમોના સારાંશની વિગતો નીચે **કોઠા 5.7માં** આપવામાં આવી છે.

**કોઠો 5.7: સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમોને અંદાજપત્રીય સહાય સંબંધિત વિગતો દર્શાવતું પત્રક**

(રકમ ₹ કરોડમાં)

| ક્રમાંક | વિગતો | 2019-20 | | 2020-21 | | 2021-22 | |
|---|---|---|---|---|---|---|---|
| | | જાહેર ઉપક્રમોની સંખ્યા | રકમ | જાહેર ઉપક્રમોની સંખ્યા | રકમ | જાહેર ઉપક્રમોની સંખ્યા | રકમ |
| **ઉર્જા ક્ષેત્રના જાહેર ઉપક્રમો** | | | | | | | |
| (i) | શેર મૂડીની ફાળવણી | 2 | 3,349.26 | 2 | 3,334.57 | 2 | 3,710.23 |
| (ii) | અનુદાન/સહાયકીની ફાળવણી | 4 | 221.08 | 2 | 40.00 | 8 | 1,552.89 |

| ક્રમાંક | વિગતો | 2019-20 | | 2020-21 | | 2021-22 | |
|---|---|---|---|---|---|---|---|
| | | જાહેર ઉપક્રમોની સંખ્યા | રકમ | જાહેર ઉપક્રમોની સંખ્યા | રકમ | જાહેર ઉપક્રમોની સંખ્યા | રકમ |
| (iii) | **કુલ ફાળવણી (i+ii)** | | **3,570.34** | | **3,374.57** | | **5,263.12** |
| **બિન-ઉર્જા ક્ષેત્રના જાહેર ઉપક્રમો** | | | | | | | |
| (i) | શેર મૂડીની ફાળવણી | 7 | 3,875.97 | 6 | 1,009.46 | 9 | 3,221.81 |
| (ii) | લોનની ફાળવણી | 5 | 889.94 | 6 | 159.91 | 5 | 380.94 |
| (iii) | અનુદાન/સહાયકીની ફાળવણી | 22 | 5,274.73 | 12 | 2,248.13 | 12 | 3,466.75 |
| (iv) | **કુલ ફાળવણી (i+ii+iii)** | | **10,040.64** | | **3,417.50** | | **7,069.50** |
| (v) | લોનની પરત ચૂકવણી/માંડવાળ | 1 | 60.00 | - | - | 1 | 115.00 |
| (vi) | જારી કરેલી બાંયધરીઓ | - | - | - | - | 2 | 55.32 |
| (vii) | પ્રતિબદ્ધ બાકી બાંયધરીઓ | 3 | 69.33 | 2 | 37.85 | 2 | 50.92 |

**સ્રોત: જાહેર ઉપક્રમો તરફથી મળેલ માહિતીના આધારે સંકલિત.**

રાજ્ય સરકાર મુદ્દલ અને વ્યાજની ચૂકવણી માટે બાંયધરીઓ આપીને બેંકો અને જાહેર નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન એકત્ર કરવામાં જાહેર ઉપક્રમોની મદદ કરે છે. ઉપરોક્ત કોઠા પરથી જોઈ શકાય છે તેમ, રાજ્ય સરકાર દ્વારા ઉર્જા ક્ષેત્રના જાહેર ઉપક્રમોને માટે શેર મૂડી અને અનુદાન/સહાયકીરૂપે અંદાજપત્રીય સહાય ₹ 3,374.57 કરોડથી (2020-21) વધીને ₹ 5,263.12 કરોડ (2021-22) થઈ છે. રાજ્ય સરકાર દ્વારા ઉર્જા ક્ષેત્રના જાહેર ઉપક્રમોને છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન કોઈ લોન કે બાંયધરી આપવામાં આવી ન હતી. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન બિન-ઉર્જા ક્ષેત્રના જાહેર ઉપક્રમોને શેર મૂડી, લોન અને અનુદાન/સહાયકી રૂપે અંદાજપત્રીય સહાય ₹ 3,417.50 કરોડ (2020-21) અને ₹ 10,040.64 કરોડની (2019-20) વચ્ચે રહી છે.

2021-22 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 96.56 કરોડની રકમની ત્રણ સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓને પણ શેર મૂડી અને અનુદાન/સહાયકીના સ્વરૂપમાં અંદાજપત્રીય સહાય પ્રદાન કરી હતી.

બિન-ઉર્જા ક્ષેત્રના જાહેર ઉપક્રમોને આપવામાં આવેલી બાકી પ્રતિબદ્ધ બાંયધરીની રકમ 2019-20ના ₹ 69.33 કરોડથી ઘટીને 2021-22માં ₹ 50.92 કરોડ થઇ હતી. રાજ્ય સરકાર બેંકો/નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન મેળવવા માટે લોન લેનારાઓના આધારે વાર્ષિક 0.25થી એક ટકાના દરે બાંયધરી ફી વસૂલ કરે છે. જાહેર ઉપક્રમો પાસેથી મળેલી માહિતી અનુસાર, 2021-22 દરમિયાન બે[14] જાહેર ઉપક્રમો દ્વારા રાજ્ય સરકારને ₹ 27.18 કરોડની બાંયધરી ફી ચૂકવવામાં આવી હતી.

[14] ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ નિગમ લિમિટેડ અને ગુજરાત ગેસ લિમિટેડ.

### 5.2.3 જાહેર ઉપક્રમોના વાર્ષિક હિસાબોની રજૂઆત

કંપની અધિનિયમ, 2013ની કલમ 395 મુજબ, દરેક રાજ્ય સરકારે, સરકારી કંપનીના કામકાજ અને બનાવો અંગેનો વાર્ષિક અહેવાલ તેની વાર્ષિક સામાન્ય સભાના ત્રણ મહિનાની અંદર તૈયાર કરાવવો જોઈએ. અને તે તૈયાર થયા બાદ તુરંતજ ઑડિટ અહેવાલ અને ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકની ઑડિટ અહેવાલ ઉપરની અથવા પૂરક ટિપ્પણી સાથે વાર્ષિક અહેવાલને રાજ્ય વિધાનસભાના ગૃહ અથવા બંને ગૃહો સમક્ષ મૂકવો જોઈએ.

**પરિશિષ્ટ 5.1માં** જણાવ્યા મુજબ સપ્ટેમ્બર 2022 સુધીમાં 55 જાહેર ઉપક્રમોના વાર્ષિક નાણાકીય હિસાબો (157 નાણાકીય હિસાબો) ઑડિટને રજૂ કરવામાં આવ્યા ન હતાં. 2021-22 સુધીના તેમના વાર્ષિક નાણાકીય હિસાબો રજૂઆત કરનારા 43 જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાંથી, 28 જાહેર ઉપક્રમોને 2021-22ના નાણાકીય હિસાબોના રોકાણ પત્રકમાં દર્શાવવામાં આવ્યાં ન હતાં, કારણ કે ગુજરાત સરકાર દ્વારા તેમાં શેર મૂડી અથવા લોનના સ્વરૂપમાં કોઈ સીધું રોકાણ કરવામાં આવ્યું ન હતું.

બાકીના 15 જાહેર ઉપક્રમોના રેકર્ડ મુજબના શેર મૂડી અને બાકી લોનના આંકડાઓનું ગુજરાત સરકારના નાણાકીય હિસાબોમાં દર્શાવેલા અનુરૂપ આંકડાઓ સાથે મેળવણું થવું જોઈએ. જો આંકડાઓ સંમત ન હોય તો, સંબંધિત જાહેર ઉપક્રમો અને નાણા વિભાગે વિસંગતતાઓનું મેળવણું હાથ ધરવું જોઈએ. ત્રણ[15] જાહેર ઉપક્રમોના સંદર્ભમાં શેર મૂડીના આંકડામાં કોઈ તફાવત ન હતો. આ સંદર્ભે, 31 માર્ચ 2022ના રોજ 12 જાહેર ઉપક્રમો દ્વારા પૂરા પાડવામાં આવેલા વાર્ષિક નાણાકીય હિસાબો અને તેની સામે તે તારીખે પૂરા થયેલા વર્ષ માટેના નાણાકીય હિસાબોની સ્થિતિ નીચે **કોઠા 5.8માં** આપવામાં આવી છે:

**કોઠો 5.8: 31 માર્ચ 2022ના રોજ જાહેર ઉપક્રમોના હિસાબો સામસામે નાણાકીય હિસાબો મુજબ શેર મૂડી અને બાકી લોન**

**(રકમ ₹ કરોડમાં)**

| ના સંદર્ભમાં બાકી છે | નાણાંકીય હિસાબો મુજબ રકમ | જાહેર ઉપક્રમોના રેકર્ડ મુજબ રકમ | ચોખ્ખા તફાવતો |
|---|---|---|---|
| શેર મૂડી | 8,786.57 | 2,024.73 | 6,761.84 |
| લોન | 5,646.23 | 1,661.42 | 3,984.81 |

સ્ત્રોત: જાહેર ઉપક્રમોના છેલ્લા નાણાકીય હિસાબો અને નાણાં હિસાબો મુજબ.

ઉપરોક્ત કોઠા પરથી જોઈ શકાય છે કે **પરિશિષ્ટ 5.3માં** જણાવ્યા મુજબ શેર મૂડી સ્વરૂપે કરેલા રોકાણના સંદર્ભમાં ₹ 6,761.84 કરોડનો ચોખ્ખો તફાવત છે. વધુમાં, લોનના સંદર્ભમાં[16] ₹ 3,984.81 કરોડનો ચોખ્ખો તફાવત છે. આમ, સરકારી નાણા હિસાબો અને જાહેર ઉપક્રમોના વાર્ષિક નાણાકીય હિસાબો મુજબ રોકાણનું મેળવણું કરવાની જરૂર છે.

---

[15] ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડ, ગુજરાત રાજ્ય નાણાકીય સેવા લિમિટેડ અને ગુજરાત રાજ્ય રોકાણ લિમિટેડ.

[16] જાહેર ઉપક્રમો-વાર બાકી લોનની રકમની માહિતી નાણાકીય હિસાબોમાં ઉપલબ્ધ નથી તેથી તે **પરિશિષ્ટ 5.3માં** દર્શાવી નથી.

## 5.2.4 જાહેર ઉપક્રમોની પુનઃરચના, વિનિવેશ અને ખાનગીકરણ

વર્ષ 2021-22 દરમિયાન, ન તો કોઈ જાહેર ઉપક્રમનું વિનિવેશ થયું હતું કે ન તો કોઈ જાહેર ઉપક્રમનું ખાનગીકરણ થયું હતું.

## 5.2.5 જાહેર ઉપક્રમોને આપવામાં આવેલી બાકી લોનનું વિશ્લેષણ

### 5.2.5.1 31 માર્ચ 2022ના રોજ બાકી રહેલી લાંબા ગાળાની લોન

31 માર્ચ 2022ના રોજ, 99[17] માંથી 46 જાહેર ઉપક્રમોમાં તમામ સ્રોતોમાંથી બાકી રહેલી કુલ લાંબા ગાળાની લોન ₹ 27,249.94 કરોડ હતી. જાહેર ઉપક્રમોની બાકી લાંબા ગાળાની લોનમાં અગાઉના વર્ષ 2020-21 (₹ 29,357.87 કરોડ) કરતાં 2021-22 (₹ 27,249.94 કરોડ) દરમિયાન ₹ 2,107.93 કરોડનો ચોખ્ખો ઘટાડો નોંધાયો હતો.

31 માર્ચ 2022ના રોજ કુલ બાકી લોનમાંથી, રાજ્ય સરકારની લોન ₹ 5,933.27 કરોડ હતી જેમાંથી નોંધપાત્ર રકમ (₹ 4,990.09 કરોડ) ત્રણ બિન-ઉર્જા ક્ષેત્રના જાહેર ઉપક્રમો જેવા કે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (₹ 3,146.07 કરોડ), ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ (₹ 661.68 કરોડ), ગુજરાત રાજ્ય રોકાણ લિમિટેડ (₹ 385 કરોડ) અને એક ઉર્જા ક્ષેત્રનું જાહેર ઉપક્રમ જેવું કે. ગુજરાત ઉર્જા પ્રવાહન નિગમ લિમિટેડની (₹ 797.34 કરોડ) હતી. એવું જોવામાં આવ્યું હતું કે, 31 માર્ચ 2022 અંતિત પાછલા ત્રણ વર્ષો દરમિયાન, ગુજરાત રાજ્ય રોકાણ લિમિટેડ અને ગુજરાત ઉર્જા પ્રવાહન નિગમ લિમિટેડે નિયમિતરૂપે લોનની પરત-ચૂકવણીઓ કરી હતી, જ્યારે ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ અને ગુજરાત રાજ્ય નાણાકીય નિગમે લોનની કોઈ પરત-ચૂકવણીઓ કરી ન હતી.

જાહેર ઉપક્રમોની બાકી લાંબા ગાળાની લોનની વર્ષ-વાર વિગતો **આલેખ 5.2**માં દર્શાવવામાં આવી છે.

**આલેખ 5.2 સંબંધિત વર્ષના 31 માર્ચના રોજ જાહેર ઉપક્રમોમાં બાકી રહેલી લાંબા ગાળાની લોન**




[17] એક જાહેર ઉપક્રમ ગુજરાત શિક્ષણ પ્રૌદ્યોગિકી લિમિટેડને બાકાત રાખેલ છે જેના પ્રથમ નાણાકીય હિસાબો મળવાના બાકી છે.

### 5.2.5.2 લોનની જવાબદારીઓને પહોંચી વળવા માટે સંપત્તિની પર્યાપ્તતા

લાંબા ગાળાની લોન અને કુલ **સંપત્તિઓ**નો ગુણોત્તર, એ એક કંપની સધ્ધર રહી શકે છે કે કેમ તે નિર્ધારિત કરવા માટે વપરાતી પદ્ધતિઓ પૈકીની એક છે. સધ્ધર ગણાવા માટે, ઉપક્રમની **સંપત્તિઓ**નું મૂલ્ય તેની લાંબા ગાળાની લોન કરતાં વધુ હોવું જોઈએ. 31 માર્ચ 2022ના રોજ બાકી લોન ધરાવતા 42 જાહેર ઉપક્રમોની[18] કુલ સંપત્તિઓના મૂલ્યમાં આવરી લેવાયેલી (Coverage) લાંબા ગાળાની લોન નીચે **કોઠા 5.9માં આપવામાં આવી છે.**

**કોઠો 5.9: 31 માર્ચ 2022ના રોજ કુલ સંપત્તિઓ દ્વારા આવરી લેવાયેલી લાંબા ગાળાની લોન.**

| જાહેર ઉપક્રમોની પ્રકૃતિ | હકારાત્મક આવરો (Coverage) | | | | નકારાત્મક આવરો (Coverage) | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | જાહેર ઉપક્રમોની સંખ્યા | લાંબા ગાળાની લોન (₹ કરોડમાં) | સંપત્તિઓ (₹ કરોડમાં) | સંપતિ સામે લોનની ટકાવારી | જાહેર ઉપક્રમોની સંખ્યા | લાંબા ગાળાની લોન (₹ કરોડમાં) | સંપત્તિઓ (₹ કરોડમાં) | સંપતિ સામે લોનની ટકાવારી |
| **શેરબજારમાં નોંધાયેલા** | | | | | | | | |
| સરકારી કંપનીઓ | 2 | 775.97 | 16,625.25 | 2,142.52 | - | - | - | - |
| વૈધાનિક નિગમ | 1 | 661.68 | 3,235.42 | 488.97 | - | - | - | - |
| શેરબજારમાં નહી નોંધાયેલા | | | | | | | | |
| સરકારી કંપનીઓ | 33 | 22,292.28 | 1,86,235.14 | 835.42 | 5 | 336.93 | 176.87 | 52.49 |
| વૈધાનિક નિગમ | 1 | 3,146.07 | 8,623.59 | 274.11 | - | - | - | - |
| કુલ | **37** | **26,876.00** | **2,14,719.40** | | **5** | **336.93** | **176.87** | |

સ્રોત: જાહેર ઉપક્રમો તરફથી મળેલા છેલ્લા અંતિમરૂપ અપાયેલા નાણાકીય હિસાબો પરથી સંકલિત માહિતી.

42 જાહેર ઉપક્રમોમાંથી, ત્રણ જાહેર ઉપક્રમોની જામીનગીરીઓ શેરબજારમાં નોંધાયેલી છે. વધુમાં, અવલોકન કરી શકાય છે કે પાંચ બિન-કાર્યરત જાહેર ઉપક્રમોમાં જેમ કે, ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડ, ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડ, આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડ, ગુજરાત રાજ્ય મશીન ટૂલ્સ નિગમ લિમિટેડ અને ગુજરાત ટ્રાન્સ રીસીવર્સ લિમિટેડ; બાકી રહેલી લાંબા ગાળાની લોનનું મૂલ્ય કુલ સંપત્તિઓ કરતાં વધી ગયું છે.

[18] લાંબા ગાળાની લોન બાકી હોય તેવા 46 જાહેર ઉપક્રમોમાંથી, ચાર બિન-કાર્યરત જાહેર ઉપક્રમોની કુલ સંપત્તિની વિગતો ઉપલબ્ધ નથી, આથી કોઠામાં ધ્યાનમાં લેવામાં આવી નથી.

### 5.2.5.3 વ્યાજનો વ્યાપ્તિ

બાકી ઋણ પર વ્યાજની ચૂકવણી માટેની જાહેર ઉપક્રમોની ક્ષમતાનું નિર્ધારણ કરવા માટે વ્યાજનો વ્યાપ્તિ ગુણોત્તરનો ઉપયોગ કરવામાં આવે છે, અને કંપનીની વ્યાજ અને કરવેરા પહેલાની આવકને એ જ સમયગાળાના વ્યાજના ખર્ચથી વિભાજીત કરીને તે ગણવામાં આવે છે. નીચો ગુણોત્તર જાહેર ઉપક્રમની ઋણ પરના વ્યાજની ચૂકવણીની ક્ષમતા ઓછી હોય તેમ દર્શાવે છે. એક કરતાં નીચો વ્યાજનો વ્યાપ્તિ ગુણોત્તર સૂચવે છે કે કંપની વ્યાજ પરના ખર્ચને પહોંચી વળવા માટે પૂરતી આવક ઊભી કરી રહી નથી. જાહેર ઉપક્રમો જેની 2019-20થી 2021-22ના સમયગાળા દરમિયાન લાંબા ગાળાની લોન બાકી હતી, તેના હકારાત્મક અને નકારાત્મક વ્યાજના વ્યાપ્તિ ગુણોત્તરની વિગતો નીચે **કોઠા 5.10માં** આપવામાં આવી છેઃ

**કોઠો 5.10: જાહેર ઉપક્રમોનો વ્યાજનો વ્યાપ્તિ ગુણોત્તર**

| વર્ષ | વ્યાજ (₹ કરોડમાં) | વ્યાજ અને કરવેરા પહેલાંની આવક (₹ કરોડમાં) | બાકી લોન અને વ્યાજની જવાબદારી હોય એવા જાહેર ઉપક્રમોની સંખ્યા | વ્યાજની વ્યાપ્તિના ગુણોત્તર (ICR) વાળા જાહેર ઉપક્રમોની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | | | ICR>=1 | ICR<1 |
| શેરબજારમાં નોંધાયેલા | | | | | |
| 2019-20 | 485.43 | 2,858.05 | 3 | 2 | 1[19] |
| 2020-21 | 339.57 | 3,158.64 | 3 | 2 | 1[19] |
| 2021-22 | 189.71 | 1,775.31 | 2 | 1 | 1[19] |
| શેરબજારમાં નહીં નોંધાયેલા | | | | | |
| 2019-20 | 2,841.62 | 4,436.46 | 30 | 20 | 10[20] |
| 2020-21 | 2,364.89 | 5,101.83 | 32 | 22 | 10[21] |
| 2021-22 | 1,668.60 | 4,974.34 | 32 | 22 | 10[21] |

સ્રોતઃ જાહેર ઉપક્રમો પાસેથી મળેલા છેલ્લા આખરીરૂપ અપાયેલા નાણાકીય હિસાબો પરથી સંકલિત.

ઉપરોક્ત કોઠા 5.10 પરથી જોઈ શકાય છે કે 2019-22 દરમિયાન શેરબજારમાં નોંધાયેલા અને નહીં નોંધાયેલા બન્ને પ્રકારના જાહેર ઉપક્રમોના વ્યાજના વ્યાપ્તિ ગુણોત્તરમાં નોંધપાત્ર ફેરફાર થયો નથી. વધુમાં, એક અથવા એક કરતાં વધુ વ્યાજનો વ્યાપ્તિ ગુણોત્તર ધરાવતા જાહેર ઉપક્રમોની સંખ્યા 2020-21માં 24થી ઘટીને 2021-22માં 23 થઈ ગઈ છે. બીજી તરફ, 2019-22 દરમિયાન એક કરતા ઓછો વ્યાજનો વ્યાપ્તિ ગુણોત્તર ધરાવતા જાહેર ઉપક્રમોની સંખ્યા સ્થિર રહી હતી.

[19] ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ.

[20] આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડ, જી.એસ.પી.સી. એલ.એન.જી. લિમિટેડ, જી.એસ.પી.એલ. ઈન્ડિયા ગેસનેટ લિમિટેડ, જી.એસ.પી.એલ ઇન્ડિયા ટ્રાન્સકો લિમિટેડ, ગુજરાત લઘુમતી નાણાકીય અને વિકાસ નિગમ લિમિટેડ, ગુજરાત મેટ્રો રેલ નિગમ લિમિટેડ, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડ, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ.

[21] ઉપરોક્ત ફુટનોટ નં.20ની જેમજ, સિવાય કે એક જાહેર ઉપક્રમ જી.એસ.પી.એલ. ઈન્ડિયા ગેસનેટ લિમિટેડના બદલામાં, એક જાહેર ઉપક્રમ ગુજરાત ઇન્ટરનેશનલ ફાઇનાન્સ ટેક સિટી કંપની લિમિટેડનો સમાવેશ થાય છે.

## 5.3 જાહેર ઉપક્રમો પાસેથી વળતર

67 સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમોમાંથી, વર્ષ 2021-22 દરમિયાન, 43 જાહેર ઉપક્રમોએ નફો કર્યો હતો, 16 જાહેર ઉપક્રમોએ નુકશાન નોંધાવ્યું હતું અને આઠ જાહેર ઉપક્રમોએ ન તો નફો કર્યો કે ન તો નુકશાન નોંધાવ્યું. વધુમાં, વર્ષ 2021-22 દરમિયાન, 32 સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓમાંથી, 18 જાહેર ઉપક્રમોએ નફો નોંધાવ્યો હતો જ્યારે 14 જાહેર ઉપક્રમોએ નુકશાન નોંધાવ્યું હતું.

### 5.3.1 જાહેર ઉપક્રમો દ્વારા કમાયેલો નફો

આ 43 જાહેર ઉપક્રમોનો એકંદર નફો ₹ 4,211.26 કરોડ હતો. વર્ષ 2021-22 દરમિયાન ₹ 100 કરોડથી વધુનો નફો કમાનાર જાહેર ઉપક્રમોની યાદી **કોઠા 5.11માં** આપવામાં આવી છે.

**કોઠો 5.11: વર્ષ 2021-22 દરમિયાન ₹100 કરોડથી વધુ કર પછીનો નફો મેળવનાર જાહેર ઉપક્રમો**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક | જાહેર ઉપક્રમોના નામ | કરવેરા બાદનો નફો |
|---|---|---|
| 1 | ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ નિગમ લિમિટેડ (GSPC) | 1,183.73 |
| 2 | ગુજરાત ઊર્જા પ્રવાહન નિગમ લિમિટેડ (GETCO) | 971.46 |
| 3 | ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડ (GMDC) | 404.28 |
| 4 | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) | 286.73 |
| 5 | ગુજરાત રાજ્ય વિદ્યુત નિગમ લિમિટેડ (GSECL) | 283.03 |
| 6 | ડાઈમંડ રિસર્ચ અને મર્કન્ટાઈલ સીટી લિમિટેડ (DRMCL) | 145.59 |
| 7 | ગુજરાત રાજ્ય નાણાકીય સેવાઓ લિમિટેડ (GSFS) | 140.10 |
| 8 | મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL) | 103.49 |
| | કુલ | **3,518.41** |

સ્રોત: જાહેર ઉપક્રમો તરફથી પ્રાપ્ત છેલ્લા અંતિમરૂપ અપાયેલા નાણાકીય હિસાબો અનુસાર સંકલિત માહિતી.

તે જોઈ શકાય છે કે, 2021-22 દરમિયાન 43 જાહેર ઉપક્રમો દ્વારા કમાયેલા કુલ નફાના 83.55 ટકા ઉપરોક્ત આઠ જાહેર ઉપક્રમોએ કમાયા છે. આમાંથી, કુદરતી ગેસનો વેપાર કરતું ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ નિગમ લિમિટેડ રાજ્યના મુખ્ય જાહેર ઉપક્રમોમાનું એક છે. ગુજરાત ઊર્જા પ્રવાહન નિગમ લિમિટેડ ઉર્જા ક્ષેત્ર હેઠળ એકાધિકારની સ્થિતિમાં કાર્યરત છે. ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડે લિગ્નાઈટના વેચાણથી નોંધપાત્ર આવક મેળવી હતી, જે ખનિજ માટે તે દેશની સૌથી વધુ વેચનાર કંપની છે. આ ઉપરાંત, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ એ રાજ્યનું મુખ્ય જાહેર ઉપક્રમ છે, જેની પાસે ઔદ્યોગિક/સંસ્થાકીય હેતુઓ માટે પડતર-કિમત વત્તા વ્યવસ્થા ખર્ચના આધારે જમીન વિકસાવવાનો અને ફાળવવાનો અધિકાર છે. ગુજરાત રાજ્ય વિદ્યુત નિગમ લિમિટેડ અને મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ તેની સામાન્ય કાર્યકારી પ્રવૃત્તિ એટલે કે ઉર્જાના વેચાણને કારણે નફામાં છે. ડાઈમંડ રિસર્ચ અને મર્કન્ટાઈલ સીટી લિમિટેડને જમીનના વેચાણથી થતી આવક ઉલટાવવાને કારણે અસાધારણ આવક થઈ. ગુજરાત રાજ્ય નાણાકીય સેવાઓ

લિમિટેડ, નોન-બેંકિંગ નાણાંકીય કંપની તરીકે નોંધાયેલ છે જેણે ગુજરાત સરકારની સંસ્થાઓને સ્પર્ધાત્મક દરે નાણાકીય સેવાઓ પૂરી પાડીને નફો મેળવ્યો હતો.

વધુમાં, વર્ષ 2021-22 દરમિયાન ₹ 2,845.33 કરોડનો નફો મેળવનાર 18 સરકાર નિયંત્રિત અન્ય કંપનીમાંથી, ત્રણ જાહેર ઉપક્રમોએ[22] (બે શેરબજારમાં નોંધાયેલા જાહેર ઉપક્રમો સહિત) ₹ 100 કરોડથી વધુનો નફો મેળવ્યો હતો.

## 5.3.2 જાહેર ઉપક્રમો દ્વારા થયેલ નુકશાન

વર્ષ 2021-22 દરમિયાન, 16 જાહેર ઉપક્રમોએ (14 સરકારી કંપનીઓ અને બે વૈધાનિક નિગમો) નુકશાન નોંધાવ્યું હતું.  જો કે, કોઠા 5.12માં દર્શાવ્યા પ્રમાણે, જાહેર ઉપક્રમોનું એકંદર ચોખ્ખું નુકશાન 2019-20માં ₹ 1,978.68 કરોડથી ઘટીને 2021-22માં ₹ 1,487.59 કરોડ થયું હતું.

**કોઠો 5.12: નુકશાન નોંધાવનાર જાહેર ઉપક્રમોની સંખ્યા**

**(₹ કરોડમાં)**

| વર્ષ | નુકશાન નોંધાવનાર જાહેર ઉપક્રમોની સંખ્યા | કર પછીનું ચોખ્ખું નુકશાન | સંચિત નુકશાન |
|---|---|---|---|
| 2019-20 | 18 | 1,978.68 | 14,515.85 |
| 2020-21 | 17 | 1,525.64 | 13,913.26 |
| 2021-22 | 16 | 1,487.59 | 15,340.54 |

સ્ત્રોત: જાહેર ઉપક્રમો તરફથી પ્રાપ્ત છેલ્લા અંતિમરૂપ અપાયેલા નાણાકીય હિસાબો પરથી સંકલિત માહિતી.

વર્ષ 2021-22 દરમિયાન ₹ 100 કરોડથી વધુનું નુકશાન કરનાર જાહેર ઉપક્રમોના નામ **કોઠા 5.13**માં આપેલ છે.

**કોઠો 5.13: 2021-22માં ₹ 100 કરોડથી વધુનું નુકશાન કર્યું હોય તેવા જાહેર ઉપક્રમો**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક | જાહેર ઉપક્રમોનું નામ | કર પછીનું ચોખ્ખું નુકશાન |
|---|---|---|
| 1 | સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ | 739.32 |
| 2 | ગુજરાત રાજ્ય ટેક્સટાઇલ નિગમ લિમિટેડ (બિન-કાર્યરત જાહેર ઉપક્રમ) | 300.58 |
| 3 | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (વૈધાનિક નિગમ) | 173.62 |
| 4 | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ (શેરબજારમાં નોંધાયેલા જાહેર ઉપક્રમ) | 127.81 |
| | કુલ | **1,341.33** |

સ્ત્રોત: જાહેર ઉપક્રમો તરફથી મળેલા છેલ્લા અંતિમરૂપ અપાયેલા નાણાકીય હિસાબો પરથી સંકલિત માહિતી.

ઉપરોક્ત **કોઠા 5.13** પરથી જોઈ શકાય છે કે 2021-22 દરમિયાન 16 જાહેર ઉપક્રમો દ્વારા થયેલા કુલ નુકશાનમાં આ ચાર જાહેર ઉપક્રમોનો ફાળો 90.17 ટકા હતો.

[22] ગુજરાત ગેસ લિમિટેડ (₹ 1,285.64 કરોડ), ગુજરાત રાજ્ય પેટ્રોનેટ લિમિટેડ (₹ 1,009.75 કરોડ) અને સાબરમતી ગેસ લિમિટેડ (₹ 346.55 કરોડ)

વધુમાં, 14 સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓએ વર્ષ 2021-22 દરમિયાન ₹ 264.04 કરોડનું નુકશાન નોંધાવ્યું હતું.

### 5.3.3 રાજ્ય જાહેર ક્ષેત્રના ઉપક્રમોની ચોખ્ખી કિમતનો (નેટ વર્થ) ઘસારો

નેટ વર્થ એટલે ભરપાઈ થયેલી મૂડી, મુક્ત અનામતો અને વધારાનો સરવાળો જેમાંથી સંચિત નુકશાન અને વિલંબિત મહેસૂલી ખર્ચ બાદ કરવામાં આવે છે. તે મુખ્યત્વે માલિકો માટે એક એકમનું મૂલ્ય શું છે તેનું પરિમાણ છે. નકારાત્મક નેટવર્થ સૂચવે છે કે સંચિત નુકશાન અને વિલંબિત મહેસૂલી ખર્ચ દ્વારા માલિકોનું સમગ્ર રોકાણ ધોવાઇ ગયું છે.

31 માર્ચ 2022ના રોજ, જાહેર ઉપક્રમોના છેલ્લા અંતિમરૂપ અપાયેલા નાણાકીય હિસાબો મુજબ 22 જાહેર ઉપક્રમોએ ₹ 29,312.55 કરોડનું સંચિત નુકશાન નોંધાવ્યું હતું, 37 જાહેર ઉપક્રમોએ ₹ 16,440.60 કરોડનો વધારો નોંધાવ્યો હતો અને આઠ જાહેર ઉપક્રમોએ ન તો વધારો નોંધાવ્યો હતો કે ન તો નુકશાન નોંધાવ્યું હતું. સંચિત નુકશાન નોંધાવનારામાં મુખ્ય હતાં, ગુજરાત રાજ્ય પેટ્રોલીયમ નિગમ લિમિટેડ (₹ 12,896.70 કરોડ), સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (₹ 6,741.42 કરોડ), ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (₹ 3,830.72 કરોડ), ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ (₹ 3,055.46 કરોડ), ગુજરાત પાણી માળખાકીય લિમિટેડ (₹ 678.21 કરોડ), આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડ (₹ 660.90 કરોડ). આમ, એકંદરે 67 જાહેર ઉપક્રમોનું સંચિત નુકશાન ₹ 12,871.95 કરોડ હતું, જોકે, એકંદર નેટવર્થ ₹ 1,41,514.64 કરોડ હકારાત્મક હતી.

22 જાહેર ઉપક્રમો કે જેમાં સંચિત નુકશાન હતું, તેમાં 15ની નેટવર્થ સંપૂર્ણપણે ધોવાઇ ગઈ હતી અને આમ નકારાત્મક થઈ ગઈ હતી. 31 માર્ચ 2022ના રોજ આ 15 જાહેર ઉપક્રમોની કુલ નકારાત્મક નેટવર્થ ₹ 5,219.35 કરોડ હતી જેની સામે ભરપાઈ થયેલી મૂડી ₹ 3,902.88 કરોડ હતી.

માર્ચ 2022ના અંતે નેટવર્થનું મહત્તમ ધોવાણ જોવાયું હતું, ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ (₹ 2,947.45 કરોડ), આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડ (₹ 609.90 કરોડ), ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (₹ 523.19 કરોડ) અને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (₹ 406.49 કરોડ). 31 માર્ચ 2022ના રોજ, આ 15 જાહેર ઉપક્રમો[23] કે જેમની નેટવર્થ સંપૂર્ણપણે ધોવાઇ ગઈ હતી (નકારાત્મક નેટવર્થ), છ જાહેર ઉપક્રમોએ ₹ 159.70 કરોડનો નફો નોંધાવ્યો હતો, સાત જાહેર ઉપક્રમોએ ₹ 397.63 કરોડનું નુકશાન કર્યું હતું. 31 માર્ચ 2022ના રોજ નકારાત્મક નેટવર્થ ધરાવતા જાહેર ઉપક્રમોની વિગતો **પરિશિષ્ટ 5.4માં** આપવામાં આવી છે.

15 જાહેર ઉપક્રમો જેમની નેટવર્થ સંપૂર્ણપણે ધોવાઇ ગઈ હતી, તેમાં 31 માર્ચ 2022ના રોજ રાજ્ય સરકારની શેર મૂડી અને બાકી લોન અનુક્રમે ₹ 4,833.83 કરોડ અને ₹ 4,430.90 કરોડ હતી.

---

[23] 15 જાહેર ઉપક્રમોમાંથી બે જાહેર ઉપક્રમોની નફા કે નુકશાનની વિગતો ઉપલબ્ધ નથી.

### 5.3.4 જાહેર ઉપક્રમો દ્વારા ડિવિડન્ડની ચૂકવણી

નાણા વિભાગે ઓક્ટોબર 1994માં સ્થાયી આદેશો જારી કર્યા હતાં, જેના પ્રમાણે દરેક જાહેર ઉપક્રમોએ સરકારને મહત્તમ ડિવિડન્ડ ચુકવવું જરૂરી હતું. આદેશોમાં જોકે, જાહેર ઉપક્રમો દ્વારા ચૂકવવાના ડિવિડન્ડનો લઘુતમ/મહત્તમ દર નક્કી કરવામાં આવ્યો ન હતો.

67 જાહેર ઉપક્રમોમાંથી (સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમો), રાજ્ય સરકારે 57 જાહેર ઉપક્રમોમાં શેર મૂડીમાં રોકાણ કર્યું હતું. 2019-20થી 2021-22 દરમિયાન આ 57 જાહેર ઉપક્રમોના સંબંધમાં ડિવિડન્ડની ચૂકવણી નીચે **કોઠા 5.14માં** દર્શાવી છે:

**કોઠો 5.14: 2019-20થી 2021-22 દરમિયાન જાહેર ઉપક્રમો દ્વારા ડિવિડન્ડની ચૂકવણી**

(*₹ કરોડમાં*)

| વર્ષ | કુલ જાહેર ઉપક્રમો જ્યાં ગુજરાત સરકારે શેર મૂડીમાં રોકાણ કર્યું છે | | જાહેર ઉપક્રમો જેમણે વર્ષ દરમિયાન નફો મેળવ્યો | | રાજ્ય જાહેર ક્ષેત્રના ઉપક્રમો કે જે વર્ષ દરમિયાન ડિવિડન્ડ જાહેર કરે છે/ચુકવે છે | | ડિવિડન્ડ ચૂકવણીનો ગુણોત્તર (%) |
|---|---|---|---|---|---|---|---|
| | જાહેર ઉપક્રમો ની સંખ્યા | શેર મૂડી રોકવામાં આવી | જાહેર ઉપક્રમોની સંખ્યા | રોકવામાં આવેલી શેર મૂડીની રકમ | જાહેર ઉપક્રમોની સંખ્યા | જાહેર ઉપક્રમો દ્વારા ચૂકવવામાં આવેલ ડિવિડન્ડ | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8=7/5*100 |
| 2019-20 | 56 | 89,646.73 | 33 | 24,825.34 | 4[24] | 74.31 | 0.30 |
| 2020-21 | 57 | 98,352.91 | 34 | 27,653.02 | 5[25] | 73.66 | 0.27 |
| 2021-22 | 57 | 98,775.80 | 34 | 27,674.07 | 3[26] | 149.52 | 0.54 |

2019-20થી 2021-22ના સમયગાળા દરમિયાન, નફો કર્યો હોય એવા જાહેર ઉપક્રમોની સંખ્યા 33થી 34ની વચ્ચે રહી હતી. જ્યારે, રાજ્ય સરકારને ડિવિડન્ડની ચૂકવણી કરી હોય તેવા જાહેર ઉપક્રમોની સંખ્યા 3થી 5 વચ્ચે રહી હતી. 2019-20થી 2021-22ના સમયગાળા દરમિયાન ડિવિડન્ડની ચૂકવણીનો ગુણોત્તર માત્ર 0.27 અને 0.54 ટકા વચ્ચે રહ્યો હતો.

32 સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓમાંથી, એક જાહેર ઉપક્રમ એટલે કે, ગુજરાત ગેસ લિમિટેડે 2021-22 દરમિયાન રાજ્ય સરકારને ₹ 5.62 કરોડનું ડિવિડન્ડ ચૂકવ્યું હતું.

24 ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ, ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડ, ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડ અને ગુજરાત રાજ્ય નાણાકીય સેવા લિમિટેડ.

25 ઉપરોક્ત ફુટનોટ નં. 24 પ્રમાણે, વધુમાં એક જાહેર ઉપક્રમ ગુજરાત રાજ્ય રોકાણ લિમિટેડ.

26 ઉપરોક્ત ફુટનોટ નં. 25 પ્રમાણે, બે જાહેર ઉપક્રમો, ગુજરાત રાજ્ય નાણાકીય સેવા લિમિટેડ અને ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડ સિવાય.

### 5.3.5 નિયોજિત મૂડી પરનું વળતર

નિયોજિત મૂડી પરનું વળતર નફાકારકતાનું મેટ્રિક (માપન પદ્ધતિ) છે, જે કંપનીની લાંબા ગાળાની નફાકારકતા અને કંપનીની મૂડી કેટલી કાર્યક્ષમતાથી ઉપયોગમાં લેવાઈ રહી છે તેનું પરિમાણ દર્શાવે છે. નિયોજિત મૂડી[27] પર વળતરની ગણતરી કંપનીની વ્યાજ અને કરવેરા પહેલાની આવકને નિયોજિત મૂડીથી વિભાજીત કરીને કરવામાં આવે છે.

2019-20થી 2021-22ના સમયગાળા દરમિયાન નિયોજિત મૂડી પર વળતરની જાહેર ઉપક્રમો વાર વિગતો **પરિશિષ્ટ 5.5માં** આપવામાં આવી છે. 2019-20થી 2021-22ના સમયગાળા દરમિયાન સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમોની સંયુક્ત નિયોજિત મૂડી પર વળતરની માહિતી નીચે **કોઠા 5.15માં** આપેલ છે

કોઠો **5.15**: રાજ્ય જાહેર ક્ષેત્રના વિભાગો દ્વારા કાર્યરત મૂડી પર વળતર

| વર્ષ | વ્યાજ અને કરવેરા પહેલાનો નફો (₹ કરોડમાં) | નિયોજિત મૂડી (₹ કરોડમાં) | નિયોજિત મૂડી પરનું વળતર (ટકામાં) |
|---|---|---|---|
| 2019-20 | 7,723.48 | 1,44,901.55 | 5.33 |
| 2020-21 | 7,824.68 | 1,55,258.93 | 5.04 |
| 2021-22 | 8,463.68 | 1,60,777.19 | 5.26 |

સ્રોત: જાહેર ઉપક્રમો તરફથી મળેલા છેલ્લા અંતિમરૂપ અપાયેલા નાણાકીય હિસાબો પરથી સંકલિત માહિતી.

એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે આ જાહેર ઉપક્રમોના નિયોજિત મૂડી પરના વળતરમાં 2019-20 દરમિયાનના 5.33 ટકાથી નજીવો ઘટાડો થઈને 2021-22 દરમિયાન 5.26 ટકા થઇ ગયો હતો. વધુમાં, 32 સરકાર દ્વારા નિયંત્રિત અન્ય કંપનીઓના કિસ્સામાં, વર્ષ 2021-22 માટે વ્યાજ અને કરવેરા પહેલાનો નફો ₹ 4,018.33 કરોડ હતો જ્યારે આ જાહેર ઉપક્રમોમાં નિયોજિત મૂડી ₹ 28,122.79 કરોડ હતી. આથી, નિયોજિત મૂડી પર વળતર 2021-22 દરમિયાન 14.29 ટકા રહ્યું હતું.

### 5.3.6 જાહેર ઉપક્રમોની શેર મૂડી પર વળતર

શેર મૂડી પર વળતર એ નાણાકીય કામગીરીનું પરિમાણ છે. જે, વ્યવસ્થાપકો કંપનીની અસ્કયામતોનો ઉપયોગ નફો કમાવવા કેટલી કાર્યક્ષમતાથી કરે છે તેનું મૂલ્યાંકન કરે છે. અને તેની ગણતરી કરવેરા બાદના ચોખ્ખાને શેરધારકોના ભંડોળથી વિભાજન કરીને કરવામાં આવે છે. તેને ટકાવારી રૂપે આપવામાં આવે છે અને જો ચોખ્ખી આવક અને શેરધારકોનું ભંડોળ બન્ને હકારાત્મક સંખ્યાઓ હોય તો કોઇ પણ કંપની માટે તેની ગણતરી કરી શકાય છે.

કંપનીના શેરધારકોના ભંડોળની ગણતરી, ભરપાઇ થયેલી મૂડી અને મુક્ત અનામતોના સરવાળામાંથી સંચિત નુકશાન અને વિલંબિત મહેસૂલી ખર્ચ બાદ કરીને કરવામાં આવે છે. અને

[27] નિયોજિત મૂડી = ભરપાઇ થયેલી મૂડી *વત્તા* મુક્ત અનામતો અને વધારો *વત્તા* લાંબી-મુદતની બાકી લોન *બાદ* સંચિત નુકશાન *બાદ* વિલંબિત મહેસૂલી ખર્ચ.

તે દર્શાવે છે કે જો તમામ અસ્ક્યામતોનું વેચાણ કરી દેવામાં આવે અને તમામ દેવાની ચૂકવણી કરી દેવામાં આવે તો કંપનીના શેરધારકો માટે કેટલું બાકી રહે છે. શેરધારકોનું હકારાત્મક ભંડોળ દર્શાવે છે કે કંપની પાસે તેની જવાબદારીઓ પૂરી કરવા માટે પૂરતી અસ્ક્યામતો છે જ્યારે શેરધારકોના નકારાત્મક ભંડોળનો અર્થ એવો થાય કે અસ્ક્યામતો કરતાં જવાબદારીઓ અધિક છે.

રાજ્ય સરકારે મૂડીનું રોકાણ કર્યું હોય તેવા 57 જાહેર ઉપક્રમોની બાબતમાં શેર મૂડી પરના વળતરની ગણતરી કરવામાં આવી છે. 2019-20 થી 2021-22ના સમયગાળા માટે જાહેર ઉપક્રમો વાર શેર મૂડી પર વળતરની વિગતો **પરિશિષ્ટ 5.6માં** આપવામાં આવી છે. 2019-20થી 2021-22ના સમયગાળા દરમિયાન 57 જાહેર ઉપક્રમોના સંબંધમાં શેરધારકોનું ભંડોળ અને શેર મૂડી પર વળતરની વિગતો નીચે **કોઠા 5.16**માં આપવામાં આવી છે.

કોઠો **5.16:** જાહેર ઉપક્રમોનું શેર મૂડી પરનું વળતર

| વર્ષ | જાહેર ઉપક્રમોની સંખ્યા જેના માટે મૂડી પરના વળતર ની ગણતરી કરી છે | વર્ષ માટે ચોખ્ખી આવક (₹ કરોડમાં) | શેરધારકોનું ભંડોળ (₹ કરોડમાં) | શેર મૂડી પરનું વળતર (ટકામાં) |
|---|---|---|---|---|
| 2019-20 | 56 | -615.18 | 84,462.70 | -0.73 |
| 2020-21 | 57 | 193.08 | 93,618.88 | 0.21 |
| 2021-22 | 57 | 784.06 | 95,967.44 | 0.82 |

સ્રોત: જાહેર ઉપક્રમો તરફથી મળેલા છેલ્લા અંતિમરૂપ અપાયેલા નાણાકીય હિસાબો પરથી સંકલિત માહિતી.

ઉપરના કોઠા પરથી જોઈ શકાય છે તેમ, જાહેર ઉપક્રમોની ચોખ્ખી આવકમાં નોંધપાત્ર સુધારો નોંધાયો હતો, 2019-20માં ₹ 615.18 કરોડની ચોખ્ખી ખોટ હતી જે 2021-22માં ₹ 784.06 કરોડના ચોખ્ખા નફામાં ફેરવાઈ હતી. શેર મૂડી પરનું વળતર પણ 2021-22માં વધીને 0.82 ટકા થયું હતું.

### 5.3.7 રોકાણ પર વાસ્તવિક વળતરનો દર

ગુજરાત સરકારના નોંધપાત્ર રોકાણને ધ્યાને લેતાં, આવા રોકાણ પર વળતરનો વાસ્તવિક દર રાજ્ય સરકારના પરિપ્રેક્ષ્યથી આવશ્યક છે. રોકાણ સમયની પ્રવર્તમાન કિંમતના (Historical Cost) આધારે રોકાણ પર વળતરની કરવામાં આવતી ગણતરી પરંપરાગત છે, જે રોકાણ પર વળતરની પર્યાપ્તતાનો યોગ્ય દર્શક ન હોઇ શકે કારણ કે આવી ગણતરીઓમાં નાણાની વર્તમાન કિમતની (Present Value) અવગણના થાય છે. આથી, રોકાણ પર વળતરનો દર ઉપરાંત, રોકાણ પર વાસ્તવિક વળતરના દરની ગણતરી રોકાણની પ્રવર્તમાન કિંમતની વર્તમાન કિમતને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. કંપનીઓની શરૂઆતથી 31 માર્ચ 2022 સુધીમાં જ્યાં રાજ્ય સરકાર દ્વારા શેર મૂડી, અનુદાન/સહાયકી અને વ્યાજમુક્ત લોન તરીકે ભંડોળનું રોકાણ કરવામાં આવ્યું હતું ત્યાં રાજ્ય સરકારના રોકાણની વર્તમાન કિમતની ગણતરી કરવામાં આવી હતી.

જાહેર ઉપક્રમોમાં ગુજરાત સરકારના રોકાણની વર્તમાન કિંમતની ગણતરી નીચેની ધારણાઓ પર કરવામાં આવી હતી:

- વ્યાજ-મુક્ત લોનને ગુજરાત સરકાર દ્વારા ભંડોળનું રોકાણ માનવામાં આવ્યું છે. આમ છતાં, સમયગાળા ઉપર જાહેર ઉપક્રમો દ્વારા લોનની પરત ચૂકવણીના કેસમાં, વ્યાજ-મુક્ત લોનની ઘટાડા બાદની સિલકો પર વર્તમાન કિંમતની ગણતરી ગણવામાં આવી હતી.
- સંબંધિત નાણાકીય વર્ષ[28] માટે ગુજરાત સરકારના ઋણ પરના વ્યાજના સરેરાશ દરને વર્તમાન કિંમત તારવવા માટેના ચક્રવૃદ્ધિ દર તરીકે લેવામાં આવ્યો હતો, કારણ કે તે વર્ષ માટે ભંડોળના રોકાણ માટે સરકાર દ્વારા કરવામાં આવેલો ખર્ચ રજૂ કરે છે.

100 જાહેર ઉપક્રમોમાંથી, ગુજરાત સરકાર દ્વારા 76 જાહેર ઉપક્રમોમાં શેર મૂડી, લાંબા ગાળાની લોન અને અનુદાન તથા સહાયકીના રૂપમાં રોકાણ કરવામાં આવ્યું હતું. 2017-18થી 2021-22 સુધી, આ 76 જાહેર ઉપક્રમોમાં રાજ્ય સરકારના ભંડોળના રોકાણ પર વાસ્તવિક વળતરના દરની ગણતરી પ્રવર્તમાન રોકાણની વર્તમાન કિંમતને ધ્યાનમાં લઈને કરવામાં આવી છે, જે કોઠા **5.17**માં દર્શાવવામાં આવી છે.

**કોઠો 5.17: 2021-22 સુધી રાજ્ય સરકાર દ્વારા જાહેર ઉપક્રમોમાં કરાયેલા રોકાણોની વર્ષવાર વિગતો અને તેનું વર્તમાન મૂલ્ય**

**(₹ કરોડમાં)**

| નાણાકીય વર્ષ | વર્ષના આરંભે રોકાણની વર્તમાન કિંમત | વર્ષ દરમિયાન રોકાણ | વર્ષના અંતે રોકાણ | સરકારી ઋણ પર વ્યાજનો સરેરાશ દર (ટકામાં) | વર્ષના અંતે કુલ રોકાણની ચોખ્ખી વર્તમાન કિંમત | વર્ષ માટે ભંડોળનું ખર્ચ વસૂલ કરવા માટે અપેક્ષિત લઘુત્તમ વળતર | વર્ષ માટેની કર બાદની કુલ આવક | રોકાણ પર વાસ્તવિક વળતરનો દર |
|---|---|---|---|---|---|---|---|---|
| i | Ii | iii | iv=ii+iii | v | vi=iv× (1+(v÷100)) | vii=vi×(v÷100) | viii | ix=viii*100/ vi |
| 2017-18 | 2,41,400.63* | 17,337.05 | 2,58,737.68 | 7.59 | 2,78,375.87 | 19,638.19 | (1,443.64) | (-)0.52 |
| 2018-19 | 2,78,375.88 | 18,366.67 | 2,96,742.55 | 7.44 | 3,18,820.20 | 22,077.65 | (530.42) | (-)0.17 |
| 2019-20 | 3,18,820.20 | 13,285.65 | 3,32,105.85 | 7.47 | 3,56,914.15 | 24,808.31 | (741.29) | (-)0.21 |
| 2020-21 | 3,56,914.15 | 6,822.87 | 3,63,737.03 | 7.19 | 3,89,889.71 | 26,152.69 | 2,117.19 | 0.54 |
| 2021-22 | 3,89,889.71 | 12,731.23 | 4,02,620.94 | 7.12 | 4,31,287.55 | 28,666.61 | 5,304.96 | 1.23 |

સ્રોત: જાહેર ઉપક્રમો તરફથી પૂરી પાડવામાં આવેલી માહિતી અને 30 સપ્ટેમ્બર 2022 સુધી મળેલા છેલ્લા અંતિમરૂપ અપાયેલા નાણાકીય હિસાબો પરથી.

નોંધ: *વર્ષની શરૂઆતમાં વર્તમાન મૂલ્ય પર ખરેખર શેર મૂડી

2017-18થી 2019-20 દરમિયાન રોકાણ પર વળતરનો વાસ્તવિક દર (-) 0.17 ટકાથી (-) 0.52 ટકા ની વચ્ચે રહ્યો હતો, પરંતુ તે પછી સતત વધીને 2021-22માં 1.23 ટકા થયો હતો. વર્ષ 2004-05થી 2021-22ના સમયગાળા માટે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ રોકાણ અને આવા રોકાણની વર્તમાન કિમતની વર્ષવાર વિગતો **પરિશિષ્ટ 5.7માં** આપવામાં આવી છે. રાજ્ય સરકારના રોકાણ પર વળતરનો દર (પ્રવર્તમાન મુલ્ય અને સામે વર્તમાન મૂલ્ય) કોઠા 5.18 માં

[28] સરકારી ઋણ પર સરેરાશ વ્યાજ દર કોઠા 2.27માં દર્શાવ્યા મુજબ છે.

આપવામાં આવ્યો છે.

**કોઠો 5.18: રાજ્ય સરકારના રોકાણ પર વળતરનો દર**

**(₹ કરોડમાં)**

| નાણાકીય વર્ષ | કુલ આવક/ (-) ખોટ | વર્ષના અંતે રાજ્ય સરકારના રોકાણની ઐતિહાસિક કિંમત | વળતરનો દર | વર્ષના અંતે રાજ્ય સરકારના રોકાણની વર્તમાન કિંમત | વાસ્તવિક વળતરનો દર |
|---|---|---|---|---|---|
| 2021-22 | 5,304.96 | 2,13,821.62 | 2.48 | 4,31,287.55 | 1.23 |

## 5.4 ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના દેખરેખની ભૂમિકા

### 5.4.1 ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા જાહેર ઉપક્રમોના વૈધાનિક ઑડિટરોની નિમણૂક

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક કંપની અધિનિયમ, 2013ની (અધિનિયમ) કલમ 139 (5)/(7) મુજબ સરકાર નિયંત્રિત કંપની અને સરકાર નિયંત્રિત અન્ય કંપનીના વૈધાનિક ઑડિટરની નિમણૂક કરે છે, જે (અધિનિયમ) એવી જોગવાઈ કરે છે કે સરકારી કંપની અથવા સરકાર નિયંત્રિત અન્ય કંપનીના વૈધાનિક ઑડિટરની નિમણૂક ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા નાણાકીય વર્ષ શરૂ થયાના 180 દિવસની અંદર અને પ્રથમ ઑડિટરના કિસ્સામાં નોંધણીના 60 દિવસની અંદર કરવાની હોય છે. ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકને પૂરક ઑડિટ હાથ ધરવાનો અને વૈધાનિક ઑડિટરના ઑડિટ અહેવાલ પર ટિપ્પણી કરવાનો અથવા તેની પૂર્તિ કરવાનો અધિકાર છે. કેટલાક નિગમોનું સંચાલન કરતા કાયદાઓ નિયત કરે છે કે તેઓના નાણાકીય અહેવાલોનું ઑડિટ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા કરવામાં આવે અને અહેવાલ રાજ્ય વિધાનસભાને સુપરત કરવામાં આવે.

### 5.4.2 જાહેર ઉપક્રમો દ્વારા હિસાબો રજૂ કરવા

#### 5.4.2.1 સમયસર રજૂ કરવાની જરૂરિયાત

કંપની અધિનિયમ, 2013ની કલમ 394 મુજબ, સરકારી કંપનીની પ્રવૃત્તિ અને બનાવોનો વાર્ષિક અહેવાલ, તેની વાર્ષિક સામાન્ય સભાની ત્રણ મહિનાની અંદર તૈયાર કરવાનો હોય છે. વાર્ષિક અહેવાલ તૈયાર કર્યા પછી બને તેટલી જલદી, ઑડિટ અહેવાલની નકલ અને ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના ઑડિટ અહેવાલ પર અથવા તેની પૂરક તરીકેની ટિપ્પણીઓ સહિત, વિધાનસભા સદન સમક્ષ મૂકવો આવશ્યક છે. લગભગ સમાન પ્રકારની જોગવાઈઓ વૈધાનિક નિગમોના સંબંધિત નિયમનકારી અધિનિયમોમાં પણ સામેલ છે. આ પદ્ધતિ કંપનીઓમાં રોકાણ કરાયેલા જાહેર ભંડોળના ઉપયોગ પર વિધાનસભાનું જરૂરી નિયંત્રણ પૂરું પાડે છે.

કંપની અધિનિયમ, 2013ની કલમ 96 મુજબ દરેક કંપનીએ દરેક કેલેન્ડર વર્ષમાં એકવાર શેરધારકોની વાર્ષિક સામાન્ય સભા યોજવી જરૂરી છે. એવું પણ જણાવવામાં આવ્યું છે કે એક વાર્ષિક સામાન્ય સભા અને ત્યારબાદની સભાની તારીખ વચ્ચે 15 મહિનાથી વધુ સમય વ્યતીત થવો ન જોઈએ. વધુમાં, કંપની અધિનિયમ, 2013ની કલમ 129 નિયત કરે છે કે નાણાકીય વર્ષ

માટે ઑડિટ કરાયેલ નાણાકીય હિસાબો તેમની વિચારણા માટે પ્રસ્તુત વાર્ષિક સામાન્ય સભામાં મુકવાના હોય છે. પરિણામે, નાણાકીય હિસાબો તૈયાર કરીને આગામી વર્ષના 30 સપ્ટેમ્બર સુધીમાં વાર્ષિક સામાન્ય સભામાં મુકવાના જરૂર હોય છે.

કંપની અધિનિયમ, 2013ની કલમ 129 (7)માં અધિનિયમની કલમ 129ની જોગવાઈઓના પાલન ન થવા માટે કંપનીઓના જવાબદાર નિયામકો સહિતની વ્યક્તિઓ પર દંડ અને કેદ જેવી શિક્ષાની જોગવાઈ છે.

### 5.4.2.2 જાહેર ઉપક્રમો દ્વારા નાણાકીય હિસાબો તૈયાર કરવામાં સમયસરતા

31 માર્ચ 2022ના રોજ, ગુજરાતમાં ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના ઑડિટના કાર્યક્ષેત્રમાં 100 જાહેર ઉપક્રમો હતાં. આ 100 જાહેર ઉપક્રમોમાંથી, 16 બિન-કાર્યરત છે જે ક્યાં તો ફડચા હેઠળ છે અથવા તો મૃતપ્રાયઃ છે. 30 સપ્ટેમ્બર 2022 સુધી, કુલ 43 જાહેર ઉપક્રમોએ વર્ષ 2021 22 માટે તેમના નાણાકીય હિસાબો ભારતના નિયંત્રક અને મહાલેપરીક્ષકના ઑડિટ માટે રજૂ કર્યા હતાં. બે જાહેર ઉપક્રમોના (ગુજરાત રાજ્ય ટેક્ષ્ટાઇલ નિગમ લિમિટેડ અને જી.એસ.પી.સી.ઓફશોર લિમિટેડ) નાણાકીય હિસાબો રજૂ કરવાપાત્ર થયા ન હતાં અને એટલે પાછલા બાકી ન હતાં. બાકીના 55 જાહેર ઉપક્રમોએ 30 સપ્ટેમ્બર 2022 સુધીમાં તેમના 157 વાર્ષિક નાણાકીય હિસાબો રજૂ કર્યા ન હતાં. 30 સપ્ટેમ્બર 2022ના રોજ જાહેર ઉપક્રમો તરફથી પ્રાપ્ત નાણાકીય હિસાબોની વિગતો નીચે **કોઠા 5.19માં** આપવામાં આવી છે.

**કોઠો 5.19: જાહેર ઉપક્રમો પાસેથી પ્રાપ્ત નાણાકીય હિસાબોની વિગતો**

| વિગતો | ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના ઑડિટના કાર્યક્ષેત્રમાં આવેલા જાહેર ઉપક્રમો | | | | | |
|---|---|---|---|---|---|---|
| | સરકાર નિયંત્રિત કંપનીઓ[29] | | સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ | | કુલ | |
| | શેરબજારમાં નોંધાયેલા | શેરબજાર માં નહીં નોંધાયેલા | શેરબજાર માં નોંધાયેલા | શેરબજાર માં નહીં નોંધાયેલા | શેરબજાર માં નોંધાયેલા | શેરબજાર માં નહીં નોંધાયેલા |
| 31 માર્ચ 2022ના રોજ જાહેર ઉપક્રમોની કુલ સંખ્યા | 68 | | 32 | | 100 | |
| શેરબજારમાં નોંધાયેલી/નહીં નોંધાયેલી કંપનીઓની સંખ્યા | 3 | 65 | 2 | 30 | 5 | 95 |
| બાદ: એવી કંપનીઓ જેની પાસેથી 2021-22 માટે નાણાકીય હિસાબો રજૂ કરવાપાત્ર ન હતાં અને પાછલા બાકી ન હતાં | - | 1[30] | - | 1[31] | - | 2 |
| જાહેર ઉપક્રમો જેના 2021-22ના નાણાકીય હિસાબો મળવાપાત્ર હતાં | 3 | 64 | 2 | 29 | 5 | 93 |
| કાર્યરત જાહેર ઉપક્રમો જેના નાણાકીય હિસાબો | 3 | 15 | 2 | 21 | 5 | 36 |

29 સરકાર દ્વારા નિયંત્રિત કંપનીઓમાં ચાર વૈધાનિક નિગમોનો સમાવેશ થાય છે.

30 ગુજરાત રાજ્ય ટેક્ષ્ટાઇલ નિગમ લિમિટેડ.

31 જી.એસ.પી.સી. ઑફશોર લિમિટેડનું નામ રજિસ્ટર ઑફ કંપનીઝમાંથી કાઢી નાખવામાં આવ્યું હતું.

| વિગતો | | ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના ઑડિટના કાર્યક્ષેત્રમાં આવેલા જાહેર ઉપક્રમો | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | સરકાર નિયંત્રિત કંપનીઓ[29] | | સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ | | કુલ | |
| | | શેરબજારમાં નોંધાયેલા | શેરબજાર માં નહીં નોંધાયેલા | શેરબજાર માં નોંધાયેલા | શેરબજાર માં નહીં નોંધાયેલા | શેરબજાર માં નોંધાયેલા | શેરબજાર માં નહીં નોંધાયેલા |
| 30 સપ્ટેમ્બર 2022 સુધીમાં મળ્યા હતાં | | | | | | | |
| બિન-કાર્યરત જાહેર ઉપક્રમો જેના નાણાકીય હિસાબો 30 સપ્ટેમ્બર 2022 સુધીમાં મળ્યા હતાં | | - | 1 | - | 1 | - | 2 |
| પાછલા બાકી નાણાકીય હિસાબોવાળા જાહેર ઉપક્રમો | | - | 48 | - | 7 | - | 55 |
| પાછલા બાકી નાણાકીય હિસાબોની સંખ્યા | | - | 129 | - | 28 | - | 157 |
| પાછલા બાકીનું વિભાજન | જાહેર ઉપક્રમો ફડચામાં | - | 6 | - | - | - | 6 |
| | બિન-કાર્યરત જાહેર ઉપક્રમો | - | 48 | - | 24 | - | 72 |
| | પ્રથમ નાણાકીય હિસાબો રજૂ કર્યા નથી | - | 1[32] | - | - | - | 1 |
| | 'અન્ય' (કાર્યરત અને મળવાપાત્ર) | - | 74 | - | 4 | - | 78 |
| 'અન્ય' શ્રેણીના પાછલા બાકીનું ઉંમર-મુજબ વિશ્લેષણ | એક વર્ષ (2021-22) | - | 20 | - | 4 | - | 24 |
| | બે વર્ષ (2020-21 અને 2021-22) | - | 10 | - | - | - | 10 |
| | ત્રણ વર્ષ અને તેથી વધુ | - | 44 | - | - | - | 44 |

સ્રોત: પ્રધાન મહાલેખાકાર (ઑડિટ-I) અને મહાલેખાકાર (ઑડિટ-II), ગુજરાત કાર્યાલય દ્વારા સંકલિત.

જાહેર ઉપક્રમોની યાદી અને પાછલા બાકી નાણાકીય હિસાબોની સ્થિતિ **પરિશિષ્ટ 5.1**માં દર્શાવેલ છે. **કોઠા 5.19માં** ચર્ચા કરેલ સરકાર નિયંત્રિત કંપનીઓમાં ત્રણ શેરબજારમાં નોંધાયેલા જાહેર ઉપક્રમો, જેમકે ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડ, ગુજરાત રાજ્ય રોકાણ લિમિટેડ અને ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સમાવેશ થાય છે. અને સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓમાં બે શેરબજારમાં નોંધાયેલા જાહેર ઉપક્રમો જેમકે ગુજરાત રાજ્ય પેટ્રોનેટ લિમિટેડ અને ગુજરાત

---

32 ગુજરાત શિક્ષણ પ્રૌદ્યોગિકી લિમિટેડે 9 માર્ચ 2021થી 31 માર્ચ 2022 સુધીનું તેનું પ્રથમ નાણાકીય હિસાબ રજુ કર્યું નથી.

ગેસ લિમિટેડનો સમાવેશ છે. આ પાંચેય શેરબજારમાં નોંધાયેલા જાહેર ઉપક્રમો તરફથી 2021-22ના નાણાકીય હિસાબો પ્રાપ્ત થયા હતાં.

ચાર[33] વૈધાનિક નિગમોનું ઑડિટ સંબંધિત અધિનિયમની જોગવાઈઓ અનુસાર ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા કરવામાં આવે છે. ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના એકમાત્ર ઑડિટર છે. ચાર વૈધાનિક નિગમોમાંથી, માત્ર એક વૈધાનિક નિગમ એટલે કે ગુજરાત રાજ્ય નાણાકીય નિગમે 2021-22ના નાણાકીય હિસાબો રજૂ કર્યા હતાં. 30 સપ્ટેમ્બર 2022ના રોજ, અન્ય ત્રણ વૈધાનિક નિગમોના નાણાકીય હિસાબો બાકી હતાં (નાણાકીય વર્ષ 2021-22 સહિત).

હિસાબો રજૂ કરવામાં વિલંબ ઑડિટ અહેવાલો દ્વારા, સમયાંતરે રાજ્ય સરકારના ધ્યાન પર લાવવામાં આવે છે. વાર્ષિક નાણાકીય હિસાબો અને તેમના ઑડિટની ગેરહાજરીમાં, તે જાહેર ઉપક્રમને વિતરિત કરાયેલ અનુદાન અને લોનના યોગ્ય ઉપયોગ અને તેમના હિસાબની ખાતરી આપી શકાતી નથી. નાણાકીય હિસાબોની ગેરહાજરી, રાજ્ય સરકાર દ્વારા અપૂરતી દેખરેખને પ્રતિબિંબિત કરવા ઉપરાંત, ગુજરાત સરકાર દ્વારા પૂરા પાડવામાં આવેલા ભંડોળ પ્રત્યે આ જાહેર ઉપક્રમોની જવાબદારીનો અભાવ દર્શાવે છે.

### 5.4.3 ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકની દેખરેખ - વાર્ષિક નાણાકીય હિસાબોનું ઑડિટ અને પૂરક ઑડિટ

#### 5.4.3.1 નાણાકીય હિસાબોની રજૂઆતનું માળખું

કંપનીઓએ કંપની અધિનિયમ, 2013ની અનુસૂચિ IIIમાં નિર્ધારિત ફોર્મેટમાં નાણાકીય હિસાબો તૈયાર કરવા જરૂરી છે અને આ હિસાબો, રાષ્ટ્રીય નાણાકીય રજૂઆત સત્તામંડળ (National Financial Reporting Authority) સાથે પરામર્શ કરીને અને તેની ભલામણોના પરીક્ષણના આધારે ભારતીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સંસ્થા (Institute of Chartered Accountants of India) દ્વારા ભલામણ કરવામાં આવેલા અને કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરવામાં આવેલા ફરજીયાત હિસાબી ધોરણોને અનુરૂપ હોવા જોઈએ. વૈધાનિક નિગમોએ તેમના સંબંધિત નિયમો હેઠળ નિર્ધારિત ફોર્મેટમાં તેમના નાણાકીય હિસાબો તૈયાર કરવા જરૂરી છે, જે ભારતના નિયંત્રક અને મહાલેપરીક્ષકના સાથે પરામર્શમાં તૈયાર કરવામાં આવ્યાં હોય અને આ નિગમોનું નિયમન કરતાં અધિનિયમમાં આવા નાણાકીય હિસાબોને લગતી કોઈ ચોક્કસ જોગવાઈઓ હોય તે અનુસાર હોવા જોઈએ.

[33] ગુજરાત રાજ્ય વખાર નિગમ, ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ.

### 5.4.3.2 વૈધાનિક ઑડિટર્સ દ્વારા સરકારી કંપનીઓના નાણાકીય હિસાબોનું ઑડિટ

કંપની અધિનિયમ, 2013ની કલમ 139 હેઠળ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા નિયુક્ત કરાયેલા વૈધાનિક ઑડિટર્સ, સરકારી કંપનીઓના નાણાકીય હિસાબોનું ઑડિટ કરે છે અને કંપની અધિનિયમ, 2013ની કલમ 143 અનુસાર તેનો અહેવાલ રજૂ કરે છે.

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક, વૈધાનિક ઑડિટર્સ તેમને સોંપેલ કાર્યોને યોગ્ય અને અસરકારક રીતે નિભાવે છે કે કેમ તેવા બૃહદ ઉદ્દેશ્યથી જાહેર ઉપક્રમોના ઑડિટમાં વૈધાનિક ઑડિટરોની કામગીરી પર નજર રાખીને દેખરેખની ભૂમિકા ભજવે છે. આ કાર્ય આ સત્તા હેઠળ કરવામાં આવે છે:

- કંપની અધિનિયમ, 2013ની કલમ 143(5) હેઠળ વૈધાનિક ઑડિટર્સને નિર્દેશો જારી કરવા અને
- કંપની અધિનિયમ, 2013ની કલમ 143(6) હેઠળ વૈધાનિક ઑડિટરના અહેવાલની પૂર્તિ અથવા ટિપ્પણી કરવી.

### 5.4.3.3 સરકારી કંપનીઓના વાર્ષિક નાણાકીય હિસાબોનું પૂરક ઑડિટ

કંપની અધિનિયમન, 2013 અથવા અન્ય સંબંધિત અધિનિયમ હેઠળ નિર્ધારિત નાણાકીય રજૂઆતના માળખા અનુસાર નાણાકીય હિસાબો તૈયાર કરવાની મુખ્ય જવાબદારી સંસ્થાના સંચાલકની છે.

કંપની અધિનિયમ, 2013ની કલમ 139 હેઠળ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા નિયુક્ત કરાયેલ વૈધાનિક ઑડિટર, કંપની અધિનિયમ, 2013ની કલમ 143 હેઠળ, નાણાકીય હિસાબો પર ભારતના ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સના માનક ઑડિટીંગ પ્રથા અને ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા આપવામાં આવેલા નિર્દેશો અનુસાર સ્વતંત્ર ઑડિટના આધારે અભિપ્રાય વ્યક્ત કરવા માટે જવાબદાર છે. વૈધાનિક ઑડિટરોએ કંપની અધિનિયમ, 2013ની કલમ 143 હેઠળ ઑડિટ રિપોર્ટ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકને રજૂ કરવો જરૂરી છે.

પસંદગીની સરકારી કંપનીઓના વૈધાનિક ઑડિટર્સના અહેવાલ સાથે નાણાકીય હિસાબોની ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા પૂરક ઑડિટ કરીને સમીક્ષા કરવામાં આવે છે. આવી સમીક્ષાના આધારે, કંપની અધિનિયમ, 2013ની કલમ 143 (6) હેઠળ રજૂ થયેલા નોંધપાત્ર ઑડિટ અવલોકનો, જો કોઈ હોય તો, સંબંધિત જાહેર ઉપક્રમોની વાર્ષિક સામાન્ય સભા સમક્ષ મુકવા જરૂરી છે.

## 5.5 ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના દેખરેખની ભૂમિકાના પરિણામો

### 5.5.1 કંપની અધિનિયમ, 2013ની કલમ 143 હેઠળ સરકારી કંપનીઓના નાણાકીય હિસાબોનું ઑડિટ

30 સપ્ટેમ્બર 2022ના રોજ, 43 જાહેર ઉપક્રમોએ વર્ષ 2021-22 માટે તેમના 43 નાણાકીય હિસાબો રજૂ કર્યા હતાં. બાકીના 55 જાહેર ઉપક્રમોએ 30 સપ્ટેમ્બર 2022 સુધીમાં વિવિધ કારણોસર તેમના 157 વાર્ષિક નાણાકીય હિસાબો રજૂ કર્યા ન હતાં. આ 55 જાહેર ઉપક્રમોમાંથી, 26 રાજ્ય જાહેર ઉપક્રમોએ 2018-19થી 2020-21 સુધીના પાછલા વર્ષો માટે 28 નાણાકીય હિસાબો રજૂ કર્યા હતાં.

2021-22 દરમિયાન પ્રાપ્ત થયેલા કુલ 71 નાણાકીય હિસાબોમાંથી, સાત નાણાકીય હિસાબોના સંદર્ભમાં બિન-સમીક્ષા પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યાં હતાં, અને 30 સપ્ટેમ્બર 2022 સુધી 43 નાણાકીય હિસાબોની સમીક્ષા કરવામાં આવી હતી. 21 નાણાકીય હિસાબોના સંદર્ભમાં 30 સપ્ટેમ્બર 2022ના રોજ ઑડિટ પ્રગતિમાં હતું. સમીક્ષાના પરિણામોનો સારાંશ નીચે આપેલ છે:

#### 5.5.1.1 નાણાકીય હિસાબોમાં સુધારો

30 સપ્ટેમ્બર 2022 સુધી પ્રાપ્ત થયેલા નાણાકીય હિસાબોના ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા હાથ ધરવામાં આવેલા પૂરક ઑડિટના પરિણામે, ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડે ત્રણ વર્ષ 2017-18થી 2019-20 માટેના નાણાકીય હિસાબોમાં સુધારો કર્યો હતો.

#### 5.5.1.2 ઑડિટર્સ રિપોર્ટનું પરિશોધન (Revision)

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા 30 સપ્ટેમ્બર 2022 સુધી પ્રાપ્ત નાણાકીય હિસાબોના પૂરક ઑડિટના પરિણામ સ્વરૂપે, પાંચ[34] જાહેર ઉપક્રમોના વૈધાનિક ઑડિટરોએ તેમની વાર્ષિક સામાન્ય સભામાં આ કંપનીઓના નાણાકીય હિસાબો મૂકતા પહેલા તેમના અહેવાલમાં પરિશોધન કર્યું હતું.

#### 5.5.1.3 ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા, જાહેર ઉપક્રમોના વૈધાનિક ઑડિટર્સના અહેવાલોને પૂરક જારી કરવામાં આવેલ નોંધપાત્ર ટિપ્પણીઓ

30 સપ્ટેમ્બર 2022 સુધી પ્રાપ્ત થયેલા નાણાકીય હિસાબોનું, વૈધાનિક ઑડિટર્સ દ્વારા ઑડિટ પછી, ભારત નિયંત્રક અને મહાલેખાપરીક્ષકે 41 જાહેર ઉપક્રમોના 43 નાણાકીય હિસાબોનું પૂરક ઑડિટ હાથ ધર્યું હતું. સરકાર નિયંત્રિત કંપનીઓ અને સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓના નાણાકીય હિસાબો પર જારી કરવામાં આવેલી કેટલીક નોંધપાત્ર ટિપ્પણીઓ નીચે આપવામાં આવી છે.

[34] ગુજરાત રાજ્ય એવીએશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ, ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ નિગમ લિમિટેડ, જી.એસ.પી.એલ ઇન્ડિયા ટ્રાન્સકો લિમિટેડ, ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડ અને જી-રાઈડ બેડી પોર્ટ રેલ લિમિટેડ.

## નફાકારકતા પર ટિપ્પણીઓ

| ક્રમાંક | જાહેર ઉપક્રમનું નામ | ટિપ્પણી |
|---|---|---|
| 1 | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (2020-21) | **આવક**<br><br>**કંપની પાસેની થાપણો પર મેળવેલ/ઉપાર્જિત વ્યાજ - ₹ 243.69 કરોડ**<br><br>22 ડિસેમ્બર 2015ના સરકારી ઠરાવ નિયત કરે છે કે, કમાયેલ વ્યાજ તે યોજના અથવા પ્રોજેક્ટ માટે જાળવવામાં આવેલા ખાતામાં સમાયોજિત કરવું જોઈએ. સરકારી ઠરાવ એ પણ જણાવે છે કે ઉપાર્જિત આવક ચોક્કસ યોજના/પ્રોજેક્ટ માટેના અનુદાનનો ભાગ બને છે અને તેનો ઉપયોગ યોજના/પ્રોજેક્ટના અમલીકરણ માટે કરવો જોઈએ. ઑડિટમાં જણાયું કે 01 એપ્રિલ 2020ના રોજ, નિગમે અનુદાન ખાતાઓમાં વર્ષ 2020-21 દરમિયાન ચૂકવેલ/સમાયોજિત કરેલ ₹ 45.36 કરોડના વ્યાજને અને ₹ 240.18 કરોડના ચૂકવવાપાત્ર વ્યાજ સમાયોજિત કર્યા ન હતાં. આમ, વર્ષ 2020-21 માટે અનુદાન પર ઉપાર્જિત વ્યાજની ગણતરી હિસાબોની નોંધ 21 અનુસાર વાર્ષિક 5.8 ટકાના દરે ₹ 194.82 કરોડ પર કરવામાં આવી ન હતી.<br><br>આ વર્ષ 2020-21 માટે વ્યાજની જવાબદારી વાસ્તવિક કરતાં ઓછી દર્શાવી હતી અને ₹ 11.30 કરોડની "કંપનીઓ પાસેની થાપણો પરની વ્યાજની આવક" વધુ દર્શાવાઈ હતી {₹ 240.18 કરોડ - ₹ 45.36 કરોડ (અનુસૂચી-જી મુજબ વર્ષ દરમિયાન ચૂકવેલ/સમાયોજિત કરવામાં આવેલી રકમ) x 5.8 ટકા સાદો વ્યાજ દર નોંધ – 21માં દર્શાવેલ છે}. |
| 2 | ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડ (2020-21) | **અન્ય આવક – ₹ 771.07 લાખ (નોંધ નં. 17)**<br><br>ઉપરોક્તમાં ₹ 406.95 લાખનો (મૂળ – ₹ 241.73 લાખ અને વ્યાજ – ₹ 165.22 લાખ) સમાવેશ થતો નથી જે વર્ષ 2009-10 માટે મૂલ્ય વર્ધિત વેરો (વેટ) રિફંડની રકમ છે જેના માટે વર્ષ 2020-21ના નાણાંકીય હિસાબોને અંતિમ સ્વરૂપ આપતા પહેલા મે 2021માં રિફંડનો ઓર્ડર મળ્યો હતો. મૂળ રકમ ₹ 241.73 લાખને અગાઉના સમયગાળાની આવકમાં ગણવામાં આવી હતી અને તેને મળવાપાત્ર વેટ રિફંડ તરીકે ઉધારવામાં આવી હતી જ્યારે વ્યાજની ₹ 165.22 લાખની રકમને નાણાકીય વર્ષ 2020-21માં હિસાબમાં લેવામાં આવી ન હતી.<br><br>કારણ કે વેટ રિફંડ ન તો ભૂલ છે કે ન તો ચૂક છે, તેથી તેને અગાઉના સમયગાળાની બાબત તરીકે ગણી શકાય નહીં. આના પરિણામે ₹ 241.73 લાખની અગાઉના સમયગાળાની આવક વધુ દર્શાવાઈ અને અન્ય આવક ઓછી દર્શાવાઈ. તેમજ વેટ રિફંડના વ્યાજને હિસાબમાં ન લેવાથી અન્ય આવક તેમજ મળવાપાત્ર વ્યાજ ₹ 165.22 લાખ જેટલું ઓછું દર્શાવવામાં આવ્યું. |

## નાણાકીય સ્થિતિ પર ટિપ્પણીઓ

| ક્રમાંક | જાહેર ઉપક્રમનું નામ | ટિપ્પણી |
|---|---|---|
| 1 | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (2020-21) | **અસ્કયામતો**<br>**જમીનનો ખર્ચ અને ઔદ્યોગિક વસાહતોના વિકાસ માટે મૂડી ખર્ચ (અનુસૂચી B) - ₹ 13,442.08 કરોડ**<br>પ્રતિસ્થાપન અને નવીનીકરણ નિયમન (રિપ્લેસમેન્ટ અને રિન્યુઅલ રેગ્યુલેશન્સ) પ્રમાણે ઘસારાની ગણતરી કરવા માટે "વિકાસકીય ખર્ચ માટે મૂડી ખર્ચ" શીર્ષક હેઠળ અસ્કયામતોની એકંદર રકમ ₹ 4,159.63 કરોડ લેવામાં આવી હતી. જો કે, સરવૈયાના ભાગરૂપ અનુસૂચી-Bમાં તે ₹ 4,136.72 કરોડ તરીકે દર્શાવવામાં આવી હતી. આથી, ₹ 22.91 કરોડનો તફાવત રહ્યો હતો જેનું સમાધાન કરવું જરૂર છે. સમાધાનની ગેરહાજરીમાં, અસ્કયામતોની સમાધાન થયા વગરની રકમના કારણે ઘસારા પરની અસર, ઑડિટ નિર્ધારી શક્યું ન હતું. |
| | | **ચાલુ અસ્કયામતો**<br>**રોકડ અને બેંક પુરાંત - ₹ 394.98 કરોડ**<br>નિગમ પાસે 103 બેંક ખાતા છે જેમાંથી 77 બેંક ખાતાના સંબંધમાં હિસાબોનું સમાધાન પત્રક તૈયાર કરવામાં આવ્યું છે જ્યારે 26 બેંક ખાતાઓની બેંક પુરાંત અને કાચા સરવૈયાની (Trial Balance) પુરાંત વચ્ચેના તફાવતના સમાધાન માટે બેંક સમાધાન પત્રક તૈયાર કરવામાં આવ્યું નથી. 26 બેંક ખાતાઓમાંથી માત્ર પાંચ (5) બેંક ખાતાઓના, પુરાંત પુષ્ટિ પ્રમાણપત્રો ઉપલબ્ધ હતાં, જ્યારે બાકીના 21 બેંક ખાતાઓમાં, પુરાંત પુષ્ટિ પ્રમાણપત્રો ઉપલબ્ધ ન હતાં. જોવામાં આવેલી વિસંગતતાઓની વિગતોની ચર્ચા નીચે કરવામાં આવી છે;<br>a. 77 (103 - 26) બેંક ખાતાઓમાંથી, 50 બેંક ખાતાઓમાં, સમાધાન હિસાબો અને કાચા સરવૈયા મુજબ બુક બેલેંસની બાકીના તફાવતને કારણે માર્ચ 2021 સુધીમાં ₹ 92.35 કરોડનું સમાધાન વગરનું બાકી બેલેંસ હતું.<br>b. 103 બેંક ખાતાઓમાંથી 26 બેંક ખાતાઓમાં, સમાધાન હિસાબો તૈયાર કરવામાં આવેલ નથી જ્યારે માત્ર પાંચ ખાતાઓના સંબંધમાં બેંક બેલેંસનું પ્રમાણપત્ર ઉપલબ્ધ હતું. બેંક બેલેંસ પુષ્ટિ પ્રમાણપત્ર મુજબ, એક એકાઉન્ટ શૂન્ય બેલેંસ સાથે બંધ કરવામાં આવ્યું હતું, જો કે કાચા સરવૈયા મુજબ આ બેંક ખાતામાં ₹3.24 લાખનું બેલેંસ હતું. ત્રણ ખાતાના સંદર્ભમાં કાચા સરવૈયા અને બેંક પ્રમાણપત્રના બેલેંસમાં ₹ 3.81 લાખનો તફાવત હતો, જ્યારે બાકીના એક ખાતામાં, કાચા સરવૈયાના બેલેંસ અને બેંક પ્રમાણપત્રના બેલેંસ વચ્ચે કોઈ તફાવત ન હતો.<br>c. 26 બેંક ખાતાઓમાંથી 21 (26-5) બેંક ખાતાના સંદર્ભમાં, સમાધાન હિસાબો તૈયાર કરવામાં આવ્યાં ન હતાં અને નિગમ દ્વારા બેલેંસ પુષ્ટિ પ્રમાણપત્રો પણ રજૂ કરવામાં આવ્યાં નથી. આની ગેરહાજરીમાં, ઑડિટ ₹ 12.28 કરોડના બેંક બેલેંસની ખરાઈની ચકાસણી કરી શકતું નથી. વધુમાં, બે ખાતાઓ બંધ કરવામાં આવ્યા હતા જો કે કાચા સરવૈયામાં, તે બે ખાતા ₹ 1.55 કરોડનું બેલેંસ (₹ 6,28,564.73 + ₹ 1,48,94,215.06) દર્શાવતા હતાં.<br>આથી, યોગ્ય સમાધાનની ગેરહાજરીમાં, ઑડિટ વર્ષ દરમિયાન, જવાબદારી/ખર્ચની જોગવાઈ કરવાની સીમા અને વર્ષ 2020-21 માટેના આવક અને ખર્ચ ખાતા તથા સરવૈયા પર તેની અસર ચકાસી શક્યું નથી. |
| 2 | સરીગામ કલીન ઇનિશીએટીવ (2020-21) | **સ્થાયી** (Non-Current) **અસ્કયામતો**<br>**મિલકત, પ્લાન્ટ અને સાધનો– ₹ 51.77 કરોડ (નોંધ નંબર 7)**<br>કંપનીની રચના 08 જૂન 2015ના રોજ કરવામાં આવી હતી અને તેણે જૂન 2015માં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સહિયારા ગંદાપાણીની પ્રક્રિયાના પ્લાન્ટનો (Common Effluent |

| ક્રમાંક | જાહેર ઉપક્રમનું નામ | ટિપ્પણી |
|---|---|---|
| | | Treatment Plant (CETP)) ભૌતિક કબજો મેળવ્યો હતો. કંપનીએ CETPનું 01 એપ્રિલ 2019થી ₹ 59.00 કરોડના મૂડી ખર્ચ મૂડીકરણ કર્યું હતું. કંપનીએ 01 ઓગસ્ટ 2015થી CETP ના ઉપયોગ માટે સભ્યોને બિલિંગ કરવાનું શરૂ કર્યું હતું. CETP નું વ્યાપારીકરણ કરવામાં આવ્યું હોવાથી અને 01 ઓગસ્ટ 2015 થી સંપત્તિનું જોખમ અને વળતર કંપનીને મળતું થયું હોવાથી, CETPને 01 ઓગસ્ટ 2015થી મૂડીકૃત કરવામાં આવવું જોઈએ. અને તે મુજબ ઘસારાની ગણતરી થવી જોઈએ. વધુમાં, કંપનીએ કંપની અધિનિયમ, 2013ની અનુસૂચિ IIમાં પૂરી પાડવામાં આવેલ સીધી લીટીની પદ્ધતિનો (SLM) ઘસારાનો દર ખોટી રીતે લાગુ કર્યો હતો. સંપત્તિઓની કુલ કિંમતની જગ્યાએ શેષ કિંમત (એટલે કે કુલ કિમતના 95 ટકા) પર ઘસારાની ગણતરી કરી હતી. આના પરિણામે, આ વર્ષ તેમજ અગાઉના સમયગાળા માટે ઘસારાની કિંમતની ઓછી આકણી થઇ હતી.<br>ઉપરોક્તની ચોખ્ખી અસરને કારણે અગાઉના સમયગાળાના ખર્ચમાં ₹ 15.19 કરોડની ઓછી આંકણી, રિઝર્વ અને વધારાની નકારાત્મક પુરાંતમાં ₹ 15.19 કરોડની ઓછી આંકણી, વર્ષ માટેના ઘસારાની ₹ 0.19 કરોડની ઓછી આંકણી અને પરિણામે કરવેરા પહેલાંના નફામાં ₹ 0.19 કરોડની વધુ આંકણી થઇ હતી. પરિણામે, મિલકત, પ્લાન્ટ અને સાધનોની ચોખ્ખી કિમતમાં ₹ 15.38 કરોડની વધુ આંકણી થઇ હતી. |
| 3 | ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ (2020-21) | **શેર મૂડી અને જવાબદારીઓ: શેરધારકોનું ભંડોળ**<br>**અનામત અને વધારો – ₹ 9180.83 લાખ (નોંધ નં.3)**<br>**સરકાર તરફથી સહાયકી**<br>i) કંપનીએ માહિતી આપી હતી કે મૂડી અસ્કયામતો માટે અનુદાનમાં માળખાકીય સુવિધાઓ માટે અનુદાનનો (MSP) સમાવેશ થાય છે જેમાં ₹ 586.35 લાખની વણવપરાયેલી પુરાંત પડી હતી. જો કે, અનામત અને વધારામાં સમાવિષ્ટ મૂડી અસ્કયામતો માટેની તમામ અનુદાનની પુરાંત ₹ 209.85 લાખ છે. વધુમાં, કંપની પાસે મૂડી અસ્કયામતો માટે મળેલ અનુદાન અને મૂડી અસ્કયામતો સિવાયની અન્ય માટે મળેલ અનુદાનનું મેળવણું કરવા માટેની કોઈ પદ્ધતિ નથી. આથી, ઑડિટ દરેક સદર હેઠળની પુરાંતની ખાતરી આપી શકતું નથી.<br>(ii) ઉપરમાં ₹ 101.30 લાખનો સમાવેશ થાય છે જેનો ઉપયોગ મધ એકત્રીકરણ પ્રવૃત્તિઓ માટે કરવામાં આવ્યો હતો અને મૂડી અસ્કયામતો પર સરકાર તરફથી સહાયકી હેઠળ ખર્ચ ઉધાર કરવામાં આવ્યો હતો, જોકે તેની નોંધ સહાયકી/અનુદાન (મૂડી અસ્કયામતો સિવાય) હેઠળ ખર્ચ તરીકે કરવી જોઈતી હતી. અનુદાનના ઉપયોગના ખોટા હિસાબને કારણે મૂડી અસ્કયામતો પર સરકાર તરફથી સહાયકીની ઓછી આંકણી થઇ હતી અને અને ₹ 101.30 લાખની પ્રાપ્ત સહાયકી/અનુદાનની (મૂડી અસ્કયામતો સિવાય) વધુ આંકણી થઇ હતી.<br>iii) ઉપરોક્તમાં ₹ 1,594.84 લાખની વણવપરાયેલ અનુદાનનો સમાવેશ થાય છે (મૂડી અસ્કયામતો – ₹ 209.85 લાખ અને મૂડી સિવાયની અસ્કયામતો – ₹ 1,384.99 લાખ). ઉપરોક્ત અનુદાનમાં શેર મૂડી જારી કરવાનું કોઈ બંધન ન હોવાથી, તેનો સમાવેશ અનામત અને વધારામાં ન કરવો જોઇએ અને અનુદાનની પ્રકૃતિના (ક્યાં તો મૂડી અથવા મહેસૂલ) આધારે વિલંબિત સરકારી અનુદાન/અન્ય ચાલુ જવાબદારીઓ તરીકે અલગથી નોંધવી જોઇએ. આના પરિણામે અનામત અને વધારામાં ₹ 1594.84 લાખની વધુ આંકણી થઇ છે, વિલંબિત સરકારી અનુદાન/ અન્ય ચાલુ જવાબદારીઓની ₹ 1,594.84 લાખની ઓછી આંકણી થઇ છે. |

## ખુલાસાઓ પર ટિપ્પણીઓ (Comments on Disclosures)

| ક્રમાંક | જાહેર ઉપક્રમનું નામ | ટિપ્પણીઓ |
|---|---|---|
| 1 | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (2020-21) | નિગમ માટે ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા મંજૂર કરાયેલ પ્રતિસ્થાપન અને નવીનીકરણ નિયમન (રિપ્લેસમેન્ટ અને રિન્યુઅલ રેગ્યુલેશન્સ) (જુન 1979) મુજબ, પ્રતિસ્થાપનના દરોની સમયાંતરે સમીક્ષા થવી જોઈતી હતી, પરંતુ પાંચ વર્ષમાં ઓછામાં ઓછી એક વાર તો ખરી જ. જો કે, આ દરો 2006-07 થી બદલાયા નથી. આને ધ્યાનમાં રાખીને, નિગમે સમીક્ષા ન કરવાના કારણ(ઓ)ના ખુલાસા કરવા જોઈએ અને હિસાબોની નોંધમાં જણાવવું જોઈતું હતું કે શું નક્કી કરાયેલા દરો પર્યાપ્ત હતા અથવા અન્ય કોઈ કારણોસર તેની સમીક્ષા થઈ શકતી નથી. |
| 2 | ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડ (2019-20) | **નાણાકીય હિસાબોની નોંધો**<br>કંપનીના નાણાકીય હિસાબોનું અગાઉ વૈધાનિક ઑડિટર દ્વારા ઑડિટ કરવામાં આવ્યું હતું અને તેઓએ 30 નવેમ્બર 2021ના રોજ ઑડિટ અહેવાલ જારી કર્યો હતો. ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકે ઑડિટ હાથ ધર્યું હતું અને 20 જાન્યુઆરી 2022ના રોજ કામચલાઉ ટિપ્પણીઓ જારી કરી હતી. ત્યારબાદ કંપનીના નાણાકીય હિસાબો ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા જારી કરાયેલ કામચલાઉ ટિપ્પણીઓની અસર આપવા માટે સુધાર્યા હતાં અને તેનું વૈધાનિક ઑડિટર દ્વારા ઑડિટ કરવામાં આવ્યું છે.<br>જો કે, કંપનીના નાણાકીય હિસાબોના પરિશોધનની હકીકતના સંદર્ભમાં ખુલાસાઓ હિસાબોની નોંધમાં કરવામાં આવ્યા નથી. |
| 3 | સરીગામ કલીન ઇનિશીએટીવ (2020-21) | **નોંધ 13 (i): આકસ્મિક જવાબદારીઓની જોગવાઈ – આકસ્મિક અસ્કયામતો**<br>સરીગામ ખાતેના સહિયારા ગંદા પાણીની પ્રક્રિયાના પ્લાન્ટ (cetp) પેટે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને ચૂકવવાના થતા ₹ 20.09 કરોડની રકમનો ઉપરોક્તમાં સમાવેશ થયો નથી. કંપનીએ ₹ 59.00 કરોડના ખર્ચે 01 એપ્રિલ 2019થી cetpની શરૂઆત કરી. ઑક્ટોબર 2021માં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા ગણવામાં આવેલી cetpની કિંમત, જેમાં અસ્ક્યામતના બદલાની વિલંબિત ચુકવણી માટે ₹ 27.31 કરોડના વ્યાજની રકમનો સમાવેશ થતો હતો (31 જુલાઈ 2015 સુધી વસૂલવામાં આવેલા ₹ 12.42 કરોડ અને 31 જુલાઈ 2015 પછી વસૂલવામાં આવેલા ₹ 14.89 કરોડ) તેની સાથે ₹ 79.09 કરોડ હતી. કંપનીએ બદલાની આ રકમ અનુસાર ચુકવણી કરવાનું શરુ કર્યું હતું, જોકે કંપની અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ વચ્ચે અંતિમ સહમતિ સાધવાની હજી બાકી હતી.<br><br>કંપની અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ વચ્ચે આખરી સહમતિ સધાવાની હજુ બાકી હોવાથી, સરીગામ ખાતે સહિયારા ગંદા પાણીના નિકાલ માટેના પ્લાન્ટના (cetp) બદલા પેટે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને (gidc) ચૂકવવાપાત્ર ₹ 20.09 કરોડની રકમનો આકસ્મિક જવાબદારી તરીકે ખુલાસો કરવો જોઈતો હતો. જવાબદારીઓ. તેથી, નોંધ નં. 13 (i) આકસ્મિક જવાબદારીઓની જોગવાઈ - આકસ્મિક અસ્કયામતોમાં તે હદ સુધી ઉણપ હતી. |
| | | **નોંધ નંબર 4: વ્યાપારના ચૂકવણા**<br>જુલાઈ 2019માં સંશોધિત કંપની અધિનિયમ, 2013ના વિભાગ i બિન- ભારતીય હિસાબી ધોરણો અનુસૂચી iii પરની માર્ગદર્શિકાના પેરા 8.6માં નિયત કર્યા મુજબ, ચાલુ જવાબદારીઓ હેઠળના વ્યાપારના ચૂકવણાઓને બે ભાગમાં વિભાજિત કરવા |

| ક્રમાંક | જાહેર ઉપક્રમનું નામ | ટિપ્પણીઓ |
|---|---|---|
| | | જોઈએ - (a) સૂક્ષ્મ ઉદ્યોગોની અને લઘુ ઉદ્યોગોને કુલ બાકી દેવા; અને (b) સૂક્ષ્મ ઉદ્યોગો અને લઘુ ઉદ્યોગો સિવાયના લેણદારોને કુલ બાકી દેવા.<br>કંપનીએ પાછલા બે નાણાકીય વર્ષોમાં જરૂરી ખાતરી આપી હોવા છતાં, ઉપરોક્ત ઓછામાં ઓછા ખુલાસા કરવાની જરૂરિયાતનું પાલન કર્યું નથી, નાણાકીય હિસાબોની નોંધ નંબર 4માં તે હદ સુધી ઉણપ છે. |
| 4 | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ (2021-22) | આકસ્મિક જવાબદારીઓ<br>sebi (lodr) નિયમનો, 2015ની જોગવાઈઓનું પાલન ન કરવા બદલ માર્ચ 2022 અંતિત ત્રિમાસિક માટે નિગમ પર લાદવામાં આવેલ ₹ 0.12 કરોડના દંડની હકીકતનો ખુલાસો કરવામાં આવ્યો ન હતો. વિવિધ કોર્પોરેટ ગવર્નન્સ મુદ્દાઓ જેમ કે, સ્વતંત્ર નિયામકની નિમણૂક ન કરવી, નામાંકન અને મહેનતાણું સમિતિની રચના ન કરવી, લઘુત્તમ જાહેર શેરધારણની શરતનું પાલન ન કરવું, વગેરેનું પાલન ન કરવા બદલ દંડ લાદવામાં આવ્યો હતો. નિગમે દંડ લાદવા સામે એમ કહીને વાંધો ઉઠાવ્યો છે કે, રાજ્ય નાણાકીય નિગમ (sfc) અધિનિયમમાં, જરૂરી શરતોનો સમાવેશ નથી કરાયો અથવા સેબી દ્વારા નિર્દિષ્ટ શરતોના વિરોધાભાસમાં છે.<br>સેબીએ (20 ડિસેમ્બર 2021), નિગમને sfc અધિનિયમમાં સુધારો કરવાની સલાહ આપી છે. નિગમે જાન્યુઆરી 2022માં ભારત સરકાર, નાણા મંત્રાલય અને નાણાકીય સેવાઓના વિભાગ (વહીવટી વિભાગ-ઉદ્યોગ અને ખાણ વિભાગ મારફતે) સાથે sfc અધિનિયમમાં સુધારાને લગતી બાબત ઉઠાવી હતી. આ બાબત હજુ પણ વિચારાધીન છે અને દંડ હજુ માફ કરવામાં આવ્યો નથી.<br>આકસ્મિક જવાબદારીઓ હેઠળના ખુલાસા તે હદ સુધી અપૂર્ણ છે. |
| 5 | જી.એસ.પી.એલ. ઇન્ડિયા ગેસનેટ લિમિટેડ (2021-22) | 1.એકાકી ભારતીય હિસાબી ધોરણ પ્રમાણેના નાણાકીય હિસાબોની નોંધો<br>આકસ્મિક જવાબદારીઓ (નોંધ-27)<br>પેટ્રોલિયમ અને કુદરતી ગેસ નિયંત્રક બોર્ડ (pngrb) કામની ધીમી પ્રગતિને કારણે ₹ 880 લાખની[35] પરફોર્મન્સ બેંક બાંયધરીઓને (pbg) રોકડમાં ફેરવવાનો આદેશ જારી કર્યો (માર્ચ 2016). કંપનીએ તેને પડકાર્યો હતો અને આ મામલો એપેલેટ ટ્રિબ્યુનલ ફોર ઈલેક્ટ્રીસિટીમાં (aptel) ન્યાયાધીન હોવાથી, કંપની ₹ 880 લાખની ચુકવણીને, 31 માર્ચ 2021 સુધી વિરોધ હેઠળ ચૂકવણી તરીકે દર્શાવતી હતી.<br>2021-22 દરમિયાન, pngrbએ aptelના ચુકાદાના આધારે mbpl માટે કંપનીને ₹ 500 લાખની રોકડમાં ફેરવેલી pbg પરત કરી હતી, જે વર્ષ દરમિયાન કંપનીને મળી હતી. pngrb એ bjspl પાઈપલાઈન પ્રોજેક્ટને ગુરદાસપુર ખાતે સમાપ્ત કરવાની મંજૂરી એ શરતે આપી હતી કે ₹ 380 લાખની રોકડ pbg, pngrb દ્વારા જાળવી રાખવામાં આવશે. તેથી, કંપનીએ વર્ષ 2021-22 દરમિયાન “અન્ય ખર્ચાઓ” શીર્ષક હેઠળ નફા અને નુકશાનના હિસાબોમાં આ રકમને નોંધી હતી.<br>**ઉપરોક્ત તથ્યો મહત્વના હોવાને કારણે કંપની દ્વારા ભારતીય હિસાબો ધોરણોના નાણાકીય હિસાબોની નોંધોમાં જાહેર કરવા જોઈતા હતાં.** |

35 (મહેસાણા-ભટીંડા કુદરતી ગેસ પાઈપલાઈન (MBPL) માટે ₹ 500 લાખ, અને ભટીંડા-જમ્મુ-શ્રીનગર પાઈપલાઈન (BJSPL) માટે ₹ 380 લાખ)

| ક્રમાંક | જાહેર ઉપક્રમનું નામ | ટિપ્પણીઓ |
|---|---|---|
| | | વધુમાં, આવકના એક ટકા કરતાં વધુ હોવા છતાં, નાણાકીય હિસાબોમાં અલગથી દર્શાવવાની જગ્યાએ કંપનીએ ₹ 380 લાખના ખર્ચને "અન્ય ખર્ચ" શીર્ષક હેઠળ પરચુરણ ખર્ચ તરીકે વર્ગીકૃત કર્યો હતો.<br>ઉપરોક્તના કારણે, નાણાકીય હિસાબોની નોંધો ઉપરોક્ત હદ સુધી ઉણપવાળી છે. |

### 5.5.1.4 સંચાલકીય પત્ર

નાણાકીય ઑડિટનો એક ઉદ્દેશ્ય ઑડિટર અને કોર્પોરેટ ઉદ્યોગના સંચાલનની જવાબદારી સાથે જવાબદાર લોકો વચ્ચે નાણાકીય હિસાબોના ઑડિટથી ઉદ્ભવેલ ઑડિટ બાબતો પર સંચાર સ્થાપિત કરવાનો છે.

જાહેર ઉપક્રમોના નાણાકીય હિસાબો પરના મહત્વના અવલોકનોને, ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા કંપની અધિનિયમ, 2013ની કલમ 143 (6) હેઠળની ટિપ્પણીઓ રૂપે જાણ કરવામાં આવી હતી. આ ટિપ્પણીઓ ઉપરાંત, નાણાકીય હિસાબોમાં અથવા તેની રજૂઆતમાં થયેલી ક્ષતિઓને, ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા સુધારાત્મક પગલાં લેવા માટે વ્યવસ્થાપકોને 'સંચાલકીય પત્ર' દ્વારા પણ જાણ કરવામાં આવી હતી. ક્ષતિઓ સામાન્ય રીતે આને લગતી હતી, (a) હિસાબી નીતિઓના અમલીકરણ અને અર્થઘટન (b) ઑડિટમાંથી ઉદ્ભવતા સમાયોજન અને (c) કેટલીક બાબતો જેના પર જાહેર ઉપક્રમોના સંચાલકોએ પાછલા વર્ષોમાં બાહેંધરી આપી હતી કે આગામી વર્ષમાં સુધારાત્મક પગલા લેવામાં આવશે, તેના ખુલાસાઓ ન કરવા કે અધૂરા ખુલાસા કરવા. આ 57 સંચાલકીય પત્રો જેમને જારી કરવામાં આવ્યા હતા તેવા જાહેર ઉપક્રમોની સૂચી **પરિશિષ્ટ 5.8માં** આપવામાં આવી છે.

## 5.6 ઉપસંહાર

31 માર્ચ 2022ના રોજ, 64 સરકારી કંપનીઓ (12 બિન-કાર્યરત કંપનીઓ સહિત), ચાર વૈધાનિક નિગમો અને 32 સરકાર નિયંત્રિત અન્ય કંપનીઓ સહિત 100 જાહેર ઉપક્રમો હતાં.

2021-22 દરમિયાન, સરકારી કંપનીઓ અને વૈધાનિક નિગમોએ વાર્ષિક ₹ 1,62,392.00 કરોડનો વકરો નોંધાવ્યો હતો, જે ગુજરાતના રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનના 8.35 ટકા જેટલો હતો. 31 માર્ચ 2022 અંતિત શેર મૂડી અને લાંબા ગાળાની લોનમાં ₹ 1,39,756.58 કરોડના કુલ રોકાણ સામે, રાજ્ય સરકારનું રોકાણ ₹ 1,04,709.07 કરોડ હતું. આ જાહેર ઉપક્રમોની લાંબા ગાળાની લોનની બાકી, અગાઉના વર્ષના ₹ 20,498.31 કરોડથી (2020-21) ઘટીને 31 માર્ચ 2022ના રોજ ₹ 19,319.57 કરોડ થઈ હતી.

67 સરકારી કંપનીઓમાંથી, 43 જાહેર ઉપક્રમોએ કર પછીનો નફો (₹ 4,211.26 કરોડ) નોંધાવ્યો હતો, જ્યારે 16 જાહેર ઉપક્રમોએ નુકશાન (₹ 1,487.59 કરોડ) નોંધાવ્યું હતું અને આઠ જાહેર ઉપક્રમોએ ન તો નફો નોંધાવ્યો કે ન તો નુકશાન નોંધાવ્યું હતું. 31 માર્ચ 2022ના રોજ, 22 જાહેર ઉપક્રમોએ ₹ 29,312.55 કરોડનું સંચિત નુકશાન નોંધાવ્યું હતું. 32 સરકાર નિયંત્રિત અન્ય

કંપનીઓમાંથી 18 જાહેર ઉપક્રમોએ ₹ 2,845.33 કરોડનો નફો નોંધાવ્યો હતો અને 14 જાહેર ઉપક્રમોએ ₹ 264.04 કરોડનું નુકશાન નોંધાવ્યું હતું.

વધુમાં, ત્રણ વૈધાનિક નિગમો સહિત 55 જાહેર ઉપક્રમોના એકસો સત્તાવન નાણાકીય હિસાબો પાછલા બાકી હતા.

## 5.7 ભલામણો

i) ગુજરાત સરકાર, નુકશાન કરતા તમામ જાહેર ઉપક્રમોની કામગીરીની સમીક્ષા કરી શકે છે અને તેમની નાણાકીય કામગીરી સુધારવા માટે જરૂરી પગલાં લેવા જોઇએ.

ii) સરકાર, વ્યક્તિગત જાહેર ઉપક્રમો દ્વારા નાણાકીય હિસાબો સસમય પૂરા પાડવા અને પાછલા બાકી નાણાકીય હિસાબોની પતાવટ માટે લક્ષ્ય નિર્ધારિત કરવા માટે વહીવટી વિભાગોને જરૂરી સૂચનાઓ જારી કરી શકે છે.

(iii) સરકાર બિન-કાર્યરત સરકારી કંપનીઓની સમીક્ષા કરી શકે છે અને તેમને પુનર્જીવિત/સમેટી લેવા અંગે યોગ્ય નિર્ણય કરવો જોઈએ.

**(વિજય એન. કોઠારી)**

**અમદાવાદ** **મહાલેખાકાર (ઑડિટ-II), ગુજરાત**

**તા :20 March 2023**

**પ્રતિ સહી**

**(ગિરીશ ચંદ્ર મુર્મૂ)**

**નવી દિલ્લી** **ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક**

**તા :21 March 2023**

# પરિશિષ્ટો

## પરિશિષ્ટ 1.1: રાજ્યની રૂપરેખા

**(સંદર્ભ: ફકરો 1.1)**

| ક્રમાંક | વિગતો | એકમ | ભારત | ગુજરાત |
|---|---|---|---|---|
| 1. | વિસ્તાર | ચો.કિ.મી. | 32,87,263 | 1,96,244 |
| 2. | વસ્તી (2012) | કરોડમાં | 122.69 | 6.14 |
| | વસ્તીના અંદાજો (2022) | કરોડમાં | 137.56 | 7.06 |
| 3. | વસ્તીની ગીચતા (2011) | ચો.કિ.મી. દીઠ વ્યક્તિઓ. | 418 | 360 |
| 4. | કુલ વસ્તીની સામે શહેરી વસ્તી (2011) | ટકા | 31.1 | 42.6 |
| 5. | લિંગ ગુણોત્તર | 1000 પુરૂષો દીઠ સ્ત્રીઓ | 943 | 919 |
| 6. | ગરીબી રેખા નીચેની વસ્તી (2011-12) | ટકા | 21.9 | 16.6 |
| 7. | સાક્ષરતા (2011) | ટકા | 73.0 | 78.0 |
| 8. | બાળ મરણનો દર (2019) | દર 1000 જીવિત જન્મ દીઠ | 28.0 | 23.0 |
| 9. | જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય (2014-18) | વર્ષ | 69.7 | 70.2 |
| 10 | વસ્તી વૃધ્ધિ (2012 to 2022) | ટકા | 12.12 | 15.09 |
| 11 | વર્તમાન ભાવોએ (2011-12 શ્રેણી) એકંદર ઘરેલુ ઉત્પાદન અને રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (2021-22) | (₹ કરોડમાં) | 2,36,64,637 | 19,44,107 |

**સ્રોત:**

1. ભારતની વસ્તી ગણતરી 2011; (ક્રમાંક 1)
2. રાષ્ટ્રીય વસ્તી કમિશન (નેશનલ કમિશન ફોર પોપ્યુલેશન), આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના ભારત અને રાજ્યો માટે (2011-2036) વસ્તીના અંદાજો પરના તકનિકી જૂથનો અહેવાલ (ક્રમાંક. 2,3 અને 10)
3. સામાજીક-આર્થિક સમીક્ષા, ગુજરાત સરકાર 2021-22 (ક્રમાંક 4 અને 5)
4. આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય; (ક્રમાંક 6)
5. આર્થિક સર્વેક્ષણ 2021-22, ભારતની વસ્તી ગણતરી 2011; (ક્રમાંક 7)
6. આંકડાશાસ્ત્રીય અહેવાલ પધ્ધતિનું બુલેટિન, ,મે 2022; (ક્રમાંક 8)
7. આંકડાશાસ્ત્રીય અહેવાલ પધ્ધતિ આધારિત સંક્ષિપ્ત જીવન કોષ્ટકો, 2015-19ના પત્રકો, ભારતના મહારજીસ્ટ્રાર (ક્રમાંક 9)
8. કેન્દ્રીય આંકડાશાસ્ત્ર કચેરી (CSO), આંકડાશાસ્ત્ર અને યોજના અમલીકરણ મંત્રાલય; ગુજરાત નાણાકીય જવાબદારી અધિનિયમ, 2005ના (2022-23) ગુજરાત અંદાજપત્રીય પ્રકાશન સંખ્યા 30માં બતાવ્યા પ્રમાણે ગુજરાત રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (ક્રમાંક 11)

## પરિશિષ્ટ 2.1
### રાજ્ય સરકારની નાણાકીય પરિસ્થિતિ પર સમયશ્રેણી-વાર વિગતો
(સંદર્ભ: ફકરો 2.2)

(₹ કરોડમાં)

| | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| *ભાગ ક - આવક* | | | | | |
| 1. મહેસૂલી આવક | 1,23,291 | 1,36,002 | 1,42,844 | 1,28,156 | 1,66,830 |
| (A) કર આવક | 92,331 | 1,03,592 | 99,240 | 90,485 | 1,28,784 |
| (i) પોતાની કર આવક | 71,549 | 80,103 | 79,008 | 70,266 | 97,678 |
| રાજ્ય માલ અને સેવા કર (SGST) | 21,251 | 34,889 | 34,107 | 29,459 | 43,487 |
| વેચાણ, વેપાર વગેરે (મૂલ્યવર્ધિત વેરો/વેચાણ વેરો) પર વેરા | 29,639 | 22,414 | 21,072 | 18,800 | 29,044 |
| રાજ્ય આબકારી | 85 | 131 | 138 | 134 | 155 |
| વાહનો પર કર | 3,885 | 4,119 | 3,847 | 2,981 | 3,889 |
| સ્ટેમ્પ અને નોંધણી ફી | 7,255 | 7,781 | 7,701 | 7,390 | 10,433 |
| જમીન મહેસૂલ | 1,859 | 2,408 | 2,359 | 2,134 | 2,782 |
| માલસામાન અને યાત્રીઓ પર વેરો | 131 | 117 | 48 | 104 | 11 |
| વીજળી વેરા પર કર | 6,484 | 7,348 | 8,774 | 8,319 | 7,013 |
| અન્ય કરવેરા | 960 | 896 | 962 | 945 | 864 |
| (ii) કેન્દ્રીય કરવેરા અને જકાતમાં રાજ્યનો હિસ્સો | 20,782 | 23,489 | 20,232 | 20,219 | 31,106 |
| (B) બિન-કર આવક | 15,074 | 13,417 | 18,104 | 10,493 | 14,018 |
| (C) ભારત સરકાર તરફથી સહાયક અનુદાન | 15,886 | 18,993 | 25,500 | 27,178 | 24,028 |
| 2. પરચૂરણ મૂડી આવક | 0 | 65 | 106 | 9,968 | 0 |
| 3. લોન અને પેશગીઓની વસૂલાત | 346 | 151 | 330 | 155 | 155 |
| સામાન્ય સેવાઓ | - | - | - | - | - |
| સામાજીક સેવાઓ | 7 | 12 | 16 | 17 | 37 |
| આર્થિક સેવાઓ | 291 | 89 | 271 | 83 | 148 |
| સરકારી કર્મચારીઓને લોન અને પરચુરણ લોન | 48 | 50 | 43 | 56 | (-) 30 |
| 4. કુલ મહેસૂલી અને બિન-ઋણ મૂડી આવક (1+2+3) | 1,23,637 | 1,36,218 | 1,43,280 | 1,38,280 | 1,66,985 |
| 5. જાહેર ઋણની આવક | 26,953 | 43,146 | 43,491 | 58,857 | 46,969[1] |
| આંતરિક ઋણ (સાધનોપાય પેશગીઓ અને ઓવરડ્રાફ્ટ સિવાય) | 26,863 | 40,950 | 42,694 | 47,508 | 33,293 |
| સાધનોપાય પેશગીઓ અને ઓવરડ્રાફ્ટ હેઠળના ચોખ્ખા વ્યવહારો | - | - | - | - | - |
| ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ | 90 | 2,196 | 797 | 11,349 | 13,676[1] |

[1] ₹ 1.00 કરોડનો તફાવત મીંડાવવાના કારણે અહીં 'જાહેર ઋણની આવક'નો આંકડો કોઠા 2.16 અને કોઠા 2.44 માંના આંકડા સાથે મળતો નથી. એ જ રીતે, ₹ 1.00 કરોડનો તફાવત મીંડાવવાના કારણે અહીં 'ભારત સરકાર પાસેથી લોન અને પેશગીઓ' કોઠા 2.42ના આંકડા સાથે મળતો નથી.

| | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| **6. સંચિત નિધિમાં કુલ આવક (4+5)** | **1,50,590** | **1,79,364** | **1,86,771** | **1,97,137** | **2,13,954** |
| **7. આકસ્મિક નિધિમાં આવક** | **0** | **0** | **0.25** | **0** | **0** |
| **8. જાહેર હિસાબની આવક (એકંદર)** | **89,133** | **1,05,720** | **1,04,862** | **1,00,214** | **1,18,597** |
| **9. રાજ્યની કુલ આવક (6+7+8)** | **2,39,723** | **2,85,084** | **2,91,633** | **2,97,351** | **3,32,551** |
| *ભાગ ખ -ખર્ચ/ચૂકવણી* | | | | | |
| **10. મહેસૂલી ખર્ચ** | **1,18,060** | **1,32,790** | **1,40,899** | **1,50,704** | **1,60,421** |
| રાજ્યના ભંડોળનો ખર્ચ | 1,03,047 | 1,17,424 | 1,21,874 | 1,30,334 | 1,42,028 |
| કેન્દ્ર પુરસ્કૃત યોજના/કેન્દ્રીય યોજના સહિત કેન્દ્રીય સહાય | 15,013 | 15,366 | 19,025 | 20,370 | 18,393 |
| સામાન્ય સેવાઓ (વ્યાજની ચૂકવણીઓ સહિત) | 41,402 | 47,564 | 49,172 | 52,074 | 56,423 |
| સામાજીક સેવાઓ | 49,039 | 53,285 | 59,197 | 60,816 | 68,254 |
| આર્થિક સેવાઓ | 27,145 | 31,576 | 32,115 | 37,424 | 35,332 |
| સહાયક અનુદાન અને ફાળો | 474 | 365 | 415 | 390 | 412 |
| **11. મૂડી ખર્ચ** | **26,313** | **28,062** | **25,650** | **26,781** | **28,185** |
| રાજ્યના ભંડોળનો ખર્ચ | 20,305 | 23,087 | 20,539 | 22,322 | 22,391 |
| કેન્દ્ર પુરસ્કૃત યોજના/કેન્દ્રીય યોજના સહિત કેન્દ્રીય સહાય | 6,008 | 4,975 | 5,111 | 4,459 | 5,794 |
| સામાન્ય સેવાઓ | 871 | 875 | 691 | 485 | 550 |
| સામાજીક સેવાઓ | 6,813 | 7,696 | 6,175 | 7,040 | 8,373 |
| આર્થિક સેવાઓ | 18,630 | 19,491 | 18,784 | 19,256 | 19,262 |
| **12. લોન અને પેશગીઓનું વિતરણ** | **631** | **1,731** | **1,312** | **1,233** | **1,071** |
| સામાન્ય સેવાઓ | - | - | - | - | - |
| સામાજીક સેવાઓ | 265 | 924 | 884 | 708 | 924 |
| આર્થિક સેવાઓ | 311 | 756 | 379 | 477 | 114 |
| સરકારી કર્મચારીઓને લોન અને પરચૂરણ લોન | 55 | 51 | 49 | 48 | 33 |
| **13. કુલ ખર્ચ (10+11+12)** | **1,45,004** | **1,62,583** | **1,67,861** | **1,78,718** | **1,89,677** |
| **14. જાહેર ઋણની પરત ચૂકવણી** | **13,700** | **15,432** | **16,702** | **17,922** | **24,436** |
| આંતરિક ઋણ (સાધનોપાય પેશગીઓ અને ઓવરડ્રાફ્ટ સિવાય) | 12,991 | 14,719 | 15,908 | 17,139 | 23,518 |
| સાધનોપાય પેશગીઓ અને ઓવરડ્રાફ્ટ હેઠળના ચોખ્ખા વ્યવહારો | - | - | - | - | - |
| ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ | 709 | 713 | 794 | 783 | 918 |

| | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| 15. આકસ્મિક નિધિમાં વિનિયોગ | - | - | - | - | - |
| 16. સંચિત નિધિમાંથી કુલ ચૂકવણીઓ (13+14+15) | 1,58,704 | 1,78,015 | 1,84,563 | 1,96,640 | 2,14,113 |
| 17. આકસ્મિક નિધિની ચૂકવણીઓ | - | 0.25 | - | - | - |
| 18. જાહેર હિસાબની ચૂકવણીઓ | 87,738 | 1,03,998 | 1,02,635 | 1,07,893 | 1,13,609 |
| 19.રાજ્ય દ્વારા કુલ ચૂકવણીઓ (16+17+18) | 2,46,442 | 2,82,013 | 2,87,198 | 3,04,533 | 3,27,722 |
| *ભાગ ગ-ખાધ* | | | | | |
| 20. મહેસૂલી ખાધ (-) / મહેસૂલી પુરાંત (+) (1-10) | (+)5,232 | (+)3,212 | (+)1,945 | (-)22,548 | (+)6,409 |
| 21. રાજકોષીય ખાધ (-)/રાજકોષીય પુરાંત (+) (4-13) | (-)21,366 | (-)26,365 | (-)24,581 | (-)40,438 | (-)22,692 |
| 22. પ્રાથમિક ખાધ (-)/પ્રાથમિક પુરાંત (+) (21+23) | (-)2,412 | (-)6,182 | (-)2,133 | (-)16,235 | (+)2,496 |
| *ભાગ ઘ- અન્ય માહિતી* | | | | | |
| 23. વ્યાજની ચૂકવણીઓ (મહેસૂલી ખર્ચમાં સામેલ) | 18,954 | 20,183 | 22,449 | 24,203 | 25,188 |
| 24. સ્થાનિક સંસ્થાઓને નાણાકીય સહાય, વગેરે. | 54,807 | 59,611 | 64,262 | 64,637 | 69,808 |
| 25. લીધેલી સાધનોપાય પેશગીઓ/ ઓવરડ્રાફ્ટ (દિવસો) | - | - | - | - | - |
| લીધેલી સાધનોપાય પેશગીઓ (દિવસો) | - | - | - | - | - |
| લીધેલો ઓવરડ્રાફ્ટ (દિવસો) | - | - | - | - | - |
| 26. સાધનોપાય પેશગીઓ/ ઓવરડ્રાફ્ટ પર વ્યાજ | - | - | - | - | - |
| 27. રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (GSDP)[Φ] | 13,29,095 | 14,92,156 | 16,29,638 (P) | 16,55,917 (Q) | 19,44,107 (A) |
| 28. બાકી રાજકોષીય જવાબદારીઓ (વર્ષના અંતે) | 2,56,366 | 2,85,844 | 3,15,456 | 3,57,892 | 3,80,802 |
| 29. બાકી બાયંધરીઓ (વર્ષના અંતે) | 4,834 | 4,699 | 4,462 | 3,656 | 3,044 |
| 30. બાયંધરીની મહત્તમ રકમ (વર્ષ દરમિયાન) | 11,796 | 11,796 | 11,747 | 11,751 | 10,757 |
| 31. અપૂર્ણ યોજનાઓની સંખ્યા | 96 | 118 | 123 | 158 | 176 |
| 32. અપૂર્ણ યોજનાઓમાં અવરોધાયેલી મૂડી | 4,278 | 2,207 | 5,811 | 6,929 | 7,478 |
| *ભાગ ચ- રાજકોષીય સ્વાસ્થ્યના દર્શકો* | | | | | |
| I. સંસાધનોને ગતિશીલ કરવા | | | | | |
| પોતાની કર આવક/GSDP (ટકા) | 5.38 | 5.37 | 4.85 | 4.24 | 5.02 |
| પોતાની બિન-કર *આવક/* GSDP (ટકા) | 1.13 | 0.90 | 1.11 | 0.63 | 0.72 |
| કેન્દ્રીય તબદીલીઓ/ GSDP (ટકા) | 2.76 | 2.85 | 2.81 | 2.86 | 2.84 |
| II. ખર્ચનું વ્યવસ્થાપન | | | | | |
| કુલ ખર્ચ/GSDP (ટકા) | 10.91 | 10.90 | 10.30 | 10.79 | 9.76 |
| કુલ ખર્ચ/મહેસૂલી આવક | 1.18 | 1.20 | 1.18 | 1.39 | 1.14 |
| મહેસૂલી ખર્ચ/કુલ ખર્ચ | 0.81 | 0.82 | 0.84 | 0.84 | 0.85 |
| સામાજીક સેવાઓ પર ખર્ચ/કુલ ખર્ચ | 0.39 | 0.38 | 0.39 | 0.38 | 0.40 |
| આર્થિક સેવાઓ પર ખર્ચ/કુલ ખર્ચ | 0.32 | 0.31 | 0.30 | 0.32 | 0.29 |
| મૂડી ખર્ચ /કુલ ખર્ચ | 0.18 | 0.17 | 0.15 | 0.15 | 0.15 |

| | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 |
|---|---|---|---|---|---|
| સામાજીક અને આર્થિક સેવાઓ પર મૂડી ખર્ચ/કુલ ખર્ચ | 0.18 | 0.17 | 0.15 | 0.15 | 0.15 |
| **III. રાજકોષીય અસંતુલનનું વ્યવસ્થાપન** | | | | | |
| મહેસૂલી ખાધ અથવા પુરાંત/GSDP (ટકા) | 0.39 | 0.22 | 0.12 | (-)1.36 | 0.33 |
| રાજકોષીય ખાધ/ GSDP (ટકા) | (-)1.61 | (-)1.77 | (-)1.51 | (-)2.44 | (-)1.17 |
| પ્રાથમિક ખાધ (-) અથવા પુરાંત (+)/GSDP (ટકા) | (-)0.18 | (-)0.41 | (-)0.13 | (-)0.98 | 0.13 |
| મહેસૂલી ખાધ/રાજકોષીય ખાધ | (-)0.24 | (-)0.12 | (-)0.08 | 0.56 | (-)0.28 |
| પ્રાથમિક મહેસૂલી સિલક/GSDP (ટકા) | 1.82 | 1.57 | 1.50 | 0.10 | 1.63 |
| **IV. રાજકોષીય જવાબદારીઓનું વ્યવસ્થાપન** | | | | | |
| રાજકોષીય જવાબદારીઓ/GSDP | 0.19 | 0.19 | 0.19 | 0.21[2] | 0.18[3] |
| રાજકોષીય જવાબદારીઓ/મહેસૂલી આવક (ટકા) | 207.94 | 210.18 | 220.84 | 272.07[2] | 214.91[3] |
| પ્રાથમિક ખાધની સામે ફેલાવાનું પ્રમાણ (ટકા) | (-)15.79 | (-)49.99 | (-)42.70 | 90.67 | 6.96 |
| ઋણની પરત ચૂકવણી (મુદ્દલ + વ્યાજ)/ઋણની કુલ આવક | 1.07 | 0.91 | 0.93 | 0.85 | 1.02 |
| **V. અન્ય નાણાકીય સ્વાસ્થ્યના દર્શકો** | | | | | |
| મૂડીરોકાણ પર વળતર (ટકામાં) | 0.11 | 0.13 | 0.09 | 0.12 | 0.12 |
| નાણાકીય અસ્ક્યામતો/જવાબદારીઓ | 0.94 | 0.96 | 0.99 | 0.92 | 0.94 |

સ્રોત: ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 (2022-23 નું અંદાજપત્રીય પ્રકાશન નં. 30)

Φ P= કામચલાઉ અંદાજો, Q= ત્વરિત અંદાજો, A= અગ્રિમ અંદાજો

2 ભારત સરકારના ખર્ચ વિભાગ પ્રમાણે, નાણા પંચ, વગેરે દ્વારા જે કોઈ પણ ધોરણો નિયત કરવામાં આવે તે હેઠળ રાજ્ય સરકાર ધ્વારા વિશિષ્ટ વિન્ડો અંતર્ગત લેવામાં આવેલ ધિરાણ ઋણ નહિ ગણવામાં આવે. આથી, માલ અને સેવા કરના નુક્શાનીના વળતરમાં ઘટાડાને કારણે 2020-21માં મળેલ ₹ 9,222 કરોડની એક પછી એક લોનને જાહેર દેવા રૂપે અહી ગણવામાં આવ્યું નથી.

3 ભારત સરકારના ખર્ચ વિભાગ પ્રમાણે, નાણા પંચ, વગેરે દ્વારા જે કોઈ પણ ધોરણો નિયત કરવામાં આવે તે હેઠળ રાજ્ય સરકાર ધ્વારા વિશિષ્ટ વ્યવસ્થા અંતર્ગત લેવામાં આવેલ ધિરાણ ઋણ નહિ ગણવામાં આવે. આથી, માલ અને સેવા કરના નુક્શાનીના વળતરમાં ઘટાડાને કારણે 2020-21માં મળેલ ₹ 9,222 કરોડ અને 2021-22માં મળેલ ₹ 13,040 કરોડની એક પછી એક લોનને જાહેર દેવા રૂપે અહી ગણવામાં આવ્યું નથી.

# પરિશિષ્ટ 2.2

## અયોગ્ય રીતે મહેસૂલી આવક તરીકે જમા લેવામાં આવેલી પાછલા વર્ષની વણવપરાયેલી સિલકો

(સંદર્ભ: ફકરો 2.3.2.2)

| વિભાગ | ઉપાડ અને વહેચણી અધિકારી | જિલ્લો | મહેસૂલી આવકના સદરનું વર્ગીકરણ | જમા કર્યા તારીખ | આવકની રકમ (₹ લાખમાં) | વિગતો | આમાં જમા કર્યા | વપરાશી પ્રમાણપત્રો (UTC) |
|---|---|---|---|---|---|---|---|---|
| શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ | જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, જિલ્લા શિક્ષણ સમિતિ, અમરેલી | અમરેલી | 0202-01-101-01 અન્ય આવક | 02-07-2021 | 13.59 | વિદ્યાલક્ષ્મી બોન્ડની પાકતી રકમ | ઉપાડ અને વહેચણી અધિકારીનો વ્યક્તિગત લેજર હિસાબ અમરેલી | UTC છેલ્લે આપ્યુ |
| પાક સંવર્ધન | ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી | અમદાવાદ | 0401-00-800-00 અન્ય આવક | 25-10-2021 | 441.20 | યોજનાની વણવપરાયેલી રકમ | બચત ખાતુ | UTC છેલ્લે આપ્યુ |
| પાક સંવર્ધન | ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી | અમદાવાદ | 0401-00-800-00 અન્ય આવક | 19-07-2021 | 327.97 | યોજનાની વણવપરાયેલી રકમ | બચત ખાતુ | UTC છેલ્લે આપ્યુ |
| પાક સંવર્ધન | ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી | અમદાવાદ | 0401-00-800-00 અન્ય આવક | 17-08-2021 | 281.93 | યોજનાની વણવપરાયેલી રકમ | બચત ખાતુ | UTC છેલ્લે આપ્યુ |
| પાક સંવર્ધન | ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી | અમદાવાદ | 0401-00-800-00 અન્ય આવક | 25-10-2021 | 231.01 | યોજનાની વણવપરાયેલી રકમ | બચત ખાતુ | UTC છેલ્લે આપ્યુ |
| પાક સંવર્ધન | ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી | અમદાવાદ | 0401-00-800-00 અન્ય આવક | 19-07-2021 | 144.44 | યોજનાની વણવપરાયેલી રકમ | બચત ખાતુ | UTC છેલ્લે આપ્યુ |
| પશુપાલન | નાયબ પશુપાલન નિયામક, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત, અમદાવાદ | અમદાવાદ | 0403-00-800-05 પરચુરણ આવક | 01-07-2021 | 140.74 | યોજનાની વણવપરાયેલી રકમ | ઉપાડ અને વહેચણી અધિકારીનો વ્યક્તિગત લેજર હિસાબ અમદાવાદ | UTC છેલ્લે આપ્યુ |

| વિભાગ | ઉપાડ અને વહેચણી અધિકારી | જિલ્લો | મહેસૂલી આવકના સદરનું વર્ગીકરણ | જમા કર્યા તારીખ | આવકની રકમ (₹ લાખમાં) | વિગતો | આમાં જમા કર્યા | વપરાશી પ્રમાણપત્રો (UTC) |
|---|---|---|---|---|---|---|---|---|
| અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો | મુખ્ય હિસાબનીશ, નાણા વિભાગ, અમદાવાદ મહાનગરપાલિકા | અમદાવાદ | 0515-00-800-01 પરચુરણ આવક | 16-07-2021 | 132.76 | યોજનાની વણવપરાયેલી રકમ | બચત ખાતુ | UTC છેલ્લે આપ્યુ |
| પાક સંવર્ધન | ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી | અમદાવાદ | 0401-00-800-00 અન્ય આવક | 27-08-2021 | 120.26 | યોજનાની વણવપરાયેલી રકમ | બચત ખાતુ | UTC છેલ્લે આપ્યુ |
| આવાસન | હિસાબી અધિકારી, જિલ્લા પંચાયત, અમદાવાદ | અમદાવાદ | 0216-03-800-00 અન્ય આવક | 13-01-2022 | 1,069.46 | ફાળવાયેલા અનુદાનની વણવપરાયેલી રકમ | ઉપાડ અને વહેચણી અધિકારીનો વ્યક્તિગત લેજર હિસાબ અમદાવાદ | UTC છેલ્લે આપ્યુ |
| શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ | નોલેજ કન્સોર્ટીયમ ઓફ ગુજરાત, પ્રજ્ઞા પુરમ કેમ્પ | અમદાવાદ | 0202-01-103-02 અન્ય આવક | 29-01-2022 | 400.00 | ફાળવાયેલા અનુદાનની વણવપરાયેલી રકમ | ગુજરાત રાજ્ય નાણાકીય સેવા | UTC છેલ્લે આપ્યુ |
| શિક્ષણ, રમતગમત, કળા અને સંસ્કૃતિ | નોલેજ કન્સોર્ટીયમ ઓફ ગુજરાત, પ્રજ્ઞા પુરમ કેમ્પ | અમદાવાદ | 0202-01-103-02 અન્ય આવક | 29-01-2022 | 200.00 | ફાળવાયેલા અનુદાનની વણવપરાયેલી રકમ | ગુજરાત રાજ્ય નાણાકીય સેવા | UTC છેલ્લે આપ્યુ |
| શિક્ષણ, રમતગમત, કળા અને સંસ્કૃતિ | નોલેજ કન્સોર્ટીયમ ઓફ ગુજરાત, પ્રજ્ઞા પુરમ કેમ્પ | અમદાવાદ | 0202-01-103-02 અન્ય આવક | 01-02-2022 | 200.00 | ફાળવાયેલા અનુદાનની વણવપરાયેલી રકમ | ગુજરાત રાજ્ય નાણાકીય સેવા | UTC છેલ્લે આપ્યુ |
| શિક્ષણ, રમતગમત, કળા અને સંસ્કૃતિ | નોલેજ કન્સોર્ટીયમ ઓફ ગુજરાત, પ્રજ્ઞા પુરમ કેમ્પ | અમદાવાદ | 0202-01-103-02 અન્ય આવક | 01-02-2022 | 100.00 | ફાળવાયેલા અનુદાનની વણવપરાયેલી રકમ | ગુજરાત રાજ્ય નાણાકીય સેવા | UTC છેલ્લે આપ્યુ |

| વિભાગ | ઉપાડ અને વહેચણી અધિકારી | જિલ્લો | મહેસૂલી આવકના સદરનું વર્ગીકરણ | જમા કર્યા તારીખ | આવકની રકમ (₹ લાખમાં) | વિગતો | આમાં જમા કર્યા | વપરાશી પ્રમાણપત્રો (UTC) |
|---|---|---|---|---|---|---|---|---|
| શિક્ષણ, રમતગમત, કળા અને સંસ્કૃતિ | નોલેજ કન્સોર્ટીયમ ઓફ ગુજરાત, પ્રજ્ઞા પુરમ કેમ્પ | અમદાવાદ | 0202-01-103-02 અન્ય આવક | 01-02-2022 | 100.00 | ફાળવાયેલા અનુદાનની વણવપરાયેલી રકમ | ગુજરાત રાજ્ય નાણાકીય સેવા | UTC છેલ્લે આપ્યુ |
| પોલીસ | લોક રક્ષક ભરતી બોર્ડ 2018 અને પોલીસ મહાનિયામક, ગાંધીનગર | ગાંધીનગર | 0055-00-800-02 અન્ય આવક | 09-07-2021 | 204.31 | લોક રક્ષકની ભરતીનું વણવપરાયેલુ અનુદાન | બેંક ખાતુ | UTC છેલ્લે આપ્યુ |
| પાણી પુરવઠો અને સ્વચ્છતા | સ્વચ્છ ભારત મિશન -G ગાંધીનગર | ગાંધીનગર | 0215-01-800-05 અન્ય આવક | 28-09-2021 | 4,000.00 | સ્વચ્છ ભારત મિશન- વણવપરાયેલુ અનુદાન | બેંક ખાતુ | UTC છેલ્લે આપ્યુ |
| શ્રમ અને રોજગાર | ગ્રીમકો લિમિટેડ, ગાંધીનગર | ગાંધીનગર | 0230-00-800-03 અન્ય આવક | 29-06-2021 | 174.58 | યોજનાની વણવપરાયોલી રકમ | ગુજરાત રાજ્ય નાણાકીય સેવા | UTC છેલ્લે આપ્યુ |
| ગ્રામ્ય અને લઘુ ઉદ્યોગ | ગ્રીમકો લિમિટેડ, ગાંધીનગર | ગાંધીનગર | 0851-00-200-00 અન્ય ગ્રામોદ્યોગ | 27-07-2021 | 73.48 | વિશેષ સામુદાયિક યોજના માટે ચામડા/રેક્ઝીનની વસ્તુઓ બનાવવાની તાલીમ અને કુદરતી ફાઇબરની વસ્તુઓ બનાવવાની તાલીમ- 2019-20 અને 2020-21 નુ વણવપરાયેલુ અનુદાન | ગુજરાત રાજ્ય નાણાકીય સેવા | UTC છેલ્લે આપ્યુ |
| ગ્રામ્ય અને લઘુ ઉદ્યોગ | ગ્રીમકો લિમિટેડ, ગાંધીનગર | ગાંધીનગર | 0851-00-200-00 અન્ય ગ્રામોદ્યોગ | 27-07-2021 | 47.74 | આદિજાતી વિસ્તાર પેટા-યોજના માટે ચામડા/રેક્ઝીનની વસ્તુઓ બનાવવાની તાલીમ અને કુદરતી ફાઇબરની વસ્તુઓ બનાવવાની તાલીમ 2019-20 અને 2020-21નુ વણવપરાયેલુ અનુદાન | ગુજરાત રાજ્ય નાણાકીય સેવા | UTC છેલ્લે આપ્યુ |

| વિભાગ | ઉપાડ અને વહેચણી અધિકારી | જિલ્લો | મહેસૂલી આવકના સદરનું વર્ગીકરણ | જમા કર્યા તારીખ | આવકની રકમ (₹ લાખમાં) | વિગતો | આમાં જમા કર્યા | વપરાશી પ્રમાણપત્રો (UTC) |
|---|---|---|---|---|---|---|---|---|
| ગ્રામ્ય અને લઘુ ઉદ્યોગ | ગ્રીમકો લિમિટેડ, ગાંધીનગર | ગાંધીનગર | 0851-00-200-00 અન્ય ગ્રામોદ્યોગ | 27-07-2021 | 195.18 | ચામડા/રેક્ઝીનની વસ્તુઓ બનાવવાની તાલીમ અને કુદરતી ફાઇબરની વસ્તુઓ બનાવવાની તાલીમ માટે સામાન્ય યોજનાનું 2019-20 અને 2020-21નું વણવપરાયેલુ અનુદાન | ગુજરાત રાજ્ય નાણાકીય સેવા | UTC છેલ્લે આપ્યુ |
| પશુપાલન | પશુ શાખા, બોટાદ | બોટાદ | 0403-00-800-07 અન્ય આવક | 26-11-2021 | 62.83 | નાયબ નિયામક, પશુપાલન, બોટાદનું 2017-21નુ વણવપરાયેલુ અનુદાન | ઉપાડ અને વહેચણી અધિકારીનો વ્યક્તિગત લેજર હિસાબ બોટાદ | UTC છેલ્લે આપ્યુ |
| પશુપાલન | પશુ શાખા, બોટાદ | બોટાદ | 0403-00-800-07 અન્ય આવક | 26-11-2021 | 11.00 | મુખ્યમંત્રી નિશુલ્ક પશુસારવાર યોજનાને લગતુ 2018-21 માટેનુ વણવપરાયેલુ અનુદાન | ઉપાડ અને વહેચણી અધિકારીનો વ્યક્તિગત લેજર હિસાબ બોટાદ | UTC છેલ્લે આપ્યુ |
| પશુપાલન | પશુચિકિત્સા અધિકારી, બોટાદ | બોટાદ | 0403-00-800-07 અન્ય આવક | 21-09-2021 | 3.96 | પશુચિકિત્સા અધિકારી બોટાદ નુ 2020-21નું વણવપરાયેલુ અનુદાન | તાલુકા વિકાસ અધિકારીનો વ્યક્તિગત લેજર હિસાબ બોટાદ | UTC છેલ્લે આપ્યુ |
| પશુપાલન | ગુજરાત કો-ઓ. મીલ્ક માર્કેટીંગ ફેટરેશન લિમિટેડ, આણંદ | આણંદ | 0403-00-102-01 તબેલા | 05-06-2021 | 1,697.93 | GCMMFL ને લગતી 2018-21ની વણવપરાયેલી રકમ,. આણંદ | બેંક ખાતુ | ઓનલાઇન UTC PFMS |
| અન્ય સામાજીક સેવાઓ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી-આણંદ | આણંદ | 0250-00-101-00 પોષણ | 30-09-2021 | 24.08 | જિલ્લા પરિષદ, આણંદ વણવપરાયેલુ અનુદાન of 2016-17 | ઉપાડ અને વહેચણી અધિકારીનો (DDO) વ્યક્તિગત લેજર હિસાબ | UTC છેલ્લે આપ્યુ |

| વિભાગ | ઉપાડ અને વહેચણી અધિકારી | જિલ્લો | મહેસૂલી આવકના સદરનું વર્ગીકરણ | જમા કર્યા તારીખ | આવકની રકમ (₹ લાખમાં) | વિગતો | આમાં જમા કર્યા | વપરાશી પ્રમાણપત્રો (UTC) |
|---|---|---|---|---|---|---|---|---|
| પાક સંવર્ધન | હિસાબ નિયામકશ્રી, , આણંદ કૃષિ યુનિવર્સીટી | આણંદ | 0401-00-800-00 અન્ય આવક | 19-07-2021 | 15.94 | આણંદ કૃષિ યુનિવર્સિટીની અન્ય આવક, પ્રાકૃતિક ખેતીનુ અનુદાન માલસામાન-વણવપરાયેલુ અનુદાન | બેંક ખાતુ | UTC છેલ્લે આપ્યુ |
| અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો | મુખ્ય અધિકારી, ઓડ નગરપાલિકા | આણંદ | 0515-00-800-01 પરચુરણ આવક | 25-08-2021 | 10.91 | ઓડ નગરપાલિકા- 2017-18નું વણવપરાયેલુ અનુદાન | બેંક ખાતુ | UTC છેલ્લે આપ્યુ |
| અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો | મુખ્ય અધિકારી, ઓડ નગરપાલિકા | આણંદ | 0515-00-800-01 પરચુરણ આવક | 18-06-2021 | 10.00 | ઓડ નગરપાલિકા- 2017-18નું વણવપરાયેલુ અનુદાન | બેંક ખાતુ | UTC છેલ્લે આપ્યુ |
| કુલ | | | | | 10,435.31 | | | |

સ્રોત: વિભાગોએ રજૂ કરેલી માહિતી

## પરિશિષ્ટ 3.1

## અંદાજપત્ર સંબંધિત મહત્વના પદોની શબ્દસૂચી

**(સંદર્ભ: ફકરો 3.1)**

1. ***વર્ષના 'હિસાબો' અથવા 'ખરેખર'.***–1 એપ્રિલના રોજ શરૂ થતા અને પછીના 31 માર્ચના રોજ પુરા થતા નાણાકીય વર્ષ માટેની પ્રાપ્તિ અને ચૂકવણીઓની હિસાબી સત્તાધિકારીના ચોપડે (ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા ઑડિટ થયેલી) નોંધાયેલી રકમો છે. કામચલાઉ હિસાબો ઑડિટ ન થયા હોય એવા હિસાબોના સંદર્ભમાં છે.

2. ***યોજના, દરખાસ્ત અથવા કામની 'વહીવટીમંજૂરી'***- એ ખર્ચ કરવાના હેતુ માટે સક્ષમ સત્તાધિકારી દ્વારા તેની ઔપચારિક મંજૂરી છે. અંદાજપત્રમાંની ભંડોળની જોગવાઇઓ સાથે, જે વર્ષમાં વહીવટી મંજૂરી જારી કરવામાં આવી હોય તે ચોક્કસ નાણાકીય વર્ષ દરમિયાન તે નાણાકીય મંજૂરી તરીકે કામ કરે છે.

3. ***'વાર્ષિક નાણાકીય પત્રક'*** –અંદાજપત્ર તરીકે પણ ઓળખાય છે અને તેનો અર્થ દરેક નાણાકીય વર્ષ માટે, લોકસભા/રાજ્ય વિધાનસભા સમક્ષ મુકવામા આવતુ, કેન્દ્ર/રાજ્ય સરકારની અંદાજિત આવક અને ખર્ચનું પત્રક છે.

4. ***વિનિયોગ'***–એટલે ચૂકવણી અધિકારીના હવાલે મુકવામા આવેલ વિનિયોગના જુદા જુદા પ્રાથમિક એકમો હેઠળ ખર્ચ માટે લોકસભા/રાજ્ય વિધાનસભા દ્વારા અધિકૃત રકમ અથવા તેનો ભાગ.

5. ***'બિન-મતપાત્ર ખર્ચ'*** –એટલે એવો ખર્ચ જે બંધારણની જોગવાઇઓ હેઠળ વિધાનસભાના મત માટે રજૂ કરવામાં આવતો નથી.

6. ***'ભારત/રાજ્યની સંચિત નિધિ***–કેન્દ્ર/રાજ્ય સરકારની તમામ આવક, તેના દ્વારા લેવામાં આવેલી લોનો અને લોનની પરતચૂકવણીના મળેલા તમામ નાણાથી ભારત/રાજ્યની સંચિત નિધિ બને છે. કાયદા અનુસારનો હોય અને બંધારણમાં કરેલી જોગવાઇ મુજબ કર્યો હોય એ સિવાય આ નિધિમાંથી કોઇ પણ નાણાનો આ ભંડોળોમાંથી વિનિયોગ કરી શકાય નહીં.

7. ***'આકસ્મિક નિધિ'***આકસ્મિક નિધિ એક અગ્રદાયના રૂપમાં હોય છે જેનો હેતુ વર્ષ દરમિયાન અણધાર્યા ખર્ચને પહોંચી વળવા લોકસભા/વિધાનસભા દ્વારા આવા ખર્ચને અધિકૃતી મળે ત્યાં સુધી કાર્યપાલિકા/સરકારને પેશગીઓ આપવાનો હોય છે. આકસ્મિક નિધિમાંથી કરવામાં આવેલી ઉપાડની રકમોની ભરપાઇ, લોકસભા/વિધાનસભા તેને પૂરક માંગણી મારફત તેને મંજૂર કરે ત્યારબાદ કરવામાં આવે છે.

8. '***નિયંત્રણ અધિકારી (અંદાજપત્ર)'***- એટલે કરવામાં આવતા ખર્ચ અને/અથવા મહેસૂલની વસૂલાત પર નિયંત્રણની જવાબદારી વિભાગ દ્વારા સોંપવામાં આવી હોય એવો અધિકારી. આ પદમાં વિભાગના વડાઓ અને વહીવટદારોનો પણ સમાવેશ થાય છે.

9. ***'ઉપાડ અને વહેચણી અધિકારી' (DDO)*** – એટલે રાજ્ય સરકાર વતી ઉપાડ કરવા અને ચૂકવણીઓ કરવા માટે કચેરીના વડા અને રાજ્ય સરકારના નાણા વિભાગ દ્વારા આ માટે નિયુક્ત થયેલા અન્ય કોઇ પણ અધિકારી. આ પદમાં વિભાગના વડા જ્યાં તે પોતે આવી કામગીરી કરતા હોય તેનો પણ સમાવેશ થાય છે.

10. **'*અધિક અનુદાન*'** –અધિક અનુદાન એટલે મૂળ/પૂરક અનુદાન મારફત મંજૂર થયેલી જોગવાઇ ઉપરાંતની ખર્ચની રકમ, જેને બંધારણની કલમ 115/205 હેઠળ લોકસભા/રાજ્ય વિધાનસભામાંથી અધિક અનુદાન મેળવીને નિયમિત કરવું જરૂરી હોય છે.

11. **'*નવી સેવા*'** –બંધારણની કલમ 115(1)(a)/205(1)(a)માં જોવામાં આવતી, નવી સેવા એટલે નવી પ્રવૃત્તિ અથવા નવી રીતે મૂડીરોકાણ સહિત અગાઉ લોકસભા/રાજ્ય વિધાનસભાના ધ્યાન પર લાવવામાં આવ્યા ન હોય એવા નવા નીતિ વિષયક નિર્ણયમાથી ઉભો થતો ખર્ચ.

12. **'*સેવાનું નવુ સાધન*'**- એટલે કોઇ ચાલુ પ્રવૃત્તિના મહત્વના વિસ્તરણમાંથી ઉદ્ભવતો પ્રમાણમાં મોટો ખર્ચ.

13. **'*જાહેર હિસાબ*'**- એટલે બંધારણની કલમ 266 (2)માં સંદર્ભિત જાહેર હિસાબ. થાપણો, અનામત ભંડોળ, ભરણાં, વગેરે જેવી આવક અને ચૂકવણીઓ જે સંચિત નિધિનો ભાગ નથી બનતા તેનો જાહેર હિસાબમાં સમાવેશ થાય છે. જાહેર હિસાબમાંથી થતી ચૂકવણીઓ લોકસભા/રાજ્ય વિધાનસભા દ્વારા મતપાત્ર નથી કારણ કે ભારત/રાજ્યના સંચિત નિધિમાંથી આપવામાં આવેલા નાણા નથી.

14. **'*પુનર્વિનિયોગ*'** –એટલે, સક્ષમ સત્તાધારી દ્વારા, વિનિયોગના એક એકમમાં થયેલી બચતની એ જ અનુદાન અથવા બિન-મતપાત્ર વિનિયોગની અંદર અન્ય એકમ હેઠળના અધિક ખર્ચને પહોંચી વળવા કરવામાં આવેલી તબદીલી છે.

15. **'*સુધારેલા અંદાજ*'** –કોઇ નાણાકીય વર્ષ માટે સંભવિત આવક અથવા ખર્ચનો, પહેલાથી નોંધાયેલા વ્યવહારોના સંદર્ભમાં અને પહેલાથી જારી થયેલા હુકમોના સંદર્ભમાં વર્ષના બાકીના ભાગ માટેની અપેક્ષાએ તે વર્ષના સમયગાળામાં બંધાયેલો અંદાજ છે.

16. **'*અનુદાનો માટે પૂરક માંગણીઓ*'**- એટલે વિધાનસભા સમક્ષ રજૂ કરવામાં આવતુ પૂરક માંગણીઓનું પત્રક, જે નાણાકીય વર્ષની બાબતમાં તે વર્ષના વાર્ષિક નાણાકીય નિવેદન/પત્રકમાં અધિકૃત કરેલા ખર્ચ ઉપરાંત વધારાના જરૂરી ખર્ચની અંદાજીત રકમ દર્શાવે છે. પૂરક માટેની માંગણી ટોકન, તકનિકી અથવા નોંધપાત્ર/રોકડ હોઇ શકે.

    ક) **રોકડ પૂરક** અંદાજપત્રની મૂળ જોગવાઇઓ ઉપરાંત હોય છે અને માંગણી/અનુદાન માટેની ફાળવણીમાં વધારામાં પરિણમે છે. તે છેવટના ઉપાય તરીકે યોગ્ય જરૂરી ચકાસણી બાદ મેળવવી જોઇએ. હાલમાં, રાજ્ય દ્વારા આ પધ્ધતિ અપનાવવામાં આવે છે.

    ખ) દરેક માંગણીમાં ચાર અનુભાગ હોય છે એટલે કે, મહેસૂલ મતપાત્ર, મહેસૂલ બિન-મતપાત્ર, મૂડી મતપાત્ર અને મૂડી બિન-મતપાત્ર. **તકનિકી પૂરક**, રાજ્ય વિધાનસભા દ્વારા મંજૂરી મળ્યા બાદ, કોઇ એક અનુભાગની બચતનો અન્ય કોઇ પણ અનુભાગ માટે ઉપયોગની છૂટ આપે છે.

    ગ) **ટોકન પૂરક** બચત અનુદાનના સમાન અનુભાગની અંદર બચતના ઉપયોગની છૂટ આપે છે.

17. **'*મુખ્ય સદર*'**–એટલે રાજ્યની આવક અને ચૂકવણીઓની નોંધ અને વર્ગીકરણના હેતુ માટેનું હિસાબી મુખ્ય સદર. કોઇ મુખ્ય સદર, વિશેષ રૂપે જે સંચિત નિધિની અંદર પડતુ હોય, તે સામાન્ય રીતે સરકારના 'કામ' જેવા કે કૃષિ, શિક્ષણ, આરોગ્ય, વગેરેને અનુરૂપ હોય છે.

18. ***'પેટા-મુખ્ય સદર'***–એટલે મુખ્ય સદર અને તેની નીચેના ગૌણ સદરો વચ્ચે દાખલ કરવામાં આવેલું વચગાળાનું હિસાબી સદર, જ્યારે ગૌણ સદરો અનેક હોય અને આવા તરતના સદર હેઠળ સરળતાથી એકજૂથ કરી શકાય.

19. ***'ગૌણ સદર'***–એટલે મુખ્ય સદર અથવા પેટા-મુખ્ય સદરના તાબાનું સદર. મુખ્ય સદરના તાબાનુ કોઇ ગૌણ સદર એ મુખ્ય સદર દ્વારા રજૂ થતા કાર્યના ઉદ્દેશ હાંસલ કરવા માટે હાથ ધરવામાં આવતા "કાર્યક્રમ"ની ઓળખ છે.

20. ***'પેટા-સદર'***–એટલે ગૌણ સદરના પછીના તાબાનું હિસાબી એકમ જે સામાન્ય રીતે ગૌણ સદર અથવા કાર્યક્રમ હેઠળની પરિયોજના અથવા તંત્ર દર્શાવે છે.

21. ***'મુખ્ય કામ'*** –એટલે કોઇ મૂળ કામ, જેનો વિભાગીય ખર્ચ સિવાયનો અંદાજીત ખર્ચ વખતોવખત સરકાર દ્વારા સૂચિત રકમ કરતાં વધે છે.

22. ***'ગૌણ કામ'***–એટલે કોઇ મૂળ કામ, જેનો વિભાગીય ખર્ચ સિવાયનો અંદાજીત ખર્ચ વખતોવખત સરકાર દ્વારા સૂચિત રકમ કરતાં વધતો નથી.

23. ***સંશોધિત અનુદાન અથવા વિનિયોગ'***–એટલે પુનર્વિનિયોગ અથવા સક્ષમ સત્તાધિકારી દ્વારા અધિક અથવા પૂરક અનુદાનની મંજૂરી બાદ રહેતી વિનિયોગના કોઇ પણ પેટા-સદરમાં ફાળવેલી રકમ.

24. ***'પૂરક અથવા વધારાનું અનુદાન અથવા વિનિયોગ'***–એટલે, નાણાકીય વર્ષના સમયગાળા દરમિયાન, વિનિયોગ અધિનિયમમાં તે વર્ષ માટે અગાઉ સામેલ કરેલી રકમ કરતાં અધિક ખર્ચને પહોંચી વળવા વિનિયોગ અધિનિયમમાં સમાવિષ્ટ જોગવાઇ.

25. ***'નવા ખર્ચની અનુસૂચિ'***–નો અર્થ આગામી વર્ષ માટે અંદાજપત્રમાં સમાવેશ માટે સૂચિત નવા ખર્ચની બાબતોની અનુસૂચિ એવો થાય છે.

26. ***'ટોકન માંગણી'***–એટલે નજીવી રકમ માટે વિધાનસભા દ્વારા માંગણી કરવામાં આવે છે, દાખલા તરીકે, મંજૂર થયેલા અંદાજપત્રીય અનુદાનમાંથી થયેલી બચતમાંથી નવી સેવા પરના પૂરેપૂરા ખર્ચને પહોંચી વળવાની દરખાસ્ત કરવામાં આવે છે.

## પરિશિષ્ટ 3.2
## બિનજરૂરી પુનર્વિનિયોગ
(સંદર્ભ: ફકરો 3.3.3)

(₹ લાખમાં)

| ક્રમાંક | અનુદાન નં, | મુખ્ય સદર | પેટા-મુખ્ય સદર | ગૌણ સદર | પેટા સદર | નામકરણ | જોગવાઇઓ | | | | ખરેખર ખર્ચ | છેવટની બચતો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | મૂળ | પૂરક | કુલ | પુનર્વિનિયોગ | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 (8+9) | 11 | 12 | 13 (10-12) |
| 1 | 0009 | 2202 | 03 | 102 | 04 | EDN 34 યુનિવર્સીટીઓને અનુદાન | 37,943.12 | 61.56 | 38,004.68 | 1,178.15 | 37,585.25 | 419.43 |
| 2 | 0020 | 2049 | 04 | 104 | 03 | પોલીસ દળનું આધુનિકરણ | 280.30 | 0 | 280.30 | 36.25 | 234.06 | 46.24 |
| 3 | 0020 | 2049 | 04 | 109 | 01 | નાણા પંચની ભલામણ મુજબ એકીકૃત રાજ્ય આયોજન લોન પર વ્યાજ | 15,300.00 | 0 | 15,300.00 | 3,509.35 | 11,677.77 | 3,622.23 |
| 4 | 0040 | 2211 | 00 | 103 | 07 | માતૃત્વ અને બાળ આરોગ્ય ચિરંજીવી માતૃવંદના યોજના | 22,774.54 | 0 | 22,774.54 | 107.67 | 20,460.52 | 2,314.02 |
| 5 | 0066 | 4701 | 20 | 800 | 43 | નહેરો અને શાખાઓ | 16.00 | 0 | 16.00 | 0.05 | 4.29 | 11.71 |
| 6 | 0084 | 2059 | 01 | 053 | 01 | વર્ક ચાર્જડ એસ્ટાબ્લીશમેન્ટ (પગાર) (બિન-રહેણાંક મકાન સમારકામ) | 90.00 | 890.00 | 980.00 | 10.84 | 634.87 | 345.13 |
| 7 | 0095 | 2225 | 01 | 277 | 03 | SCW 3 પૂર્વ-માધ્યમિક શાળા વિદ્યાર્થીઓ જેમના વાલીઓ અસ્વચ્છ વ્યવસાયમા રોકાયોલા હોય તેમના માટે મુનિ મેત્રજ શિષ્યવૃત્તિ (30-70 આશિક રીતે કેન્દ્રીય પ્રાયોજીત યોજના) | 7,200.00 | 0 | 7,200.00 | 32.98 | 7,128.72 | 71.28 |
| | | | | | | **કુલ** | **83,603.96** | **951.56** | **84,555.52** | **4,875.29** | **77,725.48** | **6,830.04** |

સ્રોત: 2021-22 ના વિનિયોગ હિસાબો

# પરિશિષ્ટ 3.3

## ₹ 50 કરોડ અને વધુની બચતો સાથેના અનુદાનો/વિનિયોગો દર્શાવતુ પત્રક

(સંદર્ભ: ફકરો 3.3.4.1)

(₹ કરોડમાં)

| ક્રમાંક | અનુદાન નં. | અનુદાન/વિનિયોગનું નામ | પ્રકાર | કુલ અનુદાન | ખરેખર ખર્ચ | બચતો |
|---|---|---|---|---|---|---|
| 1 | 0002 | કૃષિ | મહેસૂલ મતપાત્ર | 4,023.97 | 2,710.19 | 1,313.78 |
| 2 | 0005 | સહકાર | મૂડી મતપાત્ર | 72.78 | 22.36 | 50.42 |
| 3 | 0006 | મત્સ્યોદ્યોગ | મૂડી મતપાત્ર | 144.16 | 34.40 | 109.76 |
| 4 | 0009 | શિક્ષણ | મૂડી મતપાત્ર | 431.89 | 301.23 | 130.66 |
| 5 | 0013 | ઊર્જા યોજનાઓ | મૂડી મતપાત્ર | 3,273.43 | 3,138.98 | 134.45 |
| 6 | 0016 | કર વસૂલાતનો ખર્ચ (નાણા વિભાગ) | મહેસૂલ મતપાત્ર | 345.47 | 277.77 | 67.70 |
| 7 | 0018 | પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો | મહેસૂલ મતપાત્ર | 12,368.00 | 11,567.82 | 800.18 |
| 8 | 0019 | નાણા વિભાગને લગતો અન્ય ખર્ચ | મહેસૂલ મતપાત્ર | 10,093.26 | 1,583.95 | 8,509.31 |
| 9 | 0020 | નાણા વિભાગને લગતા ઋણની પરત ચૂકવણી અને તેનુ સર્વીસીંગ | મહેસૂલ બિન મતપાત્ર | 24,696.03 | 23,933.17 | 762.86 |
| 10 | 0021 | અન્ન | મહેસૂલ મતપાત્ર | 83.67 | 22.59 | 61.08 |
| 11 | 0022 | નાગરિક પુરવઠો | મહેસૂલ મતપાત્ર | 975.30 | 827.76 | 147.54 |
| 12 | 0026 | વન | મહેસૂલ મતપાત્ર | 776.80 | 620.77 | 156.03 |
| 13 | 0026 | વન | મૂડી મતપાત્ર | 558.61 | 506.13 | 52.48 |
| 14 | 0040 | પરિવાર કલ્યાણ | મહેસૂલ મતપાત્ર | 2,335.36 | 2,095.53 | 239.83 |
| 15 | 0043 | પોલીસ | મહેસૂલ મતપાત્ર | 6,023.07 | 5,144.68 | 878.39 |
| 16 | 0046 | ગૃહ વિભાગને લગતો અન્ય ખર્ચ | મૂડી મતપાત્ર | 951.66 | 804.21 | 147.45 |
| 17 | 0049 | ઉદ્યોગ | મહેસૂલ મતપાત્ર | 4,859.00 | 4,789.11 | 69.89 |
| 18 | 0049 | ઉદ્યોગ | મૂડી મતપાત્ર | 502.39 | 351.26 | 151.13 |
| 19 | 0057 | શ્રમ અને રોજગાર | મહેસૂલ મતપાત્ર | 1,111.90 | 911.66 | 200.24 |
| 20 | 0060 | ન્યાયતંત્ર | મહેસૂલ મતપાત્ર | 1,053.42 | 921.75 | 131.67 |
| 21 | 0065 | નર્મદા વિકાસ યોજના | મૂડી મતપાત્ર | 3,466.34 | 2,803.86 | 662.48 |
| 22 | 0066 | સિંચાઇ અને જમીન સંરક્ષણ | મહેસૂલ મતપાત્ર | 1,193.68 | 1,102.88 | 90.80 |
| 23 | 0066 | સિંચાઇ અને જમીન સંરક્ષણ | મૂડી મતપાત્ર | 4,737.90 | 2,325.01 | 2,412.89 |
| 24 | 0068 | અન્ય ખર્ચ | મહેસૂલ બિન મતપાત્ર | 210.00 | 158.62 | 51.38 |
| 25 | 0070 | સામુદાયિક વિકાસ | મહેસૂલ મતપાત્ર | 3,126.84 | 2,169.32 | 957.52 |
| 26 | 0071 | ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ | મહેસૂલ મતપાત્ર | 2,468.53 | 1,615.20 | 853.33 |
| 27 | 0072 | વળતર અને સોંપણી | મહેસૂલ મતપાત્ર | 138.20 | 74.29 | 63.91 |

| ક્રમાંક | અનુદાન નં. | અનુદાન/વિનિયોગનું નામ | પ્રકાર | કુલ અનુદાન | ખરેખર ખર્ચ | બચતો |
|---|---|---|---|---|---|---|
| 28 | 0074 | પરિવહન | મૂડી મતપાત્ર | 501.73 | 391.06 | 110.67 |
| 29 | 0077 | કર વસૂલાતનો ખર્ચ મહેસૂલ વિભાગ | મહેસૂલ મતપાત્ર | 279.13 | 206.19 | 72.94 |
| 30 | 0079 | કુદરતી આફતોના હિસાબે રાહત | મૂડી મતપાત્ર | 274.01 | 77.00 | 197.01 |
| 31 | 0084 | બિન-રહેણાંક મકાનો | મૂડી મતપાત્ર | 1,102.47 | 418.57 | 683.90 |
| 32 | 0085 | રહેણાંક મકાનો | મૂડી મતપાત્ર | 166.62 | 52.77 | 113.85 |
| 33 | 0086 | માર્ગો અને પુલો | મહેસૂલ મતપાત્ર | 3,827.82 | 3,607.04 | 220.78 |
| 34 | 0087 | ગુજરાત પાટનગર બાંધકામ યોજના | મૂડી મતપાત્ર | 294.33 | 179.52 | 114.81 |
| 35 | 0092 | સામાજીક સુરક્ષા અને કલ્યાણ | મહેસૂલ મતપાત્ર | 2,134.78 | 1,964.19 | 170.59 |
| 36 | 0092 | સામાજીક સુરક્ષા અને કલ્યાણ | મૂડી મતપાત્ર | 602.46 | 551.28 | 51.18 |
| 37 | 0095 | અનુસૂચિત જાતિ પેટા-યોજના | મહેસૂલ મતપાત્ર | 4,502.96 | 4,030.38 | 472.58 |
| 38 | 0095 | અનુસૂચિત જાતિ પેટા-યોજના | મૂડી મતપાત્ર | 859.90 | 801.15 | 58.75 |
| 39 | 0096 | આદિજાતિ વિસ્તાર પેટા-યોજના | મહેસૂલ મતપાત્ર | 9,119.21 | 8,028.06 | 1091.15 |
| 40 | 0096 | આદિજાતિ વિસ્તાર પેટા-યોજના | મૂડી મતપાત્ર | 4,673.91 | 4,285.56 | 388.35 |
| 41 | 0102 | શહેરી વિકાસ | મહેસૂલ મતપાત્ર | 9,656.32 | 8,447.10 | 1,209.22 |
| 42 | 0106 | મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતો અન્ય ખર્ચ | મહેસૂલ મતપાત્ર | 3,669.25 | 3,473.51 | 195.74 |
| 43 | 0108 | જળ વાયુ પરિવર્તન વિભાગને લગતો અન્ય ખર્ચ | મહેસૂલ મતપાત્ર | 854.31 | 660.70 | 193.61 |
| | | કુલ | | 1,32,540.87 | 1,07,988.58 | 24,552.29 |

સ્રોત: 2021-22ના વિનિયોગ હિસાબો

## પરિશિષ્ટ-3.4
## નિયમિત કરવો જરૂરી પાછલા વર્ષનો અધિક ખર્ચ
(સંદર્ભ: ફકરો 3.3.5.3)

(₹ કરોડમાં)

| વર્ષ | અનુદાનો/ વિનિયોગોની સંખ્યા | અનુદાન નં./વિનિયોગ નં. | અધિક રકમ | જાહેર હિસાબ સમિતિ દ્વારા ચર્ચાની સ્થિતિ |
|---|---|---|---|---|
| 2007-08 | 40-અનુદાનો<br><br><br><br>3-વિનિયોગો | મહેસૂલ મતપાત્ર-3, 5, 8, 9, 11, 12, 13, 15, 18, 21, 22, 23, 25, 26, 31, 38, 39, 40, 41, 44, 50, 51, 53, 55, 57, 61, 62, 64, 66, 73, 74, 75, 78, 80, 82, 84, 86, 87, 88, 95<br>મહેસૂલ બિન મતપાત્ર-32, 84<br>મૂડી બિન મતપાત્ર-81 | 1,055.38 | નિયમિત કરવાનુ બાકી. |
| 2008-09 | 21-અનુદાનો<br><br><br>5-વિનિયોગો | મહેસૂલ મતપાત્ર-5, 8, 9, 13, 21, 22, 23, 26, 38, 39, 41, 43, 44, 62, 66, 73, 79, 80, 86, 87, 104<br>મહેસૂલ બિન મતપાત્ર-106<br>મૂડી બિન મતપાત્ર-55, 58, 81, 86 | 347.05 | નિયમિત કરવાનુ બાકી. |
